શ્રીઆનન્દ-ચન્દ્ર-ગ્રન્થાબ્ધૌ-(ગ્રન્થરત્નાકરે)-ગ્રન્થરત્નમ્-૧૩.

શ્રીઆનન્દ-ચન્દ્ર-સુધાસિન્ધુઃ

વિભાગ-૧-લો.

આલેખનો-અને-આલેખનકાર.

પ્રથમ-પ્રકરણમાં પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-નિર્ગ્રન્થ-પ્રવચન-પિયૂષવર્ષિ-**શાસ્ત્રાવતાર-શ્રીહરિ-ભદ્રસૂરિ**-વિરચિત-**શ્રીવિંશતિ-વિંશિકાનો સારાંશ**, બીજા પ્રકરણમાં સમ્યગ્-દર્શન-જ્ઞાનચારિત્રનો આવિર્ભાવ કરનાર, અને તેજ રત્નત્રયિના પોષક-વર્ધક એવા ભિન્ન ભિન્ન વિષયો પર ૭૪ આલેખનના સંચયરૂપ **અધ્યાદ્રિ-પોષક-સુધાબ્ધિઃ**, અને ત્રીજા પ્રકરણમાં આત્મિક-શક્તિઓને નવપલ્લવિત કરનાર ૭૭૭ સુધાબિંદુઓથી ભરપુર **સુધા-વર્ષા**; આ ત્રણે પુનિત પ્રકરણોનું

આલેખન કરનારઃ-

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીવર્દ્ધમાન-જૈનાગમ-મંદિર-નિર્માતા, ગીતાર્થ-સાર્વભૌમ; **આગમાવતાર-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી**ના વિદ્વદ્વિનેય-રત્ન, શ્રીસિદ્ધચક્ર-નવપદ આરાધક-સમાજ-સંસ્થાપક, શ્રીવર્દ્ધમાન તપોનિષ્ણાત, શ્રીસિદ્ધચક્રારાધનતીર્થોદ્ધારક, વૈયાકરણકેસરી, શ્રીસિદ્ધહેમચન્દ્ર-શબ્દા-નુશાસન-મહાવ્યાકરણપર શ્રીઆનન્દબોધિની વૃત્તિના રચયિતા, શ્રીવર્દ્ધમાનતપોમહાત્મ્ય-વિંશતિવિંશિકા-સારાંશ-રહસ્ય-શ્રીપંચાશકશાસ્ત્રસારાંશ; અને શ્રીસૂત્રકૃતાંગ-સારાંશા-દિના આલેખનકાર પૂ. **પંન્યાસ-પ્રવર**

શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.

સંચયકારઃ-

પૂ. આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના વિદ્વદ્વિનેય-પંન્યાસ-પ્રવર-પૂ. શ્રીચન્દ્રસાગર ગણીન્દ્રના પરમ-વિનય-પં-શ્રીદેવેન્દ્રસાગરજીગણિ.

વીર. સં. ૨૪૭૬
વિક્રમ સં. ૨૦૦૬

મૂલ્ય-પઠન-પાઠન-પરિશીલન.

ક્રા. સં. ૧૯૪૯
આવૃત્તિ ૨.
નકલ-૨૫૦.

શ્રીઆનન્દ-ચન્દ્ર-ગ્રન્થાબ્ધૌ-(ગ્રન્થરત્નાકરે)-ગ્રન્થરત્નમ્-૧૩.

શ્રીઆનન્દ-ચન્દ્ર-સુધાસિન્ધુઃ

વિભાગ-૧-લો.

આલેખનો-અને-આલેખનકાર.

પ્રથમ-પ્રકરણમાં પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-નિર્ગ્રન્થ-પ્રવચન-પિયૂષવર્ષિ-**શાસ્ત્રાવતાર-શ્રીહરિ-ભદ્રસૂરિ**-વિરચિત-**શ્રીવિંશતિ-વિંશિકાનો સારાંશ,** બીજા પ્રકરણમાં સમ્યગ્-દર્શન-જ્ઞાનચારિત્રનો આવિર્ભાવ કરનાર, અને તેજ રત્નત્રયિના પોષક-વર્ધક એવા ભિન્ન ભિન્ન વિષયો પર ૭૪ આલેખનના સંચયરૂપ **શ્રધ્યાદ્રિ-પોષક-સુધાબ્ધિઃ,** અને ત્રીજા પ્રકરણમાં આત્મિક-શક્તિઓને નવપલ્લવિત કરનાર ૭૭૭ સુધાબિંદુઓથી ભરપુર **સુધા-વર્ષા;** આ ત્રણે પુનિત પ્રકરણોનું

આલેખન કરનારઃ-

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીવર્દ્ધમાન-જૈનાગમ-મંદિર-નિર્માતા,ગીતાર્થ-સાર્વભૌમ; **આગમાવતાર-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી**ના વિદ્વદ્વિનેય-રત્ન, શ્રીસિદ્ધચક્ર-નંવપદ આરાધક-સમાજ-સંસ્થાપક, શ્રીવર્દ્ધમાન તપોનિષ્ણાત, શ્રીસિદ્ધચક્રારાધનતીર્થોદ્ધારક, વૈયાકરણકેસરી, શ્રીસિદ્ધહેમચન્દ્ર-શબ્દા-નુશાસન-મહાવ્યાકરણપર શ્રીઆનન્દબોધિની વૃત્તિના રચયિતા, શ્રીવર્દ્ધમાનતપોમહાત્મ્ય-વિંશતિવિંશિકા-સારાંશ-રહસ્ય-શ્રીપંચાશકશાસ્ત્રસારાંશ; અને શ્રીસૂત્રકૃતાંગ-સારાંશા-દિના આલેખનકાર **પૂ. પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.**

સંચયકારઃ-

પૂ. આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના વિદ્વદ્વિનેય-[illegible]

પ્રવર-પૂ. શ્રીચન્દ્રસાગર ગણીન્દ્રના પરમ-વિનય-પં-શ્રીદેવેન્દ્રસાગર[illegible]

વીર. સં. ૨૪૭૬
વિક્રમ સં. ૨૦૦૬

મૂલ્ય-પઠન-પાઠન-પરિશીલન.

ક્રા. સં. ૧૯૪૯.
આવૃત્તિ ૨.
નકલ-૨૫૦.

આર્થિક-સહાયકોની શુભ નામાવલી.

૩૦૧) શ્રેષ્ઠિ માણેકચંદ ઝવેરચંદ
હ. શ્રેષ્ઠિ હીરાભાઈ નગીનભાઈ જરીવાલા.

૩૦૧) ,, ઘેલાભાઇ રાયચંદ
હા. શ્રેષ્ઠિ ચીમનલાલ સવાઈચંદ

૧૫૧) આર. વી. શાહ તરપ્રથી.

૧૦૧) ગાંધી ભાયચંદ તારાચંદ

૫૧) શા. ખુશાલદાસ તારાચંદ

---

૯૦૫)

संबुज्झह किं न बुज्झह ?; संबोहि खलु पेच्च दुल्लहा ॥
णो हूवमणंति राइओ, नो सुलभं पुणरावि जीवियं ॥१॥

ભાવાર્થ:-હે પુત્રો ! તમે જાગો ? કેમ જાગતા નથી ?, "દર્શન-જ્ઞાન-ચારિત્રજ પ્રાપ્ત કરવા લાયક છે." અને એવો બોધ થવો અતિ દુર્લભ છે. ગએલી રાત્રિઓ પાછી પ્રાપ્ત થતી નથી, અને સંસારમાં સંયમ પ્રધાન જીવિત ફરી પ્રાપ્ત થવું તે સુલભ નથી. શ્રીસૂત્રકૃતાંગ-સૂત્રે દ્વિતીયાધ્યયને પ્રથમોદ્દેશકે પ્રથમ સૂત્રે.

પ્રકાશકઃ-
પાનાચંદ રૂપચંદ ઝવેરી.
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-
પ્રચારક-સમિતિના
પ્રધાન-સંચાલક.

મુદ્રકઃ-
ફકીરચંદ મગનલાલ બદામી
ધી "જૈન વિજ્યાનન્દ" પ્રીં. પ્રેસ,
હવાડીયા ચકલા, સુરત.

પૂ. આગમોદ્ધારક-

શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી.

સ્વ. પૂ. શ્રીઝવેરસાગરજી મહારાજ.

(પૂજ્ય-આગમોદ્ધારક શ્રીઆચાર્યદેવ ગુરૂવર્ય)



શ્રીઆનન્દ-ચન્દ્ર-સુધાસિન્ધુ-ગ્રન્થે

પ્રકાશકનું નિવેદન.

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-**શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ** આદિઠાણાનું વિ. સં. ૧૯૮૬ માં મુંબાઇ, ભૂલેશ્વર લાલબાગમાં ચાતુર્માસ થયું હતું, તે અવસરે **મુનિ શ્રી ચન્દ્રસાગરજી (હાલના પૂ. પંન્યાસ પ્રવરશ્રીજી ચન્દ્રસાગરજી)** પણ સાથે હતા. જે વર્ષમાં યુવાનીઆએઓએ થતી દીક્ષાના અસ્ખલિત પ્રવાહને રોકવા કમર કસી હતી, તન, મન, અને ધનદ્વારાએ કનડગત કરવાની અનેક કાર્યવાહીઓ શરૂ કરી હતી, ક્રાંતિમાળાના લેખો લખીને આગેવાન યુવકોએ ભવ્ય-યુવાન વર્ગના મગજ ખ્હેકાવી મૂકયા હતા, વિક્રમ સંવત ૧૯૮૪ના વર્ષ-પ્રારંભમાં થતી પ્રવ્રજ્યાના પુનિત-પ્રબળ વેગને રોકવા ગામે ગામ યુવક સંઘોની સ્થાપના થઇ હતી; અને સમ્યકત્વ પામેલાઓ સમ્યકત્વથી પતિત થાય, નવા સમ્યકત્વ પામે નહિ, સમ્યકત્વની અભિમુખ થયેલો વર્ગ ખસી જાય, તેવાં તેવાં ભાષણો, લેખો, અને આત્મિક-શકિતના વિકાસને રૂંધનારા અનેકવિધ પ્રકાશનો, અને પ્રબંધો, માસિકો-પાક્ષિકો-સાપ્તાહિક-આદિદ્વારા દિ ઉગે દેખાવ દેતાં હતાં, તે અવસરે પ્રાતઃસ્મરણીય-**પૂજ્યપાદ-આગમોદ્ધારક-આનન્દસાગરસૂરીશ્વરજી**ના-વિદ્વદ્વિનેય પૂ. **પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજીની** ખાસ પ્રેરણાથી તેઓશ્રીની પુનિત દેખરેખ નીચે ઉપર જણાવેલા આદિ અનેક વિઘાતક તત્ત્વોને જડમૂળથી નાબુદ કરવા માટે, અને શાસન-રસિક-વર્ગમાં ધર્મના જોમને પ્રબળ વેગ આપવા માટે આ **શ્રીસિદ્ધચક્ર** પાક્ષિકનો જન્મ થયો હતો, અને તેનું સંચાલન કરનાર **શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિનો** પણ જન્મ સાથેજ થયો હતો. તે પાક્ષિકને **પૂ. આગમોદ્ધારક**ની અમોઘ દેશનાઓ, સાગર સમાધાનરૂપ સામગ્રીઓ વિગેરેથી અને પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીના પુનિત સદુપદેશથી આર્થિક સહાયો મળવા લાગી. સાથે સાથે **પાક્ષિક અને સમિતિનું મુખ્ય** સંચાલન કાર્યનું કામ સંભાળવાની જવાબદારી શરૂઆતથી મેં ઉપાડી લીધી હતી, અને તે અદ્યાપિ પર્યંત સેવાભાવિપણાથી બજાવી રહ્યો છું. **આ સિદ્ધચક્ર પાક્ષિકે** અને સમિતિએ શાસન સુપ્રસિદ્ધ સેવાઓ એવા આપત્તિ કાળમાં બજાવી છે કે અદ્યાપિ પર્યંત ચતુર્વિધ-સંઘની દરેક વ્યકિત તેને હાર્દિક-આશીર્વાદ આપી રહી છે, અને મુકત કંઠે તેની પ્રશંસા કરે છે.

પંદર દિવસમાં નિયમિતપણે **શ્રીસિદ્ધચક્ર**નું પ્રકાશન કરવાનું કાર્ય ઘણુંજ મુશ્કેલ પડવાથી, અને શાસનમાં અનેક-કાર્યની જવાબદારી હોવાથી પૂ. પંન્યાસ પ્રવરશ્રીજી તરફથી પ્રેસમેટર મેળવામાં વિલંબ થવાથી નિરૂપાયે આ પાક્ષિકને માસિકના રૂપમાં પ્રકાશન કરવાનું સમિતિએ નકકી કર્યું; અને તે પછી પંદર વર્ષની પરિસિમાપ્તિ સુધી નિયમિત માસિક રૂપે પ્રકાશન થાય છે, અને વાંચકો. વિચારકો અને અભ્યાસકો સારા પ્રમાણમાં લાભ લે છે. હાલમાં આ માસિકે હવે સોળમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

અમારી સમિતિ તરપ્રથી આ માસિક ચાલે છે. એટલું જ નહિ પણ વાંચકોને, વિચારકોને, અને અભ્યાસકોને વધુને વધુ સાહિત્ય મળે તે હેતુથી લગભગ ૧૨ ગ્રંથો[1] સમિતિ તરપ્રથી મ્હેં બહાર પાડેલા છે, અને આ અવસરે પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીની પુનિત મહેરબાનીથી આ ગ્રંથનું પ્રકાશન કરવા પણ અમારી સમિતિ તરફથી હું ભાગ્યશાળી થયો છું.

આ ગ્રંથમાં આવતા અનુક્રમે ત્રણે વિભાગોનું આલેખન **પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રે** કરેલું છે. તેઓશ્રી પ્રત્યે તથા તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર પ્રતિ તેઓશ્રીના **પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-ગુરૂદેવ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી** મહારાજજીની અસીમ કૃપાથી દીક્ષા-પ્રદાન-દિનના પ્રારંભથી અદ્યાપિ પર્યંતનો અનહદ ઉપકાર ચાલુ છે, અને તે ઉપકારના ઋણમાંથી યત્કિંચિત મુક્ત થવાની અભિલાષાથી, અને તેઓશ્રીની સાન્નિધ્યમાં રહીને અનેક શાસ્ત્રોના ભાવો તથા આ પ્રથમ-ભાગના કઠિન સ્થળો સમજવાનું સૌભાગ્ય તેઓશ્રીને પ્રાપ્ત થવાથી, આ ગ્રંથનું નામ **શ્રી આનન્દથી** શરૂ કરીને ત્રણે વિભાગનું આલેખન કરનાર પૂ પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર હોવાથી તે નામની સાથે **ચન્દ્રનું** જોડાણ કરીને, અને આત્મિક-શક્તિના વિકાશ માટે ત્રણે વિભાગનું સંમિલન **સુધાસિન્ધુ** સમાન હોવાથી આ ગ્રંથનું નામ "શ્રીઆનન્દ-ચન્દ્ર-સુધા-સિન્ધુ" રાખેલું છે તે યુક્તિ યુક્ત સુસંગત છે, તે બુદ્ધિમાનોને સમજાવવું પડે તેમ નથી. આ ગ્રંથને પ્રકાશન કરવાનું નિમિત્ત માસખમણ કરનાર પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના વિદ્વદ્વિનેય-પંન્યાસ-પ્રવર-ચન્દ્રસાગરજીના પરમ-વિનેય પં. શ્રીહીરસાગરજીના સુવિનેય-મુનિશ્રીહિમાંશુસાગરજી છે, કારણ કે વિ. સં. ૨૦૦૫ના પર્વાધિરાજ પર્યુષણપર્વમાં માસખમણની તપશ્ચર્યા કરી તે નિમિત્તે ઉદાર, ભાવિક-શ્રાવકોને આ નિમિત્તે ગ્રંથ વહેંચવાની ઉત્કંઠા થઈ, અને તેઓશ્રીની આર્થિક-સહાય મળી એટલે આ ગ્રંથ ટુંક સમયમાં બહાર પડે છે.

અમારા શ્રીસિદ્ધચક્ર-માસિકના આંતરિક-જીવનરૂપ સાહિત્ય-સામગ્રીના દાતા પ્રાતઃ-સ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીનો, તે માસિકનું નિયમિત વ્યવસ્થાપૂર્વક દરેક રીતિએ સંચાલન કરવા વિગેરેનું કાર્ય કરનાર પૂ. પંન્યાસ-પ્રવર-શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્રનો, પ્રસ્તાવના આલેખનકાર પૂ. પંન્યાસ-પ્રવરશ્રીજીના પરમ-વિનેય-પં. શ્રીદેવેન્દ્રસાગરજીનો આ ગ્રંથ-પ્રકાશનમાં વિષયાનુક્રમ-પ્રુફાદિ-સંશોધનાદિમાં મદદ કરનાર પં દેવેન્દ્રસાગરજીના સુવિનેય-મુનિ-શ્રીદોલતસાગરજીનો, આર્થિક સહાય કરનારાઓનો, અને પ્રેસના માલીક બહાદુર ફકીરચંદ તથા કંપોઝીટર વિગેરેનો અત્ર આભાર માનીને વાંચકો, વિચારકો અભ્યાસકો વાંચવા પહેલા શુદ્ધિપત્રકથી શુદ્ધ કરીને વાંચે, વિચારે અને પરિશીલન કરે એજ એક મહેચ્છા.

મુંબઈ
તા. ૫-૧૧-૪૯

લિ. પાનાચંદ રૂપચંદ ઝવેરી.
શ્રીસિદ્ધચક્ર માસિકના તન્ત્રી, તથા-
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય સમિતિના પ્રધાન-સંચાલક.

---

૧ જુઓ-શ્રીશ્રમણોપાસક-ધર્મ-વિભાગ-૧લાની પ્રસ્તાવના.

પૂજ્ય-પંન્યાસ-પ્રવર-

શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર-મહારાજ.

જન્મ-વિ. સં. ૧૯૫૨ કારતક-સુદ-૧૧. અમદાવાદ.

દીક્ષા-
વિ. સં. ૧૯૮૪-
વૈશાખ-સુદ-૬.
અમદાવાદ.

ગણિપદ-
વિ. સં. ૧૯૯૭-
માગશર-સુદ-૫.
પાલીતાણા.

ઉપસ્થાપના-
વિ. સં. ૧૯૮૪-
જેઠ-વદી-૫.
અમદાવાદ.

પંન્યાસપદ-
વિ. સં. ૧૯૯૭-
માગશર-સુદ-૯.
પાલીતાણા.

जिह्वाग्रे नरिनर्तिवाक्कणभूजोऽशाच्चाक्षिपादस्य गाम्,
यस्य स्वान्तमरस्त तन्त्र-पदवीं जागर्ति शब्दाध्वनि ।
आनन्दोदधिसूरिपुङ्गवसुलब्धोऽशेषसिद्धान्तवित्;
पन्न्यासाङ्कविभासिचन्द्रवदनो **जीयाच्चन्दोदधिः** ॥१॥

શ્રીઆનન્દ–ચન્દ્ર–સુધાસિન્ધુ–(પ્રથમ વિભાગ)–ગ્રન્થે

પ્ર સ્તા વ ના.

॥ શાશ્વત શાન્તિદાયક–સકલમન્ત્ર–તન્ત્ર–યન્ત્રાધિરાજરાજેશ્વર–શ્રીસિદ્ધચક્રેભ્યો નમો નમઃ ।।
। સકલ–સમીહિતપૂરક–શ્રીશઙ્ખેશ્વરપાર્શ્વનાથો વિજયતેતમામ્ ।

ગ્રન્થનું નામ.

શાશ્વત–શાન્તિદાયક–ત્રિકાલાબાધિત–અવિચ્છિન્ન–પ્રભાવશાલિ, સકલાગમ–શાસ્ત્ર–સિદ્ધાન્ત–દોહન–નવનીતરૂપ, સકલજન–મનોભિલાષાદિપૂરક, સકલ–મન્ત્ર–તન્ત્રાધિરાજ–**શ્રીસિદ્ધચક્ર–મહાયંત્રનું** હૃદયમાં ધ્યાન ધરીને; સકલ–સમીહિતપૂરક–**શ્રીશંખેશ્વર–પાર્શ્વનાથને** બહુમાન પુરસ્સર સર્વસ્વ સમર્પણ કરવા રૂપ ભાવ–વન્દનમય નમસ્કાર કરીને, અને મ્હારા–સકલ ઉપકારિઓના ઉપકારને સ્મૃતિ–પટમાં સુસ્થિર–કરીને **શ્રીઆનન્દ–ચન્દ્ર–સુધાસિન્ધુ–વિભાગ ૧ લાની પ્રસ્તાવનાનો** અત્ર પ્રારંભ કરાય છે.

પ્રકાશન થતાં પારાવાર–પ્રકાશનોમાં આ એક ગ્રંથનો વધારો વિશિષ્ટ–પ્રયોજન પૂર્વકનો થાય છે. **આ ગ્રંથનું નામ શ્રી આનન્દ–ચન્દ્ર–સુધાસિન્ધુ વિભાગ ૧લો રાખેલું છે,** અને તે નામ રાખવાના સબળ કારણોને પ્રકાશકે પોતાના નિવેદનમાં જણાવ્યા છે; તેથી તે સબંધની વિચારણા તે નિવેદનમાં સમજાશે. આથી હવે આ ગ્રન્થમાં આવતી સર્વ સામગ્રીઓને ક્રમશઃ વિચારીએ.

આ ગ્રંથ ત્રણ વિભાગમાં વહેંચાયેલો છે. (૧) **"શ્રી વિંશતિ–વિંશિકા–સારાંશઃ "**ના નામથી પૃ. ૧ થી પૃ. ૪૦ સુધીનો પ્રથમ વિભાગ. (૨) **" શ્રીશ્રદ્ધાદિ–પોષક–સુધાબ્ધિઃ "**ના નામથી પૃ. ૧ થી પૃ. ૬૮ સુધીનો બીજો વિભાગ; અને (૩) **" શ્રીસુધા–વર્ષા "** ના નામથી પૃ. ૧થી પૃ. ૬૦ સુધીનો ત્રીજો વિભાગ.

આ ત્રણે વિભાગોનુ સંમિલન કરીને **આ ગ્રંથનું નામ "શ્રીઆનન્દ–ચન્દ્ર–સુધાસિન્ધુઃ" રાખેલ** છે.

પ્રથમ–વિભાગના પ્રારંભમાં

આ પ્રથમ વિભાગનું અવલોકન કરતાં પહેલાં વાંચકે યાદ રાખવું જરૂરનું છે કે આ **શ્રી વિંશતિ–વિંશિકા–ગ્રંથના** કઠિન સ્થળો **સમજવાનું અને ધારવાનું** પ્રાતઃસ્મરણીય **પૂ. દાદા ગુરૂદેવ** પાસે મ્હારા પૂ **ગુરૂદેવ સાથે** થયું હતું, અને તેથી તેઓશ્રીએ સારાંશનું આલેખન તે અવસરે તૈયાર કર્યું હતું, અને તેથીજ આ **શ્રીવિંશતિ–વિંશિકા–સારાંશનું** ક્રમશઃ આલેખન વિ. સ. ૨૦૦૨ના આશ્વિનથી માહ સુધીના મહિનાઓના અનુક્રમે પાંચ માસના **શ્રીસિદ્ધચક્ર** પત્રમાં આપેલું હતું. પરંતુ તે માસિકમાં દર મહિને તે આલેખન છુટું છવાયું આવતું હોવાથી, સારાંશરૂપે આપેલું વાંચન ગ્રન્થરૂપે વ્યવસ્થિત થાય એવી વાંચકોની માંગણીને પૂરી પાડવાના હેતુથી બીજી આવૃત્તિરૂપે આ પ્રથમ–વિભાગમાં–સંગૃહીત રૂપે પૂર્વે જણાવેલો સાદ્યન્ત–સારાંશ આપેલો છે.

શ્રીવિંશતિ-વિંશિકા-ગ્રન્થના પ્રણેતા, પ્રણેતાની પિછાન, ગ્રંથનું સાન્વર્થ-નામ, ગ્રંથમાં આવનારી વીશ વિંશિકાઓની ક્રમશઃ સાન્વર્થપૂર્વક નામાવલિ, ગ્રન્થ-શ્લોક-પ્રમાણ; અને પ્રણેતાનો પુનિત-સમય વિગેરેનું સંક્ષેપતઃ વર્ણન એકથી નવ પેરેગ્રાફમાં સ્પષ્ટપણે વાંચવામાં આવે છે. અને તે પછી **પ્રથમ શ્રીઅધિકાર-સૂચના-વિંશિકાથી** વીશમી **શ્રીસિદ્ધિ-સુખ-વિંશિકા** સુધી વીશ વિંશિકાઓમાં આવતા ભાવો સારાંશ રૂપે આ ગ્રંથના પ્રથમ વિભાગમાં આલેખન કરેલાં દૃષ્ટિગોચર છે. એટલે આ વિભાગમાં આવતી સામગ્રીઓ વાંચકને વાંચવાથી સ્પષ્ટ સમજાઇ જાય તેવી છે, તેથી પુનરુક્તિરૂપે તેનું આલેખન આ પ્રસ્તાવનામાં કર્યું નથી.

વિંશિકાઓનું વિશાળ-ગૌરવ.

વિશેષમાં સમજવાનું એ છે કે એક એક વિંશિકા, એક એક વિંશિકાના એક એક શ્લોકના પૂર્વાપર સંબંધની વિચારણાઓ, અને એક એક પદની વિચારણાઓ સુવિવેકિ વાંચક-વર્ગ સમક્ષ આલેખન કરીને રજુ કરાય તો વાસ્તવિકરીતિએ એક એક વિંશિકા ઉપર વિસ્તૃત ગ્રંથ આલેખન કરી શકાય તેમ છે, તેટલી ભરપૂર શાસ્ત્ર-વિહિત-સામગ્રીઓ **પૂ. શાસ્ત્રકારે** તે તે દરેક દરેક વિંશિકામાં અને પદ્યે પદ્યમાં ઠાંસી ઠાંસીને ભરી છે તે બુદ્ધિમાનોથીજ ગમ્ય છે.

આ બીના લવલેશભર અતિશયોક્તિ ભરી નથી, કારણકે મ્હારા પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ દાદા **ગુરૂદેવ આગમોદ્ધારક-આચાર્યદેવેશ-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ** શ્રીવિંશતિ-વિંશિકા-ગ્રન્થ ઉપર **દીપિકાની** રચના કરી છે. તેમાં પ્રથમ વિંશિકા પૂર્ણ, અને બીજી વિંશિકાના સાતમા પદ્ય સુધી જે આલેખન મ્હારા પૂ. દાદા **ગુરૂદેવે** પ્રૌઢ ભાષામાં કર્યું છે, તે જો સંપૂર્ણ કરવામાં આવ્યું હોત તો તે વીશ-વિંશિકાના ભાવાર્થથી ભરપૂર તે દીપિકાનું આલેખન દીર્ઘ કાયરૂપ ધારણ કરી શકત તેમાં શંકાને સ્થાનજ નથી. કારણકે શાસ્ત્રકારે ભરેલા ભાવોને પ્રગટ કરવા એજ વ્યાખ્યાનકારનો વિષય છે, અને તેથીજ પૂ. **ગુરૂદેવે દીપિકામાં** વિશાળપણે ભાવો જણાવ્યા છે. હમણાં મ્હારા **પૂ. ગુરૂદેવ પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી** તરફથી તે **પ્રથમ-અધિકાર-સૂચના-વિંશિકા** ઉપર તે વિંશિકાનું રહસ્ય ગુર્જર ભાષામાં આલેખન કરાય છે, અને સાથે સાથે તે આલેખન પ્રેસમાં મુદ્રણ થાય છે. તે **પ્રથમ-વિંશિકા-રહસ્યના** પ્રથમ બે પદ્યમાં આવતાં વીતરાગાદિ છ વિશેષણો ઉપર અને પ્રથમ પદ્યમાં આવતા પ્રથમ **"नमिउण"** પદ ઉપર શાસ્ત્રકારે ભરેલા ભાવોના આશયોને સ્પષ્ટપણે સમજાવવામાં આવેલ છે, છતાં પણ તે સંબંધમાં ઘણું ઘણું આલેખન કરવાનું રહી જાય છે; એમ મ્હારા પૂ. **ગુરૂદેવ** જણાવે છે. તે માટે તે વિંશતિ વિંશિકાની પ્રથમ વિંશિકાનું રહસ્ય ટૂંક વખતમાં બ્હાર પડશે, દરેક વિંશિકા સ્થિત પદ્યો, અને પદ્યસ્થિત પદોનો ભવ્યભાવ બૂઝ પરિશીલન થાય તે માટે બૂઝબૂઝ પ્રયત્ન પૂર્વક તેનું વાંચન-મનન-પરિશીમન કરવા દરેક વાંચકો ભાગ્યશાલિ બને એવી નમ્ર ભલામણ છે. આથીજ વિંશિકાનું વિશાળ ગૌરવ સુવિવેકિયોની નજરે નિશ્ચિત થાય તેમાં શંકાને સ્થાનજ નથી. પ્રથમ વિભાગની પરિસમાપ્તિમાં ઉપસંહારરૂપે આ સારાંશને વિવેકપૂર્વક વિભાગશઃ સમજાવીને, અને પ્રાતઃસ્મરણીય-**પૂજ્યપાદ-આગમોદ્ધારક-આચાર્યદેવેશ-દાદા-ગુરૂદેવના** ઉપકારનું આલેખન કરીને આ પ્રથમ વિભાગ સમાપ્ત કરાય છે.

સાન્વર્થ બીજો વિભાગ.

ત્યારપછી સાથેજ બીજો વિભાગ **"શ્રદ્ધાદિપોષક-સુધાબિન્દુ:"** નામે શરૂ થાય છે. વિ. સં. ૧૯૮૮માં મુંબઇ લાલબાગ મુકામે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીગુરૂદેવ** સાથે મ્હારા પૂ. **શ્રીગુરૂદેવ પંન્યાસ-પ્રવરશ્રીજીનું** ચાતર્માસ થયું, તેજ અવસરે આ **શ્રીસિધ્ધચક્ર-પાક્ષિકનો** અને તેનું

સંચાલન કરનાર **શ્રીસિધ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિનો** પણ તેઓશ્રીના પુનિત હસ્તે તે બંન્નેનો સાથે જન્મ થયો. પાક્ષિકનું સંચાલન મ્હારા **પૂ. ગુરૂદેવ પંન્યાસ-પ્રવરશ્રીજીની** નજર તળે ચાલતું હતું, અને થોડા વર્ષ પછી તેજ પાક્ષિકને માસિકરૂપે પ્રકાશન કરવાનું સમિતિ તરફથી નક્કી થયું, છતાં પણ પાક્ષિક અને માસિક બંન્ને પ્રકાશનના અવસરે મુખપૃષ્ઠાદિ પર વાંચકોના અંતઃકરણ વિશુદ્ધ બનીને શ્રદ્ધાદિ ધર્મથી વાસિત થાય એ હેતુથી **પ્રાતઃસ્મરણીય-પૂ. ગુરૂદેવ-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર** મહારાજે આલેખન કરેલાં આલેખનો આપવામાં આવતાં હતાં, અને **શ્રીસિધ્ધચક્રના** મુખપૃષ્ઠાદિ પર આવેલાં તે આલેખનોનો સંચય અદ્યાપિ પર્યંત **પંદર વર્ષના** ગાળામાં **લગભગ ૭૪ ઉપરની** સંખ્યામાં **છે.** તે સર્વને સંગૃહિતરૂપે વાંચકો એકી સાથે ગ્રંથ રૂપે વાંચી શકે તે હેતુથી બીજા વિભાગના નામથી અત્ર આપેલા છે.

સાન્વર્થ-આલેખનો.

આ બીજા વિભાગના **પૂ. આલેખનકારે** આલેખેલાં સર્વ આલેખનો મિથ્યાત્વની મલીન વાસનાઓને વિખેરીને, અવિરતિની અવિરત આંધીથી અલગ કરીને, કષાયોની કારમી-કલુષિતતાને કાયમ માટે દૂર કરીને, અને યોગોનું ચંચળપણું દૂર કરવા પૂર્વકની સ્થિરતા પ્રાપ્ત કરાવીને; વાંચકોના અને અભ્યાસકોના પુનિત-હૃદયોને શાસન-માન્ય-સિદ્ધાંતરૂપ સુધાથી સિંચન કરીને ખૂબખૂબ નવપલ્લવિત કરે છે. એટલુંજ નહિ પણ તે તે આલેખનો વાંચકોના અને અભ્યાસકોના હૃદય-ચિત્તને અને આત્માને નવપલ્લવિત બનાવી વધુ ને વધુ આત્મિક-પ્રસન્નતા, પ્રફુલ્લતા, અને પુષ્ટતા સમર્પે છે. તેમજ તે આલેખનો ઉત્તરોત્તર સાધન-સામગ્રી-સંયોગો પ્રાપ્ત કરાવીને કલ્યાણકારિ-માર્ગમાં અનુપમ ઉત્તર-સાધક બનીને મુમુક્ષોને વીર્યોલ્લાસપૂર્વક આગળ વધવા-વધારવા ભાગ્યશાળી બનાવે છે. તેથીજ બીજા વિભાગમાં આપેલા આલેખનો સાન્વર્થ રીતિએ પૂરવાર થાય છે, અને વાંચનકાળે, અભ્યાસકાળે, પરિશીલનકાળે તો આ આલેખનો આંતરિક અમૃતનું આસ્વાદન કરાવે છે.

શ્રદ્ધા-સુધા-આસ્વાદન.

આ વિભાગમાં નીચે જણાવેલા ક્રમાંકો પ્રમાણેના આલેખનો શ્રદ્ધાદિને પ્રગટ કરનાર, પોષનાર, ટકાવનાર અને ખૂબ ખૂબ દૃઢીભૂત કરનાર છે. તે બધા વાંચકને, વિચારકને, અને અભ્યાસકને શ્રદ્ધારૂપ સુધાના આસ્વાદન સાથે આપો આપ સમજાઇ જાય એમ છે. પ્રથમતયા શ્રદ્ધા-પોષક આલેખનો નીચે પ્રમાણે છે.

૧ શાસન મહેલની સીઢી.
૨ એકજ નિશ્ચય.
૪ અલૌકિક-દર્શન.
૬ સંવેગની સમરાંગણ ભૂમિ.
૮ પુનિત-પ્રણાલિકાથી તદ્દન અજાણ.
૧૬ પ્રભુ માર્ગના પૂજારીઓ.
૧૮ ઝળહળતું જૈન હૃદય.
૨૨ નિર્વાણ-કલ્યાણક.
૨૩ પ્રભુમાર્ગના પૂજારી.
૨૬ સત્યના સ્વીકારમાંજ જૈનશાસનની શોભા છે.
૨૭ મિથ્યાત્વની મર્યાદાને સમજવાની જરૂર.
૩૨ શ્રુતિરાગ.
૩૩ ધર્મનુ યથાર્થ સ્વરૂપ.
૩૪ સર્વદર્શન માન્ય-ધર્મ.
૩૫ ધર્મ-રાગ.
૪૩ વ્હેમ-મુક્તિ લેખનું નિરસન.
૪૬ સંવેગશ્રીના સ્વામીજ છે.
૫૧-૫૪ નમોપદની નિર્મળતા લેખાંક-૧-૨-૩-૪
૫૮ લૌકિક પ્રેમનું અંતિમ.
૫૯-૬૧ લોકોતર વિશુદ્ધ પ્રેમ. લેખાંક-૧-૨
૭૦ સર્વસ્વ સમર્પણ અંગે.

સમ્યક્-જ્ઞાન-સુધાસ્વાદન.

શ્રદ્ધા સંબંધના આલેખનો વિચાર્યા પછી હવે નીચે જણાવેલ ક્રમાંક મુજબના આલેખનો સમ્યક્-જ્ઞાનના આવિર્ભાવક-વર્ધક-પોષક અને ભેદ જ્ઞાન પમાડનારી છે, અને સાથે સાથે સમ્યક્જ્ઞાન રૂપ સુધાનું આસ્વાદન કરાવે છે.

૯ મશહુર-ઝવેરી.
૧૫ જીવનને જીવી જાણનારા.
૨૪ શ્રુત પંચમી.
૨૫ સિદ્ધાંતોનું પારમાર્થિક-અવલોકન.
૨૮ શાસ્ત્રથી નિરપેક્ષ રહેનારા.
૪૦ અંતિમ સાધ્યનો નિર્ણય.
૪૧ શ્રાવક-શબ્દનો અક્ષરાર્થ.
૪૨ શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્.
૪૪ અનુભવનો સાક્ષાત્કાર.
૪૮ આક્રમણ અને સામનો.
૫૫ કલ્યાણકારિ પ્રભાવના.
૫૬ આરાધ્યેાનું એકીકરણ.

નીચે જણાવેલા ક્રમાંક મુજબના આલેખનો સમ્યગ્ ચારિત્ર ધર્મના આવિર્ભાવક-પોષક વર્ધક અને ક્ષાયક ભાવની સન્મુખતાના સમર્થક છે.

૩ ભોગનું પ્રદર્શન.
૭ શૂરા સરદારોની ઉત્પત્તિ.
૧૦ સગીર સમજે શું ?
૧૧ વાલીના જન્મ-સિદ્ધ-હક્ક.
૧૨ આજનો ગાયકવાડી મુસદ્દો.
૧૩ સ્વાભાવિક છે.
૧૭ સાધુ સંસ્થા એ અમૃતનો કયારો છે. આ સિવાય આલેખનો રત્નત્રયીપોષક છે.
૨૯ વૈરાગ્ય-વાસનાના વિવિધ-કારણ.
૩૧ શ્રાવક કોને કહેવો ?
૪૭ સિંહવૃત્તિધર-સંયમી.
૪૯ સંગઠ્ઠનની આવશ્યકતા.
૫૭ સાધર્મિકનું સગપણ.
૬૨ ક્ષેત્રસ્પર્શનાની જરૂર.

આ રીતિએ બીજો વિભાગ સમાપ્ત થાય છે. હવે બંને વિભાગોને વિવેકપૂર્વક વાંચ્યા પછી આ સુધામય-બિન્દુઓનું આલેખનપણ **પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ પૂ. પન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજે** પ્રથમતઃ **"આગમોદ્ધારકની ઉપાસનામાંથી"** એ શીર્ષકથી શરૂ કર્યું હતું. અને તે પછી **સુધાવર્ષાના નામથી તેનું** આલેખન શરૂ કરેલું છે. વિ. સં. **૨૦૦૧ના કાર્તિક-માગશરના શ્રીસિદ્ધચક્ર અંક** ૨-૩ના અંતિમ પૃ. ઉપરથી આ સુધામય વાકયોનો પ્રારંભ થયો છે, **અને વિક્રમ સંવત ૨૦૦૫ સાલના સિદ્ધચક્રના પાંચ વર્ષોના અંત્ય પૃષ્ઠો પર** તે સમાપ્ત થાય છે. આ સુધામય વાકયો વાંચકોએ વાંચ્યા વિચાર્યા હશે; પરંતુ પાંચ વર્ષના સંગૃહીત ગ્રંથરૂપે તે વાચન એક સ્થળે મળે તે હેતુથી ત્રીજા વિભાગમાં તે એકત્રિત કરી તેનું નામ **"સુધાવર્ષા"** રાખ્યું **છે. ક્રમાંક ૧ થી** ૭૭૭ સુધીના એકે એક સુધામય વાકયોને વિવેકપૂર્વક વાંચીને વિચારીને, પરિશીલન કરીને, અને અભ્યાસ કરીને વિભાગશઃ વહેંચીએ તો એક સ્વતંત્ર નિબંધ રૂપે ગ્રંથ તૈયાર થાય. તેથી તે વાકયોનો સુવિવેકિ-વાંચકો-વિચારકો, અને અભ્યાસકો શાસનમાન્યબુદ્ધિપૂર્વક વિવેક કરે એજ હિતાવહ છે.

આ રીતિએ ત્રણે વિભાગોને વાંચકો વિચારકો અને અભ્યાસકો વિવેકપૂર્વક વાંચીને વિભાગસ્થપ્રસંગોને જીવનમાં વણી નાંખવા પ્રયત્ન કરીને ઉત્તરોત્તર સર્વોત્તમ સાધન સામગ્રી, સંયોગ પ્રાપ્ત કરીને શાશ્વત-સુખના ભાગીદાર બનો એજ એક શુભેચ્છા.

લિ૦ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-ગીતાર્થ-સાર્વભૌમ, શ્રીસિદ્ધક્ષેત્ર-સુરત-વર્ધ્ધમાન-જૈનાગમ-મંદિર સંસ્થાપક-આગમોદ્ધારક-આગમાવતાર **શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના** વિદ્વદ્વિનેય શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક-**પંન્યાસ પ્રવર પૂ. શ્રીચન્દ્રસાગર ગણીન્દ્ર**ના ચરણવિન્દચંચરીક **દેવેન્દ્રસાગર**ના ધર્મલાભ.

પૂજ્ય–પંન્યાસ–પ્રવર–શ્રીચન્દ્રસાગરજી મહારાજના
સુવિનેયતત્ત્વ–ચિન્તક, શાન્ત–મૂર્તિ–પંન્યાસ–
શ્રીહીરસાગર–મહારાજજીના સુશિષ્ય–તપસ્વી–મુનિ–

શ્રી હિમાંશુસાગર મહારાજ



દીક્ષા–
વિ. સં. ૧૯૯૬ ના
કારતક–વદી–૫
ને શુક્રવાર
અમદાવાદ.

ઉપસ્થાપના–
વિ. સં. ૧૯૯૬ના
મહા–સુદિ–૬
મહુધા.

જન્મ વિ. સં. ૧૯૭૧ના આષાઢ સુદી ૧૨

મુ. બાલાસણ.

માસખમણના તપસ્વી–મુનિ–
શ્રીહિમાંશુસાગરજીનું જીવન.

આલેખનકારઃ–શા. પ્રેમચંદ ગોપાળદાસ.



ધર્મ–માર્ગે પ્રયાણ.

અઢાર દેશમાં અમારિપડહ–વજડાવનાર–અહિંસા–ધર્મપ્રચારક–કલિકાલ–સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વર–બોધિત–**શ્રીકુમારપાળના** સમયમાં પાટણની–પ્રભુતાના પૂર ઓસરવા લાગ્યાં, અને અહમદાબાદની આબાદિના પૂર અહમદાબાદમાં ઓટ વગરની ભરતીની જેમ ઉભરાવાં લાગ્યાં. તે સમયમાં ગરવી ગુજરાતનું પાટનગર પાટણ હતું, અને તે પછીના સમયમાં તે સ્થાન અમદાવાદે લીધું; અને હાલમાં તેજ સ્થાનનો પરિપૂર્ણ ભોગવટો તેજ અમદાવાદ કરે છે. રાજનગર જૈનોની ભરચક વસ્તીને લીધે, અને જૈન મંદિરો, જૈન જ્ઞાન ભંડારો, જૈન ધર્મના અનુષ્ઠાન કરવા માટેના ઉપશ્રયો, તથા જૈન–જ્ઞાનશાળાદિને લીધે આ નગરી જૈનપુરી નામે પ્રસિદ્ધ છે. આજુબાજુના ગામડાઓમાં ધંધોરોજગારો ખૂટતા ગયાં, તેમ તેમ તે તે ગામડાંઓમાંથી મોટા પ્રમાણમાં મનુષ્યોની સંખ્યા વધુ ને વધુ રાજનગરમાં આવીને ઉભરાવા લાગી. અમદાવાદની સ્થાપના પછીનો આજદિન સુધીનો ઇતિહાસ તપાસવામાં આવે તો આજુબાજુનાં અનેકાનેક ગામડાઓમાંથી માણસોએ મોટી સંખ્યામાં ધંધારોજગારાદિ માટે આવીને વસવાટ કરેલો માલુમ પડે છે.

આવા સમયમાં માણસા–પેથાપુર પાસેના–પુનાપરા ગામના રહેવાસિ **શા. ગોપાળદાસ કેવળદાસ** પોતાની ધર્મપત્ની **રાઈબાઈ** સાથે ધંધાર્થે અમદાવાદમાં શાહપુરમાં આવીને રહ્યા. **પુંજાપરા** ગામમાં જૈનોની વસ્તી લગભગ ૩૦ ઘરની હતી, અને આજે મોટો ભાગ ધંધાર્થે બહારગામ રહે છે. તે ગામમાં દેરાસર છે અને ઉપાશ્રય પણ છે. સંસારની લીલાના અનુભવમાં જીવન પસાર કરતાં તે બાઇએ પોતાના પીયર **બાલાસણ** મુકામે વિ. સં. ૧૯૭૧ના આષાડ સુદ ૧૨ને રોજે એક પુત્રને જન્મ આપ્યો, અને તેનું નામ **છનાલાલ** પાડવામાં આવ્યું. બાળ વયમાં તે છનાલાલ માતા તરફથી ધર્મના સંસ્કારોથી સિંચાયેલા હતાં, છતાં આર્થિક–સંયોગોની પ્રતિકૂળતાને લીધે યુવાવસ્થામાં નોકરી વિગેરેમાં જોડાયાં. એટલે ધર્મ સંસ્કારની વૃદ્ધિને બદલે સંસાર પ્રત્યેનો રંગરાગ વધે તેવાં સાધન–સંયોગ સામગ્રીઓની અનુકૂળતા વધવા લાગી, જૈન મંદિરમાં જાય નહિં, જૈન મંદિરમાં બિરાજમાન ભગવંતોના દર્શન, વંદન, પૂજન અવસરે કરે અને ન પણ કરે. જૈન ઉપાશ્રયમાં ગુરૂઓની પાસે જાય નહિ, અને જાય તો વ્યાખ્યાન વાણી શ્રવણ કરે નહિ. દિન પ્રતિદિન ધર્મ–સંસ્કારો જીવનમાંથી નષ્ટ પ્રાયઃ થઇ જાય તેવા સંયોગોમાં સંસાર પ્રત્યેની રસભરી રસિકતાથી આ **છનાલાલ** ધર્મથી વિમુખ થઇ જશે એવું બોલાતું હતું. પરંતુ ભાવિના ગર્ભમાં કાંઇ નવીનજ બનવાનું હશે, અને છનાલાલના ભાગ્યની રેખાઓ ભાવિ જીવનમાં કલ્યાણકારિરૂપ નીવડવાની હશે, તેથી તે મ્હારા

ભાઇને વિ. સં. ૧૯૯૫ માં ધર્મના રસ્તે પ્રયાણ કરવાના પુનિત, સંયોગોની પ્રાપ્તિ થઈ. પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી,** ઉપાધ્યાય **શ્રીક્ષમાસાગરજી** તથા સાથે તેઓશ્રીના વિદ્વદ્-વિનેય-શિષ્ય-**પૂ. પં. પ્રવર શ્રીચન્દ્રસાગરજી** તથા **પૂ. પં. દેવેન્દ્રસાગરજી** આદિ ઠાણાઓનું વિ. સં. ૧૯૯૫માં ચાતુર્માસ રાજનગર મુકામે થયું, અને પં-દેવેન્દ્રસાગરજી આદિ મુનિ પરિવાર શાહપુર મુકામે રહ્યા. તે અરસામાં ચાર માસ વ્યાખ્યાન શ્રવણ, અક્ષય નિધિ, શ્રીનવ-પદની આરાધના, વિગેરેમાં છનાલાલનું ધર્મ માર્ગે પ્રયાણ થયું.

પ્રવ્રજિત થયા—

વિ. સં. ૧૯૯૫માં અમદાવાદ મુકામે પૂ. આગમોદ્ધારક શ્રી **આનન્દસાગર-સૂરિશ્વર**નું ચાતુર્માસ થવાથી **ઝાંપડાની પોળના ઉપાશ્રયે** તેઓશ્રીના વિદ્વાન્ શિષ્ય પૂ. પં. પ્ર. શ્રી **ચન્દ્રસાગરજી**નું, અને શાહપુરના ઉપાશ્રયે પૂ. પં. પ્ર. શ્રી **ચન્દ્રસાગરજી**ના શિષ્યો **મુનિ શ્રી દેવેન્દ્રસાગરજી; મુનિશ્રી હીરસાગરજી,** અને **મુનિ શ્રી સુબોધસાગરજી**નું તથા મુનિશ્રી વિક્રમસાગરજીનું ચાતુર્માસ હતું.

ચાર માસમાં **છનાલાલે** વારંવાર ધર્મ દેશના શ્રવણ કરવાથી, અને ધર્માનુષ્ઠાનોની સુંદર રીતિએ આરાધના કરવાથી, વૈરાગ્ય ભાવના દિન પ્રતિદિન વધવા લાગી; અને તેજ અરસામાં અઢાર વર્ષની ઉંમરના **શંકરલાલને** પણ વ્યાખ્યાન વાણી આદિથી દીક્ષા લેવાની ભાવના જાગ્રત થઇ. **શાહપુર** નિવાસિ **સુ. શ્રા ખોડીદાસ લલ્લુભાઈ** તથા **સુ. શ્રા. ઉમેદચન્દ્ર ભુરાભાઈની** પ્રેરણાથી અને **સુ. શ્રા. ગીરધરલાલ છોટાલાલ**ના શુભ પ્રયત્નથી **સાબરમતિ** મુકામે કારતક વદી ૫ ના દિવસે ભાગવતી દીક્ષા થઇ. આ બન્ને ભાવુકોની દીક્ષા **પૂ. પં. પ્રવર શ્રી ચન્દ્રસાગરજીના વરદ હસ્તે** થઈ, અને અનુક્રમે **મુનિ શ્રી હિમાંશુસાગરજી** તથા **મુનિ શ્રી દોલતસાગરજી** નામથી જાહેર થયા; અર્થાત્ તે બન્ને દીક્ષિતો અનુક્રમે પં. હીરસાગરજીનાં અને પં. દેવેન્દ્રસાગરજીના શિષ્ય તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

આ બન્ને ભાવુકોને દીક્ષા લેવા અગાઉ કુટુંબીઓની સંમતિ મેળવવા ખૂબ ખૂબ પ્રયત્ન કરવો પડ્યો હતો. સાધારણ રીતે સંમતિ આપવામાં સંસાર રસિકોને વાસ્તવિક વૈરાગ્ય હોતોજ નથી, અને તેથી ભાવુકોને સંમતિ મેળવવામાં મુશ્કેલી પડે છે; એ જૈન કુટુંબોમાં ધાર્મિક સંસ્કારની ગેરહાજરી સૂચવે છે. અને આથી ભાવુકો માટે સંસાર સમુદ્રમાંથી બહાર નીકળવા માટેનો કઠીનમાં કઠીન માર્ગ **સંમતિ પ્રાપ્તિનો** છે. જેના પ્રતાપે સંયમની સૌરભનું આસ્વાદન કરવા સંયમના અર્થિઓ બેનશીબ નીવડે છે.

સંસારીપણાને તિલાંજલી આપીને સંયમી થનારાઓની તે કાળની જીવન ચર્યા શ્રવણ કરીએ છીએ, ત્યારે ઉરના અભિનંદનો વિના સંકોચે ઉભરાઇ જાય છે. દીક્ષા લેવાની પૂર્વે અને દીક્ષા લીધા પછી સંસારના રસિક-સગાં-વ્હાલાંઓ કેવી કનડગત કરે છે, ઘેર લઇ જવાની કેવી લાલચો આપે છે, કેવા કાવાદાવા રમે છે; એ બીનાઓ અથથી ઇતિ સુધી શ્રવણ કરવામાં આવે તો પત્થર જેવાં હૃદય પણ પાણી થઈ જાય એવી તે હૃદય કંપાવનારી વાતો છે. આ બધી મુઝવણોમાંથી સહિસલામત પસાર થઇને **ભાઇશ્રી છનાલાલ** તથા **ભાઇશ્રી શંકરલાલએ** બન્ને સંસારનો પાર પામવા માટે પ્રવ્રજિત થયા, અને મુનિશ્રી **હિમાંશુસાગરજી** અને મુનિશ્રી **દોલતસાગરજીના** નામથી સંયમ માર્ગે આગળ વધ્યા.

મુનિશ્રી **હિમાંશુસાગરજીને** અને મુનિશ્રી **દોલતસાગરજીને** શ્રાવકપણાને યોગ્ય ક્રિયાકાંડનો પણ અભ્યાસ ન હતો. તેથી પ્રથમથી શ્રીપંચ પ્રતિક્રમણ સૂત્રાદિ શ્રમણ-ધર્મ-યોગ્ય સૂત્રાદિ; અને તે તે સૂત્રોની પરિસમાપ્તિ સાથે ઉપસ્થાપનાના યોગોદ્વહનની ક્રિયા કરીને તે બન્ને દીક્ષિતોની પ્રાતઃસ્મરણીય-પૂજ્ય-શ્રી**વિજયકુમુદ-**

સૂરિજીના વરદ હસ્તે મહુવા મુકામે વિ. સં. ૧૯૯૬ના મહા સુદ ૬ને દિવસે ઉપસ્થાપન (વડી દીક્ષા) થઈ. વડી દીક્ષા થયા બાદ ખંભાત થઈને પાલીતાણા મુકામે પૂ. પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-ગુરૂદેવ આગમોદ્ધારક-આચાર્યદેવની છત્ર છાયામાં વિ. સ. ૧૯૯૬ની સાલનું ચાતુર્માસ થયું.

એ અવસરે મુનિશ્રી હિમાંશુ સાગરજીએ **સિદ્ધિ તપ**, બાર ઉપવાસ અને છ ઉપવાસ અનુક્રમે કર્યા **શ્રીવર્ધમાન તપની** પાંચ ઓળી કરીને શરૂઆત કરી. વળી શ્રમણ-યોગ્ય-ક્રિયાકાંડને અનુસરતાં બાકી રહેલ સૂત્રોનો અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો, અને **વિનય-વૈયાવચ્ચમાં** પણ યથાશક્તિ સારી રીતે ઉદ્યમ કરવાનું ચાલુ હતું.

વિ. સં. ૧૯૯૬માં દીક્ષા લીધા પછી વિ. સં ૨૦૦૫ સુધીના નવ વર્ષમાં પાલીતાણા, મુંબાઇ અમદાવાદ, ખંભાત અમદાવાદ, વેજલપુર, સુરત, શીરપુર, સુરત, આદિ ગામોમાં, અને વિહારમાં વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરી. એક વખત સોળ ઉપવાસ, એક વખત બાર ઉપવાસ, ચાર વખત અઠ્ઠાઈ; એક વખત છ ઉપવાસ કર્યા. વળી એક વખત સિદ્ધિ તપ કર્યો, અને છઠ્ઠું કરીને સાત જાત્રા અને પાલીતાણાની નવાણું, તથા એક વખત વર્ષી તપ કર્યો. શ્રી વીશસ્થાનકની ઓળી ઉપવાસથી શરૂ કરી, શ્રી વર્ધમાન તપની ૧૬ ઓળીઓ કરી, અને ચોવીશ ભગવાનના એકાસણા શરૂ કર્યા, તેમાં અત્યાર સુધી ૧૭ સત્તરમા ભગવાન સુધીના એકાસણા કર્યા. ચાલુ વર્ષે માસખમણ કરીને સંયમ જીવનને વધુ સુખમય બનાવ્યું.

અમારા પુણ્યોદયે અમારા વડીલ ભાઈશ્રીએ દીક્ષા લેઈને પૂ. ગુરૂવર્યોની સેવા કરીને, સંયમ-જ્ઞાન તપશ્ચર્યામાં આગળ વધીને જીવનને પગભર બનાવ્યું છે, એટલુંજ નહિ પણ અમારા કુળને દીપાવ્યું છે. તેઓશ્રી દિનપ્રતિદિન સંયમ-જ્ઞાનાદિકમાં અને પૂ. ગુરૂવર્યોની વિનય-વૈયાવચ્ચ-સેવાભક્તિમાં ખૂબ ખૂબ ઉદ્યમવન્ત રહો એવી અભિલાષા પૂર્વક વિરમું છું.

લિ૰ આપશ્રીના ગુણનો અનુરાગી,
પ્રેમચંદ ગોપાળદાસ.

પૂજ્ય-આગમોદ્ધારક-શ્રીસાગરાનંદસૂરીશ્વરજીના

વચનામૃત.

સંચયકાર-મુનિ શ્રીહિમાંશુસાગરજી.

૧ કોઇ પણ જીવને મારવો નહિ.
૨ ઇંદ્રિયોને છુટી મુકવી નહિ.
૩ સદા સત્ય બોલવું.
૪ શીલ સાચવવામાં અખંડ ઉદ્યમ કરવો.
૫ અજાણ મનુષ્યનો સંગ કરવો નહિ.
૬ માબાપ અને ગુરૂ મહારાજનું વચન ઓલંઘવું નહિ.
૭ મન-વચન અને કાયા ચપલ રાખવાં નહિ.
૮ ઉદ્ભટ તથા મલીન વેષ પહેરવો નહિ
૯ વાંકી દૃષ્ટીએ દેખવું નહિ.
૧૦ દુર્જનથી દૂર રહેવું
૧૧ ગુણ દોષ વિચારીને જ બોલવું.
૧૨ જેથી હિત થાય તેવુંજ કાર્ય કરવું.
૧૩ કુળ મર્યાદા લોપવી નહિ.
૧૪ કોઇને પણ મર્મનાં વચન કહેવાં નહિ
૧૫ કોઇને પણ કલંક ચઢાવવું નહિ.
૧૬ કોઇનો પણ તિરસ્કાર કરવો નહિ.
૧૭ બીજાંને મીઠાં વચનથી બોલાવવું.
૧૮ સર્વને ઉપકાર કરવા તત્પર રહેવું.
૧૯ આપણે કરેલો ઉપકાર ભૂલવો નહિ.
૨૦ દુઃખીને આશ્વાસન આપવું.
૨૧ કોઇની પાસે પ્રાર્થના કરવી નહિ.
૨૨ કોઈની પ્રાર્થનાનો ભંગ કરવો નહિ.
૨૩ દીનતાના વચન બોલવાં નહિ.
૨૪ વિનયથી બોલવું.
૨૫ આત્માની પ્રશંશા કરવી નહિ.
૨૬ દુર્જનની પણ નિંદા કરવી નહિ.
૨૭ ઘણું અને ઘણીવાર હસવું નહિ.
૨૮ શત્રુનો વિશ્વાસ કરવો નહિ.
૨૯ વિશ્વાસવાળાનો દ્રોહ કરવો નહિ.
૩૦ કરેલા ગુણનો બદલો વાળવો.
૩૧ સારા ગુણવાળા ઉપર રાગ ધરવો.
૩૨ સ્નેહ રહિતમાં રાગ કરવો નહિ.
૩૪ અકાર્ય કોઇ દીવસ કરવું નહિ.
૩૫ પોતાની નિંદા થાય તેવું કરવું નહિ.
૩૬ ધીરજતા છોડવી નહિ.
૩૭ દુઃખ પડતાં મુંઝાવું નહિ.
૩૮ કોઇદિવસ પોતાની હદ છોડવી નહિ.
૩૯ યથાશકિત જરૂર દાન આપવું.

卐 卐

શ્રીવિંશતિ-વિંશિકાની અનુક્રમણિકા.

ક્રમાંક	વિષય.	પૃષ્ઠાંક
૧	પ્રકરણ પ્રણેતાનું પુનિત નામ.	૧
૨	પ્રકરણ પ્રણેતાઓમાં પણ પ્રથમ.	૧
૩	પ્રકરણ પ્રણેતાની પિછાણ.	૨
૪	પ્રકરણનું પુનિત નામ.	૨
૫	વિંશિકાઓના ક્રમશઃ નામ.	૨
૬	સાન્વર્થ-વિંશતિ-વિંશિકા નામ.	૩
૭	પ્રકરણ-ગ્રન્થ-પ્રમાણ.	૩
૮	સંભવિત-સમાધાન.	૪
૯	પ્રકરણ-પ્રણેતાનો પુનિત-સમય-નિર્ણય.	૪
૧૦	**અધિકાર-સૂચના-વિંશિકા-૧.**	૫
૧૧	આક્ષેપનું દિગ્દર્શન.	૬
૧૨	આશિર્વાદ રચના.	૬
૧૩	સુદર સમાધાન.	૭
૧૪	સમાધાન સામગ્રીઓ.	૮
૧૫	સમાધાનના ઉપસંહારમાં.	૯
૧૬	**લોક-અનાદિત્વ-વિંશિકા-૨.**	૧૦
૧૭	**કુલનીતિ-લોકધર્મ-વિંશિકા-૩.**	૧૦
૧૮	ચરમાવર્ત-વિંશિકા-૪	૧૧
૧૯	બીજ ,, -૫	૧૧
૨૦	સદ્ધર્મ ,, -૬	૧૩
૨૧	દાન ,, -૭	૧૪
૨૨	પૂજા ,, -૮	૧૫
૨૩	શ્રાવક-ધર્મ ,, -૯	૧૬
૨૪	શ્રાવક-પ્રતિમા ,,-૧૦	૧૮
૨૫	યતિ-ધર્મ ,,-૧૧	૨૦
૨૬	શિક્ષા ,,-૧૨	૨૨
૨૭	ભિક્ષા-વિધિ ,,-૧૩	૨૩
૨૮	તદંતરાયશુદ્ધિ ,,-૧૪	૨૪
૨૯	આલોચના ,,-૧૫	૨૫
૩૦	પ્રાયશ્ચિત ,,-૧૬	૨૬
૩૧	યોગ ,,-૧૭	૨૮
૩૨	કેવળજ્ઞાન ,,-૧૮	૩૧
૩૩	શ્રીસિદ્ધ-ભેદ ,,-૧૯	૩૪
૩૪	શ્રીસિદ્ધ-સુખ ,,-૨૦	૩૭
૩૫	ઉપસંહાર	૪૦

શ્રદ્ધાદિ-પોષક-સુધાબિંદુ:

ક્રમાંક	વિષય.	પૃષ્ઠાંક
૧	શાસન મહેલની સીઢી.	૧.
૨	એકજ નિશ્ચય.	૨
૩	ભોગનું પ્રદર્શન.	૨
૪	અલૌકિક-દર્શન.	૩
૫	અર્થિપણાનો આદર્શ.	૪
૬	સંવેગની સમરાંગણ-ભૂમિ.	૫
૭	શૂરા-સરદારોની ઉત્પત્તિ.	૭
૮	પૂનિત-પ્રણાલિકાથી તદ્દન અજાણ.	૮
૯	મશહૂર ઝવેરી !!!	૯
૧૦	સગીર સમજે શું ?	૧૦
૧૧	વાલીના જન્મસિદ્ધ હક પર ત્રાપ મારનાર મુસદ્દો.	૧૧
૧૨	આજનો ગાયકવાડી મુસદ્દો.	૧૧
૧૩	સ્વાભાવિક છે.	૧૨
૧૪	આગમોદ્ધારક એટલે શું ?	૧૩
૧૫	જીવનને જીવી જાણનાર.	૧૩
૧૬	પ્રભુ માર્ગના પૂજારીઓ.	૧૪
૧૭	સાધુ-સંસ્થા એ અમૃતનો કયારો છે.	૧૫
૧૮	ઝળહળતું જૈન-હૃદય.	૧૫
૧૯	પર્વાધિરાજ-પર્યુષણામહાપર્વ.	૧૬
૨૦	ઉપધાન.	૧૭
૨૧	આરાધક, અને આરાધન.	૧૮
૨૨	નિર્વાણ કલ્યાણક.	૧૮
૨૩	પ્રભુ-માર્ગનો પૂજારી.	૧૯
૨૪	શ્રુત-પંચમી.	૧૯
૨૫	સિદ્ધાન્તનું પારમાર્થિક-અવલોકન.	૨૦
૨૬	સત્યના સ્વીકારમાં જૈન-શાસનની શોભા છે.	૨૧
૨૭	મિથ્યાત્વની મર્યાદાને સમજવાની જરૂર.	૨૨
૨૮	શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ.	૨૩
૨૯	વૈરાગ્ય વાસનાના વિવિધ-કારણો.	૨૪
૩૦	શ્રીસિદ્ધચક્રના સેવકોને.	૨૫
૩૧	શ્રાવક કોને કહેવો ?	૨૬
૩૨	શ્રુતિરાગ.	૨૭
૩૩	ધર્મનું યથાર્થ સ્વરૂપ.	૨૭

૩૪ સર્વદર્શન-માન્ય-ધર્મ. ૨૭
૩૫ ધર્મ-રાગ. ૨૭
૩૬ ઔચિત્યને અનુસરવું. ૨૭
૩૭ ચાર પ્રકારના તપસ્વીઓ. ૨૮
૩૮ કાર્યસિદ્ધિના અભિલાષિઓને. ૨૯
૩૯ તારનાર છે કોણ? ૨૯
૪૦ અંતિમ-સાધ્યનો નિર્ણય. ૩૧
૪૧ શ્રાવક-શબ્દનો અક્ષરાર્થ. ૩૧
૪૨ "શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્" ૩૨
૪૩ "વહેમ-મુકિત" લેખનું નિરસન. ૩૪
૪૪ અનુભવનો સાક્ષાત્કાર. ૩૮
૪૫ શાશ્વત-સંયોગ-વિયોગ. ૩૯
૪૬ સંવેગશ્રીના સ્વામીજ છે. ૪૦
૪૭ સિંહવૃત્તિધર-સંયમી. ૪૧
૪૮ આક્રમણ અને સામનો. ૪૩
૪૯ સંગઠ્ઠનની આવશ્યકતા. ૪૪
૫૦ પર્વાધિરાજ-પર્યુષણા. ૪૫
૫૧ 'નમો'પદની નિર્મળતા. લેખાંક-૧. ૪૭
૫૨ 'નમો'પદની નિર્મળતા યાને ત્રિવેણી સંગમારાધન. (૨) ૪૮
૫૩ 'નમો'પદની નિર્મળતા યાને ભેદ-છેદનું દિગ્દર્શન. (૩) ૪૯
૫૪ 'નમો'પદની નિર્મળતા યાને ઇચ્છાયોગનું દિગ્દર્શન. (૪) ૫૦
૫૫ કલ્યાણકારિ-પ્રભાવના. ૫૧
૫૬ આરાધ્યોનું એકીકરણ. ૫૧
૫૭ સાધર્મિકનું સગપણ. ૫૨
૫૮ લૌકિક-પ્રેમનું અંતિમ. ૫૩
૫૯ લોકોત્તર-વિશુદ્ધ પ્રેમ. ૫૩
૬૦ શાશ્વત-આરાધનાનું ધ્યેય. ૫૪
૬૧ લોકોત્તર-વિશુદ્ધ પ્રેમ. ૫૫
૬૨ ક્ષેત્ર-સ્પર્શનાની જરૂર ૫૬
૬૩ 'भगवंताणं'નું રહસ્ય. ૫૬
૧ તીર્થ આદિ-અનાદિ છે. ૫૭
૨ અનાદિ-તીર્થનું સ્પષ્ટીકરણ. ૫૮
૩ "आइगराणं" પદની સાર્થકતા. ૫૮
૪ તીર્થંકર-નામ-કર્મની પ્રાથમિકતા, ૫૯
૬૪ પારમાર્થિક-આરાધના. ૬૦
૬૫ મહોદય માનવદશા. ૬૦
૬૬ આશિર્વાદ કે ધિક્કાર? ૬૧
૬૭ સુવિવેકશીલ આત્માને. ૬૧
૬૮ આરાધ્યપદની પ્રાપ્તી. ૬૨
૬૯ અકલ્યાણકારિણી-નિન્દા. ૬૩
૭૦ સર્વસ્વ-સમર્થપણ અંગે. ૬૩
૭૧ સર્વજ્ઞનો સદુપદેશ. ૬૬
૭૨ "संबुज्झह किं न बुज्झह"? ૬૭
૭૩ વાસ્તવિક-વિજય-પ્રાપ્તિ.
૭૪ સારભૂત-રહસ્ય-સુધા.

ભવ્યાત્માઓને શાસનમાન્ય-સુધાબિંદુઓથી સિંચવા માટે આ **સુધા-વર્ષાના** વિભાગમાં સંચય ૧ થી ૭૭૭ સુધીનો છે. પૃ. ૧ થી ૬૦

卐

શ્રીવિંશતિ-વિંશિકા-સારાંશ:

શુદ્ધિ-પત્રક.

પૃ. કો. પં.	અશુદ્ધ	શુદ્ધ
૧– ૮	તેઓશ્રી	આલેખનકારને
		આચાર્યશ્રી
૧– ૧૦	તેઓશ્રીના	આચાર્યશ્રીના
૧– ૧૦	આલેખનકારને	આલેખનકારની
૧– ૧૧	અમે ક્ષમા	અમે આચાર્યશ્રી
૧–૧–૧૧	પુનીત	પુનિત
૨–૧–૧૭	,,	,,
૨–૧–૨૨	પ્રગંગે	પ્રસંગે
૨–૧–૨૪	શંકાઓ	શંકાઓનો
૨–૨–૧	પુનીત	પુનિત
૨–૨–૬	**વિશિકા**	**વિંશિકા**
૩–૨–૯	વિશિકા	વિંશિકા
૪–૧–૨૪	પુનીત	પુનિત
૪–૨–૧૦	,,	,,
૫–૧–૧	સસાર૦	સંસાર
૫–૧–૧૪	**જિણ૦**	**જિણ**
૫–૧–૨૭	પુનીત	પુનિત
૫–૨–૨૨	,,	,,
૫–૨–૨૩	,,	,,
૫–૨–૨૮	,,	,,
૫–૨–૩૦	વિશિકા	વિંશિકા
૬–૨–૪	સક્ષેપ	સંક્ષેપ
૬–૨–૬	શકા	શંકા
૬–૨–૯	પુનીત	પુનિત
૬–૨–૯	સક્ષેપ	સંક્ષેપ
૬–૨–૧૮	કાળમા	કાળમાં
૬–૨–૨૧	પુનીત	પુનિત
૭–૨–૩૧	,,	,,
૧૦–૧–૩૦	જગતકતૃત્વ	જગતકતૃત્વ
૧૦–૨–૧૬	કરી છે	કરે છે
૧૧–૨–૧૩	**મમણી૦**	**મમણ૦**
૧૨–૨–૬	ફાળ્યો ફૂલેલો હોય	ફાલ્યો ફૂલ્યો હોય
	અને ફાળ્યા	અને ફાલ્યા
૧૨–૨–૧૪	ઉત્પન્નિ	ઉત્પન્ન
૧૨–૨–૧૯	કલ્પ વૃક્ષના	કલ્પવૃક્ષના
૧૩–૧–૮	વ્યસ્થિત	વ્યવસ્થિત
૧૪–૧–૨૮	ગ્રન્કારે	ગ્રન્થકારે
૧૮–૨–૭	ગુણુ–ા	ગુણુના
૧૮–૨–૯	ચિહ્નનાથી	ચિહ્નોથી
૧૮–૨–૧૦	પુનીત	પુનિત
૧૮–૨–૧૯	કરવાવાળો	કરવાવાળાને
૧૮–૨–૨૦	રાગવાળો	રાગવાળાને
૧૮–૨ ૨૧	સેવનારૂપ	સેવના કરવાવાળાને
૧૮–૨–૨૨	પ્રતિમાશાસ્ત્ર	પ્રતિમા હોય છે
		અને તે
૧૮–૨–૩૦	પરિણામવાળી	પરિણામવાળી છે,
૧૯–૧–૩૦	અપ્રહ્મના	અપ્રહ્મના
૧૯–૧–૩૧	યાવજ્જીવનું	યાવજ્જીવન
૨૧–૧–૧૫	ભગવતો	ભગવંતો
૨૪–૧–૧૭	વસ્ન	વસ્ત્ર
૨૭–૨–૮	ભેલાં	ભેળાં
૨૯–૧–૧૯	નિશ્ચળ	નિશ્ચલ
૩૬–૧–૨૦	હા ઇતિ ભેદે	હા ધ્રતિ ખેદે
૩૬–૨–૨	અવગાહનાળા	અવગાહનાવાળા
૩૬–૨–૩	અવગાહનાવાળા	અવગાહનાવાળા
૩૭–૨–૨૬	૬૨૫) ૬૨૫૧	૬૨૫) ૬૨૫ (૧
૩૮–૧–૩૦	સુખના	સુખનો
૩૯–૧–૨૬	લેઈ	લઈ
૩૯–૧–૩૯	તેનાથી (પહેલાં	તેનાથી પહેલાં
૪૦–૨–૨	પરાવર્તોતું	પરાવર્તોનું
૪૦–૨–૪	ગયા	×
૪૦–૨–૧૧	પ્રતિમાંમાં	પ્રતિમામાં
૪૦–૨–૨૩	થશો	થશે

શ્રદ્ધાદિ-પોષક-સુધાબિન્દુઃ

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૧૭	અગીકૃત કરે	અંગીકૃતકરે
૨	૧૦	સમ્ગદૃષ્ટિઓએ	સમ્યગ્દૃષ્ટિઓએ
૨	૧૬	નિગ્રથ	નિર્ગ્રંથ
૩	૧૦	ભભૂકતો	ભભૂકતો
૪	૨૨	મુકે	મૂકે
૪	૨૭	અથિપણાંનું	અર્થિપણાંનું
૫	૬	સવને	સર્વને
૫	૬	બનાવાવી	બનાવવી
૬	૯	રણસંગામમાં	રણસંગ્રામમાં
૬	૧૧	ઝુકાવે	ઝુકાવે
૬	૨૬	પ્રબળના	પ્રબળ
૬	૨૯	કારમી	કારમી
૭	૧૦	જનેતાંઓ જ	જનેતાઓ જ
૭	૧૦	જનેતાંઓએ	જનેતાઓએ
૮	૮	જનેતાંઓએ	જનેતાઓએ
૮	૨૩	દુગછનીય	દુર્ગંછનીય
૯	૨૪	સ્કુલ	સ્કૂલ
૧૦	૨	સળી	સડી
૧૦	૬	દેશો	દેશે
૧૦	૬	દેશો	દેશે
૧૦	૨૯	લુંટયા	લૂટવા
૧૧	૨	અધાંમિક	અધાર્મિક
૧૧	૧૭	લુંટનારો	લૂટનારો
૧૨	૨૯	ઢાલે	ઢાળે
૧૨	૩૧	ફુટી	ફૂટી
૧૪	૪	નોતરેલા	નોતરેલા
૧૮	૧૭	ભાગ્યાળી	ભાગ્યશાળી
૨૦	૩	માવો	માનવો
૨૦	૫	શકે	શકાય
૨૪	૪	૦કિતકાર	૦ક્તિકાર
૨૫	૨૧	વૈરાગ્ય	વૈરાગ્ય
૨૫	૩૦	અગેના	અંગેના
૨૭	૨	લષ્ટ	હૃષ્ટ
૨૭	૧૫	લડથડીયા	લથડીયા
૨૮	૨૨	ક્રામ	કામ
૩૦	૧	અખડ	અખંડ
૩૦	૨૦	આરાધ્યન્અરિહતો	આરાધ્ય-અરિહંતો
૩૩	૧૭	અર્નાત્	અર્થાત્
૩૮	૨	ઉપાસ્ત્રક	ઉપાસક
૩૮	૧૩	પર્યત	પર્યંત
૩૯	૧૦	દિગ્દશન	દિગ્દર્શન
૩૯	૨૬	તયારી	તૈયારી
૩૯	૪૪	સવજ્ઞ	સર્વજ્ઞ
૪૦	૨૦	શ્રીમતો	શ્રીમંતો
૪૦	૨૨	સિહાસન	સિંહાસન
૪૧	૫	ઉદ્યમમવન્ત	ઉદ્યમવન્ત
૪૧	૯	સંવેશ્રીના	સંવેગશ્રીના
૪૨	૧૧	સિહની	સિંહની
૪૨	૧૩	ધર્યવૃત્તિ	ધૈર્યવૃત્તિ
૪૨	૧૬	સયમિયોમાં	સંયમિયોમાં
૪૨	૧૭	સિહપરે	સિંહપરે
૪૨	૧૮	સિહપરે	સિંહપરે
૪૨	૨૩	અપનાન્યો	અપનાવ્યો
૪૨	૨૪	વ્રાત્ત	વૃત્તિ
૪૨	૨૪	પ્રાંતઃસ્મરણીય	પ્રાતઃસ્મરણીય
૪૪	૧	સર્વકજ્ઞથિત	સર્વજ્ઞકથિત
૪૪	૬	છતા	છતાં
૪૪	૧૬	યુદ્ધ	યુદ્ધ૦
૪૪	૨૧	પરપરા	પરંપરા
૪૪	૨૩	સધને	સંઘને
૪૫	૬	જૈન	જૈન
૪૫	૨૧	સરક્ષક	સંરક્ષક
૪૫	૨૯	જૈનત્વની	જૈનત્વની
૪૬	૭	સસ્કૃતિની	સંસ્કૃતિની
૪૬	૧૫	ગુથી	ગુંથી
૪૬	૧૬	સભાર	સંભાર
૪૬	૨૧	સસ્કૃતિને	સંસ્કૃતિને

૪૬	૨૬	સ્થિત	સ્થિત
૪૬	૨૬	સાવત્સારિક	સાંવત્સરિક
૪૭	૪	આક્રમણની	આક્રમણની
૪૮	૫	ગ્રથો	ગ્રંથો
૪૮	૮	નિદ્દંશ	નિર્દેશ
૪૮	૧૮	સગમ	સંગમ
૪૮	૨૦	કુટુબીઓ	કુટુંબીઓ
૫૦	૨૦	પ્રપ્તિનો	પ્રાપ્તિનો
૫૦	૨૦	કુલાચ્યરાથી	કુલાચારોથી
૫૧	૨૨	સસાર	સંસાર
૫૧	૧૫	પસગો	પ્રસંગો
૫૧	૨૫	ભગવંતેનું	ભગવંતોનું
૫૧	૨૬	આશ્વિન	આશ્વિન
૫૧	૨૭	કર્યાજ	કર્યાજ
૫૧	૩૧	નિવર્ણ	નિર્વાણ
૫૨	૧	આરાધનાંની	આરાધનાની
૫૨	૨	તીથંકરો	તીર્થંકરો
૫૨	૪	દ્રવ્ય શ્રી	દ્રવ્યથી
૫૨	૧૯	તીર્થંનર	તીર્થંકર
૫૨	૨૩	વન્નિ-ાં	વન્નિયં
૫૩	૪	હુતાશની	હુતાશનીની
૫૫	૧	આધ્યપદની	આરાધ્યપદની
૫૫	૧૪	પુનીત	પુનિત
૫૬	૧૪	ભગવતોના	ભગવંતોના
૫૭	૧૫	મગદયાણ	મગ્ગદયાણં
૫૭	૧૬	ભગવતોની	ભગવંતોની
૫૭	૨૦	મોયગાણ	મોયગાણં
૫૮	૧૯	પં પરા	પરંપરા
૫૮	૧૩	સમર્ગ	સમગ્ર
૫૮	૨૯	તીથંકરોને	તીર્થંકરોને
૫૮	૩૦	પ્રતિપાદન-કરનાર	પ્રતિપાદન કરનાર
૫૮	૩૧	પ્રસુક	પ્રાસુક
૫૯	૧૦	કલ્યણુકની	કલ્યાણુકની
૫૯	૧૩	૨૪	૨૪
૫૯	૨૯	ગ્રમાનુગ્રામ	ગ્રામાનુગ્રામ
૬૦	૨૦	જીવવ	જીવવાના
૬૨	૧૫	સયોગ	સંયોગ
૬૨	૨૫	જીવન અને	જીવનને
૬૨	૩૧	ખ્યાસમણા	ખમાસમણા
૬૪	૩૧	કમ	કર્મ
૬૫	૩૫	પટકાઇ	પટકાઈ
૬૬	૨૧	તીર્થિકાના દેવોને	તીર્થિકોને અન્ય
૬૬	૨૩	સમ્યગૂદર્શનના	સમ્યગ્દર્શનના
૬૬	૨૫	સમ્યદર્શનનું	સમ્યગ્દર્શનનું
૬૬	૨૬	સમ્યદર્શનની	સમ્યગ્દર્શનની
૬૭	૧	ઋષભદેવનાના	ઋષભદેવના
૬૭	૧૮	પ્રથમાધ્યયને	દ્વિતીયાધ્યયને
૬૭	૧૮	પ્રથમો દ્વેશક	દ્વિતીયોદ્દેશક
૬૭	૨૮	લુંટી	લૂંટી
૬૭	૩૨	પ્રાંતઃસ્મરણીય	પ્રાતઃસ્મરણીય
૬૮	૨૩	ઉવસમવિઝ્ઝ	ઉવસમયિવ્વ

સુધા વર્ષા.

શુદ્ધિ પત્રક.

પૃ.	લી.	અશુદ્ધ	શુદ્ધ
૩	૩૨	કીંમતનું	કિંમતનું
૬	૧૫	એ	એમાં
૧૧	૧૦	પૂછ્છજો	કહેજો
૧૧	૧૩	કર્યો છે	કરો છો
૧૨	૧૨	ભગન્તોની	ભગવન્તોની
૧૨	૧૨	માટે	માર્ફતે
૧૨	૧૩	ત્યારે	તે
૧૨	૧૩	અનાચારીના ઓના	અનાચારીઓના
૧૨	૧૪	બિરૂદોથી નવજે	બિરૂદોથી કૂજેતી કરનારાઓ નવાજે

૧૨	૧૬	હત ;	હતા;
૧૨	૨૫	રીતિજ	રીતિ
૧૨	૨૮	લુંટી	લૂંટી
૧૨	૨૮	સમકત્વ	સમ્યકત્વ
૧૩	૨	હીલનાના	હેલનાના
૧૩	૧૪	અવસ્ય	આવસ્યક
૧૩	૨૫	લુંટીને	લૂંટીને
૧૪	૨૦	સ્થિર.	સ્થિર રાખો.
૨૨	૩	નિષ્ણાતજ એ	નિષ્ણાતજ છે એ
૨૫	૧૫	દુર	દૂર
૨૭	૧૩	આયબીલ	આયંબીલ
૨૯	૫	આધારકો	આરાધકો
૨૯	૧૭	અનુષ્ટાન	અનુષ્ઠાન
૨૯	૨૨	આધકો	આરાધકો
૩૦	૧૪	આરારાધમાં	આરધનામાં
૩૧	૩	-કિમત-	-કિંમત-
૩૨	૪	ચદ્દગુરૂ	સદ્દગુરૂ
૩૨	૧૫	કરનારાઓને, પીઠ	કરનારાઓનેઅને તેમ કરનારની પીઠ
૩૨	૨૮	છઠે	છઠ્ઠે
૩૪	૧૯	મલિનારભને	મલિનારંભને
૩૫	૨૩	સામગ્રીઓની	સામગ્રીઓની
૩૬	૬	ભગ	ભંગ
૩૬	૨૫	કરનારાઓએ	કરનારાઓ એ
૩૮	૭	દોગ્ય	યોગ્ય
૩૮	૧૧	ક્ષયિકભાવને	ક્ષાયિકભાવને
૩૮	૨૨	હલાવેવી	હલાવેલી
૩૮	૨૨	પંપાળેપી	પંપાળેલી
૪૦	૨	આ	એ
૪૦	૨	નીતિ વાકકય	નીતિ વાકય
૪૦	૧૪	થય	થાય
૪૦	૨૦	સ્વાનિનો	સ્વામિનો
૪૦	૨૩	સંકેલેશને	સંકલેશને
૪૦	૨૩	સંકેલેશની	સંકલેશની
૪૧	૮	ઇર્ષ્યાનો	ઇર્ષ્યાનો
૪૧	૧૨	અંધાધુંધીમાં	અંધાધુંધીમાં
૪૧	૧૨	વિવેકએ	વિવેક
૪૧	૧૫	મળે છે	આપે છે
૪૧	૨૨	સુસંયેાગ	સુસંયેાગ
૪૨	૮	સયમ	સંયમ
૪૨	૧૫	પકિતસ્થ	પંકિતસ્થ
૪૩	૭	નિઝરણા	નિર્ઝરણાં
૪૩	૧૩	ઇર્ષ્યા કતવ્યેાથી	ઇર્ષ્યા કર્તવ્યેાથી
૪૩	૧૪	મ્હારેા	મ્હારા
૪૩	૨૦	સ્વીકારનાદ	સ્વીકારનાર
૪૪	૨૩	તીર્થંકર	તીર્થંકર
૪૫	૩	પર્યાલેાન	પર્યાલેાચન
૪૬	૩૦	૦ભગવંના	૦ભગવંતના
૪૮	૧૮	કથી	નથી
૪૯	૧૪	ણપ	પણ
૪૯	૧૬	ગીથાર્થેાની	ગીતાર્થેાની
૪૯	૨૮	પ્રિયૂષનું	પિયૂષનું
૫૧	૯	કેાંણ	કેાણ
૫૨	૬	હિતના	હિતનેા
૫૨	૯	અશિક	અંશિક
૫૨	૧૨	ભાવુકેાએ	ભાવુકેાથી
૫૨	૧૪	સમર્પણદ્વારાએ	સમર્પણદ્વારા
૫૩	૪	જેણે	જેને
૫૩	૪	જેણે	જેને
૫૩	૫	જેણે	જેનાથી
૫૩	૬	આવા	એવા
૫૩	૯	બનાવીનેને	બનાવીને
૫૩	૨૨	સિદ્ધાતેા	સિદ્ધાંતેા
૫૩	૨૯	અનુંપાની	અનુકંપાની
૫૪	૧૬	એજ	એ
૫૫	૪	જેને	જેણે
૫૫	૭	અનુસારે	અનુસરી
૫૭	૧૭	૫	(૫)
૫૭	૧૮	અને સ્વ-	અને (૩) સ્વ-
૫૭	૨૩	૬	(૬)
૬૦	૧૩	પૂવકાલીન	પૂર્વકાલીન
૬૦	૨૪	કલિયુગયા	કલિયુગમાં

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-શ્રીવર્ધ્ધમાન-જૈનાગમમંદિર-સંસ્થાપક-ગીતાર્થસાર્વભૌમ-આગમાવતાર-આગમોદ્ધારક-

શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના

વિદ્વદ્વિનેય-શ્રીસિધ્ધચક્ર-નવપદારાધક, તથા શ્રીવર્ધ્ધમાન-તપોધર્મપોષકાદનેક-
શાસનહિતવર્ધક-શ્રીવર્ધ્ધમાનતપો નિષ્ણાત, શ્રીસિધ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક, વૈયાકરણ-કેસરી, શ્રી-આનન્દ-
ઓધિની વૃત્તિકાર, પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર-વંશાવલી.

મોજકઃ-મુનિ શ્રીહિમાંશુસાગર મહારાજ.

પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.



ઉપર મુજબ પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી મહારાજના ૨૪ શિષ્ય-પ્રશિષ્યોની નામાવલી.
●આ નિશાની-સ્વર્ગારોહણ સૂચક સમજવી.

બુદ્ધિમાન માનવ! ત્યારે તું શું કરીશ?

સંચયકારઃ–ચંદ્રસેન શાન્તિલાલ ખીમચંદ દમણીયા સુરત.

શરીર રોગોથી ઘેરાઇ જશે, વ્હાલાઓના ઉપાયો અફલ થશે, વૈદ્ય, ડોકટરો પોતાના છેલ્લા ઉપાયો અજમાવી હાથ ખંખેરશે, સૌ સ્નેહીઓ ગમગીન બનશે, **ત્યારે તું શું કરીશ?**

શ્વાસ ઘુંટાશે, નાડીઓના ધબકાર જુદા હશે, કોઇ અનેરાજ ભણકાર વાગતાં હશે, દશે દિશામાં નાખી નજર નહિ પહોંચે, **ત્યારે તું શું કરીશ?**

પાપના પોટલા બાંધી પેદા કરેલા કરોડો રૂપીયા, બંગલા, મોટર, ગાડીઘોડા, બગીચા, મીલો અને કારખાનાઓથી પલકમાં સદાને માટે જુદા પડવાનો અવસર આવી ગયો હશે, **ત્યારે તું શું કરીશ?**

પ્રાણથી વ્હાલી મનાતી પ્રેમદા અને કુમળા પુષ્પ જેવા બાળકોના માનેલા મીઠા સહવાસમાંથી હંમેશના માટે છૂટા પડવાનો અણધાર્યો અવસર આવી પહોંચશે **ત્યારે તું શું કરીશ?**

અથવા તો

માથે ટાલ પડશે, કાનથી ઓછું સંભળાશે, આંખે બરાબર સુઝશે નહિ, પાણી ટપકયા કરશે, નાકમાંથી લીંટ ચુયા કરશે, મોંઢામાંથી લાળ ચાલી જતી હશે, ઉધરસ આવતી હશે શકિત નરમ પડશે, કમ્મર વળી ગઇ હશે લાકડીના ટેકા વિના ચાલવું ભારે થઇ પડશે, સહુ હડહડ કરશે, સર્વથા પરવશ બની જઇશ, જીવન અકારૂં લાગશે. સ્વભાવ ચીડીયો બની જશે અને એકે ધારણા સફલ નહિં કરી શકાય, **ત્યારે તું શું કરીશ?**

વિચારક પ્રાણિ.....

આવું બધું બનતું રોજ નજરે જોવાય છે, જગતના જીવોની આવી સ્થિતિ બનતી તારા જોવામાં આવે છે.

જુવાનીના જોરમાં અને ધનવાનપણાની મહાંધતામાં મહાલતાના બુરા હાલ થતા નજરે જોવાય છે. તારી આ દશા નહિજ આવે એવા ભરોસે રખે બેસી રહેતો!

વિષમ અવસ્થા વખતે દીનતા ન આવે, પોકાર ન કરવા પડે અને અશાન્તિમાં પણ શાન્તિ અનુભવાય એ માટે અત્યારથી કાંઇક વિચાર કરી લે; પાણી પહેલાં પાળ બાંધનાર સમજદાર ગણાય છે. પાળ બાંધી નહિં અને પાણી ભરાયું તળાવ ફાટયું અને ધોધ ચારે બાજુ વહેવા લાગ્યો તે વખતે પાળ નહિં બંધાય, ધાર્યું મનમાં રહી જશે, મનોરથો માટીમાં મળી જશે, આશા નિરાશામાં ફેરવાઇ જશે, તે વખતે પસ્તાવાનો પાર નવિ રહે, માટે સારી અવસ્થામાં મળેલી શકિતઓનો સદુપયોગ કરી લેવા માટે વિચાર કર. સર્વ અવસ્થામાં કામ અને સર્વ સ્થળે નિશ્ચિત બનાવે, એવું ભાતું ભરી લે. પ્રમાદ નિદ્રામાંથી ધર્મ જાગરણમાં આવી જા, પછી કોઇ પણ અવસ્થા તને સતાવશે નહિ, સદા સુખ અને શાન્તિ તને છોડશે નહિ. પુરેપુરા આનંદને અનુભવનારો બની જઇશ.

सकलसमीहितपूरकश्रीसिद्धचक्रेभ्यो नमो नमः ।
श्रीशङ्खेश्वरपार्श्वनाथो विजयतेतमाम् ॥

श्रीविंशति-विंशिका-सारांशः

આલેખનકારઃ—પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-ગીતાર્થ-સાર્વભૌમ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના પરમ-વિદ્વાન્-વિનેય-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્રઃ

નોંધઃ—ચાલુ વર્ષમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની છત્ર છાયામાં તેઓશ્રીના વિદ્વાન્ વિનેય પં. પ્રવર શ્રી ચન્દ્રસાગરજી અદિ ઠાણાનું ચાતુર્માસ નેમુભાઈની વાડી, ગોપીપુરાના ઉપાશ્રયે સુરત મુકામે થયું. આ અમૂલ્ય અવસરમાં તેઓશ્રી પાસે વિંશતિ-વિંશિકાના વિષમ રથળો સમજવા ધારવાનું બન્યું. અને તેથીજ આ ગ્રન્થનો સારાંશ-રહસ્ય ક્રમશઃ આપવાનું નક્કી કર્યું છે. આ ગ્રન્થ વિષયક તેઓશ્રીનાં આશય વિરૂદ્ધ સમાધાન સમજવામાં કે ધારવામાં આલેખનકારને આ લેખનું આલેખન કરવામાં ચુટી રહી ગઇ હોય તો આલેખનકારની આગ્રહભરી ભલામણથી અમે ક્ષમા યાચીએ છીએ. **તન્ત્રી.**

પ્રકરણ પ્રણેતાનું પુનિત નામ.

આસન્નોપકારી—અન્તિમ—તીર્થાધિપતિ શ્રીમહાવીર મહારાજાના ત્રિકાળાબાધિત-અવિચ્છિન્ન પ્રભાવમય શાસનની પ્રભાવના કરનાર, યાકિની મહત્તરાસૂનુ અર્થાત્ યાકિની મહત્તરાના ધર્મ પુત્રપણે શાસ્ત્ર-સુપ્રસિદ્ધ, ભવવિરહ-ફલ પ્રાપ્તિના અદ્વિતીય-ઉમેદવાર, ચૌદશો-ચૂમ્માલીશ-ગ્રન્થના ગુંથનાર, સૂરિ-પુરંદર **શ્રીહરિભદ્રસૂરીશ્વરજી** ભગવાન્નું નામ વિદ્વજ્જન જૈન-જૈનેતર સમુદાયમાં અતિ-પ્રસિદ્ધપણે સર્વ-માન્ય છે. તેઓશ્રીની ગુમ્ફિત પુનીત-કૃતિઓ પ્રત્યેનો આદર=બહુમાન સાક્ષી સ્વરૂપે સર્વ-માન્ય નજરે પડે છે. આજે પણ ચતુર્વિધ સંઘ તેઓશ્રીનું નામ પોતાના નામની જેમ સ્મરણ કરે છે.

પ્રકરણ-પ્રણેતાઓમાં પણ પ્રથમ.

અનેકાનેક-ગ્રન્થકારો જૈન-શાસનમાન્ય સાહિત્ય-સૃષ્ટિમાં વિદ્યમાન છતાં આ પ્રસંગે કેવળ એ પ્રાતઃસ્મરણીય પૂજ્ય શ્રીસૂરીશ્વરશ્રીનું જ નામ યાદ કરવાની જરૂર શી ?, આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સમજવું જરૂરી છે કે જે પ્રકરણનો સારાંશ અને રહસ્ય વિચારવા તૈયાર થયા છીએ, તે ગ્રન્થના કર્તા તેઓશ્રી છે. એટલે પ્રાસંગિકપણે તેઓશ્રીની ઓળખ જરૂરીની છે. આ ઉપરથી ગ્રન્થ કર્ત્તાની ઓળખ તરીકે તેઓશ્રીનું નામ મોખરે આવે છે. એટલુંજ નહિં પણ જૈન-સાહિત્ય-સાગરમાં છુટા છવાયાં ચર્ચાયેલ વિષયોને એકજ સ્થળે સંગ્રહ કરવા રૂપ સંગ્રહિત-કરણશકિત, સંગ્રહિત કરેલ વિષયને સંક્ષેપથી અગર વિસ્તારથી પ્રતિપાદન શકિત, જૈન-દર્શન માન્ય અનેકવિધ સિદ્ધાન્તોની સમન્વય શકિત, પૂર્વાપરના અનુસ્યૂત સંબંધોની સંરક્ષણ શકિત, અને પ્રકરણોનો પ્રારંભ કરીને પૂર્ણાહુતિ પ્રસંગે નજરે નિહાળાતી સર્વ શકિતનો વિચાર કરીએ તો વાંચકને ઉરનાં અભિનન્દનો ઉભરાયાં વગર રહેતાંજ નથી. આવી આવી અનેક-વિધ શકિતના મહાસાગર સમા મહાન્ પ્રભાવિક પૂજ્ય આચાર્યશ્રીની કૃતિઓમાં ઝળહળતી અદ્ભૂત શકિતઓનું અને બુદ્ધિ-વૈભવ તથા શાસન-પ્રભાવનાદિ કાર્યોનું દિગ્દર્શન કરાવવા માટે સ્વતંત્ર નિબન્ધ લખવાની જરૂર પડે

એ બે ને બે ચાર જેવી સીધી અને સ્પષ્ટ વાત છે. આથી પણ પ્રકરણ પ્રણેતાઓમાં તેઓશ્રીનો નંબર પ્રથમ આવે છે.

પ્રકરણ પ્રણેતાની પિછાણ.

આ નામધેય પૂ૦ આચાર્યશ્રીના અનેકવિધ અમૂલ્ય કૃતિઓરૂપ ગ્રન્થો પ્રસિદ્ધ થયેલ છે. તે ગ્રન્થો પૈકિ મુદ્રિત થયેલ **'विंशतिः-विंशिकाः'** નામનો ગ્રન્થ લભ્ય છે. આ ગ્રન્થ ગહન વિષયોથી ગુંથાયેલો છે. અને તે ગ્રન્થ દર્શનીય છે, એટલું જ નહિ પણ વિદ્વજ્જનોને વાંચન કરવા યોગ્ય મનનીય અને પરીક્ષણીય છે. ગ્રન્થના પ્રણેતાની પિછાણ કરવાની અને કરાવવાની રીતિ નિતિમાં લેખક કે વાંચકને મતભેદ હોતો નથી. પરંતુ ગ્રન્થ કર્તાની પિછાણ થયા પછી ગ્રન્થની રસિક રચના, રચના સમય, રચના સમયના ઐતિહાસિક પ્રસંગો, શાસ્ત્રમાન્ય સિદ્ધાન્તો, પ્રકરણોનો પુનીત સંબંધ પ્રારંભ અને પુર્ણાહુતિ, પ્રકરણ સ્થિત વિષયોનો વિશિષ્ટ રીતિએ સાધેલો સુમેળ, વિષયોની છણવટ, છણવટ પ્રસંગે સચવાયેલ પૂર્વાપર સંબંધ; અને વિષયોના પ્રતિપાદન અવસરે ઝળહળતાં બુદ્ધિ-વૈભવાદિ પ્રસંગે ઉદ્ભવતી અનેક વિધ શંકાઓના ઉત્થાનને અવકાશજ મળતો નથી. અને કદાચ પ્રાસંગિક શંકાઓ આવિર્ભાવ થાય તો પ્રકરણ પ્રણેતા પ્રત્યેના આદર બહુમાનથી ત્યાંને ત્યાંજ શંકાનું નિરસન થઇ જાય છે. આ ગ્રન્થના વાંચન-મનન-પરિશીલન અને નિદિધ્યાસનમાં વાંચકો તથા વિચારકો અનેરો આનન્દ અનુભવે, તેમજ અખંડપણે આનન્દને ઝીલી રહે તે હેતુથી પ્રકરણ પ્રણેતાનું નામ, પ્રકરણ પ્રણેતાઓમાં પ્રથમપણું અને પ્રણેતાની પિછાણ કરી ગયા.

પ્રકરણનું પુનીત નામ.

આ ગ્રન્થ પ્રાકૃત ભાષામાં અને પદ્યબધ રચનામાં રચાયેલો છે. દરેકે દરેક શ્લોકો આર્યા છન્દમાં ગુન્થેલા છે. અને વીશ વીશ શ્લોકોથી એક એક વિંશિકા વિવિધ વિષયોને સ્પષ્ટ કરે છે. તેથીજ આ ગ્રન્થ **'विंशतेः विंशिकाः'** નામે જૈન શાસનમાં મશહૂર છે. એક એક વિંશિકાથી એક એક અધિકાર જણાવે છે એ રીતિએ વીશ વિંશિકાથી વીશ અધિકાર અનુક્રમે જણાવાય છે. આ ગ્રન્થને **'विंशति-विंशिका-प्रकरण'** નામે ઓળખવો ઉચીત છે. કારણ કે ગ્રન્થકારે અંતિમ વિંશિકાના અંતમાં **'काऊण पगरणमिणं'** એ પદોથી પ્રકરણ જણાવેલું છે. તેથી હવે આ ગ્રન્થને **'विंशति-विंशिका-प्रकरण'** એ નામથી ઓળખશું.

વિંશિકાઓના ક્રમશઃ નામ.

પ્રથમ વિંશિકાનું નામ **'अधिकारविंशिका'** છે. આ પ્રથમ વિંશિકાના શ્લોક-૧૧ થી શ્લોક-૧૫ સુધીના પાંચ શ્લોકમાં અંગુલિ નિર્દેશમાત્ર રૂપે વીશ વિંશિકાઓના અનુક્રમે નામ સૂચન કર્યા છે. **'अहिगारसूयणा खलु'** ઇત્યાદિ પદથી આરંભ કરીને **'तोसि परमं सुह चेव'** એ પદ અંતમાં જણાવીને આ પદોથી વીશ વિંશિકાના નામો પૂર્ણ થાય છે. ૧. અધિકાર-સૂચના, ૨. લોકનું અનાદિપણું, ૩. કુલનીતિ લોકધર્મ, ૪. ચરમાવર્ત=અર્થાત્ છેલ્લો પુદ્ગલપરાવર્ત, ૫. બીજાદિ=અર્થાત્ ધર્મ પ્રાપ્તિના બીજ-અંકુર-કિસલય આદિનો અનુક્રમ, ૬. સદ્ધર્મ=અર્થાત સમ્યકત્વ સ્વરૂપ, ૭. દાન-ધર્મ-વિધિ, ૮. ઉત્કૃષ્ટ પૂજા વિધિ, ૯. શ્રાવક ધર્મ-સ્વરૂપ, ૧૦. શ્રાવક પ્રતિમા સ્વરૂપ, ૧૧. યતિધર્મ સ્વરૂપ, ૧૨. ગ્રહણ-આસેવન,

શિક્ષા સ્વરૂપ, ૧૩. ભિક્ષા-વિધિ, ૧૪. ભિક્ષા-શુદ્ધિ:. ૧૫. આલોચન-વિધિ, ૧૬. પ્રાયશ્ચિત્ત વિધિ, ૧૭. યોગ વિધાન, ૧૮. કેવળજ્ઞાન સ્વરૂપ, ૧૯. સિદ્ધ-ભગવન્તોના ભેદોનું સ્વરૂપ, ૨૦. સિદ્ધ ભગવન્તોના સુખનું યથાસ્થિત સ્વરૂપ.

ઉપરની વીશ-વિંશિકાઓ અનુક્રમે જણાવ્યા મુજબ પોતાના અર્થ સૂચક નામ પ્રમાણે પોત પોતાના અધિકારને વીશ-વીશ શ્લોકમાં પરિસ્ફુટપણે પ્રતિપાદન કરે છે.

સાન્વર્થ-વિંશતિ-વિંશિકા નામ.

અષ્ટક, ષોડશક અને પંચાશક નામના પુનીત ગ્રન્થોના નામ અનુક્રમે આઠ શ્લોક પ્રમાણથી, સોળ શ્લોક પ્રમાણથી અને પચાસ શ્લોક પ્રમાણથી જૈન શાસનમાં મશહૂર છે. તેવી રીતે આ **'વિંશતિ-વિંશિકા-પ્રકરણ'** પણ વીશ વીશ શ્લોકથી એક એક વિંશિકા રૂપે છે, અને એવી વીશ વિંશિકાથી વિશિષ્ટ આ ગ્રન્થને ઓળખવાની જરૂર છે. આઠ શ્લોકથી એક એક અષ્ટકની રચના કરીને બત્રીશ અધિકારવાળો અર્થાત્ ૩૨ અષ્ટક પ્રમાણવાળો ગ્રન્થ અષ્ટકજી નામે ઓળખાય છે, પચાસ શ્લોકથી એક એક પંચાશકની રચના કરીને ૧૯ પંચાશક પ્રમાણવાળો પંચાશક ગ્રન્થ જૈન શાસનમાં અતિ પ્રસિદ્ધ છે, અર્થાત્ અષ્ટકજી અને પંચાશકમાં શ્લોક સંખ્યા પ્રમાણે અધિકારોનું નિયમીતપણું નથી. અને તેથીજ આઠ શ્લોકથી એક અષ્ટક અને અધિકારોની ગણના ૩૨ ની થાય છે, તેવીજ રીતે ૫૦=પચાસ શ્લોકથી એક પંચાશક અને અધિકારોની ગણના ૧૯ ની થાય છે; તેવું અધિકારોનું અનિયમીતપણું આ વીશ-વિંશિકા-પ્રકરણમાં નથી.

પરંતુ સોળ શ્લોકથી શરૂ થતાં એક એક ષોડશકની રચના રૂપે સોળ અધિકાર અર્થાત્ સોળ ષોડશકમાં પરિપૂર્ણ કરેલ ષોડશક ગ્રન્થ પ્રસિદ્ધ છે, તેવીજ રીતે વીશ શ્લોકથી એક એક વિંશિકાની રચના કરીને વીશ અધિકાર રૂપે અર્થાત્ **'વિંશતિ-વિંશિકા-પ્રકરણ'** નામે આ ગ્રન્થ પરિપૂર્ણપણે પોતાના નામને સાન્વર્થ રીતિયે સાર્થક કરે છે.

પ્રકરણ-ગ્રન્થ-પ્રમાણ.

વિંશતિ-વિંશિકા-પ્રકરણનું નામ, અનુક્રમે વિંશતિ વિંશિકાઓના નામ અને પ્રકરણ નામની સાન્વર્થતાની પર્યાલોચના કર્યા પછી પ્રકરણનું શ્લોક પ્રમાણ વિચારીએ.

વીશ-વીશ શ્લોકથી શરૂ થતી વિંશિકાઓ વીશ છે એટલે સહજ કાલ્પનિક વિચારણાએ ૪૦૦ શ્લોક થવા જોઇએ. પરંતુ ભિક્ષાશુદ્ધિ નામની ચૌદમાં વિંશિકાના છ શ્લોક પ્રાપ્ત છે, અર્થાત્ ચૌદ શ્લોક કોઇપણ પ્રતિમાં પ્રાપ્ત થતા નથી. આ ભિક્ષા શુદ્ધિ નામની વિંશિકાને **'તદન્તરાયશુદ્ધિર્લિંગવિંશિકા'** નામથી પણ ઓળખે છે, કારણ કે કેઇક પ્રતિઓમાં આ નામ વિંશિકાના અંતમાં જણાવે છે. આ ઉપરથી ૧૯ વિંશિકાના ૩૮૦ શ્લોક, ચૌદમી વિંશિકાના ૬ શ્લોક અને છેલ્લી વિંશિકામાં વીશને બદલે ૨૧ શ્લોક છે, અર્થાત્ છેલ્લા એક શ્લોકમાં ગ્રન્થકારે ગ્રન્થની પરિસમાપ્તિરૂપ પુણ્યોપાર્જન અને આશીર્વાદનું સૂચન કર્યું છે. તેથી કુલ શ્લોક ૩૮૭ છે.

	વિ૰ શ્લોક
વિંશિકા એકથી ૧૩ વિંશિકા અને ૧૫ થી ૧૯ વિંશિકા	૧૮ × ૨૦=૩૬૦
ચૌદમી વિંશિકા—	૧ × ૬=૬
વીશમી વિંશિકા—	૧ × ૨૧=૨૧
	કુલ શ્લોક-૩૮૭.

ઉપરના ૩૮૭ શ્લોકો આર્યામાં છે, એટલે એક એક શ્લોકમાં બત્રીશ અક્ષરો ઉપરાંતના અક્ષરો છે. અર્થાત્ કોઇ કોઇ શ્લોકમાં અક્ષરો ૪૧-૪૯-૩૯-૩૮ પણ આવે છે, અને તેથી સરેરાશ લગભગ બત્રીશ અક્ષરે એક શ્લોક ગણીએ તો આશરે ૫૦૦) પાંચસો શ્લોક પ્રમાણ થવા સંભવ છે.

સંભવિત-સમાધાન.

વિંશતિ-વિંશિકા વીશ વીશ શ્લોક પ્રમાણવાળી હોવા છતાં ચૌદમી વિંશિકાની રચના શું ૬ શ્લોકમાંજ કરી હશે ?, વીશ શ્લોક હોવા છતાં શું છ શ્લોક રાખ્યા છે ?, ચૌદ શ્લોક નહિં મુકવાનું પ્રયોજન શું ?, રચના અવસરે વીશ હતા કે સોળ ?, શું ચૌદ શ્લોક મળતાં નથી ?, ચૌદ શ્લોક મળે છે છતાં શું લખ્યા નથી ?; આવી આવી અનેક વિધ પ્રશ્નની પરંપરા ઉઠે એ સ્વાભાવિક છે. પરંતુ ઉઠતી શંકાઓનું સંભવિત સમાધાન જેટલું મળે છે તે અત્ર જણાવાય છે. હસ્ત લિખિત ભંડારોમાંથી મળી આવતી પ્રતિઓમાં ચૌદમી વિંશિકામાં છ શ્લોકજ મળે છે. પ્રાથમિક મુદ્રણ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ ગુરૂવર્ય-આગમોદ્ધારક-આચાર્યદેવેશ **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજની** પુનીત નજરે થયેલ છે. તેઓશ્રીએ પણ સંભવિત સમાધાન નીચે મુજબ આપેલું છે.—

દૃષ્ટેષ્વાદર્શેષુ ન ક્વાપિ સમ્યગ્ આવિંશતિં ચતુર્દશ ગાથા ઉપલબ્ધા ઇતિ નોપાયઽત્રાસાં મુદ્રણે ।

આ ઉપરથી ચૌદમી વિંશિકાની ચૌદ ગાથાઓ મળી આવતી પ્રતિઓમાં નથી એજ સંભવિત સમાધાન યોગ્ય છે.

આ મુદ્રણ કાર્ય થયા પછી પણ વિંશતિ વિંશિકા ઉપર પ્રો.અભ્યંકરે સંસ્કૃતમાં છાયા બનાવી છે. અને મુદ્રણ થયેલ તે ગ્રન્થમાં પણ છ શ્લોકની છાયા છે. અર્થાત્ સંશોધન સંપાદન અવસરે પ્રાપ્ત થયેલ પ્રતિઓમાં પણ તેઓને છજ ગાથા મળી છે. આ ચૌદમી વિંશિકા સંબંધની ૧૪ ગાથાઓ કોઇપણ સ્થળે મળી આવે અગર તે સંબંધમાં જાણવા મળે તો વિદ્વાનોએ મળતાં સાધન દ્વારાએ મેળવીને જણાવવું જરૂરીનું છે.

પ્રકરણ-પ્રણેતાનો પુનીત-સમય-નિર્ણય.

આ પ્રકરણના પ્રણેતા પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી છે એનો નિર્ણય કરવો શી રીતે ?, કારણ કે ગ્રન્થકારે ગ્રન્થની પરિસમાપ્તિમાં પોતાના ગુરૂવર્યનો, પોતાની વંશ પરંપરાનો, અને પોતાના નામનો ઉલ્લેખ કર્યોજ નથી. આ પ્રશ્નના સમાધાનમાં પ્રશ્નકારે સમજવું જરૂરીનું છે કે તેઓની સમગ્ર રચનાઓના અંતમાં **'भवविरह'** અગર **'भयविरह'** ઇત્યાદિ પદોના ભાવને અનુસરતાં પદોથી તેઓની રચના નિર્ણીત થાય છે. અને તેથીજ તેઓશ્રીને **भवविरहाङ्क पदविभूषित-शासनप्रभावकः, भवविरहाङ्क-भगवच्छ्रीहरिभद्रसूरिः, श्रीभवविरहाङ्कैः श्रीहरिभद्र-सूरिभिः,** ઇત્યાદિ પદોથી સંશોધનકારોએ, સંપાદનકારોએ અને ભાષાન્તરકારોએ સ્થળે સ્થળે સંબોધેલા છે.

એટલુંજ નહિં પણ તેઓશ્રીની મળી આવતી રચનાના અંતિમ પદો તપાસવામાં આવે તો તેજ ભાવના ઉલ્લેખો મળી આવે છે.

જુઓ=ષોડશક પ્રકરણ ગ્રન્થમાં ષોડશક ૧૬મું ગાથા ૧૬ મી-**' आत्मानुस्मरणाय च भावा भव-विरह-सिद्धिफलाः । '**

=સસારદાવાનલ૦ ઇત્યાદિ ચાર સ્તુતિઓમાં છેલ્લી સ્તુતિના છેલ્લા પાદમાં 'भवविरहवरं देहि मे देवि सारं' આ પદો જણાવ્યા છે. અષ્ટક-પ્રકરણ ગ્રન્થમાં છેલ્લા 'सिद्ध स्वरूपाष्टकम्' નામના બત્રીશમા અષ્ટકની સમાપ્તિમાં નવમા શ્લોકમાં 'विरहात्तेन पापस्य भवन्तु सुखिनो जनाः' આ પદો જણાવે છે.

તેવીજ રીતે 'विंशति-विंशिका-प्रकरण'માં પણ પ્રથમ વિંશિકાની પરિ સમાપ્તિમાં અર્થાત્ વીશમા શ્લોકમાં '× × × भवविरहफलो इमेणं तु' અને વીશમી વિંશિકાના ૨૧ એકવીશ શ્લોકમાં જણાવે છે કેઃ—

काऊण पगरणमिणं जं कुसलमुवज्जियं मए तेण ।
भव्वा भयविरहत्थं लहंतु जिणसासणे बोहिं ॥२१॥

ભાવાર્થઃ—આ પ્રકરણ કરીને મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું તે પુણ્યથી ભવ્યાત્માઓ ભયવિરહ=ભવ ભયનો વિરહ કરવા માટે જિનશાસનમાં અતિ પ્રસિદ્ધ બોધિબીજ પામો.

આ પ્રમાણે ભવ્યાત્માઓને બોધિબીજ પામીને ભવવિરહ કરો એવો અનુપમ આશિર્વાદ આપીને તેજ પદના પરમાર્થમાં ઝીલતાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી ગ્રન્થની પરિસમાપ્તિ કરે છે. તેથી સાંકેતિક 'भवविरह' અર્થાત્ તેજ ભાવને અનુસરતાં શબ્દોથી તેઓની કૃતિ છે એ કહેવું અને માનવું તે નિઃશંક-સત્ય છે.

આ પુનીત પ્રકરણની સમાપ્તિમાં સંવત અગર કવિ-રૂઢિના હિસાબે સાંકેતિક શબ્દોથી પણ સંવત ધ્વનિત થતો નથી એટલે આ પ્રકરણ ગ્રન્થની રચના કયા વર્ષમાં-કયા મહિનામાં કયા દિવસમાં થઇ તે કહી શકાય નહિ. તેમજ ગ્રન્થની રચના કયા સ્થળમાં થઇ તે પણ નિર્દેશ નથી તેથી રચના સંવત અને રચના સ્થળનો ઉલ્લેખ કરવાને જોઇતાં સાધનોનો અભાવ હોવાથી અમે તે સંબન્ધિનો નિર્દેશ ચોક્કસપણે જણાવી શક્તા નથી.

આ ગ્રન્થની રચના કયા વર્ષમાં થઇ વિગેરે મળતું નથી પરંતુ આ ગ્રન્થના પ્રણેતા વિક્રમ સંવત્ની છઠ્ઠી અને ભગવાન્ મહાવીર મહારાજા-સંવત્ની અગીઆરમી શતાબ્દિમાં થયા છે એવી માન્યતા વિદ્વજ્જન-સમુદાયમાં અતિ પ્રસિદ્ધિપણે રૂઢ છે.

વિક્રમ સં. ૫૮૫ અને વીર સં. ૧૦૫૫ એટલે વિક્રમની છઠ્ઠી શતાબ્દિના મધ્યાહ્નકાળ કાળ પછી આ પ્રકરણ ગ્રન્થના પ્રણેતાને માનવામાં લેશભર શંકાને સ્થાનજ નથી. આથી તેઓશ્રીની સઘળી કૃતિઓ વિક્રમની છઠ્ઠી શતાબ્દિની રચના તરીકેની માન્યતા સાહિત્ય સૃષ્ટિમાં સર્વત્ર પ્રસિદ્ધ છે, એટલુંજ નહિ પણ આ બીનાને સત્યપણે વિદ્વજ્જનો સ્વીકારે છે.

શ્રી વિંશતિ-વિંશિકા-પ્રકરણ સ્થિત વીશ વિંશિકાઓનો અનુક્રમે સારાંશ સમજીએ તે પહેલાં પ્રકરણના પ્રણેતાનું પુનીત નામ, પ્રકરણના પ્રણેતાની પિછાણ, પ્રકરણનું પુનીત નામ, વિંશિકાઓના ક્રમશઃ નામ, સાન્વર્થ વિંશતિ-વિંશિકા નામ, પ્રકરણનું શ્લોક પ્રમાણ, સંભવિત સમાધાન (ચૌદમી વિંશિકામાં ચૌદ શ્લોક ઓછા છે તે સંબન્ધિ); અને પ્રકરણ પ્રણેતાનો પુનીત સમય નિર્ણયાદિ વિગેરે નવ પ્રકરણો વાંચી વિચારી ગયા.

અધિકાર-સૂચના વિંશિકા ૧.

આ અધિકાર સૂચના નામની પ્રથમ વિંશિકાના ૧૧ મા શ્લોકથી શરૂ કરીને ૧૫ પંદરમા

શ્લોક સુધી જ્યારે વીસ અધિકારના નામ જણાવ્યા છે. ત્યારે સહેજે શંકા સ્થાન પુરસ્સરની થાય છે કે એકથી દશ શ્લોકોમાં શું શું પ્રતિપાદન કરેલું હશે ?, કયા વિષયો અને કયા પ્રસંગો હશે ?; વિગેરે. સહજ ઉદ્ભવતી શંકાઓના સમાધાનમાં સમજવું જરૂરીનું છે કે પ્રથમના બે શ્લોકમાં મંગલ-વિષય-પ્રયોજન-સંબંધ અને અધિકારિ આદિ પદાર્થોનું વર્ણન કરેલું છે. અર્થાત્ પ્રથમ શ્લોકમાં **નમિઊણ વીયરાયં** ઇત્યાદિ છ વિશેષણ પદોથી આસન્નોપકારી વીર વિભુની સ્તવના-પૂર્વક નમસ્કાર કરીને બીજા શ્લોકના પૂર્વાર્દ્ધમાં **'સમાસેણ વુચ્છં**=સંક્ષેપથી કહીશ એવી ગ્રન્થકાર પ્રતિજ્ઞા (ગ્રન્થ-રચના-સંબન્ધિ વિષયો માટે) કરે છે.

આક્ષેપોનું દિગ્દર્શન.

સંક્ષેપથી કહેવાની પ્રતિજ્ઞા કરનાર ગ્રન્થકારને ત્રીજા શ્લોકની શરૂઆતમાં **'સુંદરમિઇ અન્નેહિવિ'** ઇત્યાદિ પદોથી સમાધાન શરૂ કરવું પડે છે. સંક્ષેપથી કહીશ એ પ્રતિજ્ઞા કર્યા પછી સંક્ષેપથી અધિકારોના અનુક્રમે નામો કહેવાને બદલે સમાધાનની શરૂઆત ત્રીજા શ્લોકથી દશ શ્લોક સુધી કરવી પડી છે તે પ્રસંગ વિચારણીય છે. અર્થાત્ ત્રીજા શ્લોકથી દશ શ્લોક સુધીમાં આક્ષેપોનું યત્કિંચિત્ દિગ્દર્શન કરાવતાં જાય છે. અને સાથે સાથે સ્યાદ્વાદની નીતિ-રિતિથી યુક્તિ-યુક્ત સુસંગત ઉક્તિઓથી ગ્રન્થ રચવાના સમયમાં તત્કાલીન અગર ભાવિકાલીન પ્રસંગોને લક્ષ્યમાં લેઇ સ્વયમેવ પ્રશ્નકાર બનીને પ્રશ્નો ઉઠાવે છે અને યુક્તિપુર સ્સરના સમાધાનો પણ ગ્રન્થકાર સમર્પતા છે. પ્રશ્ન પોતે ઉઠાવે અને સમાધાન પોતે આપે તેમાં ગ્રન્થકારનો મુખ્ય આશય તો તે વિષયને વધુ વધુ સ્પષ્ટ કરવાનો હોય એમ સ્પષ્ટ જણાય છે. અથવા તો તે કાળમાં વિસ્તારપૂર્વક આલેખન કરાયેલાં વિવિધ વિષયોથી ભરપૂર વીતરાગ-સર્વજ્ઞ પ્રણીત આગ-મોનું મંથન કરીને સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે કેવાં આક્ષેપો થતાં હશે ?, અને કેવાં વચન પ્રહારો થતાં હશે ?; તે બધાં શંકા-સમાધાનને સમન્વય નીતિ—રિતિથી સમજતાં અભ્યાસીઓને અભ્યાસકાળે સમજાઇ જાય છે.

ગ્રન્થકારના પુનીત સમયમાં સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે આક્ષેપાદિ થતાં હતાં તેવાં ઐતિહાસિક પ્રમાણો દૃષ્ટિગોચર થતાં નથી. પરન્તુ તેઓશ્રી પછીના સમયમાં એટલે સત્તરમી શતાબ્દિના સમયમાં સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે, સારભૂત તત્વો પીરસનારાઓ પ્રત્યે જબર-દસ્ત આક્ષેપો અને વચન પ્રહારોનું પુરેપુરૂં આક્રમણ હતું.

એવી અણધારેલ આપત્તિ સમાન આક્રમણ કાળમાં સામનો કરવાને આ ગ્રન્થકારના વચનો પ્રબળ સાધનરૂપ નીવડ્યાં છે એમ કહેવું અસ્થાને નથી. એટલુંજ નહિં પણ આ ગ્રન્થકાર પછીના ગ્રન્થ-પ્રણેતાઓના પુનીત માર્ગને નિષ્કંટક બનાવવા માટે તેઓશ્રીના વચન પરમ આશીર્વાદ રૂપ નીવડ્યાં છે.

આશીર્વાદ-રચના.

જુઓ ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ સત્તરમી શતાબ્દિના ગ્રન્થકાર અને શાશન પ્રભાવક તરીકે શાસન માન્ય છે. ન્યાયાદિ ગ્રન્થોની રચના રચવામાં અતિ કુશળ શીલ્પી હોવા છતાં તેઓશ્રીએ ગુર્જર સાહિત્યને પણ અપનાવ્યું છે. સાડી ત્રણસો ગાથાના સ્તવનની ૪ થી ઢાલ-ગાથા

૧૧ થી ૧૬ સુધી વિચારનારને ભગવાન્ શ્રી-હરીભદ્રસૂરીશ્વરજીની પ્રથમ વિંશિકાના ૩ થી ૧૦ શ્લોકોનો પરિપૂર્ણ પરમાર્થ તે ગાથાઓમાં ગુમ્ફિત થયેલ નજર સન્મુખ ખડો થાય છે.

"કહે કોઈ નવી શી જોડી, શ્રુતમાં નહીં કાંઇ ખોડી;
તે મિથ્યા ઉદ્ધત ભાવા, શ્રુત-જલધિ પ્રવેશે નાવા. ૧૧
પૂરવસૂરિયે કીધી, તેણે જે નવિ કરવી સિદ્ધિ;
તો સર્વે કીધો ધર્મ, નવિ કરવો જોયો મર્મ. ૧૨
પુરવ શ્રુતને બહુમાને, નિજશક્તિ મારગ જાને;
ગુરુકુલવાસીને જોડી, યુક્તિ એહમાં નહીં ખોડી. ૧૩
એમ શ્રુતનો નહિં ઉચ્છેદ, એ તો એક દેશનો ભેદ;
એ અર્થ સુણી ઉલ્લાસે, ભવિ વરતે શ્રુત અભ્યાસે. ૧૪
ઇહાં કુણ એક કહાય, જે બહુને પીડા થાય;
તો પણ એ નવિ છોડી જે, જો સજ્જનને સુખ દીજે. ૧૫
તે પુણ્યે હોસે તોષ, તેહને પણ ઈમ નહિં દોષ;
ઉજમતાં હિયડે હીસી, જોઈ લીજે **પહેલી વીશી.**" ૧૬

તેઓશ્રીનું રચેલ ગુર્જર સાહિત્ય પૈકી સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં હાલ મુદ્રિત થયેલ ગ્રન્થોમાં ઉપરની છ ગાથાઓ નજરે પડે છે. વર્તમાનકાલીન ગ્રન્થ પ્રણેતાઓને, વૃત્તિકારોને, સંક્ષેપ આલેખનકારોને; અને ભાષાન્તરકારોને તે વચનો આશીર્વાદ રૂપ છે. એટલું જ નહિં પણ તેઓશ્રીએ નવ-નવીન રચના કરનારાઓને કઇ નિતિ-રીતિથી આગળ વધવું તે પૂર્વકનો હિત-શિક્ષાત્મક ઉપદેશ સમર્પીને ભાવિકાળના સાહિત્ય-સૃષ્ટાઓના રાજમાર્ગને નિષ્કંટક બનાવ્યો છે. અને સાથે સાથે ઉત્સાહ પૂર્વક શબ્દોનું અપૂર્વ દાન દઇને રચયિતાઓને આગળ વધવા ભલામણ કરી છે.

સામાન્યતઃ સમજવું જરૂરીનું જણાયું હશે કે તે કાળમાં સંક્ષેપ રચના કરનારાઓ પ્રત્યે આક્ષેપ કરનારો વર્ગ હશે?, કિંવા નહિં પણ હોય છતાં ગ્રન્થમાં જણાવેલાં યુક્તિ યુક્ત શંકા-સમાધાનો વર્તમાનમાં તો આશીર્વાદ રૂપ નીવડયાં છે. તેમજ દુઃષમકાળમાં અલ્પાયુષ્ય-મંદમેધાદિ અનેક વિધ સંયોગોમાં જીવન પસાર કરનારા જીવો માટે આ સંક્ષેપ રચનાઓ પરમ આશીર્વાદ રૂપ નીવડી છે.

સુંદર સમાધાન.

આ વિંશિકાના ત્રીજા શ્લોકથી શરૂ થતાં સમાધાનથી નીચે જણાવાતી ગર્ભિત શંકાઓ અનેક વિધ હશે એમ વાસ્તવિક અનુમાનને અવકાશ છે. નમુના તરીકે એકાદ કલ્પના વિચારીએ. જેવી રીતે ઘૃત (ઘી) પ્રાપ્તિનો ઉમેદવાર દુધ મેળવે છે, દુધનું દહીં બનાવે છે, વલોણું કરીને દહીંનું માખણ તારવે છે, તારવેલ માંખણની ખટાશ દૂર કરવા ચૂલે ચઢાવે છે અને ખટાશના તત્ત્વો બળી ગયા પછી નિર્મળ ઘીને તે પ્રાપ્ત કરે છે. અને પછી વલોણામાં શું?, તો જવાબમાં કહેવું પડશે કે છાશ અને કુચા. તેવી રીતે જૈનાગમોના આ મંથન રૂપ વલોણું કરીને સાર સારરૂપ નવ નવીન સંક્ષેપ રચનાઓ અને નવ નવીન પ્રકરણો રચીને નવનીત કાઢી લેવાથી અંતિમે જૈનાગમોની હાલત છાશ-કુચા જેવી કરી મુકશો તેથી પણ સંક્ષેપ રચનાઓ કે પ્રકરણો રચવાં જોઇએ નહિ.

આ રીતિએ બુદ્ધિને જોર દેવામાં આવે તો દીધેલાં સમાધાનની ભીતરમાં ભરેલી ભવ્ય શંકાઓ ઉદ્ભવ્યા વગર રહેતી નથી. માટે તે સંબન્ધિ વધુ વિચારણાઓને વિસ્તારથી વિચારીએ તો ઢગલાબંધ શંકાઓ ખડી થાય તેમ છે. છતાં સંક્ષેપ રચના કરનાર ગ્રન્થકાર પૂર્વ પુરૂષોના પુનીત માર્ગને આગળ ધરીને સમા-

ધાનને સુંદર શબ્દોમાં કથન કરે છે કે– **'सुन्दरमिइ अन्नेहिवि'** ઇત્યાદિ.

સમાધાન-સામગ્રીઓ.

સંક્ષેપરૂપ રસિક-રચના કરનારાઓ અનેક વિધ લાભદાયક હેતુઓ પુરસ્સર આગળ વધે તો શંકાને અગર આક્ષેપને સ્થાનજ રહેતું નથી. તે માટે સંક્ષેપ રચયિતાઓને ગ્રન્થકાર સુંદર સમાધાનની સામગ્રીઓ રૂપ નજરાણું ધરે છે.

અનેકવિધ હેતુઓ પૈકિ—

૧. સ્મરણ શક્તિમાં રખાતાં જીનાગમો મન્દમેધાદિ કારણે પ્રાતઃસ્મરણીય પૂજ્ય દેવર્દ્ધિ-ગણિ ક્ષમા શ્રમણે પુસ્તકારૂઢ કર્યા તેવા રીતે મંદ બુદ્ધિમાન્ જીવોને બોધ કરવા સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૨. વર્તમાન સમયના હિસાબે કોઈકને મંદ બુદ્ધિ ન હોય અને પ્રતિભાસંપન્નશાલિ જીવ હોય તો પણ અલ્પાયુષ્યાદિ સંયોગો દેખીને પણ સંક્ષેપ રચના હિતકારી હોવાથી તે રચના કરવી તે પણ **સુંદર છે.**

૩. મારી પૂર્વે થયેલ બીજા પણ મહા-પુરૂષોએ સંક્ષેપ કથન, સંક્ષેપ રચના, સંક્ષેપ રૂપ પ્રકરણ અને સંગ્રહ કર્યો છે અને તે લાભ ભાવિ પ્રજાને થશે અર્થાત્ તે લાભ વર્તમાનમાં સાક્ષાત્કાર થાય છે તેથી પણ સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૪. લાભાલાભની તુલના કરતાં બુદ્ધિમાં સમજાઇ જાય તેવું છે તેથી પણ સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૫. વિસ્તૃત-વિષયોથી ભરપુર આગમો ભણવા હશે તેઓ ભણશે એવી વાત આગળ કરવી તે અસ્થાને છે. કારણ કે તેથી તો સર્વદા સાર્વત્રિક લાભ થઇ શકતોજ નથી માટે સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૬. છુટા છવાયાં વિષયોથી ભરપુર જીનાગમ-સમુદ્રમાં પ્રવેશ કરનારને સંક્ષેપ રચનારૂપ નાવડીઓ આશીર્વાદ રૂપ બને તે હેતુથી સંક્ષેપ રચવું **તે સુંદર છે.**

૭. અનેક વિધ જીવ-સ્વભાવ અને અનેક વિધ ન્યૂનાધિક સામગ્રી સંપન્ન જીવોને લાભદાયી થાય તેવો સંક્ષેપ રચનાઓ રચવામાં ન આવે તો કલ્યાણકારી કથનોનું, અવિચ્છિન્ન આચરણા-ઓનું અને પુનિત કાર્યોનું ઉચ્છેદન થઇ જાય તે હેતુથી પણ સંક્ષેપ રચવું તે **અતિ-સુંદર છે.**

૮. સિંહ સમાન પૂર્વ પુરૂષો સમ્પૂર્ણ રચી ગયા છે, તેમાં 'કંઇ પણ બાકી રાખી નથી' એવાં નિરૂત્સાહજનક શબ્દ પ્રયોગો કરી આરંભેલ કાર્યને ઢીલાં બનાવનારાઓએ સમજવું જોઇએ કે પૂર્વ મહા પુરૂષોએ શ્રુતધર્મની અને ચારિત્ર ધર્મની આરાધના કરી છે. તેથી હમારે પણ હમારી શક્તિ અનુસાર કરવુંજ જોઇએ અને મળેલ સાધન દ્વારાએ પરોપકાર પરાયણતા કેળવવો જોઇએ તેથીજ સંક્ષેપ રચનાઓ રચવી તે અતિ સુંદર છે.

૯. તે તીર્થંકર ભગવન્તો અને ગણધર ભગવંતો પ્રત્યે તમોને (સંક્ષેપકારોને) બહુમાન નથી એવું કહેનારાઓએ હમારૂં સમાધાન સમજવું જોઇએ. કારણ કે ગુરૂકાળ વાસની સેવા કરીને, યથાર્થ રીતિએ શાસ્ત્રોનું પર્યા-લોચન કરીને, ઉત્સર્ગ-અપવાદ-નિશ્ચય-વ્યવ-હારનો નિર્ણય કરીને અને પૂર્વ પુરૂષોની

કૃતિઓ પ્રત્યે વધુ વધુ આદર-બહુમાન વૃદ્ધિ પામે એ હેતુઓને લક્ષ્યમાં રાખીનેજ અમે સંક્ષેપ રચનાઓ રચીએ છીએ માટે સંક્ષેપ રચવું તે અતિ સુંદર છે.

સુંદર રચના રચવા સંબંધમાં આ રીતિએ અનેક વિધ સમાધાન સામગ્રીઓ પ્રથમ વિંશિકામાં જણાવી છે. એટલુંજ નહિં પણ પ્રતિભાશાલિ-જીવો આ વિંશિકા સંબંધમાં વધુ વધુ વિચાર-મનન કરે તો વધુ વધુ પ્રમાણમાં સમાધાનો સહેલાઇથી પ્રાપ્ત થાય એમાં શંકાને સ્થાનજ નથી.

સમાધાનના ઉપસંહારમાં.

સમાધાનની સુંદર વાનગીઓ પીરસીને ગ્રન્થકાર સમાધાનના ઉપસંહારમાં જણાવે છે કે જે જે શાસ્ત્રોથી સંક્ષેપતયા ઉદ્ધાર થયો એટલે લોકો સંક્ષેપ કૃતિઓનું પઠન-પાઠન કરશે, સત્કારશે અને આદર આપશે; આથી તો વિસ્તૃત વિવેચન રૂપ મૂળ શાસ્ત્રોની પઠન પાઠનાદિ ક્રિયાઓનો વિચ્છેદ થઇ જશે, અગર થઈ ગયો આ આક્ષેપ પણ અસ્થાને છે. કારણ કે શાસ્ત્રના સારભૂત દેશ-વિભાગ-વિષય કે અવયવને દેખાડવા માત્રથી તો સંક્ષેપ રચનારસિક વાંચકોને આશ્ચર્યાદિની ઉત્પત્તિ થશે. સાથે સાથે વાંચતાં વાંચતાં એ નિર્ણય થશે કે સંક્ષેપ કથનો પણ આવાં આવાં અનેકવિધ આશ્ચર્યોથી ભરપૂર છે તો પછી જે ગહન-ગ્રન્થોથી ઉદ્ધાર થઇ સંક્ષેપ કથનો થયાં છે તે મૂળ ગ્રન્થો વિચારતાં આશ્ચર્યોનો વધારો અને માર્ગની દૃઢતા કેળવાશે. અર્થાત્ મૂળ શાસ્ત્રોનો નાશ થવાનો સંભવ નથી, પરંતુ તે તે શાસ્ત્રોમાં આશ્ચર્યપૂર્વક પ્રવૃત્તિનો પ્રારંભ અને અસ્ખલિત પરંપરાનો વેગ વધુ વધુ બળવત્તર બનશે.

આક્ષેપ કરનારાઓને સુંદર સમાધાનો મળી જાય છતાં આક્ષેપ કરવાની આદત પડી હોય તે યુક્તિ યુક્ત સુંદર સમાધાનને સ્વીકારી-શકતોજ નથી. અને તેથીજ નિર્માલ્ય અને વજુદ વગરની વાતો આગળ ધરીને જણાવે છે, તે જુઓ-આજ વિંશિકા ગાથા ૮.

'इक्को उण इह दोसो जं जायइ खलजणस्स पीडत्ति।'

આ પદોથી આક્ષેપ કરનારાઓ એ જણાવવા મથે છે કે તમારૂં સંક્ષેપ કથન ભાવિ માટે ભલે લાભદાયિ હોય પરંતુ તે કથનથી દુર્જનોને પીડા થશે. આ આક્ષેપના સમાધાનમાં શાસ્ત્રાકાર તેજ ગાથામાં જણાવે છે કે—

' तहवि पयट्टो इत्थं सुयणाण महतोसं '

ભાવાર્થ:—તો પણ આ રીતિએ (સંક્ષેપ રચના રચવાની રીતિએ) પ્રવર્તવું એ લાભદાયી છે, કારણ કે તે સંક્ષેપ રચનાને દેખીને શ્રુતજ્ઞાનના અર્થિઓને અતિ સંતોષ થાય છે, અથવા તો સજ્જન પુરૂષોની બુદ્ધિને અતિ સંતોષ થાય છે. એટલુંજ નહિં પણ દુર્જનોને પીડા તો નહિં થાય પરંતુ તે સંક્ષેપ રચનાઓના શબ્દ તેઓને કર્ણગોચર થશે તો જરૂર લાભદાયિ થશે. કારણ કે શુદ્ધ-આશયથી કરેલ પ્રવૃત્તિને શાસ્ત્રોમાં નિર્દોષ રૂપે જણાવી છે, જુઓ—આ પ્રથમ વિંશિકા ગાથા—૯ ×××

तत्तो तेसिंपि होहिइ ण पीडा सुद्धाशयया पवत्ती सत्थे निद्दोसिया भणिया ॥९॥

સમાધાનોની ભીતરમાં પ્રચ્છન્ન રહેલ સીધા અગર આડકતરા આક્ષેપોનું સુંદર યુક્તિ યુક્ત સમાધાન આપીને ગ્રન્થની શરૂઆત કરવા પહેલાં પોતાનાં આંતરિક અભિપ્રાયને ગ્રન્થકારે વ્યક્ત કર્યો છે.

સમાધાનના ઉપસંહારમાં આવિંશિકામાં જણાવે છે કે—

इहरा छउमत्थेणं पढमं न कयाइ कुसलमग्गमि ।
इत्थं पयट्टियव्वं सम्मं ति कयं पसंगेणं ॥१०॥

ઉપરના શંકા સમાધાન શ્રવણ કરવામાં ન આવે, યુક્તિયુક્ત રીતિએ વિચારવામાં ન આવે, લાભ-નુકશાનની નિર્ણીત દ્રષ્ટિએ નિહાળવામાં ન આવે તો છદ્મસ્થોએ કોઇપણ સમયે કુશળ માર્ગમાં પ્રથમતયા સમ્યક્ પ્રકારે પ્રવૃત્તિ કરીજ નથી. એ પ્રમાણે કહેવાથી સર્યું, અર્થાત્ એટલાજ શબ્દો બસ છે. આથી સમાધનના ઉપસંહારમાં કથન કરેલ શબ્દોથી ધ્વનિત થયું કે લાભદાયક પ્રવૃત્તિ હિતકારી હોવાથી સમ્યક્ પ્રકારે સંક્ષેપ રચવું તે અતિ સુંદર છે.

આ રીતિએ આ વિંશિકાના પૂર્વ પ્રકરણોના પંદર શ્લોકોમાં રહેલા પરમાર્થને પિછાણી ગયા.

સત્તરમા શ્લોકથી વીશ શ્લોક સુધી ગ્રન્થકાર પઠન-પાઠન કરનારને યોગ્ય આશીર્વાદ આપતાં જણાવે છે કે આ ગ્રન્થના વીશ-અધિકારોનું પઠન-પાઠન કરવાથી અનુક્રમે શુદ્ધ બુદ્ધિવાળો થાય છે અને સુત્રાર્થ રહસ્ય પ્રાપ્તિને યોગ્ય બને છે. એટલુંજ નહિં પણ અનુક્રમે ગુણની પરંપરાને પ્રાપ્ત કરનારો તે ભવ્ય પુણ્યવાન્ છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં પ્રાયઃ કરીને હોવાથી 'भवविरहफलो इमेणं तु' ભવવિરહ ફલ=સંસારના સર્વ બંધનથી મુક્ત એવા મોક્ષ સુખના અદ્વિતીય લાભને પ્રાપ્ત કરનારો થાય છે.

૨. લોક-અનાદિત્વ-વિંશિકા.

આ બીજી વિંશિકામાં લોકનું અનાદિપણું સિદ્ધ કરેલ છે. પરમપુરૂષ-ઇશ્વરાદિ-જગત્કર્તૃ વ આદિનું યુક્તિયુક્ત નિરસન કરેલું છે. જગત્ના અનાદિપણામાં સ્વસમય સિદ્ધાંતોને પ્રતિપાદન કરે છે, અને ધર્મ-અધર્મ આકાશ-જીવ અને પુદ્ગલ એ પંચાસ્તિકાયમય આલોક અનાદિપણે વર્તે છે. અનાદિપણું સ્થાપન કર્યા પછી ગ્રન્થકાર આદિપણું (જગત્નું) સ્વીકારનારને કેવી આપત્તિઓનો સામનો કરવો પડે છે, અને સામનો કર્યા છતાં યોગ્ય બચાવના અભાવમાં અંતે અનાદિપણું સ્વીકારવાની ફરજ પડે છે. એકથી ચાર ગાથામાં અનાદિપણે વર્તતા લોક અને પંચાસ્તિકાયનું સ્વરૂપ પ્રતિપાદન કરીને જગત્ના અનાદિપણાની સિદ્ધિ કરેલ છે. પાંચમી ગાથાથી વીશ ગાથા સુધી ગ્રન્થકાર લોકનું આદિપણું સ્વીકારનારની માન્યતા જણાવીને ક્રમશઃ શંકા-સમાધાન આપીને દૃષ્ટાન્તાદિયુક્તિયુક્ત શાસ્ત્ર સમ્મત નિતિરિતિથી ન્યાયપૂર્વક અનાદિપણાની સિદ્ધિ કરી છે. અને તેથીજ અંતિમ નિર્ણય-'इय तन्तजुत्तिसिद्धो अणाइमं एस हंदि लोगुत्ति' એ પ્રમાણે ગ્રન્થકાર જાહેર કરે છે.

૩. કુલનીતિ-લોકધર્મ-વિંશિકા.

લોકનું અનાદિપણું સિદ્ધ થયા પછી વિશિષ્ટ લોકને આશ્રીને કુલ પરંપરાથી આવેલી અગર માની લીધેલ આચરણાઓને ધર્મ કહેનારાઓ પણ મોટા પ્રમાણમાં છે. કુલપરંપરાથી આવેલી રૂઢીઓ અને આચરણાઓનું યત્કિંચિત્ દિગ્દર્શન કરાવીને કહેવાતાં અને મનાતા ધર્મોને કુલનીતિ-ધર્મો તરીકે ગ્રન્થકાર જણાવે છે.

આ વિંશિકાની ૧૯ મી ગાથામાં જણાવે છે કે-સર્વે વેદ ધર્મો પણ નિયમથી મોક્ષ સાધક નથી ઇત્યાદિ-**सर्वेऽपि वेदधर्मा निःश्रेयसाधका न नियमेन** । ગાથા ૧૯ મી પૂર્વાર્દ્ધ: ॥

અનાદિ અનંતકાળથી આ જીવ આનાદિ અનંત લોક-સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તે તે પરિભ્રમણ-કાળમાં અનંતા અનંત પુદ્ગળ-પરાવર્તોનો આ જીવે અનુભવ કર્યો, અને કુલનિતિ ધર્મોનું સેવન કર્યું પણ મોક્ષની અભિલાષા છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં જ થાય છે. તેથી હવે ચોથી વિંશિકામાં તેનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

૪. ચરમાવર્ત્ત-વિંશિકા.

પૂર્વે અનુભવેલા અનંત પુદ્ગલ-પરાવર્તો કરતાં આ છેલ્લો પુદ્ગલ-પરાવર્ત કાર્યસાધક બને છે. કારણ કે મહાન્ વ્યાધિના વિકારમાં જેમ પથ્ય ભોજનાદિ રૂચતાં નથી તેમ પૂર્વકાળમાં આત્મહિતકારિ પ્રવૃત્તિ પૂર્વેના પુદ્ગલ-પરાવર્તોમાં રૂચીકર થતી નથી. પરંતુ હવે આ છેલ્લા પુદ્ગલ-પરાવર્તમાં અત્યંત ભારે કર્મનો ભાર હલકો થવાથી જીવને મોક્ષાભિલાષને અનુકુળ પ્રવૃત્તિઓ થાય છે. અને તેથીજ આ ચરમ પુદ્ગલ પરાવર્ત જીવને કાર્ય-સાધક બને છે. આ સ્થળે શાસ્ત્રકાર પોતેજ શંકા કરે છે કે ચરમાવર્તની પૂર્વેના પુદ્ગલ પરાવર્તોમાં આત્મહિત-કાર્ય-સાધક પ્રવૃત્તિ ન થઇ અને આમાં થઇ તેમાં પ્રમાણ શું ?; આ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે ભ્રમણ રહિત એક સ્થાનમાં ઉભો રહેલ સ્થિર પુરૂષ હાથમાં ઝાલીને બાળકને ભમાવે છે ત્યારે ભ્રમણ ક્રિયાના વેગમાં બાળકને ગામના સ્થિર મકાનો-મહેલાતો, પુરૂષો અને સ્ત્રીઓ દોડતાં માલમ પડે છે. પરંતુ જ્યારે ભ્રમણ ક્રિયાનો વેગ બંધ પડે છે ત્યારે સ્થિર પદાર્થોને સ્થિર દેખે છે અને અસ્થિર પદાર્થોને અસ્થિર દેખે છે. રેલ્વે ગાડીમાં બેઠેલા મુસાફરને વેગથી દોડતી ગાડીમાંથી બહાર નજર ફેંકતા પહાડ-પર્વત-ડુંગર-ઝાડ-મકાનો વિગેરે દોડતાં માલમ પડે છે. વસ્તુ સ્થિતિએ સ્થિર હોવા છતાં અસ્થિર માલમ પડે છે, તેવી રીતે સંસાર પરિભ્રમણના વેગમાં વ્યવસ્થિત થયેલા આત્માઓ પણ હેય પદાર્થોને ઉપાદેયપણે અને ઉપાદેય-પદાર્થોને હેય સ્વરૂપે દેખે છે. પરંતુ ચરમાવર્તમાં કર્મમલની ઓછાશ થવાથી અને સંસાર પરિભ્રમણનો વેગ મંદ પડેલો હોવાથી હેયને હેય તરીકે અને ઉપાદેયને ઉપાદેય તરીકે સ્વીકારતો થાય છે, તેથીજ આ ચરમાવર્ત કાર્ય-સાધક બને છે. અને તેથીજ આ વિંશિકાની ગાથા ૯-૧૦માં **भमणंकरियाहियाए०** ઇત્યાદિ પદો ઉપરની બીનાને ચરિતાર્થ કરે છે.

આ વિંશિકાના અંતમાં આથીજ અચરમાવર્ત કાળને ભવણાલયકાળ અને ચરમાવર્તને ધર્મનો યૌવનકાળ જણાવે છે. અને ચરમાવર્તમાં ભવ્યાત્માને ધર્મરાગ વૃદ્ધિમાન્ થાય છે, જુઓ-ગાથા ૧૯-૨૦ **अचरिमपयट्टेमुं०** ઇત્યાદિ પદોથી આ વાત સિદ્ધ થાય છે.

૫. બીજ-વિંશિકા.

અનાદિ અનંતકાળથી પરિભ્રમણ કરતાં આ જીવને વિશુદ્ધ ધર્મની આરાધના સન્મુખ થવાના બીજ-અંકુરાદિની પ્રાપ્તિ અનુક્રમે કઇ રીતે થાય છે તે આ વિંશિકામાં જણાવાય છે.

જગતની અનાદિ-આદિ, જગત્કર્તૃત્વ, અને ઇશ્વરની આદિ-અનાદિ વિગેરે પદાર્થોનો વિવેકપૂર્વક વ્હેંચણ કરીને લોકનું અનાદિપણું બીજી વિંશિકામાં સમજ્યા પછી કુલનીતિ ધર્મના સેવનમાં પણ આ જીવોએ અનંતોકાળ ગુમાવ્યો છે તે ત્રીજી

વિંશિકામાં સમજી ગયા. અને એથી વિંશિકામાં અનાદિમય જગત્માં પરિભ્રમણનો વેગ પૂર જોસમાં હતો તે મંદ પડવાનું કાર્ય છેલ્લા= ચરમ પુદ્ગલ-પરાવર્તમાં થાય છે તે પણ સમજી ગયા. ચરમપુદ્ગલ પરાવર્તમાં વર્તનારને બાલ્યકાળ ગયેલ હોવાથી ધર્મ યૌવનકાળનો આવિર્ભાવ થાય છે.

આ ધર્મ યૌવનકાળમાં યોગ્ય આત્માઓને ધર્મિ-આત્માઓ પ્રત્યે, ધર્મ પ્રત્યે અને ધર્મ પાળવાના, ટકાવવાના, વધારવાના અનેક-વિધ સાધનોને દેખીને, શ્રવણ કરીને અને સ્મરણો કરીને તે પ્રત્યે રાગ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામે છે. અભિવૃદ્ધિ પામતો ધર્મ-રાગ કેવાં પરિણામ નિપજાવે છે તેનેજ **ધર્મનું બીજ** કહે છે તે આ વિંશિકામાં જણાવાય છે. ધર્મિ જીવોને દેખીને, તેમના ધર્મ અનુષ્ઠાનો સાંભળીને હૃદયમાં આદર-પ્રીતિ બહુમાન ઉઠે અને સાચી પ્રશંસા કરવાનું મન થાય તેને શાસ્ત્રકાર **ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ** કહે છે. ધર્મ-ધર્મી અને ધર્મના સાધનો, અનુષ્ઠાનો તથા તે તે પ્રત્યેની પ્રશંશાના પૂર ઉભરાય છે ત્યારે આત્માને તે તે ધર્મ અનુષ્ઠાન કરવાની અભિલાષા થાય છે. અને તેથીજ ધર્મકરણ-કરવાની ઇચ્છારૂપ પ્રબળ ઇચ્છા તે **ધર્મ કલ્પવૃક્ષનો નિષ્કલંક નિર્મળ અંકૂરો છે.**

થયેલ અંકૂરો પ્રશંસારૂપ પવનથી પોષાતાં અને ઇચ્છારૂપ પાણીથી સીંચાતા કાર્ય સિદ્ધિ (ધર્મની કરણી કરવારૂપ કાર્ય સિદ્ધિ)ના સફલીભૂત ઉપાયોની અનેક પ્રકારની ગવેષણારૂપ **ધર્મ કલ્પવૃક્ષના કાષ્ટ-સ્કંધડાળાં-ડાળીરૂપે** પરિણમે છે. અનુક્રમે આરંભેલા ઉપાયોને સફળ કરતાં કરતાં વીતરાગ-પ્રણીત વિચિત્ર-ચિત્ર-પ્રવૃત્તિઓનું પૂર્ણ પ્રેમથી સેવન કરવું તે **ધર્મ કલ્પવૃક્ષના કિસલય-નાના પાંદડા અને મોટા પાંદડા છે.**

તે ધર્મરૂપી કલ્પવૃક્ષ બીજ-અંકુર કાષ્ટ સ્કંધ-શાખા-પ્રતિશાખા-કિસલય-પાંદડાથી પરિપૂર્ણ ફાલ્યો ફૂલ્યો હોય અને ફાલ્યા ફૂલેલા વૃક્ષને પરિપકવ-કાળે જેમ પુષ્પ આવવાની રાહ જોવાય છે તેમ સદ્ગુરુના વચન-સંયોગાદિ પુષ્પોની પ્રાપ્તિ થાય છે.

આજ વિંશિકાની પ્રથમ ગાથાથી ચાર ગાથા સુધી ઉપરનો અનુક્રમ જણાવાય છે. અને પાંચમી ગાથામાં ગુરૂવર્યોના સમાગમથી સુદેશનાદિ વડે ભાવધર્મની સંપત્તિરૂપ ફળ ધર્મરૂપી કલ્પવૃક્ષને ઉત્પન્ન થાય છે, કે જે ફળ પરમ ફળ=મોક્ષ ફળનું નિયમા અમોઘ પ્રસાધક છે. તેથીજ આ વાતને શાસ્ત્રકાર આ રીતે જણાવે છે-

तत्तो सुदेसणाईहिं होइ जा भावधम्मसंपत्ती । तं फलमिह विन्नेयं परमफलपसाहगं नियमा ॥५-५॥

ધર્મ કલ્પવૃક્ષના બીજની શરૂઆતથી ફળ સુધીની અનુક્રમે થતી સર્વ સંપત્તિ અતિ સુંદર હોય છે. અને તે બીજ-અંકુર આદિ સઘળી સંપત્તિઓ છેલ્લા પુદ્ગલ પરાવર્તમાંજ થાય છે. આ ઉપરથી શાસ્ત્રકાર એ વાતને ચોક્કસ નિયમન કરે છે કે બીજ સંપત્તિની શરૂઆત પણ છેલ્લા પુદ્ગલ-પરાવર્તમાંજ થાય છે પરંતુ તે સિવાયના પૂર્વે અનુભવેલા કોઇ પણ પુદ્ગલ પરાવર્તોમાં થતીજ નથી. આજ વાતને **'बीजस्सावि संपत्ती जायइ चरिमंमि' ગાથા ૬** પૂર્વાર્દ્ધ ઇત્યાદિ પદોથી ચરિતાર્થ કરે છે.

ઉપર જણાવેલ બીજ અંકુરાદિ સંપત્તિઓ ચરમ પુદ્ગલ પરાવર્તમાંજ સંભવે છે, પરન્તુ અચરમ-પુદ્ગલ પરાવર્તોમાં સંભવતી નથી; તે માટે ગ્રન્થકાર શંકાનું ઉત્થાન કરીને યુક્તિયુક્ત સંગત સમાધાન આપે છે.

તથાભવ્યત્વ, કાલ, નિયતિ, પૂર્વકૃત-કર્મ અને પુરૂષાર્થાદિના સ્વતંત્ર સ્વભાવ તથા પરસ્પર સંબંધોનું વિવેચન વ્યસ્થિત રીતિએ કરે છે. એટલુંજ નહિ પણ કર્મ-કાલ-ઉદ્યમને પરસ્પર વિરોધ આવતો નથી તે યુક્તિ પુરસ્સર સમજાવાય છે. કર્મથી આક્ષિપ્ત કરાયેલા ભાવમાં ઉદ્યમ કેવો ભાગ ભજવે છે, કર્મ-ઉદ્યમ બન્નેથી બનવાવાળા કાર્ય ને ઉદ્યમથી થયું કેમ મનાય આવી આંટીગુંટીવાળી પ્રશ્નાવલીની ગુંચને સરળ રીતિએ શાસ્ત્રકાર ઉકેલી દે છે. જુઓ ગાથા. ૧૧. અંતમાં શાસ્ત્રમન્ય-નિતિરિતિને વિચારતાં ઇતરેતરયોગ=પરસ્પર સંબંધથી અગર પ્રધાન ગૌણભાવે કાલાદિ પાંચ ઘટી શકે છે.

બીજની ઉત્પત્તિના પૂર્વકાળને ભવ બાળ-કાળ કહે છે, અને બીજ અંકુરાદિની ઉત્પત્તિના કાળને ધર્મ-યૌવન કાળ કહે છે. બાલ્યકાળમાં કાળનું મુખ્યપણું છે, અને ધર્મ યૌવનકાળમાં આત્માના પરિણામરૂપ વિચિત્ર યોગરૂપ પુરૂષાર્થનું મુખ્યપણું છે; અર્થાત્ વ્યાધિના વિકાળ ઉદયકાળ સરખો ભવ બાલ્યકાળ છે, અને વ્યાધિનો ચિકિત્સાકાલ સરખો ધર્મ યૌવનકાળ છે. બાલ્યકાળમાં બાળકને ધૂલિના ગ્રહ વિગેરેની ક્રીડા અતિરમણીકપણે શ્રેષ્ઠ ભાસે છે તેવી રીતે ભવ બાળકને સંસારના પરિભ્રમણરૂપ-વ્યાધિના જોરે અસત્ ક્રિયાઓ શ્રેષ્ઠ ભાસે છે. પરંતુ તે બાળક જ્યારે યૌવનવસ્થાએ પહોંચે છે ત્યારે ભોગ રાગમાં રંગાય છે. ભોગમાં પુરેપુરો ભોગી બન્યા પછી ધૂળના ઘરની રમત રમવી લેશભર પસંદ પડતી નથી, તેવીજ રીતે ધર્મ-યૌવનકાળમાં આવેલ ધર્મી જીવોને ધર્મ રાગનો રંગ વધ્યા પછી આ સંસાર સંબંધની અસત્ ક્રિયાઓમાં રસ પડતોજ નથી.

આ વિંશિકાના અંતમાં ગ્રન્થકાર જણાવે છે કે બીજ અંકુર આદિના ક્રમ વડે ભવ્ય જીવોને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. અને અનુક્રમે તે ધર્મ ચન્દનના ગન્ધની જેમ વિશેષે વિશેષે લાભદાયિ થાય છે. આ બધું વિવેચન ગાથા-૧૬ થી ૨૦ ગાથા સુધીમાં થાય છે. અર્થિઓએ વિંશિકા રહસ્યનું વિવેચન વધુ મનન કરવું.

૬. સદ્ધર્મ-વિંશિકા.

ધર્મ-યૌવનકાળમાં સત્પ્રવૃત્તિના સેવનમાં રંગાયેલો જીવ ચરમ-ઉત્કૃષ્ટ-સ્થિતિ એટલે અંત: કોટા કોટિમાંથી કાંઇક ન્યૂન તે ઉપરાંતની સ્થીતિનો ક્ષય કરે છે. તે અવસરે આત્માના અપૂર્વ-વીર્યોલ્લાસ રૂપ અપૂર્વકરણથી સાધ્ય એવું જે સમ્યકત્વ તે (આત્માના શુભ પરિણામ રૂપ) પ્રાપ્ત કરે છે.

આઠે કર્મો, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ છતાં ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો જીવ સમ્યકત્વ કેમ પામતો

નથી ?, યથાપ્રવૃત્તિ આદિ ત્રણ કરણોની મર્યાદા અને વ્યવસ્થા, અને સમ્યકત્વ પામ્યા પછી સંસાર પરિભ્રમણનો નિર્ણય આ બધું ગાથા ૨ થી ૯ સુધી અનુક્રમે જણાવાય છે. આજ વિંશિકાની ૧૦ મી ગાથાથી ૧૪ ગાથા સુધી શમ-સંવેગ—નિર્વેદ—અનુકંપા અને આસ્તિકયતાનું સ્વરૂપ જણાવાય છે.

આ પાંચે લક્ષણો સમ્યકત્વના છે. સમ્યકત્વની પ્રાપ્તિ-ક્રમ પ્રમાણે વિચારતાં આસ્તિકયતા-અનુકંપા-નિર્વેદ-સંવેગ શમ આવવો જોઇએ. છતાં પાંચમા શમનું પ્રાધાન્યપણું છે અને તેથીજ પ્રાધાન્ય ક્રમે પાંચેને મુકવામાં આવ્યા છે. આ જીવને પ્રાપ્તિક્રમ-લાભક્રમ પશ્ચાનુપૂર્વિએ છે અને પ્રાધાન્યક્રમથી ગ્રન્થમાં શમાદિનો ઉપન્યાસક્રમ જાણવા લાયક છે. જુઓ-**पच्छाणुपुव्विओ०** ઇત્યાદિ ગાથા ૧૮.

પ્રથમ મુદ્રિત પ્રતિમાં ૧૨-૧૩ ગાથા છે તે હસ્તલિખિત પ્રતિમાં વ્યત્યયપણે નજરે પડે છે. અને હોવું જોઇએ પણ એમ કારણ કે સંવેગ પછી નિર્વેદ અને પછી અનુકંપા આવવી જોઇએ. તેથી મુદ્રિત પ્રતમાં ૧૨મી ગાથાને ૧૩મી ગાથા તરીકે સમજવી, અને ૧૩ મી ગાથા ૧૨ મી સમજવી; કે જેથી કરીને નિર્વેદ પછી અનુકંપા આવે એ ક્રમ સચવાઇ જશે.

શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકયતાના સ્વરૂપને ગાથામાં પ્રતિપાદન કર્યા છે, તેજ ગાથાઓને પૂર્વાચાર્યોએ પોતાના ગ્રંથમાં સાક્ષિરૂપે અપનાવી છે. તેવીજ રીતે ગ્રન્કારે પોતાની પૂર્વે થયેલ પૂજ્યપાદ શ્રીજીનભદ્રગણિ ક્ષમાશ્રમણ અને શાસન-પ્રભાવક-શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજીના વચનો અને પરમાર્થને સાક્ષિરૂપે આજ વિંશિકાની ગાથામાં ગુમ્ફિત કર્યા છે. જુઓ- **' जा गंठि ता पढमं सम-इच्छओ० '** ઇત્યાદિ ગાથા ૮. **' मन्नइ तमेव सच्चं नीसंकं जं जिणेहिं पण्णत्तं '** ઇત્યાદિ ગાથા ૧૪.

આ વિંશિકાને સમ્યકત્વ વિંશિકા કહે છે. જ્યારે પાંચ લક્ષણયુક્ત સમ્યકત્વરૂપ ધર્મ જીવ ધારણ કરે છે ત્યારે ભાવ ધર્મની વિદ્યમાનતામાં નિયમા કરીને દાનાદિ ક્રિયાઓ શુદ્ધ-શુદ્ધતર થવાવાળી થાય છે, અને અંતમાં તે ધર્મ મોક્ષ ફળને દેવાવાળો આવે છે. આ રીતિએ ગાથા ૧૯-૨૦ માં ઉપરનાં ભાવને અનુસરતું કથન કરીને વિંશિકા સમાપ્ત કરે છે.

૭. દાન-વિંશિકા.

પ્રાપ્ત થયેલ સામગ્રીદ્વારાએ અંશે અંશે લાભનો અર્થી જીવ મમત્વભાવના ત્યાગનો અભ્યાસી બને છે ત્યારે ગલીકુંચી જેવા ધર્મમાર્ગને પોતે રાજમાર્ગ જેવો બનાવી શકે છે. તેથી છઠ્ઠી વિંશિકામાં સમ્યકત્વ-ધર્મથી સુશોભિત થયેલા જીવે દાન-ધર્મનું સેવન કરવું જોઇએ. અને એ હેતુથી આ વિંશિકાની શરૂઆતમાં દાનના ત્રણ પ્રકાર ૧ જ્ઞાનદાન, ૨ અભયદાન અને ૩ ધર્મોપગ્રહ દાન જણાવે છે. આ ત્રણ પ્રકારના દાનના પ્રસંગને પણ કલિકાળ-સર્વજ્ઞ-ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીએ શ્રી ત્રિષષ્ઠીય-શલાકા-પુરૂષ-ચરિત્રના પ્રથમ-પર્વમાં વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરેલો છે. ગાથા ૧.

જ્ઞાનનો દાતા, જ્ઞાનનો અર્થી ગ્રાહક, ગ્રાહકની યોગ્યતા, વિનીત ગ્રાહક અને અવિનીત ગ્રાહકની ઓળખાણ પૂર્વક જ્ઞાનદાનને યથાસ્થિત રીતિએ ગાથા ૨ થી ગાથા ૫ સુધીમાં જણાવાય છે. અભયદાન, અભયદાનનું સ્વરૂપ, સર્વ જીવોને વિષે સર્વથા રીતિએ સમ્યક્ પ્રકારે અભયદાન

કરવામાં લાભ, અને દાન કરીને વધુ સમરંભ સમારંભ આરંભમાં પ્રવર્તવાવાળા મૂઢાત્મા દાન ધર્મના રહસ્યને પામી શકયા નથી, અર્થાત ધનવાન્ છતાં પણ ભાવદરિદ્ર-શિરોમણી છે. જુઓ ગાથા ૬-૭-૮.

આ લોકમાં અને પરલોકમાં કદાપિ કાળે જેનાથી ભયજ થાય નહિ તેવા અભયદાનને દેનારા દાતાએ કરવું યોગ્ય છે. અભયદાનનું કેશ થકી દીધેલું દાન, જ્ઞાન દાન અને અભયદાનથી પરિણામે થતું ફળ અને અભયદાનના ઉપસંહારમાં અભયદાનના અવિહડ—રંગથી રંગાયેલો આત્મા અભયદાનેશ્વરીઓમાં શ્રેષ્ઠ શિરોમણિ કેવળી તુલ્ય દાતા બને છે. જુઓ ગાથા ૯ થી ૧૩.

જ્ઞાનદાન અને અભયદાનના સ્વરૂપને કથન કર્યા પછી ચૌદમી ગાથામાં ધર્મોપગ્રહ-દાનનું સ્વરૂપ જણાવે છે. ભોજનકાળે નિરોગીને જેમ પથ્ય ભોજન હિતકારી છે તેવી રીતે સંયમ ધર્મને પોષક એવા અસણાદિનું દાન પણ ઉત્તમ જાણવું.

ધર્મોપગ્રહ દાનનો દાતા, દાતાની યોગ્યતા, દાતામાં યથાયોગ્ય ગુણોનો આવિર્ભાવ, અન્યને ઉપઘાત કરવાનો નિષેધ, વડીલોની ભક્તિ, અને ન્યાયોપાર્જિત (ઉત્પન્ન થયેલ) દ્રવ્યોનું યથાસ્થિત સ્વરૂપ. ગાથા ૧૪ થી ૧૬ સુધી જણાવાય છે.

અનુકંપાને યોગ્ય જીવોમાં અપાતું દાન કરૂણા પ્રધાન છે, અનુકંપા દાનને ધર્મોપગ્રહ દાન સાથે સંબંધ છે. પૂ. તીર્થંકરોએ ગ્રહસ્થપણામાં દીધેલું સાંવત્સરિક દાન અને સાધુપણામાં આપેલું દાન પણ પ્રશંસનીય છે. આ રીતિએ દાનધર્મનું આદિપણું વ્યવસ્થિત કરીને ભવ્યાત્માને અનુકંપાયુક્ત પ્રવૃત્તિ—કરવાથી શેષ ગુણની સિદ્ધિ થાય છે. આ પ્રસંગનું સ્પષ્ટિકરણ ગાથા ૧૭ થી ૨૦ સુધીમાં ગ્રન્થકાર કરે છે.

૮. પૂજા-વિંશિકા.

સપ્તમીદાન વિંશિકાની અઢારમી ગાથામાં ત્રૈલોકયનાથ ભગવંત તીર્થંકરોએ ગૃહસ્થપણામાં દીધેલું દાન અને સાધુપણામાં કરેલી દાન પ્રવૃત્તિને શાસ્ત્રકારે પ્રશંસેલી છે તે આપણે વિચારી ગયા. તે તારક ભગવન્તોનાં ચરણે સર્વ સમર્પણ કરી કૃતાર્થ થવા માટે દાન વિંશિકા પછી પૂજા વિંશિકાનું ગ્રન્થકાર ગુંથન કરે છે. પૂજ્ય ભગવંતોની પૂજા કરવાથી પૂજકોના પુનીત હૃદયોમાં પરિણામે પ્રકૃષ્ટ-ભાવ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલ પૂજકનો પ્રકૃષ્ટભાવ પૂજ્યતામાં પરિણમે છે, અર્થાત્ પૂજક-પૂજ્ય બની સર્વાર્થની સિદ્ધિ કરે છે; તે આ વિંશિકામાં ક્રમશઃ કથન કરાય છે.

દેવાધિદેવની પૂજા બે પ્રકારે દ્રવ્ય ભાવથી જાણવાલાયક છે આ બંન્ને પૂજા પરસ્પર સંબંધ ધરાવનાર છે. દ્રવ્યયુક્ત ભાવ કે ભાવયુક્ત દ્રવ્ય અર્થાત્ દ્રવ્ય વગર ભાવપૂજા અગર ભાવ વગરની દ્રવ્યપૂજા રહી શકતી નથી. તે બંન્ને પૂજાને તત્ત્વથી પ્રધાન-ગૌણભાવે જણાવેલી છે. જુઓ-ગાથા-પહેલી.

પંચાશક-ષોડશક અને અષ્ટક ગ્રન્થોમાં ગ્રન્થકારે પૂજાના અધિકારને પ્રતિપાદન કર્યો છે. તેજ અધિકારોને અત્રે જણાવ્યો હશે ?, અગર એકની એક વાતનું પિષ્ટ-પેષણ કર્યું હશે ?; આવી આવી કલ્પનાઓને અવકાશજ ન રહે તે રીતિએ આ વિંશિકામાં પૂજાના અધિકારને પ્રતિપાદન કરેલો છે.

પ્રથમ પૂજા પણ ગૃહસ્થોને ત્રણ પ્રકારે વર્ણવેલી છે. ત્રણ પ્રકારમાં કાયા-વચન અને મનની વિશુદ્ધિથી થતી પૂજા જણાવેલી છે. અથવા પૂજા નિમિત્તે એકઠાં કરાતાં દ્રવ્યો= ઉપકરણોના ભેદ વડે પણ ત્રણ પ્રકાર પડે છે ત્રણે પ્રકારમાં પ્રથમ પૂજા સમંતભદ્રા, બીજી સર્વ-મંગલ નામની, અને ત્રીજી શ્રેષ્ઠ-તત્ત્વગતા નામની પૂજા છે. આ ત્રણે પૂજાઓ પોતાના નામ પ્રમાણે સાર્થક રીતિએ પ્રવર્તે છે. અને તે ત્રણ પૂજાઓના યથાસ્થિત સ્વરૂપ, તે પૂજાઓ અનુક્રમે પ્રાપ્ત કરનારા જીવો, અને જીવોને પૂજા દ્વારાએ થતાં ફળનું દિગ્દર્શન ક્રમશઃ કરાવાય છે. અને તેથીજ ધર્મમાં એકસરખું મન લાગેલું હોય એવી સંલગ્ન-મનની પરિણતીવાળું થતું અનુષ્ઠાન અતિ સમ્યક્ છે એમ શાસ્ત્રકારો કહે છે. કારણ કે તેવા આત્માઓ અપકારીઓને પણ ઇચ્છિત અર્થ સાધી આપવાવાળા સમર્થ બને છે. આ સર્વ પ્રસંગને ગાથા ૨ થી ગાથા ૧૦ સુધીમાં ગ્રન્થકાર સ્પષ્ટરીતીએ પ્રતિપાદન કરે છે.

પૂજાના પ્રકારો પાંચ-આઠ અને સર્વોપચાર છે તે જણાવે છે. વ્યક્તિ=એક તીર્થંકરની, ક્ષેત્ર-પ્રતિષ્ઠા=૨૪ તીર્થંકરની, અને મહા-પ્રતિષ્ઠામાં સર્વ ક્ષેત્રના તીર્થંકરોની યોગ્ય રીતિએ વિનય બહુમાનપૂર્વક પૂજા કરવાનું જણાવે છે. ગાથા ૧૧.

શુદ્ધ દ્રવ્ય ભાવથી શોધવા લાયક છે, અને પોતાની કરાવેલી પ્રતિષ્ઠા અગર વડીલ ગુરૂવર્યોએ કરાવેલી સ્થાપના, અથવા વિશિષ્ટ-વિધિ વિધાનથી કરાવેલ અંજન-શલાકા-પ્રતિષ્ઠા લાભદાયી છે તે સંબંધમાં ઉઠતી શંકાઓનું સુસંગત સમાધાન પ્રતિપાદન કરાય છે. ગાથા ૧૨-૧૩.

મન સ્થાપનાથી સ્થાપિત થયેલ સ્થાપનાની પૂજા પણ પ્રશસ્ત છે. ઉપયોગપૂર્વક ઉપચારના કારણો મેળવીને કરેલી પૂજા પણ ઇષ્ટ ફલવાળી છે. આ રીતિએ પૂજકોને પૂજા સંબંધના સંકલ્પ વિકલ્પ દૂર થાય તે રીતે પ્રતિપાદન કરીને પૂજા એ પાપનો નાશ કરનાર છે, ભવાન્તરમાં ગૌરવશાળી ભોગ, ભોગના-સાધનોને પ્રાપ્ત કરી અંતમાં ત્યાગી બની નિર્વાણપદ સિદ્ધિ કરનાર છે. જેવી રીતે મહા સમુદ્રમાં નાંખેલું પાણીનું એક બિન્દુ પણ જેમ અક્ષય ભાવને પામે છે તેવી રીતે ત્રૈલોક્યનાથ-ભગવન્ત-જીનેશ્વરોની પૂજા પણ અંતે અક્ષય ભાવને પામે છે. કારણ કે રસથી વિંધાયેલું ત્રાંબુ જે સોનું થઇ ગયું તે ફરી કોઇ કાલે પણ ત્રાંબુ= ત્રાંબાપણાના ભાવને પામતું જ નથી. તેજ કારણથી બુદ્ધિશાળીઓએ સર્વ આદરથી જીનેશ્વરની પૂજા કરવી તે સંસાર સમુદ્રમાંથી પાર ઉતારવા માટે પૂજા એ નાવા સમાન છે. આ રીતિએ દ્રવ્ય પૂજાનો ઉપદેશ આપીને ભાવ પૂજાને યોગ્ય યતિવર્યો છે એ અંતિમ ગાથામાં જણાવે છે. જુઓ ગાથા ૧૪ થી ગાથા ૨૦ સુધી.

૯. શ્રાવક-ધર્મ-વિંશિકા.

શરૂઆતમાં શ્રાવકનું સામાન્ય=સ્વરૂપ બતાવતાં ધર્મોપગ્રહદાનાદિ યુક્ત અને જીનેશ્વર ભગવન્તના વચન શ્રવણ કરવામાં પ્રીતિવાલો હોય તે શ્રાવક કહેવાય છે. ગાથા ૧.

વિશેષતઃ-સર્વજ્ઞ કથિત માર્ગને અનુસરનારો, શ્રદ્ધાળુ ગુરૂવર્યોએ કથન કરેલ ભાવને અનુસરનારો, ક્રિયામાં તત્પર, ગુણાનુરાગી મંદ

આરંભવાન એવો દેશવિરતિ બાર પ્રકારના વ્રતો પૈકી પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતના પાલનમાં ઉજમાળ હોય છે. આ શ્રાવક-ધર્મ શાસ્ત્ર સુપ્રસિદ્ધ છે અને કુશળ પરિણામરૂપ આંતરિક પરિણતિથી જાણવા લાયક છે. ગાથા ૨ થી ૪ સુધી.

સદ્ધર્મ-વિંશિકા નામની છઠ્ઠી વિંશિકામાં સમ્યક્ત્વનું સ્વરૂપ પ્રતિપાદન કરેલું છે. તે સમ્યક્ત્વ વખતે બાકી રહેલ કર્મોમાંથી ૨ થી ૯ પલ્યોપમની સ્થીતિ વ્યતીત થયે છતે તે જીવને જરૂર શ્રાવક-ધર્મ વિધિપૂર્વક પ્રાપ્ત થાય છે. ગુરૂવર્યો પાસે શ્રુત ધર્મની પ્રાપ્તિ, વૈરાગ્યની વૃદ્ધિ, ઇત્વર-યાવત્કથિક વ્રત ગ્રહણ, વ્રત-પાલન અને નિરતિચાર સેવન ક્રમશઃ થાય છે. કર્મના ઉદયથી પરિણામની એવી વિચિત્રતાઓ છે કે દેશ વિરતિ ધર્મ સમાચારી એટલે પરંપરાએ ગ્રહણ કરવાથી થઇ જાય એમ પણ નથી, તેમજ પ્રાપ્ત કર્યા પછી પરિણામ થાય છે છતાં પણ નાશ પામે છે એવા વિચિત્ર સંયોગો છે. માટે તીર્થંકર ભગવન્તોની ભક્તિ, સુસાધુઓની પર્યુપાસના અને પ્રાપ્ત કરેલાં વ્રત-નિયમથી આગળ આગળની પરિણતિમાં શ્રદ્ધાપૂર્વક વધવા માટે પ્રયત્નશીલ થવાની ભલામણ કરે છે. જુઓ ગાથા ૫ થી ગાથા ૮ સુધી.

વિરતિના પરિણામ ન થયા હોય તેવાને થાય, થયેલાઓને દૃઢતા આવે તે સારૂ લીધેલા વ્રત નિયમનું સ્મરણ કરવું, અધિક ગુણવાન્ વ્રતધારિયો પ્રત્યે વિનય બહુમાન સેવન કરવું, વ્રત નિયમ ભાંગવા કટિબદ્ધ થયેલ પ્રતિપક્ષિરૂપ વિષય કષાયાદિની દુગંછા, પોતાની પરિણતિનું આલોચન કરવું કે જેથી કરીને આત્મા ઉત્તરોત્તર-વ્રત-નિયમની શ્રેણીએ વૃદ્ધિ પામતો માર્ગમાં આગળ વધે છે. અર્થાત્ બુદ્ધિમાને જેમ બને તેમ અપ્રમાદીપણું આવે તેમ કરવું એજ હિતાવહ છે. જુઓ ગાથા ૯-૧૦.

જે પ્રદેશમાં શ્રદ્ધાળુ શ્રાવકોનો સમુદાય હોય, જ્યાં સાધુ ભગવન્તોનું આવાગમન થતું હોય, જ્યાં જીનેશ્વર ભગવન્તનું મંદિર હોય, તેવા સ્થળમાં શ્રાવકોએ વસવું જોઇએ. આવાં સ્થાનમાં રહેવાથી દાનાદિ ચારે ધર્મનું સેવન-વૃદ્ધિ, રત્નત્રયીની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. અને આવાં સ્થાનમાં રહેનાર શ્રાવકે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં જાગવું, લીધેલાં વ્રતોનું સ્મરણ કરવું, દ્રવ્યક્ષેત્ર કાલાદિની ચિન્તવના, જીનેશ્વરનાં દર્શન-વંદન, ગુરૂવંદન, પચ્ચખાણ, યતિવર્યોને જ્ઞાન-સંયમાદિની સુખ શાતા પુછવી, અવિરૂદ્ધ વ્યવહાર, કાલે વિધિપૂર્વક ભોજન, આગમ શ્રવણાદિ; સવારથી સાંજ સુધીમાં અને અંતે શયન કરવાના અવસરના સર્વ ઉચિત વિધિનું ક્રમશઃ પ્રતિપાદન કરેલ છે. જુઓ ગાથા ૧૧ થી ગાથા ૧૫ સુધી.

અબ્રહ્મની વિરતિ, સ્ત્રી પરિભોગના કારણભૂત મોહની દુગંછન-નિન્દન, સ્ત્રીના શરીર રૂપ કલેવર લોહી માંસ-હાડકાંથી ભરપુર છે તેનું નિરંતર ચિન્તવન કરવું, અને અબ્રહ્મ સેવનથી વિરામ પામેલાઓ જ ધન્ય છે, વંદનીય છે ઇત્યાદિ સ્તવનાપૂર્વક તેઓ પ્રત્યે બહુમાન ધારણ કરવું. નિદ્રાનો ત્યાગ થયા પછી શ્રાવકે કર્મ-આત્માના વિચિત્ર પરિણામ રૂપ સૂક્ષ્મ પદાર્થોને વિષે ચિત્તને સ્થાપન કરવું, સંસારની વાસ્તવિક-સ્થિતિનું પર્યાલોચન કરવું; અને આત્મા વિષય-વિકાર-કષાયથી કલુષિત થાય તેવો કલહ-કૃષિ—આદિથી નિવર્તવા માટે ચિત્તને ઉપશમ ભાવવાળો બનાવવાને ઉદ્યમવંત

થવું. ગયેલું આયુષ્ય ફરી પ્રાપ્ત થતું નથી, જવા બેઠેલું આયુષ્ય રોકાતું નથી, રહેલા આયુષ્યમાં એક ક્ષણની વૃદ્ધિ થતી નથી, રહેલું આયુષ્ય સંપૂર્ણ તથા નિયમિત ભોગવાય એવો નિયમ નથી, એટલુંજ નહિ પણ આયુષ્ય બાંધવાનો એક પણ સંયોગ નથી અને તૂટવાના અનેક વિધ સંયોગો ધ્યાનમાં લઇ આયુષ્યનો થતો નાશ, પાપમય આચારમાં રહેલાઓને ભાવિમાં દુર્ગતિ નરકના વિપાકો, વિચારીને ક્ષણ લાભને માટે મોટું નુકશાન ખમવું ન જોઇએ. અથવા મોહરૂપી મહા અંધકારમાં ક્ષણ લાભરૂપ દીપજ્ઞાનની જેમ વિવિધ ધર્મ ગુણોની પ્રાપ્તિમાં ઉદ્યમ કરવો જરૂરી છે. જુઓ ગાથા. ૧૬-૧૭-૧૮ સુધી.

કુશળ-અનુષ્ઠાનથી ખસેડનાર અર્થ-કામના અનેક વિધ સાધનો બાધક દોષરૂપ છે, તે બાધકના વિપક્ષભૂત સાધનોમાં અર્થાત્ ધર્મ-મોક્ષ પ્રાપ્તિના અદ્વિતીય સાધનોમાં ચિત્તને સ્થાપન કરવાનું કાર્ય ઉદ્યતવિહારી ધર્માચાર્યો કરે છે. તેઓ તરફથી પ્રાપ્ત થતો ઉપદેશ તે ભવ્યાત્માઓ માટે સર્વોત્તમ સંવેગપૂર્વક રસાયણ રૂપ છે. પ્રાતઃકાળાદિની પુનીત વિધિને અર્થાત્ પ્રાતઃ-મધ્યાન્હ-સાયાહ્ન અને રાત્રિની સર્વ વિધિને નિરંતર સેવન કરનારો શ્રાવક પ્રતિમાઓને આરાધીને અનુક્રમે ચારિત્રના પરિણામને પામે છે.

૧૦. શ્રાવક-પ્રતિમા-વિંશિકા.

શ્રાવક—ધર્મને અનુસરતી આરાધનામાં ઉત્તીર્ણ થયેલ શ્રાવક આ વિંશિકામાં કહેવાતી અગીયાર પ્રતિમાઓના વારંવાર સેવનથી આત્મા વ્રત નિયમોમાં અતિ અત્યંત દ્રઢતા કેળવે છે. તે પ્રતિમાઓના નામ અનુક્રમે આ પ્રમાણે છે. દર્શન, વ્રત, સામાયિક, પોષધ, કાયોત્સર્ગ, અબ્રહ્મત્યાગ, સચિત્ત-ત્યાગ, આરંભ ત્યાગ, પ્રેષણ-ત્યાગ, સ્વનિમિત્તે કરેલ આહારાદિ ત્યાગ અને શ્રમણભૂત અગીઆરમી પ્રતિમા છે. ગાથા ૧.

ગુણ-ા સ્થાનરૂપ, અને વિશેષે કરીને ઉત્તરોત્તર ગુણથી ભેદ પામવાવાળી બાહ્ય અનુષ્ઠાનથી અને ચિહ્નોથી એ અગીયાર પ્રતિમાઓ= અર્થાત્ પુનીત પ્રતિજ્ઞાઓ જાણવા લાયક છે. ગાથા ૨.

જે કારણથી શ્રવણ કરવાની ઇચ્છાદિદ્વારાએ સમ્યગ્દર્શન પ્રમુખનું કાર્ય સૂચન થાય છે. તેવી રીતે કાયાની ક્રિયાદિ દ્વારાએ સામાન્યતઃ આ પ્રતિમા ઓળખી શકાય છે. શ્રુતિરાગ, ધર્મરાગ, ગુરૂ અને દેવાધિદેવનું અસ્ખલિત વૈયાવચ્ચ અર્થાત્ જેવી રીતે સમાધિ થાય તેવી રીતે વૈયાવચ્ચ કરવાથી પ્રથમ દર્શન પ્રતિમા કહેવાય છે. ગાથા ૩-૪.

પાંચ અણુવ્રતને ધારણ કરવાવાળો, અતિચાર રહિતપણે વ્રતોને વિષે રાગવાળો, અને અતિચાર રહિત વીતરાગના વચનોની સેવના રૂપ આ બીજી વ્રત પ્રતિમા શાસ્ત્ર સુપ્રસિદ્ધ છે. ગાથા ૫.

આત્મ વીર્યોલ્લાસથી શુદ્ધ ચાંદીના તેજ સરખું વિધિ પૂર્વક સમ્યક્ રીતીએ અનેક વખત સામાયક કરવું તે સામાયક પ્રતિમા છે. પાંચ પર્વોને વિષે પોષધમાં નિયત કરેલ ક્રિયાઓને વિશુદ્ધપણે કરવા પૂર્વક પોષધ પ્રતિમાનું પાલન થાય છે, કે જે પ્રતિમા યતિભાવને સાધવામાં પવિત્ર પરિણામવાળી અર્થાત્ નિરવદ્ય પરિણામવાળી આ પોષધ પ્રતિમા છે. ગાથા ૬-૭.

ચોથી પડિમા એટલે પ્રતિમા અર્થાત્ કાયોત્સર્ગ પ્રતિમા છે. આ પ્રતિમા ધારણ કરનારને પાંચ માસની મર્યાદાએ કાઉસગ્ગમાં રહેવાનું હોય છે. સ્નાનાદિ ક્રિયાએ કરીને રહિત પર્વોને વિષે રાત્રિ-પ્રમાણ કાયોત્સર્ગ-ધ્યાનાદિમાં રહેવાનો નિયમ આ પ્રતિમામાં છે. ગાથા ૮.

સ્નાનાદિક ક્રિયાને વર્જનારો, પ્રકાશમાં જમનારો અર્થાત્ રાત્રિ ભોજનનો ત્યાગી, કચ્છ નહિં બાંધવો અર્થાત્ પહેરવાના ધોતરની કાછડીને છુટી રાખનારો, દિવસના સર્વથા બ્રહ્મચર્ય પાળનારો તથા રાત્રિના બ્રહ્મચર્ય-પાલન કરવાના પરિણામવાળો, કષાય-રાગાદિના પ્રતિપક્ષ ક્ષમા-માર્દવાદિ ગુણ યુક્ત, પંચ-મંગળ-મહાશ્રુત-સ્કંધ-નવકાર મંત્રાદિ જાપનું સ્મરણ કરનારો, શાસ્ત્ર વિહિત ક્રિયા કરવામાં અપ્રમાદિ-આત્મા અબ્રહ્મને વર્જવાવાળો અને વિશેષે કરીને રાત્રિએ પણ બ્રહ્મચર્યનું સેવન કરનારો છ માસની મર્યાદાવાળી અબ્રહ્મવર્જન પ્રતિમાનું પાલન કરે છે. એવી રીતે યાવજ્જીવને માટે અબ્રહ્મની વર્જના કરવા પૂર્વકના પણ જે પરિણામ થાય અને તે પરિણામને અનુસરતી પ્રવૃત્તિરૂપ શ્રાવક ધર્મ પણઅનેક પ્રકારનો જણાવ્યો છે. જુઓ ગાથા ૯-૧૦ ૧૧.

આ રીતિએ અબ્રહ્મના વર્જનમાં વિશેષ તત્પર થયેલો શ્રાવક સાતમી સચિત્ત વર્જન નામની પ્રતિમાનું પાલન સાત માસ પર્યંત કરે છે. આ પ્રતિમામાં સચિત્તનું પરિવર્જન અને પ્રાસુક અર્થાત્ અચિત્ત પદાર્થોનો પરિભોગ જરૂરી પડતો કરવાનો હોય છે. જેવી રીતે અબ્રહ્મના પરિવર્જનની પ્રતિમાના સેવનથી યાવજ્જીવનું અબ્રહ્મ સેવનનો ત્યાગી બને છે તેવી રીતે સચિત્ત પરિવર્જનનો અભ્યાસી ક્રમશઃ યાવજ્જીવનો સચિત્ત પરિહાર કરે છે અર્થાત્ સચિત્ત પરિહારની પરિણતિવાળો અને પ્રવૃત્તિવાળો થાય છે. ગાથા ૧૨-૧૩.

એવી રીતે નિશ્ચે કરીને સાવદ્યના ત્યાગપૂર્વક પોતે આરંભના ત્યાગનું પાલન આઠ માસ સુધી કરે અર્થાત્ પોતે આરંભ કરે નહિ પરંતુ બીજા પાસે પણ ઉપયોગપૂર્વક આરંભ કરાવવામાં કાળજી રાખે. તેજ પ્રમાણે પ્રેષણ નામની નવમી પ્રતિમામાં પોતે આરંભનો ત્યાગ કરે અને બીજાને મોકલીને અર્થાત્ બીજા પાસે આરંભ નહિ કરવાનો અભિગ્રહ= નિયમ નવ માસ સુધીનો પાલન કરે છે. આ પ્રતિમાની પૂર્વે કથન કરેલી પ્રતિમાઓની સર્વ ક્રિયાના પાલનપૂર્વક આ પ્રતિમામાં ઉપરના નિયમનું પાલન કરે છે.

પોતાના નિમિત્તે કરેલ આહારના વર્જનરૂપ અને સ્વાધ્યાય ધ્યાનાદિ પ્રધાન-યોગના સેવનરૂપ આ દશમી પ્રતિમાનું દશ મહિના સુધી સેવન કરવાનું હોય છે. અને છેલ્લી અગીઆરમી પ્રતિમા સાધુપણાનું આચરણ કરવારૂપ છે. તે પ્રતિમા અગીઆર માસ પર્યંતની છે, અને આ અંતિમ શ્રમણભૂત પ્રતિમાને વિકલતા-રહિતપણે સેવન કરવામાં ઉજમાળ રહે. જુઓ ગાથા ૧૪-૧૫-૧૬-૧૭.

ઉપર જણાવેલી અગીઆર પ્રતિમાઓનું સેવન કરીને કોઇ ભવ્યાત્મા પુનીત પ્રવ્રજ્યાને અંગીકાર કરે છે, અગર તો ગૃહસ્થાશ્રમમાં રહે છે. તે તે ભાવની=તે તે પરિણામની વિચિત્રતાએ કરીને નિશ્ચે વિશુદ્ધિવાળો દીક્ષિત થાય છે, અને સંક્લેશતાને અનુસરવાવાળો ગૃહસ્થપણામાં રહે છે; અને તેથીજ ગ્રન્થકાર

જણાવે છે કે **आसेविऊण एयं कोई पव्वयइ तह गिही होई ।** ઇત્યાદિ.

શ્રાવક ધર્મને પામ્યા પછી ઉત્તરોત્તર અસંખ્યાત કર્મની સ્થિતિનો ક્ષયોપશમ થયો હોય અર્થાત અસંખ્યાત કર્મોથી રહિત થયા પછીજ જીવોને વિશુદ્ધિ પરિણામવાળી વિશુદ્ધિને કરવાવાળી આ પ્રશસ્ત પ્રતિમાઓ=અભિગ્રહવિશેષો થાય છે. આ દશમી પ્રતિમા-વિંશિકાના ઉપસંહારમાં જણાવે છે કે આ પ્રતિમાઓને સેવન કરનારા નિયમા ભાવથી દેશવિરતિપણું અર્થાત ભાવ-શ્રાવકપણું પામેલા અને આગળ વધીને સર્વ-વિરતિને સ્વીકારવાળા થાય છે.

૧૧. યતિધર્મ વિંશિકા.

ચરમાવર્તમાં આવેલો ભવ્યાત્મા અનુક્રમે ધર્મના બીજને, સમ્યકત્વ ધર્મને, દાનધર્મને, પૂજ્ય ભગવંતોની પૂજાને, શ્રાવક ધર્મને અર્થાત્ લાખો ભાંગાવાળી દેશવિરતિના દેશતઃ વ્રત-નિયમને, અને શ્રાવક-ધર્મની કસોટીરૂપ પ્રતિમાઓનું પાલન અને એ પાલનમાં પરિપૂર્ણ ઉત્તીર્ણ થયેલ યતિધર્મનું સેવન કરવા ભાગ્યશાળી બને છે. અને તેથીજ આ વિંશિકામાં યતિધર્મનું સંક્ષેપથી સૂચન કરાય છે.

ક્ષાન્તિ-માર્દવ આદિ દશ પ્રકારનો યતિધર્મ છે, તે દશવિધ ધર્મમાં ક્ષાન્તિના પાંચ પ્રકાર જણાવે છે. ૧ ઉપકાર ક્ષમા, ૨ અપકાર ક્ષમા, ૩ વિપાક ક્ષમા, ૪ વચન ક્ષમા અને ૫ ધર્મ ક્ષમા. અનુક્રમે પ્રથમની ત્રણ ક્ષમા લૌકિક અને ચોથી તથા પાંચમી ક્ષમા લોકોત્તર માર્ગમાં યતિઓને સાપેક્ષપણે હોય છે એવી પ્રસિદ્ધી છે.

બાર પ્રકારના કષાયનો ક્ષય કે ઉપશમ થવાના યોગથી જે યતિધર્મ થાય છે, તે યતિ-ધર્મમાં યતિઓને છેલ્લી બે ક્ષમાઓ હોય છે. જુઓ ગાથા ૧-૨-૩-૪.

સંજ્વલન કષાયના ઉદયથી સર્વે અતિચારોનો સદ્ભાવ હોય છે, પણ જે કષાયમાં કાંઈક જ્વલનપણું છે તેવા કષાયને સાધુ આધીન પણ થાય છતાં તેવા સાધુઓને અપકારની અપેક્ષા કયાંથી હોય, અર્થાત્ નજ હોય.

છઠ્ઠા ગુણસ્થાનકમાં વર્તતા યતિના યતિધર્મને ભયંકર ભવાટવી અથવા દુર્ઘટ કિલ્લો ઓળંગવા જેવો કહેલો છે, અને તેથી તે મુનિને લોક ચિન્તા હોતીજ નથી. આજ ગાથાના ભાવાર્થને શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીએ સાડી ત્રણસો ગાથાના સ્તવનમાં અને અષ્ટકજીનાં શ્લોકમાં પ્રતિપાદન કરેલ છે, તે વિસ્તારથી વિંશિકા રહસ્યમાં વિચારશું. અને તેથીજ નિયમા નિશ્ચે કરીને સર્વ આશ્રવથી નિવૃત્ત થયેલા યતિજનોને પ્રથમ વચન ક્ષમા અને પછી ધર્મ ક્ષમા હોય છે. જુઓ ગાથા ૫-૬-૭.

એવી રીતે પૂર્વે જણાવેલા ક્ષમાના પાંચ પ્રકારો છે. તેવીજ રીતે માર્દવ આર્જવ અને નિર્લોભતાના પણ ઉપકાર, અપકાર, વિપાક વચન અને ધર્મ એ પાંચ પાંચ પ્રકારો જાણવા. અને પૂર્વે કહેલ દૃષ્ટાન્ત વડે યતિઓને અહિંઆ લોકોત્તર એવા છેલ્લા બે પ્રકાર વચન અને ધર્મરૂપ નમ્રતા, સરળતા અને સંતોષ હોય છે. ગાથા ૮.

આ પ્રમાણે ધર્મના ક્ષમાદિ ચારે પ્રકારોને વિભાગશઃ જણાવ્યા બાદ હવે તપનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

આ લોક અને પરલોકના ફળની અપેક્ષા રાખ્યા વગર અણુ અણુસાદિ બારે પ્રકારના વિવિધ અનુષ્ઠાનો છે, કે જેનું સેવન કરવાથી શુદ્ધ નિર્જરા ફલ ઉત્પન્ન થાય છે અને તે તપો ધર્મ જાણવા લાયક છે. ગાથા ૯.

પ્રાણાતિપાત પાંચ આશ્રવદ્વારનો નિરોધ, પાંચ ઇન્દ્રિય, ચાર કષાય અને મન, વચન-કાયા એ ત્રણ દંડનો નિગ્રહ એ સત્તર પ્રકારનો સંયમ પ્રેક્ષાદિ યોગ કરણું અર્થાત પ્રતિ-લેખનાદિ દશવિધ-ચક્રવાલ સમાચારીપૂર્વક સેવન કરવું તે સર્વ સંયમ ધર્મ જાણવો. ગાથા ૧૦.

ગુરૂ ભગવંતો અને સૂત્રાર્થ રહસ્ય પૂર્વક પોતાના શાસ્ત્ર સિદ્ધાન્તથી અનુજ્ઞિત હોય, હિતકર, પ્રમાણોપેત અને બીજાને પીડા કરનાર ન હોય એવું પ્રિયકર જે બોલવું તેનેજ નિશ્ચયથી સત્ય ધર્મ જાણવો અર્થાત આવો સત્ય ધર્મ યતિવર્યોને હોય છે. ગાથા ૧૧.

આલોચનાદિ દશ પ્રકારના પુનીત જલથી પાપરૂપી પંકને વિધિપૂર્વક શોધવું તે દ્રવ્ય-શૌચ છે, કે જે દ્રવ્ય શૌચથી યુક્ત હોય તે શૌચ યતિજનોને પ્રશંસનીય છે. સંવરની સર્વ કરણીઓને દ્રવ્ય શૌચ અને નિર્જરાની કરણીને ભાવ શૌચ પણ એક સ્થળે જણાવેલો છે. ગાથા ૧૨.

પક્ષીઓ જેમ પોતાના જીવન નિર્વાહ માટે મેળવીને સંતોષ પામે છે તેવી રીતે પક્ષીની ઉપમાને અનુસરવાવાળા યતિવર્યોએ ધર્મોપકરણને વિષે અત્યંત લોભનો ત્યાગ કરીને અર્થાત સંતોષ ધારણ કરીને વસ્તુનું અગ્રહણ તે અકિંચન નામનો ધર્મ કહેલો છે. ગાથા ૧૩.

મનમાં વર્તતા બ્રહ્મચર્યના વિશુદ્ધ વિષયના વિચારોમાં જે મૈથુનસંજ્ઞાના વિજય વડે અને પાંચ પ્રકારની પરિચારણા (કાય-સ્પર્શાદિ પાંચ પ્રકારે અબ્રહ્મનું સેવન કરવું તે)ના ત્યાગથી જે બ્રહ્મ થાય છે તેનેજ શાસ્ત્રકારોએ અતિ વિશુદ્ધ બ્રહ્મચર્ય ધર્મ કહેલો છે. કાય, સ્પર્શ, રૂપ, શબ્દ તથા મનથી અહીં મૈથુન વિષયમાં પાંચ પ્રકારના પ્રવિચાર છે. આ પાંચ પ્રકારના પ્રવિચારમાં પરાધિન પડેલા આત્માને રાગથી મૈથુનનો સંબંધ મોહોદયે કરીને થાય છે, તે સર્વને શાસ્ત્રકારો રતિફલ કહે છે. એના અભાવમાં અર્થાત આ પાંચે પ્રકારના પ્રવિચારના અભાવમાં પણ અનુ-ત્તર વિમાનાવસિયોને બ્રહ્મચર્ય ધર્મનું સેવન થતું જ નથી, કારણ કે બ્રહ્મચર્યના પાલનમાં માનસિક વ્યાપાર નથી અને મનોવૃત્તિના અદ્વિ-તીય કારણ ભૂત વિશુદ્ધ આશયનો અભાવ છે. બ્રહ્મચર્યને ધારણ કરનાર તીર્થંકર ભગવન્તોએ સર્વ અનુષ્ઠાનોમાં શ્રેષ્ઠપણે બ્રહ્મચર્યને વર્ણવેલું છે, અને તેથી તે બ્રહ્મચર્ય વિષયક ક્ષયોપશમ અને માનસિક વ્યાપાર=મનોવૃત્તિ તેમાં=બ્રહ્મ-ચર્યમાં હોય છે. ઉપર કહ્યા પ્રમાણે અતિ વિશુદ્ધ આશય યુક્ત જે કોઇ નિશ્ચય કરીને મનનો નિરોધ કરે છે તેને પણ શાસ્ત્રમાં પર-માર્થથી યથાર્થ બ્રહ્મ કહેલું છે. જુઓ ગાથા. ૧૪-૧૫-૧૬-૧૭-૧૮.

આ રીતિએ શાસ્ત્ર કથિત યુક્તિઓને અને સૂત્રાર્થ રહસ્યને નીતિથી પંડિત પુરૂષોએ વિચારવા લાયક છે. એટલુંજ નહિં પણ સ્વ-સમય-પરસમય સંબંધવાળો સર્વ સૂત્રાર્થ મોક્ષના અભિલાષીઓએ વિચારવા લાયક છે. ગાથા ૧૬.

શ્રુત-સિદ્ધાન્ત રૂપ શાસ્ત્રોમાંથી સંક્ષેપ રૂપે અતિ મહાન્ અર્થથી ભરપૂર એવો આ યતિધર્મ મન્દ-બુદ્ધિવાળા જીવોને બોધ કરવાને માટે અસદ્-આગ્રહથી રહિતપણે વર્ણન કર્યો છે. ગાથા ૨૦.

૧૨. શિક્ષા-વિંશિકા.

યતિ-ધર્મમાં સ્થિત થયેલ આ યતિવર્યોને બે પ્રકારની ગ્રહણ શિક્ષા અને આસેવન-શિક્ષા જાણવા લાયક છે. પ્રથમ ગ્રહણ શિક્ષા સૂત્રાર્થ વિષયરૂપી અને બીજી અનુષ્ઠાનના વિષયવાળી છે. ગાથા-૧.

જેવી રીતે ચક્રવર્તીને છ ખંડનું સામ્રાજ્ય મેળવીને તુચ્છ-ક્રિયાને વિષે અર્થાત્ તુચ્છ ક્રિયાઓના સેવનની બુદ્ધિજ થતી નથી. તેમજ આ યતિવર્યને ધર્મ-સામ્રાજ્ય પામ્યા પછી તેમને પણ ક્ષુદ્ર ક્રિયામાં રસ થતોજ નથી. ગાથા-૨.

જેમ ચક્રવર્તીને રાજ્ય પાળતાં કાળ સુખપૂર્વક જાય છે તેવી રીતે આ પુણ્યવાન્ સાધુને પણ સમ્યક્ પ્રકારે બન્ને શિક્ષાના સેવનમાં કાળ સુખપૂર્વક નિર્ગમન થાય છે. ગાથા-૩.

તેથી નિરૂપમ સુખના હેતુ સ્વરૂપ આ બંને શિક્ષાને અર્થાત્ આ બંને શિક્ષાને પ્રધાનદુગપણે જાણવી. અહીંઆ પણ અર્થાત્ આ ભવમાં ઐહિક સુખ-સંભોગ સાધનની અનુકુળતા, ભવાન્તરમાં દેવપણું અને પરંપરાએ પ્રશમસુખની પ્રાપ્તિ થાય છે. ગાથા-૪.

મૃગેન્દ્રવૃત્તિને ધારણ કરવાવાળા સિંહ સમાન શ્રમણ ભગવંતોને શિક્ષાદુગના સેવનમાં જે પ્રીતિ થાય છે, તેવી રીતે હા ઇતિ ખેદે ચક્રવર્તીઓને પણ નિશ્ચય કરીને નિયમા પોતાના કાર્યમાં પ્રીતિ થતીજ નથી. ગાથા-૫.

જે યતિવર્ય પરમ મંત્રરૂપ સૂત્રને ભાવ-પૂર્વક વિધિપુરસ્સર ગ્રહણ કરે છે, તેવા યોગ્ય આ યતિવર્યને પણ પ્રાપ્ત થયેલ યતિ-ધર્મ રૂપ બીજને નવપલ્લવિત કરવામાં મધુર પાણીના ભોગ સરખો આ યોગ છે. ગાથા-૬.

સૂત્રગ્રહણના યોગ્ય પર્યાયને પામીને સાધુઓ કાલ ગ્રહણાદિ યોગના અનુષ્ઠાન વડે સુગુરૂઓ પાસેથી ઉદ્દેશ અધ્યયનાદિ અનુક્રમ-યુક્ત સૂત્ર ગ્રહણ કરે છે તેને ગ્રહણ વિધિ અર્થાત્ ગ્રહણ શિક્ષાનો પ્રકાર કહે છે. ગાથા-૭.

આ સૂત્રની દાનવિધિમાં વિશેષે કરીને સૂત્રનો દાતા ગુરૂ હોય અથવા ગુરૂ મહારાજથી આદેશ કરાયેલો કોઈ પણ અખંડ ચારિત્ર યુક્ત સૂત્રનો દાતાર હોય. ગાથા-૮.

અનુક્રમે તે તે સૂત્રના અર્થ ગ્રહણમાં પણ આ વિધિ જાણવો, અને તેવી રીતે જીવના પરિણામ અને પર્યાયની યોગ્યતા પણ સમજવી અર્થાત્ સૂત્ર ગ્રહણ વિધિ પ્રમાણે સમજવી. સૂત્રાર્થ ગ્રહણ પૂર્વે મંડળી=જે સ્થળે સૂત્રાર્થ ગ્રહણ કરાય તે સ્થાન) નો કાળે કાઢી બે નિષદ્યા=ગુરૂ અને સ્થાપનાચાર્યને બિરાજમાન કરે, અને શિક્ષાને અનુસરે. વંદન, કાયોત્સર્ગ, દ્વાદશાવર્ત વંદન, યથાજ્યેષ્ઠવંદન, ઉપયોગ, સંવેગરંગમાં ઝીલવું, સ્થાન, પ્રશ્ન; ઇત્યાદિને પણ વિવેક પૂર્વક વિચારવું. સૂત્રાર્થમાં કહ્યા પ્રમાણે

જેવી જેવી રીતે આસેવન કરવાનું કહ્યું છે તેવી તેવી રીતે આસેવન કરે અને ગ્રહણ શિક્ષા પૂર્વક ઉચિતતા પ્રમાણે સમસ્ત ઉપધિનું પ્રતિલેખનાદિ પણ કરે. જુઓ ગાથા ૯-૧૦-૧૧-૧૨.

પ્રતિપત્તિરહિત જીવોને=આસેવન શિક્ષા રહિત જીવોને નિશ્ચયે કરીને સૂત્ર માત્ર અર્થાત્ સૂત્રાર્થ માત્ર ઉપકારક થતાં નથી, કારણ કે જેવી રીતે રોગીનો રોગ ઔષધના શ્રવણથી અર્થાત્ ઔષધના શ્રવણ ગ્રહણ માત્રથી નાશ પામતો નથી, પરંતુ સેવનથી નાશ પામે છે. તેવી રીતે આસેવન શિક્ષાનું રહસ્ય વિચારવું. કલ્યાણનો અર્થી આ આત્મા સૂત્રાર્થથી પરિણામને વિચારવા પૂર્વક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સર્વ આચરે છે. કહેવાતો સત્ય ભેદ-અર્થાત્ કહેવાતો સત્ય પ્રકાર પણ જો મોક્ષ માર્ગને બાધક હોય તો તે અયોગ કહેવાય છે, અને આવો અયોગ નિયમે કરીને દારૂણ-વિપાકને દેવાવાળો થાય છે, કારણ કે પાક (શતપાક-સહસ્રપાક) ક્રિયાને અનુસરતું સુપ્રસિદ્ધ દૃષ્ટાન્ત જેવી રીતે અહીં ઘટી શકે તેમ વિચારવું; અર્થાત્ કહ્યા પ્રમાણે ન કરતાં ઉલટું સુલટું કરવાથી લાભને બદલે નુકશાન થાય છે. આ સ્થળે કહેલ દૃષ્ટાન્ત ઉપનયાદિ વિંશતિ વિંશિકા રહસ્યમાં વિસ્તારથી વિવેક પૂર્વક જણાવ્યા છે માટે અર્થિઓ તે અવસરે વિચારવા ધ્યાન રાખવું. ગાથા ૧૩-૧૪.

જેવી રીતે રોગ નાશ પામે તેનો તાલાવેલીમાં તલ્લીન થયેલ રોગીને દુષ્કર એવી ચિકિત્સાદિ ક્રિયાઓ પણ સુખના હેતુભૂત થાય છે. તેવી રીતે અહીં યતિધર્મમાં યતિ વર્યને નિશ્ચયે કરીને આસેવન શિક્ષા પણ સુખને માટે થાય છે. ગાથા ૧૫.

આસેવન શિક્ષામાં ઓતપ્રોત થયેલા આવા મુનિવર્યનું જે સમ્યગ્જ્ઞાન તે નિશ્ચયે કરીને તત્ત્વસંવેદન જ્ઞાન કહેવાય છે, અને આથી બીજા દર્શનકારોએ પણ આ પ્રસંગમાં ઋષિભાષિત વિદ્ય-વૈદ્ય-સંવેદ્ય આદિ પદોથી સંબોધેલા છે. ગાથા ૧૬.

આવા સાધુ ભગવન્તોને (યતિધર્મમાં) નિશ્ચય રીતે પ્રીતિ અને પછી ભક્તિ થાય છે. અને તે પછી આગળ માત્ર હેતુ છે જેમાં તેને વચન અનુષ્ઠાન કહેવાય છે, તથા અનન્તર એકાન્ત=કોઇના પણ આલંબન વગર થતું અનુષ્ઠાન તે અસંગ અનુષ્ઠાન થાય છે. યતિઓને ઉપર જણાવેલાં ચારે અનુષ્ઠાનો બીજાઓએ પણ વર્ણવ્યાં છે, અને તે નિશ્ચયે કરીને પ્રીતિ-ભક્તિગત અને આગમ-અસંગગત છે. આવાં આહાર-ઉપાધિ-શય્યા વિષયમાં નિયમથી યતિ સંયમવાળો હોય છે. અને આથી સમ્યક્ પ્રકારે અનઘ=નિષ્પાપ ચારિત્રકાયવાળો થાય છે. ઉપર કહ્યા પ્રમાણેની આ શિક્ષાઓનું સેવન નહિં કરનારનો અગર વિરૂદ્ધ વર્તવાવાળાનો દેહ યતિધર્મના યોગ્ય લાભને પામી શકતો નથી કારણ કે યતિવર્યનો દેહ તે ધર્મદેહ કહેવાય છે. અર્થાત્ યતિના દેહદ્વારા ધર્મ થવો જ જોઇએ. જુઓ ગાથા ૧૭-૧૮-૧૯-૨૦.

૧૩. ભિક્ષાવિધિ-વિંશિકા.

યતિધર્મમાં સ્થિત થયેલો સાધુ ગ્રહણ આસેવન શિક્ષાનું પુનઃ પુનઃ સેવન કરનારો હોય. સાધુનો દેહ ધર્મદેહ છે અર્થાત્ સાધુના દેહથી ધર્મ જ થવો જોઇએ એવું પૂર્વે જણાવી ગયા તેથી આ વિંશિકામાં સાધુઓએ પોતાના દેહનું વિધિપૂર્વક ભિક્ષા દ્વારાએ

પોષણ કરવું શ્રેયસ્કર છે. તેથી આ વિંશિકામાં યતિવર્યો માટે ભિક્ષાનું નિરવદ્ય-વિધાન કથન કરાય છે.

આ મહાનુભાવ યતિવર્યને બેતાલીસ દોષ રહિત પરિશુદ્ધ આહારાદિ ગ્રહણ કરવો. સોળ દોષો ઉદ્ગમના અને સોળ દોષો ઉત્પાદનના છે. અનુક્રમે ઉદ્ગમના સોળ દોષ અને ઉત્પાદનના સોળ દોષ જણાવીને સંકિત આદિ એષણાના દશ દોષો જણાવે છે. અને ઉપર જણાવેલા બેતાલીસ દોષથી રહિત આહારરૂપ પિંડ ગ્રહણ કરવાની આજ્ઞા જિનેશ્વર ભગવંતોએ આપેલી છે, અને ગ્રહણ કરેલા પિંડને (આહારના) ભોગકાલે પણ સંયોજણાદિ પાંચ દોષો વર્જવા જરૂરી છે. દ્રવ્યાદિ સંયોજણાદિ પાંચ દોષને સક્ષેપથી જણાવે છે. જુઓ ગાથા. ૧ થી ૯ સુધી.

સાધુ ભગવન્તો છ કારણે આહારાદિ ગ્રહણ કરે છે. ૧ ક્ષુધાની વેદના શાન્ત કરવા માટે, ૨ વડીલોના વૈયાવચ્ચ કરવા માટે, ૩ ઇર્યાસમિતિ શોધવા માટે, ૪ સંયમ સ્થાનના સેવન માટે, ૫ પ્રાણના રક્ષણ માટે, અને ૬ ધર્મની ચિન્તવનાદિ માટેજ સાધુઓ આહાર ગ્રહણ કરે છે. વસ્ત્રાદિ પણ આધાકર્માદિક દોષથી દુષિત હોય તો પણ વિશેષે ત્યાગ કરવા લાયક છે. આથી યતિધર્મસેવનમાં યથા સંભવ દોષો થતા હોય તેની યોજના કરીને જણાવેલા જરૂરી છે. જુઓ ગાથા-૧૦-૧૧.

અહીં ભિક્ષા વિધિમાં પાત્ર ભેદથી અભિગ્રહ પ્રધાન એષણાઓ હોય છે. તે એષણા સાત પ્રકારે અને ચાર પ્રકારે પ્રકટ છે. અને બીજા પણ શાસ્ત્રથી અવિરૂદ્ધ ભેદો પણ જાણવા લાયક છે. સંસકત-અસંસકત આદિ સાત એષણાઓ અને ઉદ્દિષ્ટ આદિ ચાર એષણાઓ ક્રમશઃ નામપૂર્વક આહારની અને વસ્ત્રની પણ વીતરાગ ભગવન્તોએ પ્રરૂપેલી છે. વસતિ પણ આધાકર્માદિ દોષ રહિત મૂલ દ્રવ્યની અપેક્ષાએ પોતે તપાસીનેજ ગ્રહણ કરવી. તેથી વસતિ પણ સ્ત્રી, નપુંશક પશુ રહિત હોય તો તે શાસ્ત્રવિહિત સંપૂર્ણ શુદ્ધિવાળી જાણવી. અને બીજાને પીડા ન થાય તેવી રીતે અવગ્રહ પૂર્વક તે વસતિને શુદ્ધ જાણવી અર્થાત્ પૂર્વકથિત વિધિ શુદ્ધ વસતિ ગ્રહણ કરવી. જુઓ ગાથા ૧૨-૧૩-૧૪-૧૫-૧૬.

મમતા રહિત યતિવર્યોને નિશ્ચયે કરીને વિધિ પરિભોગથી વસતિની પણ શુદ્ધિ સમજવી. અર્થાત્ વસતિ શુદ્ધ હોય તોજ ભોગવવા લાયક છે. નહિંતર ગૃહસ્થે ગ્રહણ કરેલા ઘર જેવી વસતિ સમજવી એવી રીતે આહારાદિને વિષે (આહાર-વસ્ત્ર-પાત્ર વસતિ વિગેરેમાં) મમત્વ રહિત યતિવર્યને ભાવથી પ્રયત્નવાળો થતાં નિયમા કરીને ધર્મ દેહના આરોગ્યપણાથી નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે. આવો મુનિવર્ય આહારાદિની અશુદ્ધિને જાણે છે અને સૂત્રમાં કહ્યા પ્રમાણે આહારાદિકને વિષે પણ પિંડેષણામાં કથન કરેલ વિધિપૂર્વક નિયમોને સમ્યક્ પ્રકારે ઉપભોગવાળા થાય છે. જુઓ ગાથા ૧૭-૧૮-૧૯-૨૦

૧૪-તદંતરાયશુદ્ધિ-વિંશિકા.

શાસ્ત્રોના વિધિ-વિધાનને અનુસરીને કહેલી રીતિ નીતિથી ભિક્ષા ગ્રહણ કરવા નીકળેલા મુનિવર્યોને તદંતરાય=ભિક્ષાવિષયક આવો પડતાં અંતરાયોની શુદ્ધિ કેમ કરાય છે તે આ વિંશિકામાં જણાવાય છે.

ભિક્ષાએ જતો મુનિવર્ય યોગાન્તર=એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં જવાની ઇચ્છાવાળો પરિશુદ્ધિને માટે ગુરૂવર્યની પાસે ઉપયોગ કરે છે. યતિવર્યોને સામીપ્યમાં=તજ્જકમાં આ સૂત્ર-અર્થ રહસ્ય આદિનો યોગ હોય છે, અર્થાત્ સૂત્રાદિ યોગમાં તલ્લીન થયેલો યતિ દાતાર અને દેહના ઉપકારાર્થે કાલાદિની અપેક્ષાઓ વિવેકપૂર્વક ધ્યાનમાં લે છે. તેમાં પણ ભિક્ષામાં પ્રવર્તતી વખતે ભિક્ષાના અંતરાયની શુદ્ધિ માટે, માર્ગમાં વિહાર કરવા માટે, સૂત્રના યોગ માટે અને ત્રણ યોગના ઉપયોગમાં સ્થિર રહેવા માટે ગુરૂ વર્યોની આજ્ઞા માંગે છે. જુઓ. ગાથા-૧-૨-૩.

પોતાના ગુરૂ સમુદાયે કરી યુક્ત, મન, વચન કાયાદિ ત્રણ યોગે કરી સહિત નિમિત્ત શુદ્ધિને ત્રણ પ્રકારે પરીક્ષણ કરતો અહીં મંગલ (પંચ પરમેષ્ઠિ ભગવંતોના સ્મરણ રૂપ) નું ચિન્તવન કરે છે. આ નિમિત્તોની અશુદ્ધિ હોય તો ચૈત્યવંદન, તેથી પણ શુદ્ધ ન થાય તો કાયોત્સર્ગ વિગેરેમાં ઉપયોગવંત થાય. શુકન શુદ્ધ હોય તો ગોચરી=ભિક્ષા માટે ગમન કરે અને અશુદ્ધ હોય. તો તે દિવસે ન જાય. શુદ્ધિમાં પણ અહીં=ભિક્ષા સમયે અંતરાય રૂપ પ્રતિષેધકો અથવા અન્તરાયના પ્રતિષેધકો હોય છે, અને નિશ્ચયે કરીને આહારના આ સાધક યોગો ધર્મને માટે થાય છે. જુઓ. ગાથા-૪-૫-૬.

૧૫. આલોચના-વિંશિકા.

ભિક્ષાદિને વિષે એવી રીતે પણ=ઉપર કહ્યા પ્રમાણે પ્રયત્નવાળાને પણ પ્રમાદાદિ દોષોને લીધે અતિચારાદિ લાગે છે, અને તે તે લાગેલા અતિચારોને આલોચના વિગેરેથી મુનિ શુદ્ધિ કરે છે. (તેથીજ આ વિંશિકામાં આલોચનાના અધિકાર જણાવાય છે) ગાથા-૧.

આલોયણના અર્થિ આત્માને પંદર દિવસે અને ચાર મહિને નિયમા આલોયણા દેવી, અને પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહોને નિવેદન કરીને નવાં અભિગ્રહને ગ્રહણ કરે. ગાથા ૨.

પોતાના દોષનું કથન કરવું=સરળ ભાવે બનેલા દોષોને યથાર્થ રીતિમાં જણાવવું એ ભાવનું પ્રગટપણું છે, અને આથીજ આલોચનાનું ગ્રાહ્યપણું છે. ગુરૂ મહારાજથી લેવા લાયકની આ આલોચના સુવૈદ્યના દ્રષ્ટાંતથી જાણવા લાયક છે. ગાથા ૩.

જેવી રીતે વૈદ્ય માત્રને દોષનું કથન (રોગ સંબંધીના) સુંદર હોતું નથી, પરંતુ સુવૈદ્યને રોગનું કથન સુંદર થાય છે. તેવી રીતે ભાવ દોષમાં સુવૈદ્યને સ્થાને સુગુરૂ જાણવા ગાથા ૪.

જેવી રીતે સુવૈદ્ય વિધિવિધાનથી રોગીને આરોગ્યવાન કરે છે તેવી રીતે ચારિત્રદ્વારાએ આરોગ્ય કરનાર સુગુરૂ જાણવા. જેની સમીપે ભાવરોગીઓને વિધિપૂર્વક પામી ભાવ આરોગ્યને કરે છે. તે ગુરૂ ભાવ રોગ મટાડવામાં સિદ્ધ કર્મ=સફળ કાર્ય સિદ્ધ કરનાર વૈદ્ય સમાન જાણવા. ગાથા ૫-૬.

પૂર્વે જણાવેલ આવા (સિદ્ધકર્મ જેવા) બધા પણ ન હોય તો પણ ધર્મના પ્રભાવથી આલોચન વિષયમાં સિદ્ધકર્મવાળા વૈદ્યની જેમ વિધિપૂર્વક પ્રયત્ન કરવા લાયક છે. આવો આલોચનાનો દાતાર પણ નિશ્ચયે કરીને ગીતાર્થાદિ ગુણ સંયુક્ત હોય અને વિશેષે કરીને

ધર્મ કથા દ્વારાએ આકર્ષણ કરનાર હોય તે ગુરૂ વિશિષ્ટ કહેવાય છે. વળી ધર્મ કથા કરવામાં ઉદ્યમી, ભાવ=બાલ-ગ્લાનાદિ ભાવને જાણનારો, ચારિત્રમાં પરિણત, સંવેગ વૃદ્ધિને કરનારો, સમ્યક્ પ્રકારે સૌમ્ય, અને ઇન્દ્રિયો-મનના વિકારથી પ્રશાન્ત હોય. ગાથા ૭-૮-૯.

ઉપર જણાવેલા ગુણવન્ત ગુરૂની પાસે નિયમા સંવેગ રંગથી રંગાઇને ફરી નહિ કરવાના ભાવથી પ્રમાદાદિ દુષ્ચરિત યતિજનોને પ્રકાશવા લાયક છે. ગાથા ૧૦.

જેવી રીતે બોલતો બાળક કાર્ય-અકાર્યને સરળ ભાવે બોલી જાય છે. તેવી રીતે માયા મદથી વિશેષ મુકાયલા આલોચનાના અર્થીને (દુ-ચરિતની) તેની આલોચના કરવા લાયક છે. ગાથા ૧૧.

કેટલાક આચાર્યો પ્રાયશ્ચિતમય-આલોયણ કરેલ હોવાની જ્ઞાનાવરણીયાદિ કર્મોની શુદ્ધિ થાય છે, અર્થાત્ આલોયણ એજ પ્રાયશ્ચિત કહે છે, જેથી કરીને તે યુક્ત નથી કારણ કે શલ્યે કરીને સહિત વ્રણ=ગુમડું અને રૂઝ આવવા સરખું અનુક્રમે આલોયણ પ્રાયશ્ચિત છે. ગાથા ૧૨.

નિશ્ચયે કરીને માયાદિ ત્રણ પ્રકારે શલ્યો એજ દોષો છે અને તે સર્વેનો ગુરૂ સમીપે પ્રયત્નથી ઉદ્ધાર કરવા લાયક છે. દુષ્પ્રયોગ કરેલ તે શાસ્ત્ર, તે વિષ, તે વૈતાલ, તે યંત્ર અને પ્રમાદથી ક્રોધી થયેલ તે શત્રુ જે નુકશાન કરતો નથી તે નુકશાન નહિં ઉદ્ધરેલ ભાવ શલ્ય કરે છે. ગાથા ૧૩-૧૪.

મોક્ષ કાલને વિષે નહિ ઉદ્ધરેલું એવું જે ભાવશલ્ય તે દુર્લભ બોધિપણું અને અનંત સંસારીપણાને કરવાવાળો થાય છે. ગાથા ૧૫.

તેથી ગારવ રહિત યતિવર્યો પુનર્ભવરૂપ વેલડીના મૂલ સમાન મિથ્યાદર્શન શલ્ય, માયા શલ્ય અને નિયાણા-શલ્યને ઉદ્ધરે છે. ચારિત્ર પરિણામથી પરિણત થયેલ ધર્માત્મા કોઇપણ રીતે પ્રમાદમાં વર્તતો હોય તે જ્યાંસુધી ગુરૂ પાસે આલોચના કરતો નથી ત્યાંસુધી દુઃચરિતની અધીરાઇને દ્રઢ કરે છે અર્થાત્ આ દુશ્ચરિત્રને કયારે આલોચું અને દૂર કરૂં એમ ભાવે છે. ગાથા ૧૬-૧૭.

અતિચારે કરીને સહિત મરણના ભય-વાલાઓને જ્યારે જ્યારે દુશ્ચરિત્રનું આવર્જન થાય=સેવન થાય ત્યારે ત્યારે પ્રયત્ન પૂર્વક નિયમા સમ્યક્ પ્રકારે આલોચવું જ જોઇએ. એવી રીતે કર્મોના અનાલોચનથી અને પરિણામના અનાભોગ રૂપ હેતુઓની વિદ્યમાનતાથી પાક્ષિક ચૌમાસી આદિ પણ આલોચનાઓ વિષદવાલી થાય છે. ગાથા ૧૮-૧૯.

જેણે જેવા ભાવથી જે કાંઇ પણ સેવ્યું (દુશ્ચાસ્ત) હોય તે તો તેના કરતાં અધિક સંવેગ રંગથી તે તે આલોચવું જોઇએ. ગાથા-૨૦

૧૬. પ્રાયશ્ચિત્ત-વિંશિકા.

તથા પ્રકારના ભાવે આલોચન કરવા વડે પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે, જો એમ ન હોય તો સદા સુકૃતભાવમાં રહેવાવાળા પીઠ-અને મહા પીઠ મુનીશ્વરોને પણ બ્રાહ્મી-સુંદરી રૂપે સ્ત્રી વેદ બંધાયું ન હોત. ગાથા-૧.

અધિક શુદ્ધ પરિણામે તેને ક્ષય કરવામાં (બાંધતી વખતના પરિણામે બાંધેલ કર્મને) પ્રાયશ્ચિત હોત તો શું ખરાબ ફળ=સ્ત્રી વેદ બાંધવાનું ફળ હોય ખરૂં ?, અર્થાત સ્ત્રી વેદ ન

બંધાત. હા ઇતિ ખેદે તેથી અધિક કર્મ ક્ષય થાય તેવા ભાવથી તથા=શાસ્ત્રો રીતિએ વર્તવાથીજ મોક્ષફળ થાય છે. ગાથા-૨.

જે કારણથી પાપને છેદે છે તે કારણથી તેને પ્રાયશ્ચિત્ત કહે છે. અથવા તો પ્રાય=કરીને ચિત્તને શુદ્ધ કરે છે તેથી પણ તેને પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગાથા-૩.

સંકલેશાદિ ભેદ વડે ચિત્તની અશુદ્ધિથી પાપને બાંધે છે, અને તીવ્ર વિચિત્ર વિપાક રૂપ તે પાપને ચિત્ત વિશુદ્ધિથી દૂર કરે છે. ગાથા-૪.

કર્મ કર્યા છતાં પણ તથા પ્રકારે યોગોની સમાપ્તિમાં અર્થાત્ મન-વચન-કાયાના યોગોનું દુઃપ્રવર્તન સમાપ્ત થયો છે તે આ પ્રાયશ્ચિત્ત સંભવે છે, અને તે હેતુથી સૂત્રમાં જે રીતિએ દશ વિધ આલોચનાદિ ભેદો કહ્યા છે તે રીતિએ અત્ર જણાવાય છે. ગાથા-૫.

તે દશ પ્રકારો અનુક્રમે આ પ્રમાણે છે ૧ આલોચન, ૨ પ્રતિક્રમણ, ૩ મિશ્ર, ૪ વિવેક=ત્યાગ (પચવવું વિગેરે) ૫ કાયોત્સર્ગ, ૬ તપ, ૭ છેદ, ૮ મૂલ, ૯ અનવસ્થા અને ૧૦ પારંચિય. ગાથા-૬.

વસતિથી (ઉપાશ્રયથી) સો હાથ (ડગલાં) બહાર કાર્ય પ્રસંગે જનારને વિધિપૂર્વક ગમનાદિ વિષયવાળી અર્થાત જવા આવવામાં ઇર્યાપથિકી=ઈરિયાવહી વિગેરે કરવું તેને ગુરૂઓ આલોચના કહે છે. ગાથા ૭.

ચારિત્રના પરિણામ હોવા છતાં સહસ્સાકારથી અસમિતિ આદિ ભાવમાં આત્માનું ગમન થાય તો મિચ્છામિ દુક્કડં દેવો અને ફરી તેવું ન બને તે સારૂ પ્રતિક્રમણ અર્થાત્ અશુભ યોગથી નીકળીને શુભ યોગમાં પ્રવર્તવું તે બીજું પ્રતિક્રમણ કહેવાય છે. ગાથા ૮.

શબ્દાદિને વિષે અર્થાત્ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શાદિ વિષય-વિકારોને વિષે લેશ પણ રાગાદિ ભાવ થવાથી આલોચન અને પડિક-મણું કરાય છે તેને મિશ્ર-પ્રાયશ્ચિત્ત કહેવાય છે. અર્થાત્ ઇરિયાવહીયાદિ આલોચન અને પ્રતિક્રમણ બે ભેલાં કરાય છે તેને મિશ્ર કહેવાય છે. ગાથા ૯.

પ્રાયઃ અણેષણીય એવા અસણાદિકનું અવિધિએ ગ્રહણ કરનારને આશ્રવથી બચવા માટે સંવર વિષયક સમસ્ત પ્રકારે જે ત્યાગ તે ત્યાગને વિવેક નામના પ્રાયશ્ચિતથી જાણવા લાયક છે. ગાથા ૧૦.

કુસુમિણ આદિને વિષે અર્થાત્ બરાબ સ્વપ્ના વિષે પણ અતિચાર પણ લાગ્યો ન હોય તો પણ તેની વિશુદ્ધિ નિમિત્તે જે કાયોત્સર્ગ કરાય છે તેને વ્યુત્સર્ગ નામનું પ્રાયશ્ચિત કહેવાય છે. ગાથા ૧૧.

પૃથ્વી આદિ જીવોને પ્રમાદપૂર્વક સંઘટ્ટનાદિ (પરિતાપ વિગેરે) કરવાથી થતાં અતિચારને શોધન કરવાને અર્થે શાસ્ત્ર વિહિત પંચકાદિ તપ અપાય છે તેને તપ નામનું પ્રાયશ્ચિત કહેવાય છે. ગાથા. ૧૨.

તેવી રીતે ચારિત્રવન્ત જીવોને પ્રાયે કરીને કરેલા પાપોને પણ તપથી દુઃખે કરીને શોધી શકાય એવાં સંકલેશ-વિશેષથી થતાં પાપોને શોધવા માટે શ્રામણ્ય—પર્યાયનાં છેદ

પ્રકારાદિ પંચ-રાત્રિ-દિવાદિને છેદ પ્રાયશ્ચિત્ત કહે છે. ગાથા ૧૩.

પ્રાયે કરીને પ્રાણ વધાદિ (મૃષાવાદ-અદત્ત-મૈથુનાદિ) સહસાત્કારથી પણ ઉપયોગ પૂર્વક સેવન કરે છે તે યતિવર્યોના યતિ જીવન સંબન્ધિ દોષ પરિહાર માટે ફરી વ્રતનું સ્થાપન કરાય છે તેને મૂલ પ્રાયશ્ચિત્ત કહેવાય છે. ગાથા-૧૪.

સાધુ સંબંધિ ચૈાર્યાદિ ભાવથી અર્થાત્ બીજાના સમુદાયમાં દીક્ષિત થનારા અગર થયેલાને નસાડવેા ભગાડવેા વિગેરે ભાવથી સંક્લેશ પરિણામ થાય અર્થાત્ ચારિત્રનેા નાશ થાય તેવા અવસરમાં આગમેાક્ત તપશ્ચર્યા કરવાને અશકત એવાને તત્ક્ષણ વ્રતેાને વિષે પણ અયેાગ્ય એવાને વ્રતમાં સ્થાપન કરાય છે તેને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત કહે છે. ગાથા-૧૫.

પુરૂષ વિશેષ પામીને અને વિષય કષાય ભેદ વડે પાપ વિશેષને જાણીને પ્રાયશ્ચિત્ત દેતાં છ માસ પર્યંતનું અર્થાત્ સમગ્ર પ્રાયશ્ચિત્તનું ઉલ્લંઘન થઈ જાય છતાં અપરાધની શુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્ત અપાય છે તેને પારંચિય પ્રાયશ્ચિત્ત કહે છે. ગાથા-૧૬.

એવી રીતે દશવિધ પ્રકારના પ્રાયશ્ચિત્તને કરતેા સાધુ નિશ્ચય કરીને પાપ મલના અભાવથી અને તત્ત્વથી ચારિત્રની સમ્યક્ પ્રકારે આરાધના કરવાથી શુદ્ધ થાય છે. ગાથા-૧૭.

નથી વિરાધ્યું ચારિત્ર જેણે એવા મુનિને અનુબન્ધ સુંદર હેાય છે એ હેતુથી અલ્પ પાપ થવાવાળું અહીં છે તેથી શુદ્ધિ માટે પ્રયત્ન કરવા લાયક છે. ગાથા-૧૮.

ક્રિયામાં અપથ્ય સેવનની સાવચેતીથી પ્રાયશ્ચિત્ત કરવાવાળાઓને પ્રવ્રજ્યા વિષયક અતિચારેા તથા પ્રકારે અપકારક થતા નથી. ગા-૧૯.

એવી રીતે ભાવથી નિરેાગી યતિ યેાગથી થતા ઉત્તમ સુખને આ ભવમાં પ્રાપ્ત કરે છે અને પરલેાકમાં ઉત્તરેાત્તર મનુષ્ય-દેવ અને મેાક્ષના સુખ રૂપ ફળને પ્રાપ્ત કરે છે. ગાથા-૨૦

૧૭. યેાગ-વિંશિકા.

મેાક્ષ-મહાનન્દની સાથે જોડાણ કરવાવાળા સર્વે ધર્મ વ્યાપારેાને યેાગ કહેવાય છે. પરંતુ વિશેષે કરીને સ્થાનાદિને પ્રાપ્ત થયેલા અને પ્રણિધાનાદિ પંચ આશયથી પરિશુદ્ધ થયેલેા આ યેાગ જાણવા લાયક છે. ગાથા ૧.

સ્થાન=કાયેાત્સર્ગ, પર્યંકાસનાદિ અથવા વર્ણેાત્પત્તિ સ્થાન કણ્ઠાદિ, ઉર્ણ એટલે ઉચ્ચાર કરાતાં સૂત્રસ્થિત વર્ણેા, અર્થ એટલે શબ્દેાના અભિધેયનેા નિશ્ચય, આલમ્બન=પ્રતિમાદિ વિષય ધ્યાન અર્થાત્ ઉપર જણાવેલ સ્થાન-ઉર્ણ-અર્થ-આલંબન એ ચારે ભેદે રહિત (રૂપી દ્રવ્ય આલંબન રહિત) નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ રૂપ જે યેાગ તે મેળવતાં પાંચ પ્રકારે યેાગ શાસ્ત્રેામાં જણાવ્યેા છે. અને અહીં પ્રથમના સ્થાન-ઉર્ણ બે યેાગેાને કર્મયેાગ કહેવાય છે તથા અર્થ, આલંબન અને નિરાલંબન એ ત્રણ જ્ઞાનયેાગ કહેવાય છે. ગાથા ૨.

દેશવિરતિધરોને અને સર્વવિરતિધરોને પૂર્વે કથન કરેલા સ્થાનાદિ રૂપ પંચવિધ યોગ (કર્મયોગ-જ્ઞાનયોગ) નિશ્ચયથી હોય છે, અને બીજાઓને અર્થાત્ સમ્યક્ત્વધારી વિગેરેને યોગના બીજ માત્ર હોય છે એવું કેટલાક આચાર્યો ઇચ્છે છે. ગાથા ૩.

પૂર્વે જણાવેલા સ્થાનાદિ એક એકના પણ ચાર પ્રકારે ભેદો પરમાર્થથી જાણવા લાયક છે. તે ચારે પ્રકારો અનુક્રમે ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિર અને સિદ્ધિ છે તે ભેદો શાસ્ત્ર-નીતિથી અર્થાત્ યોગશાસ્ત્રાદિ પ્રતિપાદિત નીતિથી જાણવા લાયક છે. ગાથા ૪.

ઇચ્છાદિ ચાર ભેદોનું સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે કે–સ્થાનાદિ યોગયુક્ત કથાશ્રવણાદિથી થતી પ્રીતિ વડે વિચિત્ર પરિણામને ધારણ કરવાવાળી, અર્થાત્ વિધિપૂર્વક અનુષ્ઠાન કરનારાઓ પ્રત્યે આદર-બહુમાન સ્વવીર્યોલ્લાસ રૂપ વિચિત્ર પરિણામને ધારણ કરવાવાળી; અથવા તો નિશ્ચળ પરિણામને ધારણ કરવાવાળી ઇચ્છા થાય છે તેનું નામ ઇચ્છા. તે ઇચ્છાનુસાર સર્વ અવસ્થામાં 'ઉપશમ સાર છે' એ વચનને અનુસરાય તે રીતે પાલન કરવું તેનું નામ પ્રવૃત્તિ. ગાથા ૫.

તેવીજ રીતે સ્થાનાદિ યોગનું પરિપાલન કરતા આવતાં બાધકોની ચિન્તારહિત થવું તે સ્થિરપણું જાણવું. પ્રવૃત્તિમાં અતિચારપણું હોવાથી બાધકચિન્તાને અવકાશ છે અને પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસે કરીને સ્થિરપણું આવેલ હોય છે તેથી અત્ર (સ્થિરતામાં) બાધક ચિન્તારહિતપણું હોય છે. વળી પોતાને પરાર્થસાધક એટલે પોતાને પ્રાપ્ત થયેલા ફળ જેવું સર્વ ફળ બીજાને અપાવવામાં સિદ્ધિનાકારણરૂપ બને છે, અર્થાત્ સંપૂર્ણ અહિંસકાદિ ભાવ પ્રાપ્ત કરનારના સમાગમમાં આવેલા હિંસકો પણ તે ભાવને પ્રાપ્ત કરે છે. ગાથા ૬.

ચિત્ર-વિચિત્ર રૂપે તે ઇચ્છાઓ ક્ષયોપશમ ભાવથી થાય છે, અર્થાત્ જેને જેટલો ક્ષયોપશમ તેને તેટલી માત્ર ઇચ્છાદિ સંપત્તિઓ હોય છે. પરંતુ તે સ્થાનાદિ યોગવાળાઓને શ્રદ્ધા-પ્રીતિ આદિ યોગથી અર્થાત્ શ્રદ્ધાનુસારે કરવામાં વધતી પ્રીતિથી ધૃતિ-ધારણાદિ યોગથી ભવ્ય સત્ત્વોની આગળ કથન કરતાં અનુકંપાદિ ભાવો અનુક્રમે થાય છે. ગાથા ૭.

અનુકંપા-નિર્વેદ-સંવેગ અને તેવી રીતે પ્રશમ પણ થાય છે, અર્થાત્ પૂર્વકથિત ઇચ્છાદિ સંપત્તિવાળાઓને અનુક્રમે ઇચ્છાના કાર્યરૂપ અનુકંપા, પ્રવૃત્તિવાળાને પ્રવૃત્તિના કાર્યરૂપ નિર્વેદ, સ્થિરતાવાળાને સંવેગ અને સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓને ઉપશમ ભાવ ઉભરાતાં રહે છે. ગાથા ૮.

ઉપર પ્રમાણે ૧ સ્થાન, ૨ શબ્દ, ૩ અર્થ, ૪ આલંબન અને ૫ નિરાલંબન એ પાંચને ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર ભેદે ગુણવાથી કુલ વીશ ભેદ થાય છે. અને તે વીશને અનુકંપાદિ ચાર ભેદે ગુણવાથી કુલ ૮૦ ભેદો થાય છે. તેથી એ પ્રકારે વિસ્તારથી પૂર્વકથિત એંશી ભેદો અને સામાન્યથી સ્થાનાદિ પાંચ ભેદરૂપ યોગતત્ત્વો સ્થિત થયે

લાઓને ચૈત્યવંદનના દ્રષ્ટાન્તથી પૂર્વ ભેદોને ઘટાવવા રૂપ પ્રકટ યોજના આ પ્રમાણે જાણવા લાયક છે. વિશેષમાં તે યોજના તત્ત્વજ્ઞોએ સમ્યક્ પ્રકારે આ રીતે કરેલી છે. ગાથા ૯.

'અરિહંત ચેઇયાણું કરેમિ કાઉસગ્ગ' એ રીતે ચૈત્યવંદન દંડકસૂત્રના પદોનું જ્ઞાન ક્રિયા કરવામાં આસ્તિકયતાવાળાને જે રીતિએ સ્વર, વ્યંજન, માત્રાદિનું પરિસ્ફુટપણે ઉચ્ચારણ કરવું તે ઉર્ણ-શબ્દ અર્થાત્ શુદ્ધ પદ-જ્ઞાન થાય છે. ગાથા ૧૦.

एयं च=પરિશુદ્ધ પદજ્ઞાન એટલે તે પદના વાક્યાર્થ, મહા-વાક્યાર્થ, અને ઐદંપર્યાર્થ-જ્ઞાન રૂપ અર્થજ્ઞાનનું આલંબન એટલે સ્વીકાર કરેલા તીર્થંકરાદિ યોગથી પ્રાયે કરીને ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. અને અર્થ આલંબન યોગથી રહિત જીવોને પણ સ્થાનાદિક યોગમાં યત્ન કરવાવાળા હોય તો તેઓને પણ કલ્યાણજ છે. ગાથા ૧૧.

इतरथा=અર્થાલંબનાદિ યોગાભાવવાળાને તો ચૈત્યવંદનાદિ દંડકના પદો કાકવાસિત પદ અર્થાત્ સમૂર્ચ્છિમ ક્રિયાવત્ ચેષ્ટિત થાય. પૂર્વકાલમાં એક એવો મત હતો કે પદોનું ઉચ્ચારણ કરવું પણ તેને અનુસરતાં ક્રિયાકાંડ કાંઇપણ કરવાંજ નહિ. અર્થાત અરિહંત-ચેઇયાણું ઇત્યાદિ પદોનું ઉચ્ચારણ કરવું પરંતુ તે સંબંધી વંદન, નમસ્કાર, ખમાસમણાં અને કાયોત્સર્ગ આદિ કરવાં નહિ. તેથી તે મતના હિસાબે કાકવાસિત પદો કહેવાય, અથવા તે રીતે ઉચ્ચારણ કરવું અને કરવું કાંઇ નહિ તેથી તો તે મહામૃષાવાદ કહેવાય. ઉપરની બીના સમજમાં આવશે એટલે મહામૃષાવાદ કેવી રીતે લાગે છે તે સમજાશે અન્યથા નહિ. કારણ કે વિધિના અજાણ આ લોક સંબંધિ કીર્તિ, યશ, ઇચ્છા અને લોભથી કરવાવાળાને મહામૃષાવાદી કહેવાતા નથી તેમજ તેમની ક્રિયાઓને વિષ-ગરલાદિ અનુષ્ઠાન પણ કહેવાતાં નથી. આ પ્રસંગ પર ભગવાન્ **શ્રી** હરિભદ્ર-સૂરીશ્વરજી રચિત પંચાશક ૧૯-ગાથા. ૨૯૩નું કથન વધુ પ્રકાશ પાડે છે, માટે અર્થિઓએ તે વિચારવું. તે ગાથામાં જણાવે છે કે આ લોકની ઇચ્છાથી કરેલાં તપોધર્મ અનુષ્ઠાનો પણ માર્ગાનુસારિતા માટે થાય છે. એટલુંજ નહિ પણ પૂર્વ ગાથાના પશ્ચાર્દ્ધનો પરમાર્થ પૂર્ણ-તયા સંગત થાયજ નહિ. **ता अणुरुवाणं** તેથી યોગ્ય ભવ્યાત્માઓને ચૈત્ય-વંદનાદિ (સૂત્ર પ્રધાનાદિયોગ) નિશ્ચયે કરવા લાયક છે. ગાથા ૧૨.

જે કારણથી અનુરૂપ એટલે દેશવિરતિ ધર્મયુક્ત અહિં ગ્રહણ કરવા યોગ્ય છે. અને તેઓજ કાયાને વાસિરાવે છે, તેથી આ દેશ-વિરતિમાંઆ બધું ચિન્તવન કરવા યોગ્ય છે. એમ શાસ્ત્રોમાં સંભળાય છે, ગાથા ૧૩.

અશુદ્ધવિધિને ગ્રહણ કરનારાથી તીર્થ-પ્રવૃત્તિ ચાલુ રહેશે અને અવિધિ અનુષ્ઠાનનો આદર કરીને તીર્થપ્રવૃત્તિ ચાલુ રાખવાનો આક્ષેપ-કરનારને **तित्थस्सुच्छेयाइवे** આદિ શબ્દોથી જણાવે છે કે તીર્થ-ઉચ્છેદ=તીર્થના-શાદિમાં પણ અવિધિ અનુષ્ઠાનના સેવનનું આલંબન લેવું નહિં. કારણ કે અવિધિ અનુષ્ઠાનને કરનારાઓ વિધિવિધાનને અન્યથા કરનારા હોવાથી અશુદ્ધની પરંપરા થશે અને તેથી સૂત્ર ક્રિયાનો નાશ થશે. વસ્તુતઃ સૂત્ર ક્રિયાના નાશથીજ તીર્થનો નાશ થશે અન્યથા નહિ. ગાથા ૧૪

તે આ સૂત્ર ક્રિયાનો નાશ વક્ર છે અર્થાત્

નિશ્ચયે દુરન્ત-દુઃખદાયિ-ફલને દેનારો છે, અને સ્વયમેવ મરેલાઓને મરાવવામાં ફરક નથી. આથી પણ તીર્થ ઉચ્છેદના બીકણ-આત્માઓએ આ પ્રસંગ ભાવવાલાયક છે, અર્થાત્ સૂત્ર-ક્રિયાનો નાશ ન થાય તેમ વર્તવું જરૂરીનું છે. ગાથા ૧૫.

લોક સંજ્ઞા=શાસ્ત્ર-નિરપેક્ષ-મતિને છોડીને સારભૂત સિદ્ધાન્તના રહસ્યને હૃદયમાં ધારણ કરીને પંડિત-પુરૂષે અતિ નિપુણ બુદ્ધિથી સમ્યક્ પ્રકારે પ્રવર્તવવાલાયક છે. ગાથા-૧૬.

અત્ર આ પ્રસંગમાં વધુ કહેવાથી સર્યું. કારણ કે સ્થાનાદિક યોગમાં યત્ન કરવાવાળાઓને આ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન હિતકારી એટલે મોક્ષસાધક છે એમ જાણુવાલાયક છે, તથા તે (અનુષ્ઠાન) સદનુષ્ઠાનપણે હોવાથી પણ મોક્ષ-સાધક છે. ગાથા ૧૭.

આ સદનુષ્ઠાન પ્રીતિ, ભક્તિ અને આગ-મને અનુસરવાવાળું છે અને તેવી રીતે અસં-ગતાથી યુક્ત અસંગ-અનુષ્ઠાન એમ ચાર પ્રકારે જાણુવાલાયક છે. તથા નિશ્ચયે કરીને આ ચારે ભેદોમાં છેલ્લો ભેદ અસંગ-અનુષ્ઠા-નમાં ચરમ=છેલ્લો અનાલંબન યોગ હોય છે. ગાથા ૧૮.

અહીં પૂર્વે જણાવેલ આ આલંબન પણ બે પ્રકારે છે. એક રૂપી અને બીજું અરૂપી સમવસરણસ્થિત-પ્રતિમાદિ આલંબન રૂપી છે. અને સિદ્ધ-સિલામાં બિરાજમાન સિદ્ધ-ભગવંતોનું આલંબન અરૂપી છે. પ્રથમ રૂપી વિષયક આલંબન છે અને તદ્ગુણપરિણતિ રૂપવાળાને અંતે અનાલંબન થાય છે, અર્થાત્ સૂક્ષ્મ આલંબન હોવાથી તેને અનાલંબન નામથી ઓળખાવાય છે. ગાથા ૧૯.

એતસ્મિન્=આ નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થયે છતે મોહરૂપી મહાસાગરનું તરીને, ક્ષપક-શ્રેણી કરીને નિશ્ચયે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે. અને તે પછી યોગ સંબંધી અનુક્રમે સયોગી કેવળી થઇને અંતમાં અયોગિ અવસ્થા પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટ-નિર્વાણુપદને પ્રાપ્ત કરે છે. ગાથા ૨૦.

૧૮. કેવળજ્ઞાન-વિંશિકા.

કેવળજ્ઞાન કેવું છે? તો કહે છે કે અનંત-અર્થાત્ જે જ્ઞાનનો પાર ન પામી શકાય તેવું છે, જીવનું વાસ્તવિક સ્વરૂપ અર્થાત્ જીવ કેવળજ્ઞાનમય છે, આવરણ (કર્મના આવરણ) કરીને રહિત, લોકાલોકને પ્રકાશ કરનારૂં, એકવિધ એટલે એકજ ભેદવાળું અર્થાત્ આ જ્ઞાનનો બીજો ભેદજ નથી એવું જ્યોતિ-સ્વરૂપ છે. ગાથા ૧.

મનઃપર્યવજ્ઞાનના અંત સુધી જ્ઞાન સંબન્ધિ અને દર્શનસંબન્ધિ ફરક છે, પરંતુ કેવળજ્ઞાન એકજ=સમાનભાવમાં વર્તે છે. અર્થાત્ કેવળ દર્શનમાં અને કેવળજ્ઞાનમાં સમાન ભાવ રહેલો છે. ગાથા ૨.

સમસ્ત ભેદે કરીને સંપૂર્ણ આ લોકને અને અલોકને દેખતાં સર્વ રીતિએ તે બંને ભેદે જાણુવાલાયક છે. જે થયેલું છે અર્થાત્ જે બની ગયું છે, જે થવાવાળું છે અર્થાત્ જે બની રહ્યું છે અને જે ભવિષ્યમાં બનશે એવા ત્રિકાળ-વિષયક સર્વ ગુણ-પર્યાયયુક્ત-પદાર્થ એવો નથી કે તેને દેખી શકે નહિ અર્થાત્ સર્વ પદાર્થને દેખે છે. ગાથા ૩.

ભૂતકાળમાં થઇ ગયેલા ભાવને ભૂતકાલિન ભાવપણે, વર્તમાન કાળમાં થતા ભાવને

વર્તમાનકાલીન ભાવપણે અને ભાવિકાળમાં થવાવાળા ભાવને ભાવિકાલીન ભાવપણે દેખે છે કે જે આ જ્ઞેયભાવ તરીકે કહેવાય છે. ગાથા ૪.

હવે જ્ઞેય પદાર્થોના પર્યાયોને ત્રિકાલવિષયક જાણ્યા પછી જાણવાનું કંઇ પણ ન રહે એવી શંકા કરનારને ઉત્તર આપતાં नेयं च विसेसेणं ઇત્યાદિ પદથી જણાવે છે કે—જ્ઞેય એવું છે કે જે જ્ઞેયના વિશેષે કરીને ઘણા પર્યાયો નાશ પામે છે અને નાશ પામતા જાય છે. જો એમ ન હોય તો જ્ઞેય એ જ્ઞેયજ ન હોઇ શકે અને તેથી આ જ્ઞેય વિચિત્ર છે એજ યુક્તિયુકત છે. ગાથા ૫.

સાકાર=એટલે વિશેષ રૂપ અને અનાકાર એટલે સામાન્યરૂપ એમ બંને પ્રકારના સ્વરૂપવાળું જ્ઞેય છે. અણુ આદિથી શરૂ કરીને સર્વ જ્ઞેય પદાર્થોમાં પણ નિયમા કરીને સામાન્ય વિશેષ રૂપ હોય છે. ગાથા ૬.

તે કારણથી તે સાકાર-નિરાકાર સ્વરૂપ જ્ઞેયને પણ તથા પ્રકારે નિશ્ચયે કરીને તેના ગ્રાહકભાવથી=જ્ઞેયને ગ્રહણ કરનારના જ્ઞાનથી જાણવાલાયક છે. અને તેનો આકાર પણ તે જ્ઞેયને ગ્રહણકરનાર-જ્ઞાનના પરિણામસ્વરૂપે સમજવો. ગાથા ૭.

જો એમ ન હોય તો અમૂર્ત એવા આત્માનો કોઇ પણ આકાર કે પ્રતિબિંબ હોતુંજ નથી. જેવી રીતે આરિસામાં પ્રાપ્ત થયેલ પદાર્થનું રહેવાપણું છે તેવી રીતે જ્ઞાનમાં હોવું જોઇએ તે તથાપ્રકારે યુક્તિયુકત છે. ગાથા ૮.

દિવસમાં તો દેદીપ્યમાનપણાને પામેલી શ્યામ છાયા હોય છે, અને તે શ્યામ છાયા રાત્રિમાં દેદીપ્યમાનપણાથી રહિત કાળાશની કાન્તિને અનુસરવાવાળી (છાયા) હોય છે, પરંતુ ભાસ્વર પદાર્થોમાં (દર્પણ-પૉલીશ દાગીના વિગેરે) પોતાના દેહના વર્ણને અનુસરતી આ છાયા સત્યપણે છે, અર્થાત્ જેવી હાલતમાં હોય તેવી હાલતમાં તે હોય છે; અને તે જાણવાલાયક છે. ગાથા ૯.

દર્પણની અંદર દેહના જે અવયવો સંક્રાન્ત થાય છે, તે અવયવોમાં અર્થાત્ તે અવયવ વિષયક તથાપ્રકારનું જ્ઞાન પ્રકાશના યોગથી થાય છે, પણ પ્રકાશ સિવાયના અવસરમાં તેવું જ્ઞાન થતું નથી; અથવા આરિસા સિવાયના પ્રકાશરહિત-પદાર્થમાં તેવું જ્ઞાન થતું નથી. ગાથા ૧૦.

આ આરિસામાં નિશ્ચયે કરીને છાયાના અણુઓનો પ્રવેશ થતો હોવાથી યુક્તિ યુકત ઘટે છે, પણ સિદ્ધભગવંતો શરીરરહિત હોવાથી તેજની છાયાના અણુઓના સંબંધનો વિરહ છે અર્થાત્ તેજની છાયાના અણુઓનો પ્રવેશ થતો નથી. ગાથા ૧૧.

સિદ્ધભગવાન્‌ને છાયાના અણુઓ વડે સંજાપણું થઇ જતું હોવાથી સંબંધ નથી, કારણ કે સિદ્ધભગવાન્ અસંખી છે; એટલુંજ નહિં પણ અણુ આદિના સંઘાત એ પરમાણુ વિગેરેને પણ છાયાના અણુઓ હોતાંજ નથી. ગાથા ૧૨.

तं मित्तवेयणं=તન્માત્રવેદનં=સ્થૂલ પદાર્થ માત્રનું વેદન=જ્ઞાન થાય છે, પણ છાયા સિવાયના અણુ પરમાણુ વિગેરેનું ગ્રહણ અનુમાનથી પણ

થતું નથી તેથી કરીને સ્વરૂપનિયત એવા જ્ઞાનનો આ આકાર તદ્ગ્રહણ-પરિણામવાળો છે. ગાથા ૧૩.

ચન્દ્ર-સૂર્ય-ગ્રહાદિની પ્રભા તો પરિમિત ક્ષેત્રને પ્રકાશ કરે છે, પરંતુ કેવળજ્ઞાનની પ્રાપ્તિ તો લોક-અલોકને પ્રકાશ કરે છે. ગાથા ૧૪.

તેથીજ શાસ્ત્રનિર્ણીત-નિશ્ચયોને સમ્યક્-પ્રકારે જાણનારા જ્ઞાનીઓએ કેવળજ્ઞાનનું સ્વરૂપ સર્વગત પ્રકાશવાળું જણાવેલું છે, અને આ સર્વગત પ્રકાશવાળું સ્વરૂપ નિયમિત છે તો તે કેવી રીતે ઘટે છે? ગાથા ૧૫.

જેવી રીતે આભાસ=પ્રકાશનું ગ્રહણ નિયમા છે તેવી રીતે આભાસ=બોધ-જ્ઞાનનું ગ્રહણ અત્ર કેમ યુક્તિયુક્ત થતું નથી? તો કહે છે કે ચંદ્રની પ્રભા આદિના દ્રષ્ટાંત માત્રથી આ પ્રસંગ જાણવાલાયક છે. અર્થાત્ ચંદ્રની પ્રભાનો પ્રકાશ જે દેશમાં પડે છે તે પ્રદેશની બીજ દેખાય છે તેમ તે અંશે આ દ્રષ્ટાંત સમજવું. ગાથા ૧૬.

જેવી રીતે ચન્દ્રાદિની પ્રભા એ પુદ્ગલરૂપ છે, પણ ચન્દ્રાદિનો ધર્મ નથી તેવી રીતે જ્ઞાન એ પુદ્ગલ રૂપ નથી પરંતુ જીવનો ધર્મ છે; તેથી કરીને તે જ્ઞાન નિયમિતપણે નિશ્ચયથી જીવનો= આત્માનો ધર્મજ છે. ગાથા ૧૭.

'અમે તો જીવને સર્વગત માનીએ છીએ એટલે સર્વગત વિષયનું જ્ઞાન થવામાં અમારે વાંધો નહિં આવે, પણ તમે તો અસંખ્યાત પ્રદેશી આત્મા માનો છો અને જ્ઞાનનો વિષય લોકાલોક-અનંત માનો છો' તેવાઓને ઓલંભો દે છે કે **जीवो य न सव्वगओ**=જીવ સર્વગત નથી તેથી જીવનો ધર્મ જ્ઞાન એ સર્વગત કેમ માની શકાય અને તદ્ધર્મો=તે જીવનો જ્ઞાન-ધર્મ કેવી રીતે બહાર-અલોકમાં હોઇ શકે?, કદાચ કહેશો કે અલોકમાં જીવનો જ્ઞાનધર્મ હોઇ શકે છે તો કહેવું પડશે કે તમે તો અલોકમાં ધર્માસ્તિકાય સ્વીકારતા નથી. અર્થાત્ ધર્માસ્તિકાયરહિત અનંત એવા અલોકમાં તે જ્ઞાનધર્મ કેવી રીતે જાય છે? ગાથા ૧૮.

તેથી જ્ઞાન સ્વરૂપ નિયમિત છે જેનો એવા જીવનો કેવળ ધર્મ છે અને આકાર પણ વિશેષ એ જ્ઞાનના છે, અને તેને સારી રીતે ગ્રહણ કરવાનો પરિણામ જ્ઞાનનો છે. આથી અઢારમી ગાથામાં કરેલ શંકાનું નિરસન કરતાં જણાવે છે કે અસંખ્યાત પ્રદેશી આત્માને શરીરમાં રહીને શરીરની બહાર-દૂર દેશાન્તરના પદાર્થનું જ્ઞાન કરવામાં વાંધો આવતો નથી તેવી રીતે અસંખ્યાત પ્રદેશી આત્માનો ધર્મ= આત્મસ્વરૂપજ્ઞાનને (કેવળજ્ઞાનને) અનંત અલોકનું જ્ઞાન કરવામાં વાંધો નથી એવું જ્ઞાનનું નિયત સ્વરૂપ છે. ગાથા ૧૯

एयम्मि=આ કેવળજ્ઞાન વિદ્યમાન હોય છે તે કેવલિ-ભગવાનને ભવોપગ્રાહિક કર્મ= નામ-વેદની-ગોત્ર આયુ કર્મના ક્ષયથી સિદ્ધપણું થાય છે, અને આ સિદ્ધપણું સમસ્ત શુદ્ધ ધર્મના આસેવનનું ઉત્તમ ફળરૂપ છે તે જાણવા લાયક છે. ગાથા ૨૦.

૧૯. શ્રીસિદ્ધ-ભેદ-વિંશિકા.

સિદ્ધ ભગવંતો બીજ તત્ત્વથી તથા પ્રકારે એક સ્વરૂપવાળા છે. અને તે સિદ્ધ ભગવંતોની વ્હેંચણ અહીં પંદર પ્રકારે ભગવંતોએ બોધ-ભેદથી કહેલી છે. અર્થાત્ શાસ્ત્રોમાં સિદ્ધ ભગવંતોને પંદર પ્રકારો પ્રરૂપેલા છે. ગાથા ૧.

પંદર ભેદો કયા ? તો કહે છે કે તે તીર્થાદિ સિદ્ધ ભેદો જાણવા. હવે અનુક્રમે તે પંદર ભેદો જણાવે છે. ચતુર્વિધ સંઘની વિદ્યમાનતા હોય છે તે તીર્થ સિદ્ધ થાય છે, અથવા ચતુર્વિધ સંઘમાં સદા તીર્થ-સિદ્ધ હોય છે=થાય છે. અને ચતુર્વિધ સંઘ રૂપ તીર્થની અવિદ્યમાનતામાં જે સિદ્ધો થાય છે તેઓ અતીર્થ-સિદ્ધ તરીકે જાણવાલાયક છે. ગાથા ૨.

તીર્થને કરનારા તીર્થંકરો સિદ્ધ થાય તે તીર્થંકર-સિદ્ધ અથવા જિન સિદ્ધ હોય છે. અને તે સિવાયના સિદ્ધ થનાર અતીર્થંકર સિદ્ધ અર્થાત્ અજીન-સિદ્ધ કહેવાય છે. પોતાની મેળે બોધ પામનારા અને પામીને સિદ્ધ થનારાને સ્વયં—સિદ્ધ કહેવાય છે. એવી રીતે કોઇક પદાર્થ દેખીને ચિન્તવન કરતાં બોધ પામનારાને પ્રત્યેક-બુદ્ધ કહેવાય છે, અને તેઓ સિદ્ધિપદ પામે તો તેઓને પ્રત્યેકબુદ્ધ-સિદ્ધ કહેવાય છે. ગાથા ૩.

પંડિત પુરૂષોથી બોધ પામેલાને નિશ્ચયે કરીને બુદ્ધિ-બોધિત સિદ્ધ જાણવા અને સ્ત્રી, પુરૂષ તથા નપુંસકલિંગે સિદ્ધ થનારાઓને અનુક્રમે સ્ત્રીલિંગ-સિદ્ધ, પુરૂષલિંગ-સિદ્ધ અને નપુંસકલિંગ સિદ્ધ કહેવાય છે. એવી રીતે સ્વલિંગે અર્થાત્ શાસન માન્ય સાધુલિંગે સિદ્ધ થનારાઓને સ્વલિંગે સિદ્ધ થયા કહેવાય છે. ગૃહસ્થ વેષમાં સિદ્ધ થનારાઓને ગૃહલિંગ-સિદ્ધ કહેવાય છે. તેમજ અન્ય લિંગે=જૈનેતર વેષમાં સિદ્ધ થયા હોય તેને અન્યલિંગ-સિદ્ધ કહેવાય છે. આ બધા ભેદો શાસ્ત્ર નીતિ રિતિએ જાણવાલાયક છે. ગાથા ૪.

તેવી રીતે એક સમયે એક સિદ્ધ થાય તેને એક સિદ્ધ કહેવાય છે. અને એક સમયમાં અનેક સિદ્ધ થયેલ છે તે સિદ્ધોને અનેક સિદ્ધ કહેવાય છે. તસ્સિદ્ધા=તે સિદ્ધો (ઉપર જણાવેલ પંદર ભેદના સિદ્ધો) ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થઇને કેવલિભાવમાં સિદ્ધિપદને પામે છે છતાં પંદર ભેદો જણાવ્યા તે **भवभया**= સંસારમાં વર્તતા ભેદોના હિસાબે છે. ગાથા ૫.

આ પ્રમાણે શ્રેણિ ઉપર આરૂઢ થયે છતે ચરમદેહ-ધારિયોને પ્રતિબંધકો અર્થાત્ કેવળજ્ઞાનને રોકનારા કર્મ હોતા નથી; એટલું જ નહિં પણ નિશ્ચયે કરીને શાસ્ત્રની નીતિરીતિથી અબાધિતપણે સ્ત્રીલિંગાદિ ભાવોને પણ પ્રતિબંધક અર્થાત્ કેવળજ્ઞાન પામવામાં અંતરાય હોતાજ નથી. ગાથા ૬.

જેઓ સ્ત્રીવેદે, નપુંસકવેદે સિદ્ધ થવાનું સ્વીકારતા નથી તેવાઓને=વિરોધ કરનારાઓને શિક્ષણ આપતાં જણાવે છે કે-**इत्थीपमुहाण**= સ્ત્રી પ્રમુખોને એટલે સ્ત્રીલિંગાદિમાં (સ્ત્રીલિંગ, પુરૂષલિંગ અને નપુંસક લિંગમાં) રહેલાઓને નવે ગુણસ્થાનકો અવિરોધપણે હોય છે, અને તેઓના માન્ય શાસ્ત્રથી સિદ્ધ થનારાઓની

સંખ્યાના શબ્દોથી નિશ્ચયે કરીને જાણવા લાયક છે. ગાથા ૭. આ ગાથાના પ્રસંગમાં નીચેની બીના વિચારણીય છે.

સ્ત્રી પ્રમુખને સિદ્ધિના નહિ માનનારાઓ પોતાના માનનીય તત્ત્વાર્થાધિગમ સૂત્રની ટીકા સર્વાર્થસિદ્ધિમાં (નિર્દેશ સ્વ૦ સૂત્રની ટીકામાં) પૃ. ૩૬ ઉપર વેદના અનુવાદમાં નવગુણ ઠાણાનું અવિરોધપણે વિધાન કરે છે. અને તત્ત્વાર્થસૂત્ર રાજવાર્તિક-નવમો અધ્યાય સૂત્ર ૧૦ મુ પૃ. ૩૬૭ ઉપર વેદાનુયોગમાં અસંખ્ય ગુણા સ્ત્રીલિંગે સિદ્ધો પ્રતિપાદન કર્યા છે. આ ઉપરથી પોતાના માનનીય શાસ્ત્ર સંમત વિધાનો પણ હૃદયમાં રૂચતાં નથી એજ બુદ્ધિમાનો માટે ખેદનો વિષય છે.

નવમા અનિવૃત્તિ બાદર ગુણ સ્થાનકમાં રહેલો તે (સ્ત્રીલિંગ-પુરૂષલિંગ કે નપુંસકમાં રહેલો ગમે તે જીવ) ક્ષપક-શ્રેણિને નિયમપૂર્વક અહિં સમાપ્ત કરે છે. અને શ્રેણિની સમાપ્તિ સાથે કેવળજ્ઞાન, તથા કેવલિપણામાં જન્મક્ષય થયે છતે અર્થાત્ ભવો પ્રગ્રાહિક ચારકર્મ જન્મ સંબંધિના ક્ષય થયે છતે નિયમાસિદ્ધ થાય છે. ગા. ૮.

આ ઉપરથી નવમા ગુણ સ્થાનકે ક્ષપક-શ્રેણિને શરૂ કરી દશમે ગુણસ્થાનકે સમાપ્ત કરી બારમા ગુણસ્થાનકના વિધાનની જેમ ક્ષપક-શ્રેણિ, કેવળજ્ઞાન પ્રાપ્તિ અને સિદ્ધિ પણ અવિરોધપણે શાસ્ત્ર સંમત સ્વીકારવા લાયક છે.

'પુરૂષલિંગ ધારિયોને વેદનું સંક્રમ ભાવ થતો હોવાથી અર્થાત પુરૂષલિંગ ધારિને જ્યારે સ્ત્રીવેદનું સંક્રમણ થાય છે, આ વિષયને અનુસરતી [1]ગમનિકા=શાસ્ત્રીય વચનો છે એમ જેઓ કહે છે તે અયુકત છે અર્થાત્ અયોગ્ય છે. અને કદાચ કહેશો કે વેદનું સંક્રમણ થાય છે તો પછી સ્ત્રીઓને પણ સ્ત્રી વેદનું સંક્રમણ થઇને પુરૂષ વેદ થાય છે અને થયા પછી ક્ષપક-શ્રેણિ, કેવળજ્ઞાન, અને સિદ્ધિ આદિ ભાવો થાય છે એ માનવામાં વાંધો નથી. ગા. ૯.

પૂર્વ-કથનના રહસ્યને સમજાવતાં થતાં કહે છે કે લિંગ એટલે શરીરના ચિહ્ન અર્થાત્ પુરૂષ-સ્ત્રીના લિંગ નહિં પણ લિંગ એટલે ભાવ લિંગ છે. અને તેથીજ આ વાતને સ્પષ્ટ કરતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે—

અહીંના લિંગ શબ્દથી પ્રધાન એવું ભાવ લિંગ લેવું અને ઇતર એવું સ્ત્રી લિંગાદિ તો દેહને હોય છે. અને સિદ્ધિ જીવની થાય છે પરંતુ દેહની સિદ્ધિ થતી નથી તેથી કરીને એવં દેહ વિષયક લિંગ સંબંધી કથન કિંચિત્ નથી. સ્ત્રીને પુરૂષ, સાથે ભોગવવાના પરિણામ વિશેષ, અને પુરૂષને સ્ત્રી સંભોગાદિ કરવાના પરિણામ વિશેષને લિંગ તરીકે અર્થાત્ ભાવ લિંગ તરીકે લેવાનું છે. ગા. ૧૦.

સ્ત્રીઓને સારા પરિણામ ઉત્કૃષ્ટપણે થતાં નથી, અને ખરાબ પરિણામ પણ ઉત્કૃષ્ટપણે થતા નથી; આ સંબંધમાં વાદીની શંકા જણાવીને નિરસન પૂર્વક ઉત્તર આપતાં જણાવે છે કે — વાદી કહે છે કે ખરાબ પરિણામ ઉત્કૃષ્ટપણે થતા નથી તેથી સ્ત્રી મરીને સાતમી નરકે

---

[1] ષટ્ખંડાગમ-ગોમટ્ટસાર આદિ શાસ્ત્રોમાં લબ્ધિના પ્રકરણમાં લિંગ=વેદનો સંક્રમણ ભાવ માને છે તે શાસ્ત્રીય વચન રૂપ ગમનિકા.

જતી નથી, આ કથન કરનારને જણાવાય છે કે રૌદ્ર પરિણામનો વિરહ હોવાથી તે સ્ત્રીઓને સાતમી નરકે જવાનો પ્રતિષેધ જણાવેલો છે, પરંતુ તેથી તો અમારે સિદ્ધ પામવામાં ઇષ્ટ ફળ રૂપ છે. અર્થાત્ એવા રૌદ્ર પરિણામ થતા નથી તેથી તો મોક્ષ માટે સાધ્વી અને સ્ત્રીઓને પ્રતિષેધ કહેલો નથી. અર્થાત્ મોક્ષ અનુકુળ પરિણામ કરીને ચારિત્રનું સેવન કરીને ઘન-ઘાતી તોડીને, કેવળજ્ઞાન પામી મોક્ષે જઇ શકે છે. ગાથા ૧૧.

પરંતુ તે સ્ત્રીઓને ઉત્તમપદ=મોક્ષપદ પ્રાપ્તિનો પ્રતિષેધ તો ત્યારેજ સંભવી શકે છે કે સહકારિ-સંજોગ, અને સાધનનો અભાવ હોય તો અર્થાત્ મનુષ્યપણું, ધર્મ પ્રાપ્તિ, શ્રદ્ધા, પ્રથમ સંઘયણ આદિનો અભાવ હોય તોજ પરમપદ પ્રાપ્તિનો પ્રતિષેધ સંભવી શકે છે. અને તેથી કેવળજ્ઞાન પામવાવાળા પોતાના વીર્ય બળે કેવળજ્ઞાન પામે છે તેવી રીતે સ્ત્રીલિંગધારિ-સાધ્વીઓ પણ પોતાના વીર્ય-બળે કેવળજ્ઞાન પામે છે તે હાઇતિ ભેદે કહેવું પડે છે કે તે તદ્દન અવિરૂદ્ધ છે અર્થાત્ શાસ્ત્ર સમ્મત છે. ગાથા ૧૨.

એક સમયમાં સ્ત્રીઓ વીશ, પુરૂષો એકસો ને આઠ, અને નપુંસકો દશજ મોક્ષે જાય છે, તે ઉપર અર્થાત્ ઉપર જણાવેલી સંખ્યા કરતાં વધુ મોક્ષે જવાનો પ્રતિષેધ શાસ્ત્રમાં જણાવેલો છે. અને વળી આગળ જણાવતાં કહે છે કે ગૃહસ્થલિંગે ચાર, સ્વલિંગમાં એકસોને આઠ સિદ્ધપદને પામે છે. પરંતુ સ્વલિંગમાં સિદ્ધિ પામનારાઓ સંબંધમાં સ્વલિંગ શાસ્ત્રથી જાણવા લાયક છે. ગાથા ૧૩-૧૪.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેજ, જઘન્ય અવગાહનાળા ચાર અને તેવી રીતે મધ્યમ અવગાહાનાવાળા એકસોને આઠ નિશ્ચયે કરીને સિદ્ધિપદને પામે છે. ગાથા ૧૫.

ચાર ઉર્ધ્વ લોકમાં, બે સમુદ્રમાં, ત્રણ જલમાં, બાવીશ અધો લોકમાં અને એકસોને આઠ તિર્છા લોકમાં સિદ્ધિ પદને પામે છે. અને ૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૮ અને ૧૦૮ આ બધા અનુક્રમે સિદ્ધિપદ પામે છે. અર્થાત્ ૮-૭-૬-૫-૪-૩-૨-૧ સમયના અનુક્રમથી સિદ્ધિ પદને પામે છે. આ પ્રસંગને ઠાણાંગ-સૂત્રના પ્રથમ-ઠાણામાં નવાંગી-વૃત્તિકાર-ભગવાન્ અભયદેવસૂરિ જણાવે છે. ગાથા ૧૬-૧૭.

એવી રીતે સિદ્ધ ભગવંતોના પણ નિશ્ચયે કરીને ઉપાધિ ભેદથી અહીં=વિંશિકા પ્રકરણમાં ભેદો જણાવેલા છે. પરંતુ તત્ત્વથી તો સર્વ સિદ્ધ ભગવંતોમાં નિશ્ચયે કરીને સરખાપણું જ હોય છે. સર્વે સિદ્ધ-ભગવંતો સર્વજ્ઞો છે, અને સર્વે સિદ્ધ-ભગવંતો સર્વદર્શી છે, અને સર્વે નિરૂપમ-સુખને પ્રાપ્ત કરેલા છે અને સર્વે જન્મ-જરા-મરણાદિ દુઃખે કરીને રહિત છે. જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંતા સિદ્ધ ભગવંતો છે. અને તેઓએ ભવનો ક્ષય કરેલ હોવાથી સકળ કર્મના બંધનથી વિમુક્ત છે. અને પરસ્પર નિરાબાધપણે અવ્યાબાધ સુખને પામેલા સર્વ પ્રકારે સુખી સુખ પૂર્વક રહેલા છે. ગાથા ૧૮-૧૯-૨૦.

૨૦. શ્રીસિદ્ધ-સુખ-વિંશિકા.

ત્રિભુવન ગુરૂ, ઉત્કૃષ્ટ પાર ન પામી શકાય એવા અનંત સુખને સમ્યક્ પ્રકારે સર્વદા પામેલા છતાં પણ સિદ્ધિસ્થાનને નહિ મૂકનારા, વીતરાગ, શ્રીમહાવીર મહારાજાને નમસ્કાર કરીને ઉપમા આપી ન શકાય એવા અનુપમ સિદ્ધ ભગવંતોના ઉત્કૃષ્ટ સુખના લેશ માત્રને અર્થાત્ લેશ માત્ર કહેવાના ઉદ્દેશથી દ્રષ્ટાન્ત-શાસ્ત્ર અને યુક્તિઓ વડે અથવા ન્યાય અને આગમની યુક્તિઓ વડે મધ્યમજનોને બોધ કરવાને માટે કહીશ. ગાથા ૧-૨.

જેવી રીતે સર્વ શત્રુઓના ક્ષયરૂપ પ્રાપ્તિ, સર્વ-વ્યાધિઓના વિનાશરૂપ પ્રાપ્તિ અને સર્વ પ્રકારની સર્વ ઇચ્છાઓના સંબંધરૂપ પ્રાપ્તિઓ વડે જે સુખ થાય છે તેવી રીતે **इणं** આ સિદ્ધ-ભગવંતોનું સુખ ઉપર કહેલા ત્રણ પ્રકારો કરતાં અનંતુ છે. અથવા તો જેવી રીતે સર્વ શત્રુઓ ઉઠયા હોય ને ઘસારો લાગીને ઘસાઇ જાય, નાશ પામે કે નુકશાન પામે અને અંતે વિરામ પામે, અથવા દૂર થઈ જાય કે સર્વ નાશ પામે; તેવી રીતે સર્વ પ્રકારની ઇચ્છાઓ ઉઠી હોય તે પણ ઘસારો લાગીને ઘસાઇ જાય, નાશ પામે અગર અનુકુળ સંબંધોની પ્રાપ્તિઓ વડે જે સુખ ઉત્પન્ન થાય છે, તેવી રીતે આ સુખ (સિદ્ધોનું સુખ) પણ તેનાથી અનંતુ છે. ગાથા ૩.

ઉપરની ગાથામાં જણાવેલા દ્રવ્યરૂપ-શત્રુ-વ્યાધિ અને ઇચ્છાઓને ચાલુ પ્રકરણમાં ભાવ સ્વરૂપે પ્રતિપાદન કરે છે. રાગાદિ શત્રુઓ, કર્મના ઉદયથી થવાવાળા વ્યાધિઓ, અને પરમાર્થથી ઇચ્છાની જગાએ લબ્ધિઓ જાણવી. જેવી રીતે પ્રથમ ઇચ્છાથી ધર્મનો આરંભ થાય છે અને પછી નિરિચ્છક ભાવ ઉત્પન્ન થાય છે, તેવી રીતે આ ઇચ્છાઓ જાણવી. અર્થાત્ ચોથે ગુણઠાણે મોક્ષની ઇચ્છાથી ધર્મનો આરંભ થાય છે. શાસ્ત્રને અનુસરતી રીતિ નિતિથી સકલ કર્મનો ક્ષય કરવા ઉદ્યમવંત થાય છે અને અંતે અતુલ-વીર્યના સામર્થ્યથી સકલ કર્મ ક્ષય કરીને મોક્ષ પામે છે. તેથીજ પ્રથમ ઇચ્છા-યોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ અનુક્રમે ઘટી શકે છે. ગાથા ૪.

રોગીઓને જેમ આરોગ્ય સુખ અનુભવ સિદ્ધ હોય છે, પરંતુ આ અનુભવ સિદ્ધ આરોગ્ય સુખ **न गम्मइ इयरेण** બીજા વડે જાણી શકાતું નથી. તેવી રીતે **सम्ममिणं** આ સિદ્ધ ભગવંતનું આ સુખ પણ સમ્યક્ પ્રકારે ચિન્તવન કરવા લાયક છે અર્થાત્ તે સુખ પણ અનુભવ-સિદ્ધજ છે. ગાથા ૫.

જો સિદ્ધના સુખનો ઢગલો સર્વ કાલનો એકઠો કરાય, તે ઢગલાને અનંત વર્ગરૂપે કરાય, અને તે પછી તે વર્ગથી ભાંગીએ તો ભાગા-કારમાં આવેલ સુખનો ભાગ પણ સર્વ આકાશ પ્રદેશમાં સમાતો નથી. સામાન્ય કલ્પનારૂપ દ્રષ્ટાન્ત તરીકે સિદ્ધનું સુખ ઢગલારૂપે ૫ ની સંખ્યામાં ગણીએ અને સર્વકાલની ૫ ની સંખ્યાથી ગુણીએ=૫×૫=૨૫×૨૫=૬૨૫ વર્ગરૂપ સંખ્યા ૬૨૫)૬૨૫(૧ થાય. ભાગાકારથી ભાગમાં આવેલ આ એક અંશ પણ સર્વ આકાશ પ્રદેશમાં સમાતા નથી એમ અત્ર આ ગાથામાં કહેવાનું રહસ્ય છે. ગાથા ૬.

પીડાના ક્ષયથી ઉત્પન્ન થયેલા સુખના બિન્દુ-ભાવને (સ્વરૂપને) આ ચાલુ પ્રકરણમાં પ્રાપ્ત કરીને તે સુખના બિન્દુથી અનંતર અનંતર, સુખને કલ્પીને અર્થાત્ પ્રથમ જઘન્યમાં જઘન્ય

સુખ તે પછી અંશ અંશ વધારતાં જવું વધતા અંશની કલ્પનાઓ કલ્પીને તે બધા અંશોનો ઢગલો સમ્યક્ અહીં વિચારવો. અથવા ઉપરના પ્રસંગને આ રીતે કલ્પી શકાય છે. જેમકે સર્વ પ્રકારની શારીરિક પીડાઓ, માનસિક ચિન્તાઓ અને ઉપાધિઓ એક પછી એક કલ્પવી અને એક એકનું દુઃખ કલ્પવું અને તે તે દુઃખ એક પછી એક જાય છે અને સુખના અંશ થતા જાય છે તે એકઠા કરે જવું, એ રીતે સર્વ અંશોના સમુદાય તે ઢગલો અહીં વિચારવો ગાથા ૭.

વળી આ કલ્પેલો સર્વ સુખનો ઢગલો પણ નિશ્ચયે કરીને નિરતિશયપણે એકજ સ્વરૂપે છે. જેવી રીતે સર્વ પીડાઓ અને સર્વ પીડાના કારણભૂત કારણોના ક્ષય થવાથી તથા પ્રકારે પૂર્વ જણાવેલ ઢગલો (સુખનો રાશિ) જાણવા લાયક છે. ગાથા ૮.

તમે જ્યારે ઢગલો કલ્પ્યો એટલે સુખના કણે કણ મેળવ્યા વગર ઢગલો થાય નહિ એવી કલ્પના કરનારને ઉત્તર આપે છે. અર્થાત્ રૂપી અંશોનો અગર અરૂપી અંશોનો ઢગલો થાય પરંતુ સુખના અંશોનો શી રીતે ઢગલો થાય એવી કલ્પના કરનારને ઉત્તર આપે છે-જેવી રીતે પૂર્વે કલ્પેલો ઢગલો ભિન્ન ભિન્ન સુખના બિન્દુઓથી થાય તેવી રીતે ભિન્ન ભિન્ન સુખોના બિન્દુઓનો સમુદાય પણ નિશ્ચયે કરીને આ નથી અર્થાત્ સિદ્ધભગવંતોના સુખનો સમુદાય આ નથી. તમને સમજાવવાની ખાતર અર્થાત્ તમારી બુદ્ધિમાં ઉતરે તેની શાન્તિ માટે સુખના ઢગલો કલ્પીને સમજાવ્યો હતો. તેથી તે ભિન્ન ભિન્ન સુખના બિન્દુઓ હોવા છતાં ક્ષયોપશમ ભાવથી શરૂ થતા સુખના બિન્દુની ગણના કરીને ક્ષાયિકભાવે થવાવાળા મોક્ષ પર્યંતના બધા સુખના બિન્દુઓની ગણત્રી કરવી એ બધા સુખનો સમુદાય અહીં હોય છે. ગાથા ૯.

ક્ષયોપશમ ભાવની શરૂઆતના સુખબિન્દુનો આવો સ્વભાવ જે કહ્યો છે તે સિદ્ધના સુખના સ્વભાવને મળતો સ્વભાવ નથી, અને તે ક્ષયોપશમથી થતું સુખ પણ તેવી રીતે ઉત્કૃષ્ટપણે પણ હોતું જ નથી. કારણ કે ઘણા વિષયના કણીઆથી સેળભેળ થયેલું અમૃત પણ સંપૂર્ણ અમૃતપણે રહેતું જ નથી. અર્થાત્ સંસારમાં રહેવાવાળાને ક્ષયોપશમ ભાવથી જે સુખ થશે તે પૌદ્ગલિક હશે અને તેથી વિષના કણ જેવું છે. આ ઉપરથી સિદ્ધ ભગવંતના સુખ સાથે ઘટાવેલ સુખ બિન્દુ અમૃત જેવું અને ક્ષયોપશમ ભાવથી થવાવાળા સાંસારિક પૌદ્ગલિક સુખો એ વિષના કણીઆથી ભરપૂર છે. તેથી તે સિદ્ધ ભગવંતના અમૃત સમાન સુખ સાથે ઘટી શકતું જ નથી. ગાથા ૧૦.

તમે પૂર્વે સિદ્ધના સુખને પ્રતિપાદન કરતાં સર્વ કાલનું પિંડિત કરીને અનંત વર્ગ વિગેરે કરીને ભાગાકાર કરી જણાવ્યા, તેના કરતાં સિદ્ધ ભગવંતના સુખનું બિન્દુ માત્ર પણ આકાશ પ્રદેશમાં માતું નથી; અર્થાત્ અનંતુ છે. એમજ કહેવું હતું છતાં આવી ભાંજગડ શા માટે ? આવી શંકા કરનારને ઉત્તર આપતાં જણાવે છે કે—સર્વકાલના સિદ્ધ ભગવંતોનું સુખ સમ્યક્ પ્રકારે એકઠું કર્યું, સર્વ કાલના પ્રદેશોને એકઠા કર્યા, અને અનંત-વર્ગ કરીને ભાગાકાર કર્યો, તે ભાગાકારમાં આવેલો ભાગ પણ આકાશના અનંત પ્રદેશમાં માઇ શકયો નહિ; અર્થાત્ સર્વ સિદ્ધોનું સુખ, સર્વ કાલના પ્રદેશ અને આકાશ પ્રદેશ એ ત્રણે અનંતા છે તે દેખાડવાને માટેજ આ કથન છે. ગાથા. ૧૧.

સિદ્ધના સુખને અનંતુ કહીને આગળ ચાલ્યા હોત તો પ્રથમ-તથા સામાન્ય રીતિએ સ્થાપન કરીએ તો પરિત્ત-અનંતામાં આવે, પણ જ્યારે ત્રણેને વિશેષે કરીને ભેળા કરીએ તો આઠમા અનંતામાં પ્રવેશે છે; અને તેથીજ—

ત્રણ પ્રદેશ-રાશિઓ એક એક જૂદી જૂદી સ્થાપન કરીએ તો પણ તે તે એક એક અનંતા છે, પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે તથા-પ્રકારે વિશેષે કરીને ત્રણેને ભેળા કરીએ તો તે અનંતાનંત છે એ સમ્યક્ પ્રકારે વિચારવા લાયક છે. ગાથા. ૧૨.

કાળ ભેદે સિદ્ધ ભગવંતોમાં ભેદ પાડશો તો પૂર્વના સિદ્ધ ભગવંતો કરતાં કાળભેદે કરીને પછીના થવાવાળા સિદ્ધ ભગવંતોને સુખનું આસ્વાદન ઓછું રહેશે. કારણ કે હમણાં સિદ્ધિએ જનારો જ્યારે સંસારમાં રીબાતો હતો ત્યારે તો પૂર્વના સિદ્ધો સિદ્ધિ સુખમાં મગ્ન હતા તો પછી બધા સિદ્ધ ભગવંતોના સુખનું તુલ્યપણું કેવી રીતે ઘટે છે તે શંકાનું નિરસન કરતાં જણાવે છે કે—

સર્વ સિદ્ધ ભગવન્તોને સર્વથા પ્રકારે આ સુખ-કાળભેદ હોવા છતાં પણ સરખું જ છે. જેવી રીતે ક્ષણ-કાળ ભેદ હોવા છતાં જે કોટીશ્વરપણું કોટીધ્વજને પહેલાં હતું તેવી રીતે તથા પ્રકારે હમણાના કોટિધ્વજને છે તે સુક્ષ્મ રીતે વિચારવું. ગાથા. ૧૩.

અસંભવ-સ્થાપનાદિ વડે જે કલ્પેલી સર્વ કોટિઓને=સર્વ હિસ્સાને પણ સ્થાપેલું હોય તો તેથી તે સુખનો સ્વામી હોય છે, અર્થાત્ સર્વ સિદ્ધ ભગવંતો સાદિ-અનંતકાળ સુધી સિદ્ધિ સુખનો આસ્વાદ એક સરખો લેઇ શકે છે, તેથી અહીં કાલ ભેદક નથી. અથવા કાલભેદે સિદ્ધ ભગવંતો ઓછાવત્તા સુખના માલીક કહેવાતા નથી. ગાથા. ૧૪.

જે તેનાથી (પહેલાં સિદ્ધ થયેલ અને પછી થયેલ સિદ્ધથી નિશ્ચયે કરીને અધિક કંઇક સુખ સ્વરૂપથી હોય તો ભેદ થયો કહેવાય, પણ આજના સિદ્ધિ સુખમાં, કાલના સિદ્ધિ સુખમાં, અઠવાડીયાના સિદ્ધિ સુખમાં, મહિનાના સિદ્ધિ સુખમાં, કે વર્ષના સિદ્ધિ સુખની કોટિઓ= હિસ્સાઓના અજાણ=અજ્ઞાનિયોને તે ભેદ જાણમાં જાણવામાં હોતો નથી તો પછી અનંત-સુખમાં ભેદ પડે કઇ રીતે ?, અર્થાત્ ભેદ વસ્તુતઃ નથી; એટલે ભેદ પડતો નથી. ગાથા ૧૫.

ફલની અપેક્ષાએ કરીને સહિત ક્રિયાવડે જે સુખ થાય છે તેવી રીતે અહીં પરમ સુખ નથી, પરંતુ લોકમાં જેમ મુંગો ગોળ સાકર ખાય પણ કહી શકે નહિ તેજ યુકિતથી (મુગાદિ-ભાવથી) પરમસુખ વિચારવા લાયક છે. ગાથા ૧૬.

દુનિયાભરના સર્વ પૌદ્ગલિક સુખો ઔત્સુકય-ભાવે સહિત છે, જ્યારે આ પરમસુખ ઔત્સુકય-ભાવે રહિત છે, અને તેથી તે ભાવને જણાવતાં કહે છે કે—સર્વ ઔત્સુકય ભાવની વ્યાવૃત્તિ હોય ત્યાંજ તે સુખને પંડિત પુરૂષોએ યત્નપૂર્વક સૂક્ષ્મ ઉપયોગ વડે તથા-પ્રકારે અપરાધીનપણે નિરૂપણ કરવા લાયક છે. ગાથા ૧૭.

જે સ્થળે એક સિદ્ધ છે ત્યાં અનંતા સિદ્ધ ભગવંતો રહેલા છે, અને તેઓ જન્મ મરણની પરંપરાવાળા ભવ ભયથી મુકાયલા છે, પરસ્પર પીડા રહિતપણે અવ્યબાધપણે સુખને પામેલા સંપૂર્ણ સુખી સુખપૂર્વક રહેલા છે. ગાથા ૧૮.

એવી રીતે સિદ્ધપણું થવું એ જીવનો સ્વભાવ છે, એટલે જીવનો જે સ્વભાવ હતો તે પ્રગટ થયો; અર્થાત્ જીવ બહારથી કંઇ નવું લાવ્યો નથી પરંતુ વસ્તુતઃ જીવનો સ્વભાવજ પ્રગટ થયેલો છે. એમ ન હોય તો સંસાર સંજ્ઞાને છોડવાથી તદનંતર પ્રાપ્ત થનારી મુક્ત સંજ્ઞા પામેજ નહિ. કેટલાએક આચાર્યો સંસાર સંજ્ઞા અને મુક્ત સંજ્ઞા એ બંન્નેને તથા-ભાવ કહે છે જો એમ ન હોય તો સંસારમાં સંસાર-વર્તિ જીવો તે સિદ્ધિ સુખના સ્વભાવને કેમ ન પામે ? અર્થાત્ તે સુખને પામવા જોઇએ. ગાથા ૧૯.

તેવી રીતે તે સિદ્ધ ભગવંતોમાં સ્વભાવથી નિયત એવું સ્વરૂપ તથા પ્રકારે છે. પરંતુ તે સ્વરૂપે સ્વભાવ-સુખ મૂર્ત નથી. અથવા તેવી રીતે સિદ્ધ ભગવંતોના સ્વભાવથી નિયત સ્વરૂપ

જે પ્રકારે છે તે સંસારમાં અર્થાત્ સંસારી પ્રાણિયોમાં હોતું નથી, પરંતુ સ્વભાવથી નિયત એવું એકાન્તભવ-રહિત પરમ-સુખાદિ સ્વભાવમય, તે સ્વરૂપ સુખ મુક્તિમાં છે તે જાણવા લાયક છે. ગાથા ૨૦.

એવી રીતે સિદ્ધ સુખ નામની વીસમી વિંશિકા સમાપ્ત થઇ. યાકિની મહત્તરા= શાસન માન્ય સાધ્વીના સદુપદેશથી શ્રમણ-ધર્મ સન્મુખ થયેલ હોવાથી ઉપકારિના ઉપકારને સદાય સ્મરણ કરતાં 'યાકિની મહત્તરાના ધર્મપુત્ર' આ વિશેષણથી પોતાને જણાવે છે. અને તેથી આ કૃતિ યાકિની-મહત્તરા-ધર્મપુત્ર-શ્વેતામ્બરાચાર્ય-શ્રીહરિભદ્રસૂરીશ્વરે કરેલી છે.

काऊण पगरणमिणं जं कुसलमुवज्जियं मए तेण ।
भव्वा भयविरहत्थं लहंतु जिणसासणे बोहिं ॥२१॥

આ પ્રકરણ કરીને મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું, તે પુણ્યથી ભવ્યાત્માઓ ભવભયના વિરહ માટે જિનેશ્વર ભગવંતના શાસનમાં બોધિ બીજને પામો. અર્થાત્ પુણ્યના પુનીત આનંદથી આનંદિ-થયેલ આચાર્યવર્યશ્રી ભવ્યાત્માઓને ઉપરનો આશીર્વાદ અર્પણ કરે છે. અથવા જે પ્રકરણ કરીને મેં આ પુણ્ય ઉપાર્જન કર્યું તે પ્રકરણથી ભવ્યાત્માઓ ભય-વિરહત્થં=સર્વ પ્રકારના ભયનો વિરહ કરવા સમર્થશાળી એવા બોધિ બીજને પામો. ગાથા. ૨૧.

इति श्रीविंशति-विंशिका प्रकरण-सारांश समाप्तम् ॥

ઉપસંહાર.

અનાદિ અનંતકાળથી આ આત્મા રખડી રહ્યો છે. રખડપટ્ટી કરનારા આત્માને અનાદિપણા સાથે શો સંબંધ છે?, પંચાસ્તિકાયમય-લોકનું અનાદિપણું, અનાદિપણામાં અસ્ખલિત પરિભ્રમણ કરનાર આત્મા ધર્મ સન્મુખ કઈ રીતે થાય છે તે ક્રમસર જણાવવામાં આવે છે. અર્થાત્ દ્વિતીય વિંશિકામાં લોકનું અનાદિપણું સિદ્ધ કરીને કુલનીતિની પરંપરા રૂપ ધર્મ સેવનમાં કેટલો કાળ વ્યતીત થાય છે તે સારૂ કુલનીતિ લોકધર્મનો અધિકાર ત્રીજી વિંશિકામાં જણાવી દીધો.

ધર્મ બીજની અનુકુળતાને યોગ્ય થયેલા જીવે પૂર્વે અનંતા અનંત પુદ્ગલ પરાવર્તોનું પરિભ્રમણ કરીને ચરમાવર્ત કાળની વિશિષ્ટ-સિદ્ધિ-યોથી ચરમાવર્ત વિંશિકામાં સુસંગત યુક્તિ યુક્તપણે વિચારાય છે ગયા. ચરમાવર્ત વિંશિકા પછી અનુક્રમે બીજ-અંકુર-કાષ્ઠાદિ સંપત્તિ સ્વરૂપ ધર્મ કઈ રીતે પામે છે તે જણાવી દીધું અને તે પછી ચાનુક્રમે સદ્ધર્મ-દાન-પૂજા-શ્રાવક ધર્મ અને શ્રાવક પ્રતિમાના અધિકાર રૂપ વિંશિકાઓનું વિશેષતયા સ્પષ્ટીકરણ કરી દીધું.

દશ-વિંશિકા પર્યંત શ્રાવક ધર્મ અને શ્રાવક ધર્મની પરીક્ષા રૂપ પ્રતિમામાં ઉત્તીર્ણ થયેલ યતિ ધર્મનો અધિકારી થાય છે તેથી યતિધર્મ, ગ્રહણ-આસેવન-શિક્ષા, ભિક્ષા-વિધિ, ભિક્ષા-શુદ્ધિ, આલોચન-વિધિ, પ્રાયશ્ચિત, યોગ, કેવળજ્ઞાન, સિદ્ધ ભેદ અને સિદ્ધ-ભગવંતોના સુખનું વર્ણન અનુક્રમે વિંશિકામાં-અધિકારરૂપે સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું.

આ રીતિએ જે પુણ્યાત્માઓ આ વીશ વિંશિકાઓનું અનુક્રમે અધિકારસ્થિત વિષયોનું વાંચન-મનન-પરિશીલન કરશે, અગર પઠન-પાઠન રૂપે જીવનમાં અભ્યાસ રૂપે અમલમાં મુકશે; તેઓ ઉત્તરોત્તર અધિકાર અનુસાર જીવન જીવીને સિદ્ધિ સુખના ભાગીદાર થશે. અર્થાત્ નિસ્તરંગોદધિકલ્પ-સિદ્ધ-અવસ્થાને પ્રાપ્ત-કરવાવાળા થશે.

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-પરમોપાસ્ય-આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની છત્રછાયામાં આ વિંશતિ=વિંશિકા પ્રકરણોના વિષમ સ્થળોના આશય સમજવાનું અને ધારવાનું સુંદર સૌભાગ્ય ગત ચાતુર્માસમાં પ્રાપ્ત થયું. તેઓશ્રીના આશય વિરૂદ્ધ સારાંશ લખવામાં ત્રુટિ રહી ગઈ હોય, અથવા વાંચકની વાસ્તવિક ઈચ્છાઓને સંતોષ આપી શકાય તેવી રીતના વિસ્તૃત સારાંશને સકારણ સંક્ષેપપણે સમાપ્ત કરવો પડયો હોય, અગર શાસન માન્ય સિદ્ધાંતોને અજ્ઞાનતાથી સારાંશમાં લખી દીધા હોય; તે સર્વનો અત્ર 'મિચ્છામિ દુક્કડં' દઇ સારાંશ સમાપ્ત કરવામાં આવે છે. વિસ્તારના અર્થિઓને વિંશિકા રહસ્ય વાંચવાની ભલામણ છે.

---

૧. નિયમિત માસિક પ્રગટ થાય તે સારૂં પ્રેસ મેટર ત્વરાથી પુરૂં પાડવું વિગેરે.

શ્રદ્ધાદિ-પોષક-સુધાબ્ધિઃ

નોંધઃ–જૈનશાસનના રસિક–આત્માઓને રત્નત્રયિની આરાધના અસ્ખલિત–વેગવંતી બને તે હેતુથી શ્રીસિદ્ધચક્રનો પ્રથમતઃ–પાક્ષિકપણે અને પશ્ચાત્ માસિકપણે શાસન–માન્ય વર્ગમાં ખૂબખૂબ પ્રચાર થયો હતો, થાય છે, અને થશે એ નિઃશંક બીના છે. આ શ્રીસિદ્ધચક્રના ટાઇટલ પેઇજને પર પ્રસંગે પ્રસંગે **પ. પૂ. પંન્યાસ–પ્રવર–શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રે** જુદા જુદા વિષયો પર ટુંક આલેખન કરીને વાંચકોના વાંચનમાં અનેરું અમૃત સીંચ્યું છે. પરંતુ એકજ સ્થળે તેઓશ્રીના અનુભવનું આસ્વાદન કરી શકાય તે માટે સંચયરૂપે અહિં દરેક ટાઇટલ પેઇજાદિના આલેખનો આ ગ્રંથમાં આલેખાય છે.

લિ૦ પ્રકાશક.

૧. શાસન–મહેલની સીઢી.

હું જૈન છું, અને જૈનત્વ પામ્યો છું એવી માન્યતામાં મગરૂર બનવા પહેલાં, જૈન–શાસનની કીડ યાને રહસ્યના ઉંડાણને અવલોકવાની જરૂર છે!!!

જૈન–શાસનની કીડ યાને રહસ્ય.

જે જીવો જગતૂના સર્વ પદાર્થો પ્રત્યે જેવો પ્રેમ રાખે છે, તેવોજ પ્રેમ નિર્ગ્રંથ (ત્યાગમય) પ્રવચન પ્રત્યે રાખે તે **શાસનમહેલના પ્રથમ અર્થ નામના પગથીઆ પર ચઢેલાં છે.**

જે જીવો જગતૂના કલ્પવૃક્ષ, ચિન્તામણિ, ચિત્રાવેલી વિગેરે સર્વોત્તમ પદાર્થો કરતાં પણ નિર્ગ્રંથ(ત્યાગમય) પ્રવચનને અધિકપણે અંગીકૃતકરે, અને વર્તે તે **પરમાર્થ નામનાં બીજા પગથીઆ પર ચઢેલા છે.**

નિર્ગ્રંથપ્રવચન સિવાય વિશ્વમાં વિખ્યાત પામેલા સર્વ પદાર્થો (જેવાં કે સ્ત્રી, મા, બાપ, ભાઈ, ભાંડુ, ધન, ધાન્ય, કુટુંબ, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, રાજા, મહારાજા, ચક્રવર્તીપણું, યાવત્ ઇન્દ્રપણું) એ

બધાં ભયંકર જુલ્મગાર છે !!! એવી ધારણા જે જીવોને થાય, ત્યારેજ, તેઓ **અનર્થ નામના** ત્રીજા પગથીઆ પર ચઢેલા છે, બલકે જૈન શાસનમહેલની યથાર્થ મોજમઝા માની રહ્યા છે એમ કહી શકાય, પરંતુ ઉત્તરોત્તર **અર્થ-પરમાર્થ અને અનર્થ રૂપ ત્રણ સોપાન પર સ્થિત થવું તે સહેલ નથી !!!**

અર્થાત્-શાસ્ત્રકારમહર્ષિઓએ આ પ્રસંગનું સામાન્ય સ્વરૂપ જણાવતાં સ્થાન સ્થાનપર પ્રતિપાદન કરેલ છે કે 'इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसे अनट्ठे' એમ જણાવી **ત્યાગમય પ્રવચન સિવાય જગત્ભરના જગજાહેર પદાર્થો જાલીમ-જુલમગાર છે !!!**

મહારાજશ્રેણિક, **શાસનભકત-કૃષ્ણ, પ્રદેશી; અને શ્રાધ્ધવર્યઆનંદ** શ્રાવક સરખા મહાશયો એ શાસન મહેલની સીઢીના અનુક્રમે **ત્રીજા** પગથીઆપર મહાલતા હતા, અને તેથીજ તેઓ હરદમ ત્યાગમય પ્રવચનની **હું શ્રધ્ધા કરૂં છું, પ્રતિતી કરૂં છું, અને રૂચિ કરૂં છું,** એવું બોલતા હતા. આ ઉપરથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિઓએ દેશવિરતીવાળાઓએ, અને સર્વવિરતિધરોએ પણ આ ત્રણ પગથીઆના પરમાર્થને સમજી અંતે પારમાર્થિક-ભૂમિકામાં ઓતપ્રોત થવાની જરૂર છે. આથી સ્પષ્ટ થાય છે કે ત્યાગમય પ્રવચનની શ્રદ્ધા, પ્રતિતિ અને રૂચિમાં જૈનપણું અને જૈન શાસન રહેલું છે.

વસ્તુતઃ **શાસન મહેલની સીઢી પર તેજ શાસનસેવકો સુસ્થિત છે, કે જેઓનું જીવન તે સીઢીના અર્થ-પરમાર્થ અને અનર્થરૂપ સોપાનની સુંદરતા અનુભવી શકયા છે !!!**

---

૨. એકજ નિશ્ચય !!!

જે જીવો જગતૂમાં સર્વ પદાર્થો પ્રત્યે જેવો પ્રેમ રાખે તેવોજ પ્રેમ નિગ્રંથ-(ત્યાગમય) પ્રવચન પ્રત્યે રાખે તે શાસનમહેલના પ્રથમ **અર્થ નામના પગથીઆ પર ચઢેલા છે.**

જે જીવો જગતૂના કલ્પવૃક્ષ, ચિન્તામણિ, ચિત્રાવેલી વગેરે સર્વોત્તમ પદાર્થો કરતાં પણ નિગ્રંથ-(ત્યાગમય) પ્રવચનને અધિકપણે અંગીકૃતકરે **તે પરમાર્થ નામના બીજા પગથીઆ પર ચઢેલા છે.**

નિગ્રંથ-પ્રવચન સિવાય વિશ્વમાં વિખ્યાત પામેલાં સર્વપદાર્થો (જેવાં કે સ્ત્રી, મા, બાપ, ભાઈ, ભાંડુ, ધન, ધાન્ય, કુટુંબ, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, રાજા, મહારાજા, ચક્રવર્તીપણું, યાવત્ ઇંદ્રપણું) એ બધાં ભયંકર જુલ્મગાર છે !!! એવી ધારણા થાય ત્યારેજ **અનર્થ નામના ત્રીજા પગથીઆપર ચઢેલા છે,** બલકે જૈન શાસનમહેલની યથાર્થ મોજમઝા માની રહ્યા છે; એમ કહી શકાય પરંતુ ઉત્તરોત્તર **અર્થ-પરમાર્થ અને અનર્થ રૂપ ત્રણ સોપાન સમજવાં તે સહેલા નથી !!!**

તે શાસન રસિકો હરદમ ત્યાગમય પ્રવચનની **હું શ્રદ્ધા કરૂં છું, પ્રતિતી કરૂં છું, અને રૂચિ કરૂં છું;** એવું બોલતા હતા, **અને** બોલવા પ્રમાણે વર્તતા હતા. આ ઉપરથી અવિરતિ-સમ્યગ્દૃષ્ટિઓએ, દેશવિરતીવાળાઓએ, અને સર્વ-વિરતિધરોએ **એકજ નિશ્ચય** કરવો ઘટે છે કે **ત્યાગમય પ્રવચન સિવાય જગત્ભરના જગ જાહેર પદાર્થો જાલીમ જુલમગાર છે !!!**

---

૩. ભોગનું-પ્રદર્શન !!!

૧ ભોગપૂજના પામર પૂજારીઓ ત્રણે કાળમાં આત્મહિત માટે માથું ઉચું કરવાને તદ્દન અશકત છે !!!

૨ કાઠિયાવાડ પ્રદેશના ભોગાવા કરતાં ભોગનો-ભોગાવો અત્યુત્કટ ભયંકર છે !

૩ જ્યાં સુધી ભોગની ભયંકરતા હૃદયમાં વસતી નથી, ત્યાંસુધી તીર્થંકર પ્રણીત તત્ત્વની તાલાવેલી લાગતી નથી.!!!

૪ ભોગી (સર્પ) વિષથી વ્યાપ્ત છે, જ્યારે ભોગિ મનુષ્ય વિષયથી વ્યાપ્ત છે!!!

૫ **વિષમાં અને વિષયમાં** એક માત્રાનું પ્રમાણ વધુ છે!!!, અર્થાત્ તેમાં પાપમય પરાક્રમ કરવા-કરાવવાની પરાકાષ્ઠા છે!!!

૬ **વિષ** એ એક જીંદગીને ખરાબ કરેછે, જ્યારે **વિષય** અનેકાનેક જીંદગીઓને વ્યર્થ બનાવે છે!!!

૭ સ્મરણ માત્રથી અનેકાનેક મરણ નીપજાવવાની શકિત કેવળ **વિષયે અખત્યાર કરેલી છે!!!**

૮ વિષયકાળના વિષમ વાતાવરણમાં વિષય-કીટકોને વિવેક દુષ્પ્રાપ્ય છે!!!

૯ વિકાળ-સ્વરૂપધારિ વિષય-પિપાસુઓ વિષય માટે અનેક પ્રકારે વલખાં મારે છે!!!

૧૦ પરિણામે અત્યંત દુઃખદાયિ વિષય-દાહ ભવોભવ ભડકાની જેમ ભભૂકતો રહે છે!!!

૧૧ ભોગની પાછળ ભમનારાઓને ભોગનું ભયંકર દર્શન કરવું પડે છે!!!

૧૨ ભ્રમિત મગજવાળાની જેમ ભોગિ-મનુષ્યોના મુખમાંથી **અનેક** વખત "ભોગ લાગ્યા," "ભોગ લાગ્યા" એ શબ્દો નીકળ્યાજ કરે છે.!!!

૧૩ ભોગને રોગ સમજીને ભોગથી દૂર ભાગનારાઓની પાછળ ભોગ ભૂતની જેમ ભટકે છે!!!

૧૪ ભોગની પાછળ ભગીરથ-પ્રયત્ન કરનારાઓને સર્વત્ર **સદાકાળ સર્વથા** મહામુશીબતોના મહા તોફાનમાં મુંઝાવું પડે છે!!!

---

૪. અલૌકિક-દર્શન.

મિથ્યાત્વના મહાન્-અંધકારમાં મુંઝાયલાઓ, અવિરતિના ઉંડા અંધારકૂપમાં આંખો મીંચીને આંટા મારનારાઓ, કષાયરૂપ કીચ્ચડના કોહવાટથી કાયર થયેલાઓ; તથા શ્રીસર્વજ્ઞ-કથનથી વિરૂદ્ધ મન, વચન, કાયાની પ્રવૃત્તિમાં દોડધામ કરનારાઓ ચાર ગતિરૂપ ભયંકર સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે!, અર્થાત વર્તમાનમાં રખડે છે, ભૂતકાલમાં રખડયા, અને ભવિષ્યમાં રખડશે એ નિઃસંશય વાત છે. આવી રખડપટ્ટી-માંથી બચવા માટે એટલે કે આત્માના ઉધ્ધારાર્થે **સમ્યકત્વનું સેવન, વિરતિનું વ્હાલપૂર્વક આલિંગન, નિષ્કષાયરૂપ નિર્મલ-નીરમાં નિમજ્જન; અને ત્રણે યોગનું સ્થિરીકરણ કરવા માટે સમર્થ એવા મોંઘામાં મોંઘા માનવ જીવનની પ્રાપ્તિ થઈ છે તેને સફળ કરો, અર્થાત્ આ શિવાય માનવ જીવનની સફલતા નથી, અને આ આત્માનો ઉદ્ધાર પણ નથીજ!!!**

જગતમાં એવું કોઇ રાજ્ય નથી, એવો કોઈ રાજા નથી, એવો કોઇ અધિકારી નથી, અથવા એવા કોઈ કાયદા નથી કે જે પ્રજા પર અંકુશ રાખવા માટે પ્રજાની વસ્તીના પ્રમાણ કરતાં વધુ લશ્કર રાખી શકે; છતાં અનાદિ-અનંત-કાલથી એકજ રાજ્ય એવું છે, અને એ એકજ રાજા એવો છે કે જેણે તેના અજબ અધિકારીઓ અને આશ્ચર્યજનક કાયદા, કાનૂન તથા ઓર્ડીનન્સોદ્વારા, અસંખ્યાત પ્રદેશી એવા એકે એક આત્માઓ પોતાના પંજામાંથી ન છટકે તે માટે તેના એકેએક પ્રદેશ પર અનંતી અનંતી વર્ગણારૂપ લશ્કર ગોઠવેલું છે. **આ લશ્કર દરેક દરેક આત્માના અસંખ્યાત પ્રદેશ પૈકી એકેએક પ્રદેશ પર ગોઠવાયેલું છે!!!**

પત્થર તળે હાથ આવ્યા બાદ જોર કરવાથી તો હાથના ટૂકડા થાય, પણ જો યુક્તિ (કલ) અજમાવવામાં આવે તો હાથ સહિસલામત નીકળી શકે છે. તેમ અનાદિ અનંતકાલથી, દરેક આત્માની અનંતને અવ્યાબાધ જ્ઞાનાદિ લક્ષ્મી ઉચાપત કરનાર કર્મ રાજ્યના લશ્કર સામે કલથી કામ લેવાની ખાસ આવશ્યકતા છે. આ કર્મશાસન (કર્મરાજ્ય) મોહરાજાના મહિમાને આભારી છે, અને તેથીજ પ્રથમ મોહરાજાના લશ્કરને હણવાની ખાસ જરૂર છે, અને એજ હેતુ માટે શ્રી સર્વજ્ઞ કથિત કોઇપણ શબ્દ કર્ણેંદ્રિયથી શ્રવણ કરો, અને પછી મનથી વિચારો, વચનથી બોલો, કાયાથી આચરો, દ્રવ્યનો તેમાં સદુપયોગ કરો અર્થાત્ **દ્રવ્ય-ક્રિયામાત્રથી ઓગણોતેર કોડાકોડ જેટલી લશ્કરની સ્થિતિ હતાશ થાય છે!!!**

જઘન્યથી નમસ્કાર મંત્રના એક અક્ષરનો ઉચ્ચાર કરનાર પાપીમાં પાપી મનુષ્ય અગર અભવ્ય પણ આ ઓગણોતેર કોડાકોડ જેટલી લશ્કરની સ્થિતિને હઠાવે છે. બાકી રહેલ એક કોડાકોડ **જેટલી** લશ્કરની **સ્થિતિમાંથી બાકીની સ્થિતિ રૂપ લશ્કરને ભવ્યાત્માઓ સંસાર-ઉદ્વિગ્નતારૂપ પ્રબલ પરિણામના જોરે અપૂર્વતા-અનિવૃત્તિતારૂપ શસ્ત્રથી હતાશ કરે છે, અને તેજ ક્ષણે તે (ભવ્યાત્માઓ) અભૂતપૂર્વ-સંવેગની સમરાંગણ-ભૂમિનું અલૌકિક-દર્શન કરે છે!!**

---

૫. અર્થિપણાનો આદર્શ.

બન્ને આંખોમાં શ્રાવણ ભાદરવો દેખાય એવો રોગી રોગથી રાંક બનીને, રોગ નિવારવા માટે ઔષધાલય તરફ, ઔષધાલયના ટાઈમ સિવાય પણ આંખો મીંચી દોડધામ કરી મૂકે છે, ક્ષુધાથી પીડાતાઓ, ઘંટના ટકોરા વગર અગર રીસામણાં મનામણાં કે બોલાવ્યા વગર હરદમ રસોડે દોડયા જતાં દેખાય છે, તૃષાથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારનારાઓ જલાશયો તરફ કાયમ કુચ કરતા દેખાય છે, ન્યાયની નિરંતર ઝંખના કરનારાઓ ન્યાયાધીશના આવ્યા પહેલાં ન્યાયમંદિરો તરફ નીચી નજરે નિર્ગમન કરે છે, વિદ્યાના વલખાં મારનાર વિદ્યાર્થીઓ વિશ્વમાં વિખ્યાત થવા માટે વિદ્યાલય તરફ વિના સંકોચે ઘંટ વાગ્યા પહેલાં હાજરી આપે છે, લાભાંતરાયમાં લેવાઈ ગયેલાં લક્ષ્મીના લાલચુઓ લાંબા કાળ સુધી લક્ષ્મી-પ્રાપ્તિ માટે બજાર ઉઘડ્યા પહેલાં દોડધામ કરી મુકે છે, મુસાફરીની વાસ્તવિક કિંમત સમજનાર મુસાફરો ગાડીના ટાઈમ પહેલાં સ્ટેશન પર હાજર થાય છે; અને પૈસા ખરચી પાપને આમંત્રણ કરનારા ભૂખ અને ઉજાગરો વેડી નાટક સીનેમા વિગેરેમાં અવનવું જોવાના અભ્યાસીઓ ઝડપ બાંધ ધસે છે. એટલે કે ક્ષુધિતોને ક્ષુધા નિવારણ કરવામાં, તૃષાર્તોને તૃષા નિવારવામાં, ન્યાયના પિપાસુઓને ન્યાય મેળવવામાં વિદ્યાર્થિઓને વિદ્યા સંપાદન કરવામાં, લક્ષ્મીના લાલચુઓને યેન કેન પ્રકારેણ લક્ષ્મી પ્રાપ્ત કરવામાં, મુસાફરોને નિર્વિઘ્નપણે મુસાફરી કરવામાં, અને પાપને આમંત્રણ કરનારાઓમાં અર્થિપણાંનું અનેરૂં પુર અજબ રીતે ઓતપ્રોત આવિર્ભાવ પામેલું હોય છે!!! નાશવંત પદાર્થોની પ્રાપ્તિ માટે તેવા પદાર્થોનું અર્થિપણું અખિલ વિશ્વના વિહ્વલ આત્માઓએ અંગીકૃત કર્યું છે, પણ અવિનાશી, અવિચલ અને વિશુદ્ધ-આનંદાદિ **અનેક ગુણોથી વિભૂષિત પદાર્થોની પ્રાપ્તિ માટેનું અર્થિપણું કે જેમાં સાચું સુખ રહેલું છે તે અર્થિપણું હજુ સુધી આ આત્માને જાગ્યું નથી!!!**

જે પદાર્થ જન્મતાં સાથે લાવ્યા નથી, મરતાં સાથે લઈ જવાના નથી, અને જન્મ મરણ દરમ્યાન-વચલી જીંદગીમાં પણ તે પદાર્થો રહેશે કે નહિ તેનો ભરૂંસો પણ નથી, છતાં તેના અર્થિપણાની સફલતા માટે રાત્રિ દિવસ એક સરખો ઉદ્યમ; અને જે વસ્તુ જન્મતાં સાથે આવે (લવાય), મરતાં સાથે આવે (લઈ જવાય), અને તે રહે તોજ બધું ટકે એવો અચળ નિયમ હોવા છતાં તેના (ધર્મના) સંરક્ષણાદિ

માટે અર્થીપણું છે કે નહિ, તે વિચારવા માટે ક્ષણ માત્રની ફુરસદજ નથી!!

એવા આત્માર્થિપણાની હયાતિ માટે જ્યાં વિચારને સ્થાન નથી, ત્યાં પછી અર્થિપણાનો અમોઘ-વારસો મેળવવા કટિબદ્ધ થવું, અને થયા પછી તદનુસાર પ્રવૃત્તિ રાખવી, તેવી પ્રવૃત્તિ કરતાં આડે આવતાં વિઘ્નોના વિષમ-વાદળોને વિખેરવા, સમગ્ર-વાદળદળને વિખેરીને સિદ્ધી કરવા લાયક પદાર્થ સિદ્ધ કરવો, અને તે સિદ્ધિ કર્યા બાદ જગતનું દારિદ્ર ટાળવા માટે એટલે વિનિયોગ કરવા માટે તે પ્રાપ્ત થયેલ સંવર નિર્જરા વર્ધક અથવા પુણ્ય પોષક પ્રબળ સિધ્ધિરૂપ પદાર્થ સવને આપવા પ્રયત્ન કરવો, આ બધી વાતો બનાવાવી એ સેંકડો કોષ દૂરની વાત છે.

સંસ્કાર માત્રથી સુંદર બનેલી રસવતીઓ માટે, શરીરની શોભા; આરોગ્યતા માટે; અને તુષ્ટિમાટે-પુષ્ટિના અનેક ઉપાયો માટે, પાંચે ઇન્દ્રિયોની પટુતા માટે; અનેકવિધ-વિષ-સમાન-વિષયોની **પરિપૂર્તિના સાધનો માટેનું અર્થિપણું એ મોંઘામાં મોઘા આ માનવ જીવન માટે ચણનોતરેલો વિનાશકાલ છે.**

આ માટે વિવેકીઓને વિવેક નેત્રથી નિરીક્ષણ કરવાની ખાસ આવશ્યકતા છે. હાલનું આત્મઘાતક-અર્થિપણું એ આંધળાની દોડધામ, ગાંડાની ઘેલછા; અને અંતિમ અવસ્થાનો સન્નિપાત છે!!!

પરમાત્માનું શાસન પામેલાઓ મોંઘા માનવજીવનની મહત્તા સમજે, અતિ મોંઘા માનવજીવન દ્વારા મેળવવા લાયક પદાર્થને જાણે, તે જાણવા સદ્‌ગુરૂઓનાં સમાગમમાં આવી સદ્‌ગુરૂઓની શુશ્રુષા કરે, સાચા સિદ્ધાંતને પામે; અને અંતે સત્ય પદાર્થની **પ્રીતિ તથા પ્રતિતી** થાય તોજ **સાચા-અર્થિપણાનો આદર્શ આવિર્ભાવ પામે!**

દર્પણને દેખનારા જવલ્લેજ હોય છે, અને તેમાં કાજલ વિગેરેને દોષ તરીકે દેખનારા પણ તેથી થોડા હોય છે, દોષો કાઢવા જેવાજ છે એવું જાણનારા તેથી પણ અલ્પ છે; અને દર્પણ દેખીને, દોષને દોષ તરીકે પીછાણીને, કાઢવા જેવા જાણીને કાઢવા માટે તત્પર થનારાઓ તો તેથી પણ અતિ અલ્પ સંખ્યામાં છે.

જેના અર્થિપણાની નોંધ સિદ્ધાંતમાં સુવર્ણાક્ષરે શુશોભિત છે તે ક્ષાયક સમકિત શિરોમણી મહારાજા શ્રેણિક, પ્રાણથી અધિક વલ્લભ પોતાની પુત્રીઓને પ્રભુમાર્ગમાં સમર્પણ કરનાર વાસુદેવ શ્રીકૃષ્ણ, સૌભાગ્યવતી-વિદુષી-સુલસા, અને શાસન પ્રભાવક-મયણા; તથા માનવ જીવનની સાફલ્યતાની કિંમત સમજનાર તુંગિયા-નગરીના શ્રાવકોના અર્થિપણાના આદર્શને અનુસરો!!!

૬-સંવેગની સમરાંગણ-ભૂમિ.

અખિલ ભારતવર્ષમાં વિનશ્વર પદાર્થો પર સર્વોપરી સત્તાનો પ્રથમ સૂર કાઢનાર, સ્વ-પરાક્રમ પર અતિ નિર્ભર, ચોરાશી લાખ અશ્વો, ચોરાશી લાખ હાથી, છન્નુ કોડ પાયદળ, અહોનિશ સેવા સારનારાઓથી સેવિત, બત્રીશહજાર મુકુટબધ્ધરાજા, ચક્રરત્નાદિ દિવ્યસંપત્તિથી રાજા મહારાજાઓને પણ સહજમાં વશ કરનાર, અને એ મશહૂર-પ્રચંડ-સત્તા સામે માથું ઉંચકવાને પણ હિંમતબાજોની હિંમતને પણ રણસંગ્રામમાં શૌર્યભેર રોકી રાખનાર; એવા પ્રથમ ચક્રવર્તિ-ભાગ્યવાન-ભરત-મહારાજા સમા સર્વોપરી સત્તાધીશ બનેલા ચક્રવર્તિઓ, વાસુદેવ પદથી વ્યામોહીત વાસુદેવો, અને એજ વાસુદેવોથી પરાજય પામેલા પ્રતિ-વાસુદેવો વિગેરે-તેમજ કપટ કૌશલ્યાદિમાં કારમા કુનેહબાજ એવા કૌરવોની સાથે કાળ સમા કોલકરારોની પરિસમાપ્તિમાં

યુદ્ધકળા વડે અભિન્ન વિજય પ્રાપ્ત કરી પ્રસિદ્ધિને પામેલા, એટલે કે એ ભયંકર પાણીપતના મેદાનમાં ખેલાતી કૌરવોની કુટ નીતીઓ સામે પણ સત્યના પવિત્ર નિયમોને સંપૂર્ણતયા વળગી રહીનેજ પુરૂષાર્થની પરાકાષ્ઠાએ પહોંચેલા. પુણ્યવાન પાંડવાદિ અનેકાનેક મહાપુરૂષો; અને વર્ત્તમાન વીરવિભુના વિશાલ-શાસનમાં વિજયમાળને વરેલી વિરતી સ્વરૂપ શ્રી ભાગવતી દીક્ષાને અંગીકૃત કરનાર અને ચાર બુદ્ધિના નિધાન એવા શ્રીઅભયકુમારની દીક્ષા પછી તુરતજ ભાઇચારાનો પણ દ્રોહ કરવા રણે ચઢેલા કોણિક વિગેરેના હૃદયભેદક વૃત્તાંતો ખરેખર વિવેકીઓના હૃદયને પણ હચમચાવી મૂકે છે.

આદ્ય-તીર્થંકરદેવથી અદ્યપિ પર્યંત જડ અને ચેતન સંબંધના ઐતિહાસિક બનાવોની સમાલોચના કરતાં સ્મરણ-પથમાં અદ્‌ભુત અને અગમ્ય અનુભવ તો એજ આવે છે કે ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો, અને પ્રતિવાસુદેવાદિ રાજા મહારાજાઓ જેમ અર્થની પ્રાપ્તિને માટે રણસંગામમાં ઝુકાવે છે, તેમ સર્વ વિરતિના સુંદર વેષથી વિભૂષિત થએલ પૂ. તીર્થંકરો, પૂ. ગણધરો, પૂ. કેવળીઓ, પૂ. મનઃપર્યવજ્ઞાનીઓ, પૂ. અવધિ-જ્ઞાનીઓ, અને પૂ. શ્રુતકેવલીઓ વિગેરે મોક્ષને માટે-પણ સંગ્રામમાં ઝુકાવે છે. એ બન્ને વર્ગને અનુક્રમે વિનશ્વર તથા અવિનશ્વર પદાર્થોની સર્વોપરી સત્તા હાથ કરવા સમગ્ર-દળબળ સાથે પોતપોતાના રણ-સંગ્રામમાં ઝુકાવી યાવત્‌જ્જીવ બહાદુરીથી લડવુંજ પડયું છે; કારણ એજ છે કે ગમે તે દિશાના **વિજયની પ્રાપ્તિ તો સમરાંગણ ભૂમિમાંજ છે.**

બીજી વાત એ છે કે **વિનશ્વર પદાર્થો હરપળે મેળવી મેળવીને પણ મૂકવાજ પડે છે, જ્યારે અવિનશ્વર પદાર્થો તો મેળવ્યા તે મેળવ્યાજ!**. એને ફરીથી છોડવાં (મૂકવા) પડશે નહિં!!, માટે તો હર વખત કહેવાય છે કે જે કાંઇ કરવાનું છે તે તેને માટેજ કરવાનું છે, બલ્કે એને માટે દાન, જ્ઞાન અને ધર્મ ધ્યાન જેટલું થાય તેટલું ઓછુંજ છે!!!; આવા સર્વોત્તમવીરરસની વિશિષ્ટતાને પ્રતિપાદન કરનાર યુધ્ધ ભૂમિના સ્થાનોના પવિત્ર નામ શ્રવણ માત્રથી પણ-કહેવાતો કેળવાયેલો છતાંયે કાયરતાની તાલીમ પામેલો વર્ગ આજે કંપે છે, જ્યારે શાસન સેવામાં ઓતપોત બનેલો વર્ગ વિજયવરમાળ પહેરવાના અનેરા-ઉત્સાહ અને અમોઘ-અભિલાષા સાથે એજ સંગ્રામમાં મોખરે આવી ઉભો રહે છે. એ પણ ખરેખર **ધર્મ રંગની રસિકતા છે!!!**

ઉપર્યુક્ત બન્ને વર્ગની ભૂમિકાને તે તે દિશાની યુધ્ધભૂમિ તો કહી શકાય, પણ શાંતિના અને સમાન-તાના સૂર શિવાય જૈન શાસનમાં બીજું કાંઇજ નથી, એવું બોલનારાઓને એ બન્ને પ્રકારના રણવીરોની દિશાઓ તો જુદીજ છે, એ સાદી બીના પણ સમજાતીજ નથી. આત્મઋદ્ધિનો અખૂટ ખજાનો પ્રાપ્ત કરવાની ભાવનાવાળા દરેક દરેકને એ પુરાતન પ્રબળના-કર્મ-શત્રુઓ સામે અજબ શુરાતન દાખવવા ઉપશમરૂપ પ્રબળ શસ્ત્ર વડેજ પ્રભુ શાસનની એ સનાતન યુધ્ધ-ભૂમિમાં ઉતરવાનું છે, અને એથી કરીને તો એ યુધ્ધ ભૂમિનું નામ **સંવેગની સમરાંગણ ભૂમિ રાખ્યું છે!!!**

જેને જેને કર્મરાજાની કારમી કાર્યવાહીની કનડગતથી પોતાની અક્ષય ઋદ્ધિઓ હાથ ન આવતી હોય, તે દરેકે દરેકને આ યુદ્ધ ભૂમિ પર લડવુંજ પડે છે. એ સમરાંગણ ભૂમિ પર અંશે અંશે દેશવિરતિઓ, અને સર્વથા રીતિએ સર્વવિરતિના સંપૂર્ણ-**સ્વાંગધારિ-શ્રીતીર્થંકર દેવો, ગણધર-મહારાજાઓ, તથા કેવળી મહારાજાઓ સર્વોત્તમ લક્ષ્મીરૂપ વિજયની વરમાળા વરે છે!!!**

" જીવ્યા કરતાં જોયું ભલું " આ નહાની છતાંયે અર્થ-રસગાંભીર્યતાપૂર્ણ કહેવતની યથાર્થતાને તો ખરેખર આ **સંવેગની સમરાંગણ ભૂમિનું** અલૌકિક દિવ્ય દર્શનજ ચરિતાર્થ કરે છે. **સંસાર** એટલે રખડવાનું અજોડ સ્થાન !, **સંસારીઓ** એટલે રખડપટ્ટીના આગેવાન સલાહકારો !, અને **સંસારની રસિકતા** એટલે રખડપટ્ટીને સુદ્રઢ બનાવનારો રંગ-(ચોળમજીઠ), અર્થાત્ **સંસાર સંબંધી પદાર્થોની પ્રાપ્તિ માટેનોજ ઉદ્યમ** એટલે રખડપટ્ટીને ચાલુ ટકાવવાનો કારમો ઉદ્યમ ! ! !; આ બધી બાબતનો નિકાલ આ **સંવેગની સમરાંગણ ભૂમિના** દિવ્ય દર્શન પછી સાત કે આઠ ભવ, બહુ તો **અર્દ્ધપુદ્ગલ** પરાવર્ત અને ઓછામાં ઓછો અંત મુહૂર્તજ હોઇ શકે છે.

૭-શૂરા સરદારોની ઉત્પત્તિ !

અણસમજના અગાધ-વારિપ્રવાહમાં વિવિધ ક્રિડા કરનારા બાલકોના વિશ્વસનીય-વિશ્રામ સ્થાનરૂપ **જનેતાઓજ** છે, એવું **જય-ઇચ્છક-જનેતાઓએ** મગરૂરપણે જગત્માં જાહેર કર્યું છે.

દેવામાં આવતું દુધ, પાવામાં આવતું પાણી, અને ગળાવવામાં આવતી ગળથુથી વિગેરે વિગેરે શારીરિક તુષ્ટિ-પુષ્ટિ-વર્દ્ધક-પદાર્થોનું વિજ્ઞાન **જય-ઇચ્છક-જનેતાઓમાંજ** હોઇ શકે છે, એવો જયઘોષ જગત્ભરમાં ગાજી ઉઠયો છે ! ! !

બલ્કે શારીરિક-સ્થિતિથી લઇ ને મરણપર્યંત એટલે કે **શરૂઆતથી** આખીએ જીંદગીમાં, અમારા વંશ-વેલાના ફલરૂપ બાળકોની આર્થિક, માનસિક, શારીરિક, વિગેરે સર્વ સ્થિતિને અનેક વિધ સંયોગોમાં પગભર બનાવવા હરહંમેશ અમે તૈયાર છીએ; એવું કથન જન્મદાતા તથા જીવન સંરક્ષક જનેતાઓની જાણ બહાર નથીજ.

જય-પરાજયની સાદી, સરળ, અને નાની સરખી વ્યાખ્યાનું વિજ્ઞાન **આગમ** અનુસાર અવલોકન કર્યા વગર માતાઓ તરફથી બાલુડાંનો જય ઇચ્છવામાં આવે છે, વસ્તુતઃ **પરાજયની** અંશે પણ ઇચ્છા નથી; આવી વિચારણાના વાયરલેશ ટેલિગ્રામ છોડતા પહેલાં હૃદયથી તેઓ વિચારે કે-**જય-પરાજય** એટલે શું ?

જય એટલે શું ?, અને પરાજય એટલે શું ?;

" જય " શબ્દનો ઉચ્ચાર માત્રથી જીતનાં નિશાન વાગી જાય અને " પરાજય " શબ્દના પોકાર માત્રથી પાયમાલીજ થઈ જાય એમ નથી; અર્થાત્ તેવું સામર્થ્ય તે શબ્દ માત્રમાં નથીજ !

જય-ઇચ્છક જૈન સમુદાય જયવર્દ્ધક વૃક્ષને ઇચ્છે છે; જયવર્દ્ધક વૃક્ષના વનની પરંપરાનો અભિલાષી છે, પણ જય-બીજ તે શું ?, અને તે બીજ વાવવાની જમીન કઇ ?, જયબીજ જમીનમાં વાવ્યા વિના ફળ પ્રાપ્તિ પણ કયાંથી થશે ?, એટલુંજ નહિં પણ જયવર્દ્ધક વૃક્ષના મૂલ કારણરૂપ **જયબીજની** પીછાણ પણ નથી.

પારણામાં પોઢેલા બાળકો પ્રભુમાર્ગની અવિચ્છિન્ન ઐતિહાસિક પ્રણાલિકા પ્રૌઢ શબ્દોમાં સાંભળે, તે બાળકોને પ્રભુમાર્ગના પ્રણેતા અને પાલનહારોની પરિચર્યાનું પળે પળે ઉપાદેયકક્ષાનું શિક્ષણ મળે, તથા પ્રભુમાર્ગમાં સ્થિત બનેલા માતાપિતાદિદ્વારાએ તેઓની જીવનચર્યાનું ક્ષણે ક્ષણે નિરીક્ષણ થાય; તેવી જમીન શુધ્ધિઆદિ પ્રાચીન બીજ-વપનરૂઢી-પુરાણી કયાં છે ?, **આ જીવને અનાદિની ભવ-પરંપરા, અને કર્મ સંયોગ અનાદિનાં છે;** એવું એ બાળકોનાં હૃદયમાં સિંચન કયારે થયુ ?,

જો આ રીતિએ સંસ્કાર (બીજ) સીંચાત તો તે **જય બીજ**ના પુષ્ટ પરિણામથી પરિપકવ બનેલા, જય-પરાજ્યને બરાબર પીછાણનાર બાળકો આજે **સંવેગની સમરાંગણ-ભૂમિમાં બાહોશ અને બહાદુરો તરીકે** ખેલતા હોત !, **બલ્કે બેહોશ કે બહાવરા ન હોત** !; અર્થાત્ નાશવંત પદાર્થોના ઉપભોગમાં નિષ્ણાત બનેલી જનેતાઓએ-પ્રાચીન સૌમ્ય-સુખદ સંસ્કૃતિનો સંયોગવશાત્ અગર બેદરકારીથી આજે ઉચ્છેદ કર્યો છે. જેના પરિણામે બાલ્યકાળમાં **બાહોશ અને બહાદુર બનાવવાના છે,** એ બીજ વાવવાને બદલે વિષમય વિષયાદિ અનેકાનેક સંહારક સંસ્કાર સમર્પણ કર્યા છે; અને એ વિષબીજ વૃદ્ધિ પામ્યા પછી એ ઝેરી વૃક્ષ એટલું વિષમ અને વિકરાલ બને છે કે જેનાં કટુ ફલ માટે **જય-ઈચ્છક જનેતાઓની આંખો અશ્રુથી ઝળહળે છે, અને હૃદય ઝુરે છે** ! જય-ઈચ્છક જનેતાંઓએ બચ્ચાંઓનો બાલ્યકાલ એવો સરસ અને સુદૃઢ, સંગીનનીતિ-રીતિએ, વ્યવસ્થિત ઘડવો જોઇએ કે ભવિષ્યમાં તે માટે બળાપાનું નામ-નિશાન રહે નહિ !

જીવ અનાદિનો છે, ભવઅનાદિથી છે, કર્મસંયોગ પણ અનાદિથી છે; આ સંસારોથી ગીત હાલરડાં, વાર્તા, અને ઇતિહાસદ્વારા તમારા બચ્ચાંઓને જન્મથી વાસિત કરશો તોજ તે **સંવેગની સમરાંગણ ભૂમિ પર જય પતાકા ફરકાવનાર શૂરા સરદારો થશે !!!, અને પામવા લાયક પામી શકશે.**

૮-પૂનિત-પ્રણાલિકાથી તદ્દન અજાણ !!!

દરમાંથી દોડધામ કરી મૂકનાર ઉંદરો પાછળ પડેલા બિલાડીના ટોળાથી રક્ષણ કરનારને જુલ્મી કહેવા; ઝાડપાન અને પાણીથી નિર્વાહ કરનાર પ્રાણીઓ પર કારમી ક્રૂરતાનો કોપ વરસાવનાર કેશરીસિંહના પંજામાંથી તેમને (પ્રાણીઓને) મુકાવનારને પાપી કહેવા; અને પૌષ્ટિક પદાર્થોને સમર્પણ કરનાર ગરીબડી ગાયો પર કારમી છૂરી ચલાવનાર કસાઇની કારમી કીલ્લેબંધીની દીવાલોને જમીનદોસ્ત કરનારને જાલીમ જૂલ્મગાર કહી દેવા એ જેટલું ભયંકર નથી, પણ તેથી કેઈ ગુણું ભયંકર તો સંસારીઓની, સંસાર સાધન પ્રાપ્તિ માટેની દોડધામ, પ્રવૃત્તિ અને સંસાર વૃદ્ધિની સલાહોની સેંકડો સતામણીમાંથી **પલાયન થનાર સંયમીઓની** પાછળ પડેલા અગર **પલાયન થવાની ઈચ્છાવાળા સંયમ અભિલાષીઓની** પાછળ પડેલા; અને કારમી કાર્યવાહી કરનાર કુટુંબ આદિના કારમી કિલ્લેબંધીમાંથી બચાવનાર, **અખિલ વિશ્વને પરમ આશિર્વાદ રૂપ સર્વમાન્ય એવી સાધુસંસ્થાને** દુગંછનીય વિશેષણોથી નવાજવાનું કાર્ય છે, અને તે કાર્ય અત્યંત ભયાનક અને પાપવર્ધક છે એ વિવેકીઓએ ભુલવા જેવું નથી !!!

જે દેવાધિદેવનાં તમે દર્શન, વંદન, પૂજન કરો છો, જે શાસન સંરક્ષક સાધુઓની તમે સેવના કરો છો, અને જે દાન, શિયળ, તપ, ભાવાદિ ધર્માનુષ્ઠાનોની પાછળ તમે તમારાં તન, મન, ધન સમર્પણ કરો છો; છતાં તમે ત્રણ તત્ત્વો જગતમાં કયા મુદ્દાથી અસ્ખલિતપણે અસ્તિત્વ ભોગવે છે તે જાણ્યું નથી; જાણો છો છતાં હૃદયમાં ધારણ કરી રાખ્યું નથી, ધારણ કર્યું છતાં અમલમાં મૂકયું નથી અર્થાત્ એ ત્રણ તત્ત્વને પરમાર્થથી પીછાણ્યા નથી, અને નહિ પીછાણનારાઓજ ત્રણ તત્ત્વ પર આપત્તિના વાદળ વરસાવવામાં કમીના ના રાખે તે અવસરે વિવેકીઓ શું મૌન રહી શકે ?, વિચારાય તો સમજાય તેમ છે કે મૌન નજ રહી શકે. એજ **દેવાધિદેવો છે કે જેમણે ધન, કણ, કંચન, કામિની, કુટુંબ; અને દેશ, પુરજન છોડયા, એજ દેવાધિદેવ છે કે જેણે એક લાખ બાણું હજારની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસાવ્યા, એજ એ દેવાધિદેવ છે કે જેણે સિંચાણાના સપાટામાંથી પારેવાને**

બચાવવા શરીર સમર્પણ કર્યું, એજ દેવાધિદેવ છે કે જેણે પોતાની માતાને હજાર વર્ષ રોવરાવી-રોવરાવીને આંધળાં કર્યા; આ બધુ તપાસશો તો સમજશે કે કોલાહલ, રડારોળ આદિ અર્ધ સત્યાદિ બીનાઓને નવાજુના વાધા પહેરાવી વિશુદ્ધ વાતાવરણને કલંકિત કરનારાઓ બધા **પ્રભુ માર્ગની પૂનિત પ્રણાલિકાથી તદ્દન અજાણ છે.**

૯-મશહૂર ઝવેરી!!!

રત્નાકર શબ્દ સાંભળીને રત્નના અર્થિઓ સમુદ્રની સપાટી પર રહેલ કરવા નીકળે, ચોવીશ કલાક ફરે, અને સમુદ્ર તરફ ધારી ધારીને એકી ટસે જોયા કરે છે છતાં, રત્નનો અર્થિ અમુલ્ય રત્નો પ્રાપ્ત કરી શકતોજ નથી; તેવી રીતે **અનંત-અપૂર્વ-રત્નોથી ભરપુર એવું દુર્લભ આ માનવ-** જીવન છે એ શબ્દોના શ્રવણ માત્રની સુશ્રુષામાં પડેલાઓ, જીવન નિર્વાહના સાધનમાં જીવન શ્રેય માનવાવાળાઓ, **ચોવીશે કલાક સારીયે જીંદગીમાં કાયા, કુંટુબ, કામિની, કંચન, અને કીર્તિની પાછળ કાર્યવાહી કરનારાઓ,** સૃષ્ટિમાં કુનેહબાજના **અણઘટતા ઈલ્કાબોથી મશહૂર** બનેલાઓ, શરીર તરફ, શરીરની પાંચ ઇન્દ્રિયો તરફ, શરીરના ક્રોડો રૂવાંટા તરફ બલ્કે શરીરની સારીયે રચનાનું રક્ષણ કરનારાઓ નિરીક્ષણ નિરંતર કરે, છતાં એ અદ્રશ્ય-અરૂપી-અનંત-રત્નોથી ભરપુર અનુપમ-નિધાન-મનુષ્યપણામાંથી પામવા લાયક ચીજો પામતા નથી, પામ્યા નથી; અને પામશે પણ નહિજ.

એ પ્રાપ્તિ માટે તો જેમ સમુદ્રમાંથી રત્ન પ્રાપ્ત કરનારાઓ હજારો માઈલ ઉંડાણમાં જવાનું પસંદ કરે, ઝેરી જનવરના ઝપટામાંથી બચી જવાની ઝંખનાઓ કરે, મોતના પંજામાંથી પસાર થવા માટે શ્વાસનું રૂંધન કરે, અને વધુ પાણી પીવાઈ ન જવાય, તેવી અનેક જીવલેણ ક્રિયાઓને કળા કૌશલ્યતા પૂર્વક પૂરી કરે, પરિણામે નાશવંત પત્થર માટે પ્રાણ પાથરવાની તૈયારીઓ કરે, અરબસ્તાન વિગેરે દરિયાઈ સ્થાન પર ધન-માલ મિલ્કત આપીને પણ તે રત્નોની પ્રાપ્તિ માટે અનેકના જીવને જોખમમાં મુકાય તેવી કારમી ક્રિયાઓ કરે, અને કરાવે; બલ્કે એ કારમી ક્રિયાઓ કરનારા અને કારમી ક્રિયાઓ કરાવનારાઓ પ્રત્યે કોટિશઃ ધન્યવાદનો વરસાદ વરસાવે, તેવાઓ પણ આજે અવિનાશી-અમુલ્ય-અનુપમ-રત્નોની પ્રાપ્તિ પાછળ થતી કલ્યાણકારી કાર્યવાહી માટે કારમો કોલાહલ કેમ મચાવે છે?, વિશ્વમાં વિશિષ્ટ-વાત્સલ્યતા-ભાવ સીંચવામાં અદ્વિતીય-હેતુભૂત-સુધાસ્ત્રાવી-ચંદ્રકાન્ત-સમ ચારિત્ર-રત્નની પાછળ પાપમય-પ્રચંડ-પોકારની પડઘમ કેમ બજાવે છે?, વર્તમાન પત્રોદ્વારા ખોટા અહેવાલો જગત્ સમક્ષ પ્રગટ કરી-કરાવી જનતાના જીવનને વિષમય બનાવવાનું સાહસ કેમ ખેડે છે?; પાઠશાળામાં પોષાતા, કોલેજમાં કેળવાતા અને સ્કુલોમાં શિક્ષણ સંપાદન કરતા વિદ્યાર્થિઓ **વિદ્યાના બદલે વિષ પ્રાપ્ત કરી પરમપદ પ્રાપ્તિના પૂનિત માર્ગથી પરાઙ્મુખ થાય છે, છતાં મુંગે મોઢે એ કેમ સહન કરે છે?,** વિગેરે વિગેરે અનેકાનેક-વિચારણીય-પ્રસંગનું નિરીક્ષણ કરીએ છીએ, ત્યારે રહેજે સમજાય છે કે **પત્થર અને પારસમણિ, ઈમીટેશન અને જીવનરૂપ ઝવેરાત પારખનાર ઝવેરીઓ વસુધામાં વિરલાજ છે!!!**

દુનિયાનું નાશવંત ઝવેરાત જોવું, જાણવું અને જાણ્યા પછી મેળવવું જેટલું મુશ્કેલ છે; તેના કરતાં કૈકઠક ગુણું અવિનાશી ઝવેરાત જોવું, જાણવું અને પ્રાપ્ત કરવું તે અત્યુત્કટ મુશ્કેલ છે. **ઘૃતનો અર્થિ** દૂધનું દહીં, દહીંનું માંખણ, અને માંખણનું ઘી કરવામાં લેશભર કમીના ના રાખે, **રત્નનો અર્થિ** દરિયાને ડોળવાનું, પાણીમાં ડુબકીઓ મારવાનું, શ્વાસને રૂંધન કરવાનું, ઝેરી જનવરોથી ભાગતા ફરવાનું,

અને **પોતાની સર્વ શક્તિનો વ્યય કરીને પણ** નાશવંત રત્ન મેળવવાનું કાર્ય કરે, તેવી રીતે અવિનાશી રત્નનો અર્થે કણના ક્રોડો ઢગલા સળી જાય, ક્રોડોના પરિવારવાળું બ્હોળું કુટુંબ કકળી ઉઠે, કંચનના ક્રોડો ભંડારો પડ્યા રહે, ક્રોડો કામિનીઓ કરણ રૂદન કરે, અને કીર્તિના ક્રોડો કોટડાના કણીએ કણીઆ જમીન દોસ્ત થઈ જાય તો પણ તે યેનકેન પ્રકારેણ અવિનાશી રત્નો મેળવી અખંડ અવ્યાબાધ સુખ સંપાદન કરી અવિચ્છિન્ન-પ્રભાવશાલિ-**શાસનમાં ઝળહુળતા શાસન ઝવેરીના બિરૂદને ધારણ કરી દેશો દેશ વિહરી પૃથ્વી તળને પાવન કરે છે.**

૧૦-સગીર સમજે શું ?

અસ્ખલિત અશ્રુને સારનારાં રોતાં કકળતાં પાંચ-છ વર્ષના સગીરોને ટાંગા ટોળી કરીને નિશાળે મૂકવા-મૂકાવવાનું, અણીશુદ્ધ એકડો કાઢવા માટે આડા અવળા લીટા કરવા-કરાવવાનું, સીધો લીટો ન ખીંચે તો સોટીના માર-મારવા-મરાવવાનું, ઉઠતાં બેસતાં સ્લેટો ભાંગી નાંખી-નંખાવવાનું, હાલતાં ચાલતાં પત્થર-પેનો ખોઇ નાંખવા-નંખાવવાનું, લીટા લખીને પણ માનવ જીવનમાંથી કંઇક દિવસો અને મહિના પસાર કરવા-કરાવવાનું કાર્ય કારમું નિરર્થક કે અનર્થ ન ગણ્યું !!!, સગીર અવસ્થાનો આનંદ લૂંટનાર એ **સગીરો શું સમજે ?**, સગીરની સાચી શાંતિનો ભંગ કરનાર એ કોણ ?, એવાં અનેકાનેક વાગ્બાણ ફેંકીને મનવાળી બેસનાર જનક-જનેતાં-વાલી અને શાણી સરકારને ઉપરની પ્રવૃત્તિ કરીને સગીરના હિતેચ્છુઓ તરીકે જીવવાનો હક-વિદ્વાન-વસુધામાં નથી, તો પછી આત્મોન્નતિની સર્વોત્તમ સિદ્ધિ પ્રાપ્તિ માટે સર્વજ્ઞ દેવોથી સંસ્થાપિત થયેલ વિરતીની સંસ્થામાં સાત્વિક-શિક્ષણને સંપાદન કરવા સંચરેલા એ **સગીરો શું સમજે ?**, એવું કથન કરનારા હિતેચ્છુઓ નહિ, પણ સર્વથા હિત શત્રુઓ છે એમ કહી દેવામાં લેશભર અતિશયોક્તિ નથી !!!

ઠેસ વાગે ત્યારે સમજણ આવે !!!, ઘોડે ચઢે તે પડે !!!, ગર્ભમાં કોઇ શીખીને આવ્યું નથી !!!; એવી અનેકવિધ દંત-કઢીથી સગીરોના સત્ત્વને ઉતેજીત કરનાર દિલાસાના વચન વર્ષાવનાર હિતૈષીઓ આજના સમયમાં પણ છે, પૂર્વે હતા; અને ભવિષ્યમાં રહેશે.

સગીર અવસ્થામાં સાચી તાલીમ પામી સત્ય માર્ગે પ્રયાણ કરનાર સમસ્ત સૃષ્ટિને આશિર્વાદ સમર્પક જીવન રોધક કાયદાઓ કરવાની ધુનવાળાઓએ સ્થિર ચિત્તે હેય-ઉપાદેયના વિભાગને શાંતિથી વિચારવાની જરૂર છે.

સગીર અવસ્થામાં સગીરને ગુન્હેગાર ગણીને ગુન્હાની ગહન સજા માટે, ફટકા મારનાર, અને જેલના સળીયાપાછળ ગોંધી મુકનાર, અને જીંદગીમાં જીવતા જાન પર ડામીજના ડામ દેનાર સમજુ સરકાર કઇ રીતે કહી શકે છે કે એ **સગીરો સમજે છે શું ?**

જે સગીરો સમજણ પૂર્વક ગુન્હા કરે છે, **એ** આજની ચાલુ હીલચાલમાં જગતના ચોગાનમાં ખુલ્લે ખુલ્લું સ્પષ્ટ રીતે વાગી વગાડીને જાહેર થયું છે, તો પછી એજ સગીરો સમજણ પૂર્વક બીન-ગુન્હેગાર બનવાના નિર્ભય માર્ગે પ્રયાણ કરે તેમાં સગીરના સાચા હિતને લુંટવા માટે-એ **સગીરો સમજે શું ?, એવી કઢંગી ઢાલ કેમ ધરાય છે ?, તે આજે શાણા સમજુઓની સૃષ્ટિમાં સીધા અને સરળ તે પ્રશ્ને ગંભીર સ્વરૂપ પકડયું છે.**

૧૧–વાલીના જન્મસિદ્ધ હક પર ત્રાપ મારનાર મુસદ્દો.

ધાર્મિક કે અધાર્મિક, સામાજિક કે નૈતિક, આર્થિક કે શારીરિક કાર્યોમાં પોતાની માલ મિલ્કત સર્વથા વાપરવાને **વાલી સ્વતંત્ર,** દેશમાં, નાત–જાતમાં અને સમાજમાં સગીરનું ભાવિ હિત જળવાય તે હેતુથી હરકોઇ હુન્નર ઉદ્યોગમાં સગીરોને જોડવાને **વાલી સ્વતંત્ર,** પરાયી લક્ષ્મીનો લ્હાવો લેવા સગીરોને દત્તક લેવરાવવામાં **વાલી સ્વતંત્ર,** દત્તક દીધા પછી કેટલાક દત્તક થનારાઓની લક્ષ્મી ચાલી જાય અને સગીર ભીખ માંગતા થઇ જાય તેવું બને છતાં સગીરોને દત્તક દેવાના વિધાનમાં **વાલી સ્વતંત્ર,** લગ્ન ગ્રંથીના લ્હાવા લેવા સગીર બાળક બાલિકાના વિવાહ કરવામાં **વાલી સ્વતંત્ર,** સગીરોને હોકો, બીડી, દારૂ પીવરાવવામાં, રંડીબાજ બનાવવામાં અનેક વ્યસનો સેવરાવવામાં, જીવન મરણ જેવા સરઘસના પ્રસંગમાં ઉતરવા માટે નદી–નાળા–તળાવ અને બાથ રૂમોમાં મોકલાવવામાં લોકરંજન માટે વાંસ ઉપર ચઢી મદારીઓ બનાવવામાં **વાલી હરહંમેશ સ્વતંત્ર છે.**

નાશવંત પદાર્થોમાં નિષ્ણાત થવા માટે **વાલીઓ સગીરો માટે સર્વથા સ્વતંત્ર છે, પણ આજની ડાહી, શાણી સરકાર** તરફથી બહાર પડતો ભયંકર અને મોગલાઇને પણ ભુલાવે તેવો મુસદ્દો **વાલીના જન્મ સિદ્ધ હક પર ત્રાપ મારી સાચી સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે સર્વજ્ઞ સ્થાપિત સર્વવિરતિ–સંસ્થામાં સમર્પણ કરવા પૂનિત પંથે ઉદ્યમી થયેલ વાલીઓ સર્વથા સર્વદા પરતંત્ર છે,** એવું જાહેર કરી **પરાધીનતાના પિંજરામાં પૂરવા પોતાની મુરાદ બર લાવવા અનેકવિધ પ્રયત્ન સેવે છે; એ જૈન-નામધારિયોને પણ હવે અક્ષમ્ય લાગ્યું છે.**

વસ્તુતઃ **સગીરનું પારમાર્થિક હિત અને સાચી સ્વતંત્રતા લુંટનારો અને વાલીના જન્મ-સિદ્ધ હકક પર ત્રાપ મારનારો મોગલાઇને પણ ભુલાવે તેવો આ વડોદરા સ્ટેટ તરફથી બહાર પડેલો મુસદ્દો કાયદા રૂપે બહાર પડે તે જૈનધર્મિ માત્રને પ્રાણઘાતક લાગે છે; કારણકે જે મુસદ્દા પ્રત્યે પ્રજાકીય વિરોધ દિન પર દિન વૃધ્ધ પામતો દેખાય છે તે મુસદ્દો કાયદા રૂપે જગતમાં જીવી શકતો જ નથી, બલકે જીવવાનો હક ધરાવી શકતો નથી.**

૧૨–આજનો ગાયકવાડી મુસદ્દો.

આજનો મુસદ્દો પ્રભુમહાવીરની પૂનિત–સર્વમાન્ય–સંસ્થાને જમીનદોસ્ત કરવાની ઉમેદ રાખે છે.

આજનો મુસદ્દો વાલીની વાસ્તવિક–સમજણને સમજણ તરીકે સ્વીકારવાની સદંતર ના પાડે છે!

આજનો મુસદ્દો ગાલી પ્રદાનમાં અને મારામારીમાં ફોજદારી દિવાનીની રાહતે ન્યાય લેવા જેવી જંગલી જાહેરાત કરે છે!!!

આજનો મુસદ્દો સગીરને શયતાન કહેવા તૈયાર છે, પણ શાણો અને સમજુ માનવા તૈયાર નથી; તો પછી કહેવા–કહેવરાવવાની વાતોનાં તો વ્હાણાં વાયા છે.

આજનો મુસદ્દો રેલ્વેના ટ્રાફિક મેનેજરો, વડી સરકારના ધારાશાસ્ત્રીઓ, કોલેજોના પ્રીન્સીપાલ અને સમગ્ર આર્યાવર્તના હિંદુ શાસ્ત્રકારોના અનુભવની અવગણના કરીને આજે અવનવા બોધપાઠ સમ-જાવવાનાં સ્વપ્નો સેવે છે.

આજનો મુસદ્દો પૂર્વભવ, કુળસંસ્કાર, સદાચાર અને સત્સંગના પાવનમય પરિણામ સામે પત્થરબંધી દિવાલો ઉભી કરે છે.

આજનો મુસદ્દો હિંસા જૂઠ ચોરી વ્યભિચારાદિક પ્રવૃત્તિ અપનાવવા માટે કમ્મર કસે છે, બલ્કે તેવી પ્રવૃત્તિથી થતા ગુન્હા રોકવાના સાધનોને નાશ કરવા મથે છે.

આજનો મુસદ્દો ઘડનારા તેજ છે કે જેણે વીતરાગના, અને વૈરાગ્યના વાસ્તવિક–પરમાર્થપણાને પિછાણ્યા નથી.

આજનો મુસદ્દો મોગલાઇ સદીઓની પાપમય-પુરાતની પુરાતની પિછાણ કરાવે છે.

આજનો મુસદ્દો પ્રજાનું જેમાં હિત નથી, રાજાનું જેમાં શ્રેય નથી, પ્રજારાજાને યત્કિંચિત્ જેમાં લાભ પણ નથી; છતાં પણ ગાયકવાડ સ્ટેટ નુકશાનના નિઃસીમ ધોધમાર નિરંકુશ પ્રવાહ છોડવા કટીબદ્ધ થઇ છે.

આજનો મુસદ્દો મરણ પ્રમાણ દેખીને જન્મ પ્રમાણ ઘટાડવા ધેલો બની ઉતાવળો થયો છે.

આજનો મુસદ્દો હિમાદ્રિની ઉન્નતતાને જમીન દોસ્ત કરનાર ગાંડાહસ્તીની જેમ હતાશ થાય છે છતાં; એટલી પણ ગાંડાઇને વિચારતાં નથી.

આજનો મુસદ્દો એટલે **પરમ પાવનમય,** પરમ આશિર્વાદરૂપ; **અને જગત્‌ભરને કલ્યાણકારક દિવ્ય દીક્ષા ઉપર અણઘટતું નિયમન!!!**

૧૩–સ્વાભાવિક છે!!!

મુસદ્દાને યેનકેન પ્રકારેણ પસાર કરવાની તાલાવેલીમાં ન્યાય–નીતિને નિહાળાયજ નહિ **એ સ્વાભાવિક છે.**

સગીરોનું સર્વસ્વેશ હિત નથી, બલ્કે પારાવાર અહિત છે; એવું જાહેર પ્રજા અનુભવીને પ્રચંડ પોકાર ચાલુ રાખે તે **સ્વાભાવિક છે.**

અન્યાયની છુરીથી ન્યાય–નીતિનું છેદન ભેદન કરનાર મુસદ્દા સામે પ્રચંડ વિરોધ ઉઠે **તે સ્વાભાવિક છે.**

આર્યરાજ્યનીતિને ન છાજે તેવી રીતે ન્યાયના બ્હાના હેઠળ અન્યાયનું અવલોકન કરાવનાર રાજ્ય કારભારીઓ તરફ જાહેર પ્રજા **હસે તે સ્વાભાવિક છે.**

સમિતિનો રીપોર્ટ સર્વાંગે ખોટો અને અધુરો હોવા છતાં પણ તેના ભરૂસે ભૂલા પડેલાઓની **ભયંકર** ભૂલ માટે સમગ્ર જગત દયા ખાય **તે સ્વાભાવિક છે.**

બાળ દીક્ષિતો સિવાય પ્રભુમાર્ગની અવિછિન્ન પ્રણાલિકાને પગભર કરી શકનાર કોઇ નથી, એવું જાણ્યા છતાં, સાંભળ્યા છતાં, એને અનુભવ્યાં છતાં બાળદીક્ષા દફનાવવા તૈયાર થયેલાઓની પીઠ થાબડનારાઓ ઘોર પાપની ઉપાર્જના કરે છે **તે સ્વાભાવિક છે.**

મુસદ્દાની મુર્ખાઇ પર કલ્યાણકાંક્ષિ આત્માઓ આંસુ ઢાલે તે પણ સ્વાભાવિક છે.

મુસદ્દાની તરફેણ કરવાવાળા ઘણા છે, એવું જાહેર કરતાં પહેલાં વિરોધ કરનારાઓની સંખ્યા વિશેષ છે; અને એ વિશેષ સંખ્યા જાહેર કરવાથી પાપનો ઘડો જાહેર સૃષ્ટિમાં ફુટી જશે: એવી બ્હીકથી બ્હાવરા બનેલાઓ સાચી બીના પણ પ્રગટ ન કરી શકે તે **સ્વાભાવિક છે.**

અન્યાયની પરંપરાને જન્મ આપનારાઓની જોહુકમી પ્રત્યે પ્રભુ માર્ગના રસિકોની અવિચળ આરાધના પ્રત્યે અને અડગ આત્મ નિર્ણય પ્રત્યે વિશ્વભરનાં વાસ્તવિક પ્રેમનાં ઝરણાં ઝરે તે **સ્વાભાવિક છે.**

સામુદાયિક-કર્મના નિવારણાર્થે જગતભરને શાંતિ આપવા ઉપવાસાદિક-આત્મશુધ્ધિના મહાન્-સૂત્રોરૂપ સુધા-વૃષ્ટિના પ્રચંડપુરમાં જડવાદની જવલંત માન્યતાઓ અવશ્યમેવ તણાઈ જાય છે, એ **સ્વાભાવિક છે.**

દિવ્ય-આત્મશકિતનાં અલૌકિક-અજવાળાં જડવાદના ગાઢા અંધકારને દૂર કરે છે એ **સ્વાભાવિક છે.**

૧૪-આગમોદ્ધારક એટલે શું ?,-

આગમોધ્ધારક એટલે જૈન-શાસનના જીવન રૂપ જવાહીરને જગત્ સમક્ષ જાહેર કરનાર **જગમશહૂર ઝવેરી યા એક અજોડ પ્રથમ-પ્રાવચનિક-પ્રભાવિક-પુણ્યાત્મા.**

આગમોધ્ધારક એટલે જૈન-શાસનના પ્રાણભૂત હસ્ત-લિખિત-સિદ્ધાંત-સમૂહનો યથારિથત ઉદ્ધાર-કરીને પૂર્વાચાર્યોની પૂનિત કાર્યવાહિનીને સ્મરણ કરાવનાર **એક અજોડ-પ્રભાવિક-પુણ્યાત્મા.**

આગમોદ્ધારક એટલે જૈન-શાસનના સંચાલક-સર્વ-સાધુ-સમુદાય પૂર્વેના હસ્ત-લિખિત-ગહન-ગ્રંથોનું અવલોકન કરવાને અશકત બન્યો, તેજ અરસામાં તેજ ગ્રંથને તેજ અવસ્થામાં શુદ્ધિ પૂર્વક મુદ્રિત કરી ચતુર્વિધ સંઘ ઉપર મહાન ઉપકાર કરનાર એક **અજોડ-પ્રભાવિક-પુણ્યાત્મા.**

આગમોધ્ધારક એટલે પૂ. ગણધર-ભગવંત-ગુમ્ફિત-આગમોના ઉંડા રહસ્યો સમજાવવા માટે શ્રમણભગવંતોને જગત્ હિતકારી અસ્ખલિત અમોઘ વાંચનારૂપ વૃષ્ટિ વરસાવનાર **વીર-ધીર-એક-અજોડ-પ્રભાવિક-પુણ્યાત્મા.**

આગમોદ્ધારક એટલે આગમાબ્ધિમાંથી-અમોઘ દેશનારૂપ અમૃતદ્વારાએ મોહથી મૂર્છિત થયેલ પ્રાણીઓને નવજીવન-સમર્પક-સુધાપાન-કરવનાર **એક અજોડ-પ્રભાવિક-પુણ્યાત્મા.**

આગમોધ્ધારક એટલે જગતભરનું દારિદ્ર ફીટાડવા માટે અનેકાનેક અમૂલ્ય રત્નોથી ભરપૂર દ્વાદ-શાંગી રૂપ પૂનિત ગણિ-પેટીનું દર્શન કરાવનાર **એક અજોડ-પ્રભાવિક-પુણ્યાત્મા.**

આગમોધ્ધારક એટલે આગમજ્ઞાનથી ઉત્પન્ન થતા **આનંદરૂપ** પુનીત-જલથી ભરપૂર સાગરનો સાક્ષાત્કાર કરાવનાર **આનંદસાગર** યાને **એક અજોડ પ્રભાવિક પુણ્યાત્મા.**

આગમોદ્ધારક એટલે શૈલાના નરેશને આગમના ઉંડા રહસ્ય સમજાવી જીવદયા-પ્રતિપાલક બનાવનાર **એક અજોડ-પ્રભાવિક-પુણ્યાત્મા.**

આગમોદ્ધારક એટલે શાસન પર આવતાં અનેક આક્રમણો સામે અભેદી દિવાલ સમાન સર્વસ્વ-સમર્પણ-કરનાર એવા **એક અજોડ-પ્રભાવિક-પુણ્યાત્મા.**

૧૫-જીવનને જીવી જાણનારા !!!

નાગરિકો વગરનું સર્વ સમૃદ્ધિથી ભરપુર નગર તે નગર નથી, પણ સુનુ સ્મશાન અગર ભયંકર વેરાન છે; જીવ વગરનું સુંદર-લાવણ્યમય-સર્વ-ઇંદ્રિયોથી સંપૂર્ણ શરીર તે શું મનુષ્ય છે ?, ના, ના; મનુષ્ય નહિ પણ સ્મશાનમાં જવા લાયકનું મુડદું છે; પર્વત પરથી નીકળતો નિરંકુશ પાણીનો પ્રવાહ ગામ નગર, મહેલ,

મનુષ્ય વિગેરેને જમીનદોસ્ત કરનાર તે જીવન પ્રવાહ નહિ, પણ પ્રચંડ પ્રલયકાળ છે; તેવી રીતે આત્મિક-શારિરિક, અને આર્થિક-શક્તિનો વ્યય કરીને વધારેલો અને વર્તમાનમાં **વૃધ્ધિ પામતો વિદ્યાભ્યાસ-પણ વિવેક અને વિશુદ્ધ વર્તનથી વિમુખ રહેલો હોય તો તે વાસ્તવિક વિદ્યાભ્યાસ નથી, પણ વગર નોંતરેલો વિનાશકાળ છે!!!**

જગપ્રસિદ્ધિ પામેલ વિવિધ-વિદ્યાઓ, વિશાળ-વિજ્ઞાનો, અને ક્રોડો-કળાઓનું વિશિષ્ટ-જ્ઞાન પ્રાપ્ત કરનારાઓ, અને અપ્રસિદ્ધ એવા યંત્ર મંત્ર અને તંત્રના અનેકવિધ પ્રયોગોના તીક્ષ્ણ જ્ઞાનમાં નિષ્ણાત થયેલાઓ, પણ વિવેક અને **વર્તનથી વિમુખ થઇને કુન્હેમાજો કેળવાયલા કહેવાતા હોય, તોપણ ડગલે અને પગલે પરાજયની પરંપરા પામ્યા, પામે છે; અને પામશે તે સર્વને અનુભવ ગમ્ય છે.**

જે સુખની પાછળ દુઃખ ડોકીયા કરે-તે-સુખ નહીં પણ દુઃખ, જે યશઃની પાછળ **અપયશઃ** આંટા મારે એ-યશઃ નહીં પણ **અપયશઃ**, જે ઉદયની પાછળ અસ્તની **અણધારી** આફતો ઉભરાય તે ઉદય નહિ પણ અસ્ત, તેવીજ રીતે જે વિજયની પાછળ વગર વિલંબે પરાજયનાં પનોતા પગલાં પધારે એ વિજય નહી પણ પરાજય, માટે વસ્તુતઃ વિજય વરમાળને વરવાની ઇચ્છાવાળા-વિદ્યાભ્યાસિઓએ વીતરાગ પ્રણિત વિવેકી વર્તનની પ્રાથમિક પ્રાપ્તિથી પરિસમાપ્તિ સુધી તદનુસાર પરિશીલનને, અને સંરક્ષણને ઉચ્ચ હૃદમાં મુકવા જોઇએ; કે જે પ્રભુમાર્ગ પ્રણિત **વિવેક અને વર્તનદ્વારાએ વિજયની વિવિધ પરંપરાઓને પ્રાપ્ત કરીને સર્વદા સર્વત્ર સ્થાને અસ્ખલિતપણે વિજયના વધામણથી અખિલ-વિશ્વને વશીકરણ કરે.**

વિદ્વાન-વસુધામાં વિશુદ્ધ વિવેક વાયરાથી વાસિત થયેલાઓ, અને વિશુધ્ધ વર્ત્તનના વારિ પ્રવાહથી વિમળ થયેલાઓ **જીવનને જીવી જાણનારા**-પુણ્યાત્માઓની આજે પણ પ્રભુ શાસનના સમર્થ સંચાલકો શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે નોંધ લે છે.

૧૬-પ્રભુ માર્ગના પૂજારીઓ!!!

પ્રભુ માર્ગના પૂજારીઓ સત્યના ભોગે શાંતિને ઇચ્છતાજ નથી!!!

પ્રભુ માર્ગના પૂજારીઓ શાંતિના ભોગે પણ સત્યની સેવનમાં સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર છે!

પ્રભુ માર્ગના પૂજારીઓની હરકોઈ પ્રવૃત્તિ આગમ-વિરૂધ્ધ નજ હોય!!!

પ્રભુ માર્ગના પૂજારીઓ આગમને અવલંબીનેજ શાસનનો અભ્યુદય ઇચ્છે છે!!!

પ્રભુ માર્ગના પૂજારીઓ પરમાર્હત્-કુમારપાળની કાર્યદક્ષતા, વસ્તુપાળના વર્તનની વિશિષ્ટતા; અને પરમ વિદુષી-મયણાસુંદરીની ધૈર્યતાનું અનુકરણ કરવાને આજે પણ ખડે પગે તૈયાર છે!!!

પ્રભુ માર્ગના પૂજારીઓ પ્રભુ માર્ગના પોષક હોય, પણ શોષક તો ન જ હોય.

પ્રભુ માર્ગના પૂજારીઓએ આગમ અનુસાર સેવના કરનાર સૈંકડોની શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે નોંધ લીધી છે.

૧૭-સાધુસંસ્થા એ અમૃતનો કયારો છે.

મોહ રાજાની નિષ્ઠુર-રાજનીતિથી રેંસાઈ ગયેલાઓને, પતિત-થએલાઓને સત્વર શાંતિ આપનારી સંસ્થા હોય તો તે **સાધુસંસ્થાજ** છે.

મોહ રાજાએ પ્રસરાવેલી અશાંતિથી જગતભરને ચેતાવીને તેનાથી સંસારના જીવોને તારીને, અને શાંતિનું સામ્રાજ્ય ફેલાવીને; દિન પ્રતિદિન વૃદ્ધિ કરનાર તે **સાધુસંસ્થાજ** છે.

મોહના ગુલામોની ગેબી કાર્યવાહીથી જગતભરને વ્યાખ્યાનદ્વારાએ વાકેફ કરનાર તે **સાધુ સંસ્થાજ** છે.

મોહના મંત્રથી મુગ્ધ બનીને અર્થ કામની કારમી કાર્યવાહીથી કાયર બનેલાઓને ધર્મરસાયણનું પાન કરાવનાર **સાધુસંસ્થાજ** છે.

મોહરાજાએ અને તેના ગુલામોએ જગતના અજ્ઞાન-જીવોને પૌદ્ગલિક વસ્તુઓરૂપ બોરાં આપીને મોક્ષરૂપી કરોડોની કિંમતની કલ્પી કાઢી લીધી છે, તેની જગતમાં જાહેરાત કરનાર તે **સાધુસંસ્થાજ** છે.

મોહરાજા ઉપર પૂર્ણ વિજય મેળવનારી એકજ સંસ્થા છે, કે જે જાતિ અપેક્ષાએ "**यावच्चन्द्रदिवाकरौ**" શાશ્વત; અને વ્યકિત અપેક્ષાએ પરમકૃપાળુ ભગવાન્ શ્રી મહાવીરદેવથી આરંભાએલી પરમોપકારિ **સાધુસંસ્થા યથાકાળ પર્યંત જીવે છે, જીવી હતી; અને જીવતીજ રહેશે.**

જગતના અનેક પરિવર્તનો, અનેક આપત્તિઓ; અને અનેક અપકારો છતાં સતત્ સંકટ વેઠીને **મોક્ષમાર્ગની મહત્તાને જીવંત રાખનાર તે સાધુસંસ્થાજ** છે.

આ ઉત્તમ એવી ભરતભૂમિમાં અનાર્યો, યવનોના ભારે ઉલ્કાપાતો, કારમી કિકિયારીઓ; અને બળવાન-તોફાનોમાંથી આર્યત્વને બચાવી લેનાર તે એક **સાધુસંસ્થાજ** છે.

ભયંકર માછલાઓ, ભીષણ ખડકો, અજેય હિમગારીઓ, અકલ્પ્ય એવા જવલંત-ભૂકંપોથી ભરેલા મહાસાગર જેવા સંસાર સાગરમાંથી શાશનની નૌકાને બચાવી લેનાર તે **સાધુસંસ્થાજ** છે.

આર્યત્વનો વિનાશ ઈચ્છતી તે યવનો અને મ્લેચ્છોની તલવારો આજે નાશ પામી છે, પણ એ તરવારોને આત્માની અજેયતા વડે પ્રવાહી બનાવી દેનારી સાધુસંસ્થાજ હજી જીવે છે, એને માટેજ મોક્ષાભિલાષી જગત્ કહે છે કેઃ-

સાધુસંસ્થા એ અમૃતનો કયારો છે.

૧૮-ઝળહળતું જૈન-હૃદય.

હિમાલય કે આલ્પ્સના શિખરો અતિ મનોહર છે, એમએ શિખરો ઉપરના લીલાંછમ વૃક્ષોના અનંત-ગણી, સંસારી જીવોને માટે તેમની દૃષ્ટિએ પરમ આલ્હાદક આપનારા છે, અને હૃદયને હારનારાં છે; પણ એ હૃદયની શાંતીની પાછળ પણ અદૃષ્યરૂપે વસેલાં સંકટોના મહાસાગરો ધુધવી રહેલા છે. જગતને એ ધુધવાટો સાંભળવાની જરૂર નથી, પણ એ મહાસાગરો વિકરાળ કાળ જેવાં એવાં ભયંકર છે કે તે બળાત્કારે પણ એ અવાજ જગતને સંભળાવે છે.

શિયાળો ઠંડકની અનુપમ શાંતીને લીધે સારો લાગે છે, પણ એજ શિયાળામાં ઉતરતાં અખંડ ઠંડીના

મોજાં અને તેથી ધસી આવતા બરફના પર્વતો શિયાળાને કડવો ઝેરી બનાવી મૂકે છે ઉનાળો ફળફૂળાદિને આપનારા મધુર સ્વાદથી પ્રિય બને છે, પણ એનો અંગારા જેવો તાપ સળગાવી મૂકે છે. ઋતુની સુંદરતાથી ચોમાસું ઓપે છે, પણ બીજી પળે કુદરતના ગાંડા તોફાનો ચોમાસાની મધુરતાને પાયમાલ કરી શકે છે અને તે સમયે હિમાલય કે આલ્પ્સ જેવા પર્વતો પણ કડવાં ઝેર બને છે!!

શું ત્યારે એ પર્વતોની ગિરિમાળાની શાંતિથીએ વધારે સુંદર, અખંડ શાંતિથી યુક્ત એવો કોઈ સુંદર ગિરિરાજ છે?, હા. જૈન શાસન એ જગતના સર્વ દુઃખ સંકટો અને યંત્રણોથી દૂર એવા **મોક્ષસ્થાન-રૂપ અતિ સુંદર ગિરિરાજને** ચરણે, પ્રત્યેક ભવ્ય આત્માને પહોંચાડી શકે છે, પણ એ ગિરિરાજને સર કરવાને માટે ત્રણ પગથીઆંઓ ચઢવાનાં છે અને એજ કઠીન ઘટના છે.

આ જીવ જગતૂના સર્વ પદાર્થો ઉપર જેવો પ્રેમ રાખે છે, તેવોજ પ્રેમ નિગ્રંથ પ્રવચન અને અને જૈન શાસન પ્રત્યે રાખવાની ભૂમિકાને જ્યારે પ્રાપ્ત કરે છે, ત્યારે તે એ ગિરિરાજનું પ્રથમ પગથીઉં ચઢી ચૂકેલો છે.

તે જીવ જગતના સર્વ પદાર્થોને ભલે પ્રિય ગણતો હોય, પણ જગતૂના સર્વ પદાર્થો કરતાં જૈન શાસનને જે દિવસે અધિક પ્રેમથી ચહાવા માંડે છે, ત્યારે તે ગિરિરાજનું બીજું પગથીઉં ચઢી ચૂકેલો છે.

અને એ જીવ જ્યારથી જગતૂના દ્રષ્ટિગોચર અને અદૃષ્ય એવાં સર્વ પદાર્થોને મોહરાજાના જાલીમ જુલ્મગારો અને અનુચરો છે, એવું માનીને એક શાસનનેજ પરમ શાંતિ આપનારૂં અને અત્યંત પ્રિય ગણવા માંડે છે, ત્યારે તે એ ગિરિરાજનું ત્રીજું પગથીયું ચઢે છે. એ ત્રણ પગથીઆ જે ચઢે છે તેનેજ માટે મોક્ષ-ગિરિ ઉપર ચઢવાનો મનોહર માર્ગ ખુલ્લો થાય છે, અને જેને એ ત્રણે પગથીઆં ચઢવાની ખરેખરી ભાવના છે, તેજ માણસમાં—

ઝળઝળતું જૈન હૃદય—

રહેલું છે; અન્યમાં રહેલા હૃદય, તે હૃદય નથી; પણ માંસના લોચાદિ માત્ર છે.

૧૯-પર્વાધિરાજ-પર્યુષણા-મહાપર્વ.

આસન્નોપકારી ચરમતીર્થંકર પ્રભુ મહાવીરદેવને આજે ૨૪૭૫ વર્ષ ઉપરાંત થઈ ગયાં છે, છતાં એ લોકોત્તર-વિશિષ્ટ-વ્યકિતના વિસ્તારપૂર્વક **જીવનરહસ્યો, પ્રગટપ્રભાવિ- પ્રભુ પાર્શ્વનાથાદિ** ત્રેવીસ તીર્થંકરોના **ઝળહળતાં જીવનો,** અને એજ **જીવન-રહસ્યોને ઝીલનારા અનેક મહાત્માઓના** મહાન્ જીવન્ પ્રસંગોના પૂનિત વારિપ્રવાહો સમસ્ત જૈન સમાજને પાવન કરે છે; કર્યા છે, અને કરશે એ નિર્વિવાદ છે; અને તેનુંજ **નિયત શ્રવણ જેમાં થાય છે તેજ આ પર્યુષણા પર્વ છે!!!**

પાપ પ્રક્ષાલન કરવા માટે, પુણ્યભંડાર ભરવા માટે, સંવરની સુંદર સરિતામાં નિમજ્જન કરવા માટે; અને નિર્જરાના નિર્મલ ઝરણાં ઝરાવવા માટે, આ પૂનિત દિવસો પરમ મહર્ષિઓએ નિયત કર્યા છે, **અને** તેનું જ નામ **પર્યુષણા પર્વમય અષ્ટાહ્નિકા** છે એ સર્વ કોઇ સારી રીતે સમજે છે.

શાસ્ત્રકારોએ સૂચન કરેલા વિધાન મુજબ ભવ્યાત્માઓ જો ત્રિકરણ યોગે આ આઠ દિવસમાં કમ્મર કસે, મોહરાજાની સામે ધસે, અને ધ્યેય સિદ્ધ કરવાને યથાશકિત ઉદ્યમ કરે; તો જરૂર **પર્યુષણાપર્વની આરાધના ફળવંતી અને** તેમાં શંકાને સ્થાનજ નથી!!!

પર્યુષણાના પૂનિત દિવસો, અને તે અંગે કલ્પવાંચન-મનન-તપ-જપ-આદિમાં એકતાર બનેલો ચતુર્વિધ સંઘ કેટલો ભાગ્યશાળી છે?, તે કહેવું અકથ્ય છે એમ કહી દેવામાં લેશભર અતિશયોક્તિ નથી.

પર્યુષણા પર્વની આરાધનામાં લીન બનેલા ભાગ્યશાળીઓ આ મહા-પર્વાધિરાજને નિર્જરાનું અમોઘ-સાધન માનીને નિર્વિઘ્ને પાર પડે તે હેતુથી ભવ્યાત્માઓ મહિના-પંદર દિવસ પહેલાં **નવજલધરની પ્રાપ્તિ માટે મોરની જેમ ઝંખના કરે છે.**

એ પર્વાધિરાજ પર્યુષણા-પર્વ પ્રબળ-પુણ્યે સાંપડયું છે, આરાધના કરીને કૃતાર્થ થવું એજ પુણ્યાત્માઓનું કર્તવ્ય છે.

૨૦-ઉપધાન.

ઉપધાન એ જ્ઞાનાર્થિઓ માટે અવશ્ય-કર્તવ્ય રૂપ આચાર છે.

ઉપધાન એ પ્રભુ માર્ગને અનુસરનારા-આત્માઓને જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોની સમીપમાં લાવે છે, અને તેની ઉપેક્ષા કરનારાઓ તે અમુલ્ય લાભથી વંચનશીલ રહે છે.

ઉપધાન એ પવિત્રતાની પ્રસિદ્ધ-એરણ ઉપર હરકોઈ આત્માનો પવિત્ર ઘાટ ઘડવાનો એકરાર કરે છે.

ઉપધાન એ કાયિક-વાચિક, અને માનસિક-શકિતના વિકાસ સાથે આત્માને શ્રમણોપાસકપણાની યોગ્યતા પ્રાપ્ત કરાવીને ઉત્તરોત્તર આરાધ્યપણાની ઉચ્ચ કોટીમાં મૂકે છે.

ઉપધાન એ મોહ સામેના મહાભારત યુદ્ધમાં વિજયતા મેળવવા માટેનું કિંમતી કવાયતરૂપ કાર્ય છે.

ઉપધાન એ જગતભરના તીર્થસ્થાનો, કલ્યાણકારિ-કલ્યાણ-ધામો, મહાવિદેહના મહાગોપસમાન-વિદ્યમાન વિહરમાનોના પવિત્ર-પુણ્યધામો, અને સિદ્ધક્ષેત્રસિત સિદ્ધસ્થાનોના દર્શનાદિ કરાવવાની પ્રતિદિન ત્રણ ત્રણ વખત અનુપમ સગવડ સાથે પ્રાણીઓને અનેકવિધ-અનુકુળતા મેળવી આપે છે.

ઉપધાન એ શ્રીપંચમંગળ-મહાશ્રુતસ્કંધાદિ-શ્રુતોપચારરૂપ શ્રીનમસ્કાર-મહામંત્રાદિની સિદ્ધિ માટે (આરાધના માટે) આ સંપૂર્ણ સગવડની સાક્ષી પૂરે છે.

ઉપધાન એ શ્રુતરૂપ સર્વોત્તમ સુધા મેળવવાના મનોરથ સેવનારાઓને માટે યોગ્યતા પ્રાપ્ત કરવાનું આ એક ઉત્તમોત્તમ સાધન છે, એમ સર્વજ્ઞના શાસ્ત્ર-સિદ્ધાંતો સંબોધે છે, કારણ કે જેમ ચાક પરથી ઉતરેલા કાચા ઘડામાં પાણી-રહી શકે નહી, સિંહણનું દુધ સામાન્ય ધાતુઓના પાત્રમાં રહી શકે નહી, પરંતુ પકવેલા ઘડામાં, અને સુવર્ણના પાત્રમાં અનુક્રમે પાણી અને તે દુધ રહી શકે છે, અન્યથા નહિ; તેવી રીતે ઉપધાનની પરીક્ષામાં ઉર્ત્તીર્ણ થયા વગરનું માનવ જીવન શ્રુતરૂપ સુધાની પ્રાપ્તિને યોગ્ય થતું નથી.

ઉપધાન એ શ્રાવક-શ્રાવિકાઓને ઉંચી કક્ષાએ પહોંચાડવાની કબુલાત કરે છે, આથીજ દુર્લભ એવું મનુષ્ય-જીવન તેમાં પણ શ્રાવકપણું પામીને આ ઉપધાનની આવશ્યકરૂપ-કર્તવ્યતા ગુરૂગમ શ્રવણ કરવી જોઈએ, જેથી ઉપધાન કરવા આત્મા તૈયાર થાય.

ઉપધાન એ જીનેશ્વરદેવનો માર્ગ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા-જીજ્ઞાસુઓને માટે પ્રાથમિક-શિક્ષણ છે, ઉત્તરોત્તર મહાન્પંથ પ્રાપ્ત કરવાની અનુપમ ચાવી છે.

ઉપધાન એ સંસારમાં અહીંથી તહીં અથડાતા એવા પ્રાણીને નિયમબદ્ધ બનાવી તેને પ્રભુ માર્ગનો સાચો પથિક બનાવે છે.

ઉપધાન વિનાનો આત્મા નવકાર જેવા પરમ-પવિત્ર-મંત્રની યોગ્ય-આરાધના કરી શકતો નથી. એટલુંજ નહીં પણ ઉપધાન વિના કે ઉપધાન વહનકરવાની શ્રધ્ધા વિનાનો આત્મા તે મહાન્ એવા નવકારમંત્રને ગણવાની પાત્રતા ધરાવી શકતો નથી. દરેક આત્માએ **ઉપધાન** વહન-કરવા એ તેનો જન્મસિદ્ધ-હક્ક સમજીને જીનેશ્વરદેવ-પ્રણીત-મહાન્-અનુષ્ઠાન રૂપ **ઉપધાન** કરવા તૈયાર થવું જોઈએ.

ઉપધાન એ પવિત્રતાના ધામરૂપ છે, અને એ ધર્મરૂપ ધામમાં ભાવિકો નરકેસરી=તીર્થંકર પ્રદર્શિત કલ્યાણ-કારિ રહસ્યોથી ભરપૂર વાનગીનું આસ્વાદન જોર શોરથી કરીને ઈષ્ટ સ્થાને પહોંચે છે, તેમાં એ ઉપધાનની બલિહારી છે!!!

૨૧-આરાધક, અને આરાધન.

જગતના-મિથ્યા પદાર્થોની આરાધના જગતના જીવોને પાપપંકથી મલીન બનાવીને અંતે આત્માને ભવબંધનના કારમા બન્ધનથી બાંધી રાખે છે.

એ મિથ્યા-પદાર્થોની પ્રીતિ આત્માની અનંત શાંતિનો નાશ કરીને, મનને મેલથી ભરપુર બનાવી દે છે, અને જીવનની સાચી મધુરતાને હરી લે છે. નવપલ્લવિત વૃક્ષોની મધુર શાખાઓ પ્રસરે જાય છે. મધુર-વનસ્પતિના યુથોને ધારણ કરતી કુંજો પોતાની અનેરી ફોરમ જગતમાં પ્રસરાવે છે, અને એ સુગંધનો ઉપભોગ કરનારને ઘેલા બનાવી મુકે છે; તેમ આત્માને પણ મોક્ષમાર્ગની, મોક્ષમાર્ગને અનુકુળ સંયોગોની મિષ્ટ મધુરતાને પામવાનો શુભોદય પામીને ભાગ્યાળી થાય છે, ત્યારે કામ ક્રોધાદિથી, કકળી ઉઠેલા કંગાલ-એ શાહુચોરો આત્માના ધર્મભાનને ભૂલાવી નાંખે છે.

પ્રિય વાંચક! એ ભુલભુલામણી ટાળવા માટેજ પુણ્યપર્વોની આરાધના આ શાસને ઉત્તેજી છે. સાચા-આરાધકો પર્વોની આરાધનાના પ્રસંગ પ્રાપ્ત થતાં ધર્મપ્રેમમાં ડોલી ઉઠે છે, તેમના હૈયાં શાસનપ્રેમમાં મુગ્ધ બની જાય છે; અને એ અમોઘ-આરાધનામાં તલ્લીન થઇ આત્માને અમરતાનો અનુભવ કરાવી લે છે.

સિદ્ધચક્રની શાશ્વતી-આરાધના પુરી થઇ નથી, ત્યાં તો સૂર્યપુરીમાં ઉપધાનના મંગલમય આરંભના વધામણા ફરી વળે છે. રખે ભૂલતા! આરાધના માટેના મંગલમય અવસર આરાધકોને માટે સોનેરી અવસર છે, અને તે અવસરની આરાધનાનો લાભ લેવો એમાંજ જૈનકુળના માનવોની મહત્તા છે.

૨૨-નિર્વાણ-કલ્યાણક.

અપાપાપુરી કે જે આસન્નોપકારિ ચરમ-તીર્થંકર-પ્રભુ-શ્રીમહાવીરદેવના નિર્વાણ પછી દેવોએ એ નગરીનું નામ **પાવાપુરી** પાડયું, કે જે ભૂમિપર પ્રાતઃસ્મરણીય પૂ. તે તારકદેવનું આજે નિર્વાણ **કલ્યાણક** છે, **અને** તે પાવાપુરી નિર્વાણ-**કલ્યાણક ભૂમિ** તરીકે જૈન શાસનમાં મશહૂર છે.

આજે એ પાવનભૂમિ કેઈક પુણ્યાત્માઓને ભૂતપૂર્વના ભવ્ય-ઇતિહાસના તે સ્થળે સંભારણા કરાવીને નવ શૂરાતન સમર્પણ કરવા કટીબદ્ધ થઈ છે, તે ભૂમિના રજકણો શાસન રસિક સેવકોને શાસનરંગથી રંગી નાંખવાને તે ઉદ્યમવંત થયાં છે, તે ભૂમિનું ભવ્ય-વાતાવરણ આજે વિષમ વિકારોને વિખેરી નાંખવાને સમર્થ થયું છે, તે ભાગ્યવતી ભૂમિને નહિ ફરસનાર જૈન સમાજની હરકોઈ વ્યક્તિઓ પોતાના સ્થાનમાં રહી તે દેવાધિદેવના અલૌકિક ઉપકારોનું અવલોકન કરી નિર્વાણ-કલ્યાણકની આરાધનાદ્વારાએ એ દિવસે મોહરાજા સામે ઘસવા માટે નવું નવું જોમ પ્રાપ્ત કરે છે.

૨૩-પ્રભુ-માર્ગનો પૂજારી.

નિર્વાણને કલ્યાણકની નિર્મળ-આરાધના-આરાધકો અનેકવિધ રીતિએ કરે છે, અને તે અવસરે સોળ પહોરની અખંડ દેશનામાં પુણ્ય-પાપ-પ્રદર્શક અપૃષ્ટ છત્રીસ અધ્યયનોની અમોઘ સુધાવૃષ્ટિ, બ્યાશી દિવસના સંબંધિ માતપિતાનું મોક્ષગમન, દેવશર્મ નામના બ્રાહ્મણને પ્રતિબોધવા ગયેલ શાસન-પટ્ટધર દિવ્ય-લબ્ધિધારક પ્રભુ શ્રીગૌતમ સ્વામીનું આગમન, માર્ગમાં શ્રીદેવાધિદેવના નિર્વાણ-સમાચારનું શ્રવણ, પરાપૂર્વથી ચાલી આવેલ સ્નેહ સંબંધીની કાર્યવાહીનું સ્મરણ સ્નેહના વિસર્જન સાથે કૈવલ્યની પ્રાપ્તિ, નિર્વાણ મહોત્સવની ઉજવણી માટે સ્વર્ગમાંથી ઇંદ્ર-ઇંદ્રાણી, દેવદેવીઓનું આગમન-નિર્ગમન; વિગેરે વિગેરે અનેકાનેક પૂનિત પ્રસંગો જ્યારે જ્યારે સાંભળી આવે છે, ત્યારે ત્યારે તે તે ભવ્યાત્માઓના ભવ્ય પરિણામને જરૂર અનેરા ભાવથી ઉલ્લસિત કરે છે.

શાસ્ત્રકારો સ્થાન સ્થાન પર જણાવેછે કે આરાધકો આ કલ્યાણની આરાધનામાં લક્ષ કોડ ગુણ ફળ પ્રાપ્ત કરે છે, માટે શ્રી પ્રભુમહાવીરદેવના શાસનનો રાગી પછી ભલે તે સાધુ કે સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા હોય. પણ આ નિર્વાણ-કલ્યાકને આરાધવા લેશભર કચાશ રાખે નહિ; અને પ્રભુમાર્ગનો પૂજારી અહર્નિશ એજ ઇચ્છે કે **તેઓશ્રીએ અર્થદ્વારાએ કથન કરેલી દેશનાઓને, અને શ્રવણ કરેલા તે દિવ્ય ભાવોને સૂત્રરૂપે ગણધર ભગવંતોએ ગુંથેલા વચનોને વિચારીને મ્હારે તન-મન-આદિ સમર્પણ કરવાં એમાંજ મારૂં શ્રેય છે.**

૨૪-શ્રુત-પંચમી.

ભગવાન્ શ્રીમહાવીરદેવ સિદ્ધિસ્થાને સીધાવ્યાં તત્પશ્ચાત્ દીર્ઘ-આયુષ્યમાન શાસનની સમસ્ત ધુરાને વહન કરનાર ભગવાનશ્રી સુધર્માસ્વામીજી થયા. અદ્યાપિ પર્યન્તનો સર્વ-સાધુ-સમુદાય-પ્રભુ શ્રીસુધર્માસ્વામીજી મહારાજનો છે, એ ઘટના કોઇની પણ જાણ બહાર નથીજ.

શાસનની ધુરા જે સમયમાં તેઓશ્રીને હસ્તગત્ થઈ, તે સમયમાં પ્રાથમિક તહેવાર તરીકે જ્ઞાનની સેવના માટે જ્ઞાનપંચમી, અથવા શ્રુતપંચમી=સૌભાગ્યપંચમી નિર્માણ થઈ હતી. શ્રુત જેવી એક સમર્થ ચીજની પીછાણ થવી અતિ જરૂરી છે, એ વાંચકોની ધ્યાનબહાર નહિજ હોય !

પ્રભુ શ્રી મહાવીરદેવની મહાન્ વિભૂતીઓની, અદ્વિતિય પ્રતિભાસંપન્ન ગણધર ભગવંતોની, પૂર્વધરોના પરાક્રમોની, અને પરંપરામાં થયેલા વિશિષ્ટ જ્ઞાનીઓની અપૂર્વ કાર્યવાહિઓ, અનુપમગહન શક્તિઓ, બલકે ભૂતકાળમાં થયેલ શાસન સંબંધી સમગ્ર કાર્યવાહિઓની ભવ્ય રૂપરેખાનું સંસ્મરણ રૂપે દર્શન કરાવનાર જો કોઈ પણ સાધન હોય તો તે શ્રુતજ્ઞાન, તે તે શ્રુતજ્ઞાનીઓ; અને શ્રુતજ્ઞાનના સમગ્ર સાધનો છે, તેમાં લેશભર શંકાને સ્થાન નથી.

જે દિશામાં જૈન-સાહિત્યનું પ્રકાશન વધવું જોઇએ તે દિશામાં જો કે હજુ સુધી જોઇતા પ્રમાણમાં વૃદ્ધિ થઈ નથી, છતાં જૈન, સાહિત્યનું પ્રકાશન કાર્ય કુદકે અને ભૂસકે આગળ વધ્યું છે, અને વધતું જ જાય છે, તેટલા માત્રથી શ્રુતજ્ઞાનના સાધનોનો ઉદય માનો એ ગંભીર ભૂલ છે.

પ્રકાશન પામેલ સાહિત્યનો પૂરો ભોગવટો કરનાર વ્યક્તિઓ આજે આંગળીના ટેરવા પર પણ પુરી શકે તેમ નથી. ભાંગ્યો તૂટ્યો ભોગવટો કરી શકે તેવાઓની પણ સંતોષકારક સંખ્યા પુરી પાડી શકીએ તેમ નથી, અને નવયુગવાદિતાને નામે ધર્મ પ્રત્યે બેદરકાર રહેલાઓ તો ઉપેક્ષા, બેદરકારી અને આળસુપણાની કાર્યવાહીના કારમા-પૂરમાં તણાતા જાય છે, એ ગંભીરપણે પરિસ્થિતિનું પર્યાલોચન કરવાને માટે આજે પણ તેઓ બેદરકાર છે. જેના ઉપર શાસનનો આધાર છે, જેના વડે વર્તમાન શાસન જીવે છે, જેના વડે ભવિષ્યમાં શાસનની આબાદી વધવાની છે; એવાં તે શ્રુતજ્ઞાનના સમગ્ર સાધનોનો ભોગવટો કરી શકે તેવા જ્ઞાનીઓ અને તેને અનુસરતું જ્ઞાન સંપાદન કરી શકે તેવા સાધનોની આજે પુરતી ખામી છે; એ ખામીઓ દુર કરવી તે પ્રત્યેક શાસનરસિકોનું કર્તવ્ય છે.

આજે ચાર ચાર વર્ષથી એકજ બોલાય છે કે દીક્ષાઓ વધી છે!, દીક્ષાઓ વધે છે!!; દી ઉગે દીક્ષાજ દીક્ષા!!! એ ન કહેવું જોઇએ, અગર દીક્ષાઓ વધી છે એ ખોટું છે એમ કહેવું નથી. પણ દીક્ષાઓ શા મુદ્દાથી આપી છે તે લક્ષ્યબિંદુને આજે લગભગ પોતાની ફરજ સ્વીકારનારો ધાર્મિક-સમાજ પણ વિસરી ગયો છે.

શાસનશૂરા સુભટો બનાવવા, માટે, અને શાસનના સમર્થ સંચાલકો બનાવવાના શુભાશયથી આજે તમે દીક્ષાની પ્રવૃત્તિને પગભર કરી છે, અને હજુપણ તે પ્રવૃત્તિની આડે આવતાં વિષમ વિઘ્નોને વિદારવા કટીબદ્ધ થયા છો; અને થશો. જ્યારે એ પ્રવૃત્તિમાં તમે તમારા આત્માને જોડશો, અને એ પ્રવૃત્તિને તમે શુભાશયથી જોશો ત્યારેજ તમોને એ પ્રવૃત્તિની મીઠી સુવાસ સમજાશે. શ્રુતપંચમીની પવિત્રતા તમોને એ પ્રશ્ન પૂછી રહી છે કે એ સુવાસ ઝીલવાની અને ઝીલાવવાની તમારામાં **કયાં છે તમન્ના?, કયાં છે તાકાત?; અને કયાં છે તાલાવેલી?**

૨૫-સિદ્ધાંતનું પારમાર્થિક અવલોકન.

આજે કેટલાક શુષ્ક-જ્ઞાનવાદીઓ વાકયના વિશિષ્ટ સંબંધ સમજ્યા વગર, અને પરમાર્થ પિછાણ્યા વગર મન ગમતું હાંકવામાં ઈતિકર્તવ્યતા માને છે, એટલું જ નહિ પણ ક્રિયાની અવગણના કરવામાં કટીબદ્ધ થઈ, વાણીનો અંકુશ ગુમાવીને બોલી નાંખે છે કે—

"ક્રિયાએ કર્મ છે, અને પરિણામે બંધ છે, તો ક્રિયા કરે શું વળે! પરિણામ સુધારો! પરિણામ સુધારો!" આવું મનોહર દેખાતું કથન કરનારને ખુલ્લે ખુલ્લું કહેવું જોઇએ કે પરિણામની પરાકાષ્ઠાએ પહોંચીને પરિણામનું ઉકૃષ્ટ ફળ મેળવનારા કેવળી ભગવંતો કે જેના પરિણામમાં યત્કિંચિત્ પણ ફેરફાર થવાનો નથી, છતાં તેઓને ક્રિયાની શી જરૂર?, કહેવું પડશે કે તેમને પણ ક્રિયાની જરૂર છે.

પરિણામે બંધ માનીએ તો તે કેવલિની દશામા પરિણામે ક્રિયાએ કર્મ છે. બંધ પુરસ્સરનો કર્મબંધ પણ તેને છે, અને એ કેવળી ભગવંતોને સિદ્ધિએ પહોંચવાની ક્રિયા કરવી પડે છે.

'પરિણામની સાથે બંધ થઈ જાય' એવું કથન કરનારાને કહેજો કે વૈષ્ણવો કૃષ્ણને સુદેવ માનીને સુદેવપણે આરાધે છે, શૈવો શિવને સુદેવ માની સુદેવપણે આરાધે છે, અર્થાત્ જગત્ના ભિન્ન ભિન્ન મતવાળાઓ દેવ-ગુરૂ-ધર્મને કુદેવ કુગુરૂ અને કુધર્મની બુદ્ધિએ આરાધતા નથી; પણ સુદેવત્વાદિની બુદ્ધિએ આરાધવાની સુંદર-પરિણામ-ધારાએ આરાધે છે. તો જરૂર તમારા હિસાબે તેઓને મિથ્યાત્વાદિ પાપનો લેશ-ભર બંધ થવો જ ન જોઇએ. કેવળ ક્રિયાએ કર્મ માનવામાં, અને કેવળ પરિણામે બંધ માનવામાં સર્વજ્ઞ-સિદ્ધાંતો ઉથલાવવાનું ઘોર પાતક વેઠવું પડે છે, તે માટે પરમ હિતકારી મહર્ષિઓ જણાવે છે કે "ક્રિયા એ કર્મ છે, અને પરિણામે બંધ છે" એ બે વિભાગમાં વહેચાયલું વાકય નથી, પણ તે વાકય તેજ સ્થા-નમાં વપરાય છે કે જે સ્થાને **શુભાશુભ પરિણામથી ક્રિયા શરૂ કરે, અને આકસ્મિક-સંયોગના સદ્ભાવે પરિણામ અગર ક્રિયામાં પલટો થઇ જાય; તો તે સ્થાને ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ એ સિદ્ધાંત સ્વીકારવો પડે છે.**

જીવ બચાવવાના શુભ પરિણામથી પગ ઉપડયો, જીવ અકસ્માત્ પગ તળે આવીને ચગદાઇ ગયો દયાની બુદ્ધિરૂપ પરિણામની સુંદરતા છતાં બચાવવાની ક્રિયામાં અકસ્માત પલટો થયો; અને તે ક્રિયા મારવાના સ્વરૂપમાં ગોઠવાઇ તો તે સ્થાને "ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ" એ સિદ્ધાંત સ્વીકારવો પડશે. દશ ભવની વૈરની પરંપરાવાળો કમઠ વૈર લેવાને આવ્યો, મુનિ અવસ્થામાં પ્રભુ શ્રીપાર્શ્વદેવને દેખ્યા, મુશળધાર વર-સાદ વર્ષાવ્યો, નાક સુધી પાણી આવી ગયાં, છતાં અશુભ પરિણામ પુરસ્સર અશુભ ક્રિયા ચાલુ છે. ધરણેન્દ્રના આગમન સાથે પ્રભુ પાર્શ્વદેવનું ધ્યાનાવસ્થામાં નિષ્પ્રકંપ દેખીને પરિણામ અને ક્રિયામાં આકસ્મિક પલટો થવો તે સ્થાને "ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ" સિદ્ધાંત સ્વીકારવો પડશે. તેવી રીતે શ્રીભગવાન્ મહાવીરદેવનો, અને ચંડકૌશિકનો પ્રસંગ ઇત્યાદિ સ્થાને જ્યાં આકસ્મિક ક્રિયા અગર પરિણામનો પલટો થાય તે પ્રસંગે "ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ" એ સિદ્ધાંત કરવો પડશે.

ઘેલીનાં પહેરણાંની જેમ જે તે સ્થાને જે તે વસ્ત્ર પહેરી લેવું, તેમ જે તે સ્થાને જે તે વાકય, વચન; અગર સિદ્ધાંત બોલી લેવો તે પણ અસ્થાને છે; તેમ આ સિદ્ધાંતમાં સમજવું.

૨૬-સત્યના સ્વીકારમાં જૈનશાસનની શોભા છે.

આસન્નોપકારી ચરમ તીર્થંકર શ્રીવીરવિભુના શાસનને શોભાવનાર ભગવાન્ **શ્રીઆર્યરક્ષિતસૂરિશ્વર-જીના** સમયમાં મનોહર માલવદેશની ઉજ્જયની નગરીની પાસે મંદસોર નામના ઉત્તમ સ્થાનમાં સમાચાર મળ્યા કે મથુરામાં એક પ્રચંડવાદી જૈન શાસનની અવિચળ માન્યતા સામે આક્રમણ લાવવા અનેકાનેક પ્રબળ પ્રયત્નો કરી રહ્યો છે!!!

શાસનના સંરક્ષક તેઓશ્રીએ (શ્રીઆર્યરક્ષિત સૂરીશ્વરે) શ્રીગોષ્ઠામાહિલને મથુરા મોકલ્યો, વિવિધ વાદકરીને, અને વાદીને જીતીને ત્યાં તેણે શાસનની જય પતાકા ફરકાવી!!!

શ્રાવકોનો અત્યંત આગ્રહ થવાથી તેઓશ્રી ત્યાં ચતુર્માસ રહ્યા, અને તેજ ચતુર્માસમાં શ્રીઆર્ય-રક્ષિત-સૂરીશ્વરજી સ્વર્ગની સુંદરતાને શણગારવા ગયા છે, એવા સમાચાર શ્રવણ કર્યા. નાશવંત દેહને મૂકતાં પહેલાં પોતાની પાટ પર શ્રીદુર્બલિકા-પુષ્પમિત્રને નિયત કર્યા હતા. પટ્ટવી-પ્રદાનના પવિત્ર-સમાચારનું સકળ સંઘે

સુધાપાન કર્યું, ત્યારે ગોષ્ઠામાહિલે પોતના હૃદયને અકથનીય ક્ષોભ પમાડયો!!! આચાર્ય પદ્વીની પ્રાપ્તિ માટે અનેક પ્રકારે વલખાં માર્યા છતાં મળીજ નહિ!!! બલ્કે મેળવવા માટે કરેલી મહેનત વ્યર્થ ગઇ. જેવી રીતે શ્રીપાળની ઋધ્ધિ-સમૃદ્ધિ દેખીને ઇર્ષ્યાળુ ધવલે શ્રીપાળનું મરણ ઇચ્છયું, બલ્કે "પી ન શકું તો ઢોળી નાંખું", તેવી રીતે અનેકવિધ-દુષ્ટ-વિચારણાથી પ્રેરાયેલા તેણે (ગોષ્ઠામાહિલે) શ્રીદુર્બલિકા-પુષ્પમિત્રને હેરાન કરવા અવનવી શાસન-વિરૂદ્ધ-પ્રરૂપણા શરૂ કરી.

અલ્પ-જ્ઞાનીઓને અને અલ્પ-ક્રિયાવાનોને પ્રભુશાસનમાં સ્થાન છે, પણ વિખ્યાત જ્ઞાની, અને ક્રિયાવાન્ હોય તોપણ શાસન-વિરૂધ્ધપ્રરૂપકોને પ્રભુ શાસનમાં સ્થાનજ નથી!!! અર્થાત્ તેઓ વંદનીય, નમસ્કરણીય કે આદરણીય નથીજ; બલ્કે તે તે વ્યક્તિઓ સંઘથી બહિષ્કાર કરવા લાયક છે.

ખોટી પ્રરૂપણા સંબંધિની રીતસરની દલીલોને ઉપરટપકે વિચારીએ તો ગોષ્ઠામાહિલ સાચો લાગશે, પણ પ્રભુ શાસનના પ્રસિધ્ધ પામેલ સિદ્ધાંતના પરમાર્થને પિછાણનારાઓ ગોષ્ઠામાહિલની પ્રરૂપણામાં રહેલ **અસત્યને** અસત્યરૂપે સમજશે, અને વિશ્વ સમક્ષ ખુલ્લુ કરશે; **અને તેમજ કર્યું**. એટલુંજ નહિ પણ સમસ્ત મુનિસમુદાયે શ્રી સીમંધરસ્વામિજીના કથનથી તે ગોષ્ઠામાહિલને નિહ્નવ તરીકે જાહેર કર્યો.

માટી-પત્થરના માર સહન કરે, મળમૂત્રાદિ અશુચિ પુદ્ગલના પુંજની પરવા ન કરે. પણ મુડદાને સંધરવામાં સાગરની શોભા રહી શકતી નથી, અર્થાત્ સાગર મડદાને સંધરતો નથી એવું આજની ડાહી દુનીઆએ પણ સ્વીકાર્યું છે, બલ્કે સગી નજરે નિહાળ્યું છે; તેવીજ રીતે શ્રીશ્રમણ-સંઘરૂપ સાગર નિહ્નવરૂપ ઉત્સૂત્ર પ્રરૂપણા કરી જાહેર થયેલ નિર્માલ્ય શબ્દોને સમય માત્ર પણ સંધરી શકતોજ નથી. **એ જેમ સાગરની વાસ્તવિક મર્યાદા છે, તેમ ઉત્સૂત્ર પ્રરૂપકોને નહિ સંધરવાની સર્વકાલ શાસનમર્યાદા છે.**

એક વખત આપત્તિના પ્રસંગમાં શાસનની આબરૂને અખંડિત રાખનાર, શાસનની જય પતાકા ફરકાવનાર, શ્રીગોષ્ઠામાહિલની પૂર્વની વિજય-પરંપરાની શાસન કાર્યવાહીની દરકાર કર્યા વગર **કેવળ સત્યના આગ્રહી શ્રમણસંઘે** તે ગોષ્ઠામાહિલને સંઘથી-બહિષ્કૃત કર્યો છે!!!, અર્થાત્ શાસનાનુરક્તોની પરાપૂર્વની અખંડ આબરૂ પણ સત્યના સ્વીકારમાં છે. વાંચકોએ આ હકીકત સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવી એજ શ્રેયકારક છે.

૨૭-મિથ્યાત્વની મર્યાદાને સમજવાની જરૂર!!!

ભવ્યજીવોના કલ્યાણ માટે અનેક-શાસ્ત્રોની રચના કરનાર, અને વાસ્તવિક કલ્યાણના ઇચ્છક--શાસ્ત્રકારોએ **મિથ્યાત્વના લક્ષણમાં અપવાદ નહિ જણાવેલ છતાં,** સમ્યક્ત્વના શિરોમણિ શ્રીકૃષ્ણ-મહારાજાના અને પ્રતિવાસુદેવ-રાવણ વિગેરેના **કૃત્યોને અપવાદ છે; એવું કથન કરનારા મનુષ્યો શ્રીઅર્થદીપિકાકારને અને ચૌદશો-ચુમ્માલીશ-ગ્રંથના પ્રણેતા પૂ. શ્રીહરિભદ્રસૂરીશ્વરના પારમાર્થિક પ્રવચનને ઉલ્લંઘન કરવાનું સાહસ ખેડે છે તે વિચારવા જેવું છે!!! અપવાદનો અર્થ અલ્પ સંખ્યા કરવો એ જેમ ઠીક નથી, તેમ ઉત્સર્ગમાર્ગની સાધ્યતા કે રક્ષણ સિવાય તે કૃત્યોને અપવાદ રૂપ કહેવાં તે પણ ઠીક નથી.**

તાત્ત્વિકપણે તત્ત્વની શ્રદ્ધા હોવા છતાં ઇહ-લોકના ફલ માટેની આરાધનાને મિથ્યાત્વ

કહેનારા પૂર્વસંગતિકદેવ માટે અષ્ટમની તપસ્યા અને પૌષધ કરનાર ચાર બુધ્ધિના નિધાન અભયકુમારને **શું મિથ્યાત્વી માને છે?**, તેવીજ રીતે—

દેવકીજીના સંતોષની ખાતર દેવતાને આરાધવા અષ્ટમની તપશ્ચર્યા અને પૌષધ--કરનાર ક્ષાયિક-સમ્યકત્વના માલીક શ્રીકૃષ્ણમહારાજને **શું મિથ્યાત્વી ગણે છે?**

ગુટિકા દેનાર દેવતાને આરાધનારી સમ્યકૃત્વપરાયણ શ્રીસુલસાને શું મિથ્યાત્વવાળી ગણવી?

ષટ્‌ખંડ જીતનારા, સર્વોપરિસત્તાનો પ્રથમસૂર--કાઢનારા, શ્રીભરતમહારાજા વિગેરે ચક્રવર્તીઓ તથા ત્રણ ખંડ સાધનાર વાસુદેવો વિગેરે જે અષ્ટમની તપશ્યા-પૌષધ કરે છે તે બધાને **શું મિથ્યાત્વી ગણે છે?**, અકસ્માત્ આવેલી આપત્તિમાંથી પોતાના પતિને મુક્ત કરાવવા માટે કાઉસ્સગ્ગ કરનાર પતિવ્રતાધર્મ પરાયણ સુદર્શન-શેઠની પત્નીને **શું મિથ્યાત્વવાળી ગણે છે?**

ક્ષેત્રના અવગ્રહ માટે કાઉસ્સગ્ગ કરનાર સમસ્ત સાધુઓને **શું મિથ્યાત્વી ગણે છે?**

રથાવર્તગિરિની અધિષ્ઠાત્રીદેવતાનો અવગ્રહ માટે કાયોત્સર્ગ કરનાર **શાસન-પ્રભાવક-સૂરિપુરંદર ભગવાન્ શ્રીવજ્રસ્વામીને કેવા ગણવા?**

કોઢરોગ ટાળવા માટે શ્રી શ્રીપાળમહારાજાને, શ્રીનવપદનું આરાધન બતાવનાર ભગવાન્ મુનિચંદ્રસૂરીશ્વરજીને, તથા તે આરાધન-કરનાર--શ્રીપાળમહારાજા અને કરાવનાર પ્રભુ-માર્ગ-ધર્મપરાયણ વિદુષીમયણાને **કયા જૈનો મિથ્યાત્વી ગણે છે?**

આ હકીકત લોકોને ઇષ્ટ-લોકની ઇચ્છાએ દોરવવા માટે, કે તેમાં પ્રોત્સાહન આપવા માટે નથી; પણ દ્રવ્ય-ક્રિયાપણાને લોકોત્તરમિથ્યાત્વમાં ગણવાની ભૂલ ન થાય તે યાદ રાખવા માટે જરૂરી છે.

વસ્તુતઃ ઉપર મુજબના--અનેકાનેક શાસ્ત્રકથિત દૃષ્ટાંતો, અને તે દૃષ્ટાંતોમાં રહેલ પરમાર્થને દીર્ઘદર્શીઓ જરૂર અવલોકી શકે છે. જંગલમાં જઈ ચઢેલો મુસાફર જીવનને--ટકાવવા માટે લોટા પાણી સાટે મોંઘામોતીનો હાર આપનાર--જગમશહૂર--ઝવેરીને ઝવેરી બજારમાં બે બદામના બોરા પેટે સોનાની કલ્લી કાઢી આપનાર છોકરા જેવો ગણવો, માનવો અગર કહી દેવો; તે વચન વિદ્વાનોની પરિષદ્‌માં લાંબો કાળ ટકી શકતું નથી; માટેજ કલ્યાણકાંક્ષિ--આત્માઓએ **આગમજ્ઞાનીઓ પાસે મિથ્યાત્વની અને મિથ્યાત્વી ગણવાની મર્યાદાને સમજવાની આવશ્યકતા છે.**

૨૮-શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ વ્યાખ્યાનપીઠ-રયાદ્વાદસિદ્ધાંત-પ્રતિપાદનની પ્રસિદ્ધપીઠ પર બેસીને પણ વાસ્તવિક જવાબદારીઓ ભૂલી જાય એમાં નવાઈ નથી.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ વ્યાખ્યાનવાણીદ્વારા મનોધડંત-સિદ્ધાંતોને સાચા ઠરાવવા માટે કારમો-કોલાહલ કરે એમાં નવાઇ નથી.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ પૂર્વપુરૂષોના કથનાનુસાર શાસ્ત્રસિધ્ધપદાર્થોનો અનુવાદ કરવા જેટલી ઉદારતા દર્શાવી શકે જ નહિ.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ આગમ-આમ્નાયથી અલગ રહીને પૂ. ભાષ્યકારાદિના ભવ્યસિદ્ધાંતોનો

અનાદાર કરીને મનગમતી વ્યાખ્યા કરવામાં કળાકૌશલ્યતા કેળવે છે, તે વસ્તુતઃ પોતાના અધઃપતનનું પ્રદર્શન કરાવે છે.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ તારકદેવતીર્થંકરોની, સૂત્રસંદર્ભક--ગણધરાદિ પૂ ભગવંતોની, નિર્યુક્તિકાર નિષ્ણાતોની, ભાષ્યકાર-ભગવંતોની અપભ્રાજનાકરીને અધોગતિના ભાગીદાર થાય, તેવાઓને બચાવી લેવા માટે શાસ્ત્રના પારંગતોએ કમ્મર કસવીજ જોઈએ.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ પોતાના પક્ષની જમાવટ માટે પુણ્ય-પાપનો હિસાબ સમજ્યા વગર લડાયક-લડવૈયાની જેમ અનેકવિધ વ્યૂહરચના કરે છે, પણ શાસ્ત્રસિદ્ધાંતના પારગામીઓ તે વ્યૂહરચનાઓને શાસ્ત્રપંક્તિરૂપ વજ્રદ્વારાએ વિખેરી નાંખે છે, એવી અનેક શાસ્ત્રનિરપેક્ષ વ્યૂહરચનાને વિખેરી નાંખનારાઓ ભૂતકાળમાં હતા, અને આજે પણ છે, એ સ્મૃતિપટમાં સ્થિર રાખવા જેવું છે.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓને હતાશ કરનાર સૈંકડો શાસન--પ્રભાવકોની નોંધ શાસ્ત્રકારોએ સ્યાદ્વાદ-મુદ્રિત-શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે લીધી છે, કે જે નોંધ નિરખીને કેઇક ભાગ્યશાળીઓ વર્તમાનમાં શાસ્ત્ર-પ્રદેશમાંજ વિહરવાનું શુરાતન મેળવી શકે છે.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ શાસ્ત્રનું, શાસ્ત્રના વાકયોનું, શાસ્ત્રની પંક્તિઓનું શાસ્ત્રના પદોનું શાસ્ત્રના પદાર્થોનું શાસ્ત્રના પૂર્વાપરસંબંધનું બલ્કે શાસ્ત્રના પારમાર્થિક રહસ્યનું પણ નિરીક્ષણ કરી શકેજ નહિ.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ ખોટાને સાચું ઠરાવવા માટે મથે છે તે જેટલું ભયંકર છે, તેથી કેઇક ગુણું ભયંકરપણું સાચાને ખોટું ઠરાવવામાં છે, અને તેથીજ ખુદ ભગવાનનો શિષ્ય, અગીઆરઅંગનો પાઠી, અને પાંચસો શિષ્યનો માલીક એવો જમાલી પણ આસન્નોપકારિ-ચરમતીર્થંકર-પ્રભુમહાવીરદેવને, અને તેમના સાચા સિદ્ધાંતને ખોટા ઠરાવવા માટે આકાશ પાતાળ એક કરતો પ્રભુમાર્ગ--પ્રવચન આદિનો પ્રત્યનીક ગણાયો.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓના મુખમાંથી નીકળતા ઉલ્લંઠાઈના ઉકળાટ, સ્વેચ્છાચારીના સૂર, ઉત્સૂત્રભાષીપણાની ઉંચી બદબોઇ, ભરપૂર વાહ્યાતવાતો સંભળીને મૂર્ખાઓ મ્હાલે, અને તેઓ પ્રત્યે જગમશહૂર શાસનઝવેરીઓ ઘડીભર હસે તો ત શું અસ્થાને છે?, નહિજ.

શાસ્ત્રથી નિરપેક્ષ-રહેનારાઓ માર્ગદીપકશાસ્ત્રોના વાસ્તવિક રહસ્યને પ્રકાશનકરવામાં બેદરકારી રાખે છે, પરંતુ દીપકસમ્યકત્વધારિ અભવ્યો પ્રભુમાર્ગને વાસ્તવિકપ્રકાશન કરવામાં તો બેદરકારી રાખતા નથી; માટેજ તેઓ (શાસ્ત્રોથી નિરપેક્ષ રહેનારાઓ) અભવ્યના વ્યવહારને પણ સ્પર્શી શકયાજ નથી.

શાસ્ત્રથી નિરપેક્ષ--રહેનારાઓ શાસ્ત્રીય પુરાવા આપવાના સ્થાને "હું કહું છું, અમે કહીએ છીએ, અમારા ગુરૂ કહે છે," ઇત્યાદિ શબ્દો આગળ ધરીને દીપકસમ્યકત્વનો પણ દીવો તેઓ કેમ બુઝવી નાંખતા હશે ?, તે માટે તેઓની દયા ખાવા જેવું છે.

૨૯-વૈરાગ્ય-વાસનાના વિવિધ-કારણો.

શ્રીજિનેશ્વર--ભગવાનના વચનના આધારે સંસારનું સ્વરૂપ વિચારનારા-વિજ્ઞપુરૂષોને સંસારકારાગાર પ્રત્યે કુત્સા થાય તેમાં આશ્ચર્ય નથી, છતાં કદાચિત્ મોહની પ્રબળતાથી, વિષયથી આસકત થવાને લીધે સંસારનો

મોહ ખરાબ જાણ્યા છતાં છૂટે નહિ, અને અસાર લાગેલા સંસારને પણ જે જીવ વળગવા જતો હોય,' તો પણ કોઈક હલુકર્મિ-જીવને સંસારની વિચિત્ર લીલા પણ વૈરાગ્યનું કારણ બને છે; અને તેથીજ શ્રીસિદ્ધર્ષિ મહારાજ વૈરાગ્યનાં કારણો જણાવતાં નીચે જણાવેલાં પણ કારણો જણાવે છેઃ–

ભાર્યા વિપરીતપણાને આચરે, પુત્ર અવિનીતપણું કરે, છોકરી મર્યાદાને ઓળંગે, બ્હેન કુળની મર્યાદાને પ્રતિકુળપણે આચરણ કરે, ધર્મદ્વારાએ ખર્ચાતા ધનને અંગે ભાઇઓ (કુટુંબીઓ) અનુમોદન નહિ કરતાં અપમાન કરે, 'ઘરના કામોમાં આ ઢીલો છે' એમ કહીને દુનિયાદારીના સ્વાર્થમાં રાચેલા માતપિતા લોકોની સમક્ષ પણ તિરસ્કાર કરે, કુટુંબવર્ગ સ્નેહને લાયકના કોઈપણ સંસ્કાર આચરે નહિ, પણ વિરૂદ્ધ પુરૂષના જેવાજ આચારો આચરે; દાસદાસીઆદિ પરિવાર પણ આજ્ઞા પ્રમાણે વર્તે નહિ, અત્યંત લાલન-પાલન કરીને પોષાયેલું શરીર પણ અધમ મનુષ્યની માફક સર્વ ઉપકારને ભૂલી જઈ રોગાદિક વિકારોનેજ આગળ કરી જીવને પરાધીન કરે, અથવા તો કોઈ તેવા લાભાન્તરાયના ઉદયથી પોતાનો કે વડીલોનો ઉપાર્જન કરેલો ધનસંચય વિજળીના વિલાસની માફક અકાળે જ નાશ પામી જાય, ત્યારે આવી રીતનાં દસ કારણો એકી સાથે અગર ઓછાવત્તા બને ત્યારે વૈરાગ્ય થાય. તે સિવાયના બીજાં તેવાં રાજરોગ પરાભવ વિગેરેનું આકસ્મિક કાર્ય બની જાય ત્યારે પણ સંસારની અસારતા સમજનાર ભાગ્યશાળી જીવને ખીર ખાઈને તૃપ્ત થયેલા મનુષ્યને ખાટી, ઠંડી અને દુર્ગંધી એવી રાબ જેવી અરુચિ કરનારી થાય તેવી રીતે આ આખા સંસારનો પ્રપંચ જે મોહના ઉદયના લીધે અસાર છતાં સારરૂપ લાગતો હતો, તેજ અત્યારે મોહરૂપી મદિરાના છાકટાપણાનો નાશ થવાથી યથાવસ્થિતરૂપે મનમાં ભાસે છે. અને તેથી જ સંસાર એટલે માતાપિતાદિ કુટુંબકબીલો, અને પરિવાર તથા આરંભપરિગ્રહનો ત્યાગ કરીને જીવ આત્મકલ્યાણના કારણરૂપ અને ત્યાગધર્મના પ્રાણભૂત પરમકલ્યાણકારિ–પ્રવ્રજ્યાને અંગીકાર કરે છે.

ઉપરની વાત વાંચીને-વિચારીને સત્ય રસ્તે શ્રદ્ધા કરવાની જરૂર છે, અને તે એકે દુનિયાદારીના કોઈ પણ દુઃખદ પ્રસંગને અંગે સંસારથી થતો વૈરાગ્ય અને પ્રવ્રજ્યા પ્રત્યે થતો અનુરાગ એ આત્મકલ્યાણનો માર્ગ હોઈ જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી વિરોધી નથી પણ તેને પોષનારોજ છે. કેટલાક અજ્ઞાણ, અને સાચી શ્રદ્ધાથી દૂર રહેલા મનુષ્યો સંસારના તેવા દુઃખદ પ્રસંગને બહાને થયેલા સંસારવૈરાગ્ય અને પ્રવ્રજ્યાના અનુરાગને દુઃખગર્ભિત વૈરાગ્ય તરીકે ઓળખાવે છે પણ તે વાતને વસ્તુતત્ત્વથી શાસ્ત્ર સમજનારાઓએ અંશે પણ માનવા જેવી નથી. દુઃખગર્ભિત વૈરાગ્યના સ્થાનો તો વિધવા થયેલી સ્ત્રી જેમ શરીરવસ્ત્ર અને આભુષણના શણગારને ચાહનારી છતાં માત્ર ધણીના વિજોગથી તે શણગાર કરવાનું મન કરતી નથી. જ્ઞાતિભોજનમાં જવાની અભિરુચી છતાં પણ ધણીના મરણથી થયેલા ઉદ્વેગની ખાતર તે જ્ઞાતિભોજનમાં જતી નથી. બાળવિધવાની સાસુ અગર માતા પણ પુત્રી અગર વધૂની વિષમ દશાને અંગે સંસારી મોજશોખના સાધનોથી મન ખસ્યું નથી તો પણ તે સાધનોથી દૂર રહે છે. યાવત્ ભરતારના મરણને અંગે સતી થવાના નામે ચિતામાં બળીને મરી જાય, પાણીના પ્રવાહમાં તણાઈને મરી જાય, અંગ ઉપર ધાસતેલ છાંટી લુગડાં સળગાવી મરી જાય; વિગેરે કાર્યો સંસારની અસારતાના અંગેના નહિ પણ સંસારની પ્રીતિ છતાં માત્ર બચ્ચાંને એક ઇષ્ટ પદાર્થ ન મળે તો બીજા મળેલા ઇષ્ટ પદાર્થોને પણ લાત મારવા જેવી રીસાવાવાળી અજ્ઞાન દશા પ્રગટ કરવામાં આવતી હોય તે અંગેના છે એમ સમજવું, તેવીજ દશાને દુઃખ-ગર્ભિત દશા કહેવાય, પણ સંસારની વિચિત્ર દશા દેખાતાં સંસાર ઉપરનો મોહ છૂટીને યથાસ્થિત આત્મકલ્યાણની અને તેનાં સાધનોની પ્રાપ્તિ તરફ જે વૈરાગ્યથી જવાય તેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવોજ જોઇએ.

એમ ન માનીએ તો નરકગતિના કે તિર્યંચ ગતિના દુઃખો અગર ચારે ગતિની આપત્તિઓને વિચારવાથી થતો નિર્વેદ કે જે લક્ષણ સમ્યક્ત્વનું છે, અને તે ગુણ પણ જ્ઞાનગર્ભિતને અનુસરતો ગણાશે નહિ, માટે કોઈ પણ બાહ્ય અગર અભ્યંતર કારણોથી ચેતીને કર્મના ક્ષયના કારણ તરીકે પ્રવ્રજ્યાને આદરનારો મનુષ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળોજ, છે અને એમ માનનારો અને જાણનારોજ સમ્યગ્દર્શન અને સમ્યગજ્ઞાનવાળો છે એમ કહી શકાય.

૩૦-શ્રી સિદ્ધચક્રના સેવકોને—

ત્રિકાલાબાધિત-અવિચ્છિન્ન-પ્રભાવમય-જૈનશાસનમાં પુનિત-પ્રતિષ્ઠા પામેલ શ્રીસિદ્ધચક્ર સદાય જયવંતુ વર્તે છે.

સહસ્ત્રયક્ષોથી સુરક્ષિત થયેલ ચક્રરત્ન ચક્રવર્તિઓના દ્રવ્ય મનોરથોને પૂર્ણ કરે છે, તેવી રીતે સિદ્ધચક્રના સૈવનમાં સર્વસ્વ સમર્પણ કરનાર ચારે નિકાયના દેવ-દેવીઓથી અધિષ્ઠિત થયેલ સિદ્ધચક્ર સાધર્મિકોના સઘળાંએ દ્રવ્ય મનોરથો પરિપૂર્ણ કરે છે. એટલુંજ નહિ પણ ભાવ ધર્મના ભવ્ય-મનરથોની સન્મુખ લાવનાર, ભાવ-ધર્મનું આસ્વાદન કરાવનાર, ભાવ ધર્મની વૃધ્ધિ કરાવનાર, અને પરંપરાએ સિદ્ધચક્રસ્થિત શાશ્વત પદમાં શાશ્વત-ભાવે પ્રવેશવાની પૂર્ણ- યોગ્યતા સમર્પણ કરાવનાર એ શાશ્વત-યશસ્વિ-સિદ્ધચક્રને હૃદય-કમળમાં સ્થિર કરો.

સિદ્ધચક્ર-સ્થિત-ગુણિ-ભગવન્તોનું અને ગુણોનું યથાર્થ કથન કરવું એ વર્તમાનકાલીન-વિદ્વાનો માટે અશકય વરતુ છે. એટલું જ નહિં પણ પ્રાતઃસ્મરણીય પૂર્વકાલીન પૂર્વધરો માટે પણ અશકય વરતુ છે, અને તેથીજ શ્રીસિદ્ધચક્રની સેવનામાં સર્વસ્વ સમર્પણ કરનાર શ્રીશ્રીપાળ-રાસના રચયિતાનું રસિક-પદ્ય સ્મરણપથ પર આવીને ઉભું રહે છે.

" સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં ના'વે પાર;
વાંછિત પૂરે દુઃખ હરે, વંદુ વારંવાર. "

આથી વિશ્વજન-મનોવાંછિત-પૂરક, અને અનેકવિધ-દુઃખ-દારિદ્ર-દૌર્ભાગ્ય-ચૂરક; અમોઘ-સાધનરૂપ શ્રીસિદ્ધચક્રનું વારંવાર દર્શન-પૂજન-વન્દન-સત્કાર સન્માન કરીને કૃતાર્થ થવું એજ સેવકો માટે-સર્વદા-સર્વત્ર-સર્વથા હિતાવહ છે.

૩૧-શ્રાવક કોને કહેવો ?

જે અત્યંત તીવ્ર કર્મનો વિશેષપણે નાશ કરીને પરલોકને હિતકારી એવું જીનવચન ઉપયોગપૂર્વક સમ્યક્પ્રકારે શ્રવણ કરે છે, તેનેજ શ્રાવક જાણવો. જુઓ-પંચાશક ૧, ગાથા-૨.

परलोयहियं सम्मं जो जिणवयणं सुणेइ उवउत्तो। अइतिव्वकम्मविगमो सुक्कोसो सावजो एत्थ ॥२॥

૩૨-શ્રુતિરાગ.

બત્રીશ વર્ષની નિરોગી હૃષ્ટ-પુષ્ટ શારીરિક અવસ્થા હોય, ખર્ચ કરતાં સો ગુણી આવક હોય, સ્થાવર-જંગમ-મિલકતો નદીના પૂરની જેમ ઉભરાતી હોય, સ્ત્રી આદિ ઐહિક ભોગની સંપૂર્ણ સામગ્રીઓથી સુખી હોય, કૌટુંબિક આદિ ચિન્તાનું નામ નિશાન પણ ન હોય, અને સંગીત કળામાં અતિ પ્રવિણ એવો તરૂણ પુરૂષ હોય; છતાં દેવતાઈ ગીત સાંભળવાના અવસરે છોડીને અત્યંત બહુમાન આદરથી વીતરાગ પ્રણિત ધર્મ શ્રવણ કરે તે **શ્રુતિરાગ**, આવો શ્રુતિરાગ જીવનને નવપલ્લવિત બનાવે છે.

૩૩-ધર્મનું યથાર્થ સ્વરૂપ.

દુર્ગતિરૂપ દુર્ગમ-ખાડામાં પડતા જીવોને ધારણ કરવામાં તત્પરતારૂપ શુભ-પરિણામ અને તે પરિણામપૂર્વક આગમ વિહિત અનુષ્ઠાનનું સેવન કરવું તે-**ધર્મનું યથાર્થ સ્વરૂપ** છે.

૩૪-સર્વદર્શન-માન્ય-ધર્મ.

દુર્ગતિરૂપ ગહન ગર્તામાં પડતાં અગર પડેલાં જીવોને ધારણ કરીને સર્વ સામગ્રીઓથી ભરપૂર સદ્ગતિરૂપ સુંદર--સ્થાનમાં સ્થાપન કરે તેનું નામ-**ધર્મ**.

૩૫-ધર્મરાગ.

ઘણા દિવસનો ભૂખ્યો હોય, ક્ષુધાથી આકુળ વ્યાકુળ થઇ ગયો હોય, ભયંકર અટવી ઉતરીને થાકી ગયો હોય, ભૂખ-દુઃખ અને થાકથી લડથડીયા ખાતો હોય, સ્વભાવમાં ભોજનરસિક બ્રાહ્મણ જેવો હોય; અને આ અવસરે ઘૃત-ભર્યાં ઘેબર મળે, છતાં પણ ભોજન કરવાના અભિલાષથી અધિકપણે લીધેલાં વ્રત નિયમનું સેવન કરે તેનું નામ-**ધર્મરાગ**.

૩૬-ઔચિત્યને અનુસરવું.

પ્રાતઃસ્મરણીય-પંચપરમેષ્ઠિ-સ્વરૂપ દેવતત્વ, અને ગુરૂતત્વની આરાધનામાં સકળ ક્ષેત્રના, સકળ કાળના, સકળ અવસ્થાના અરિહંત ભગવંતોની, આચાર્ય ભગવંતોની, ઉપાધ્યાય ભગવંતોની, અને સાધુ-ભગવંતોની આરાધનાનો સમાવેશ હોવાથી ત્રિવિધ યોગે ત્રિકરણ વિશુદ્ધિએ દર્શન વન્દન-પૂજનાદિ **ઔચિત્યને અનુસરવું એ જરૂરીનું** છે.

સકલ-સમીહિત--પૂરક, અનેકવિધ દુઃખ--દારિદ્ર--દૌર્ભાગ્યચૂરક, સકલ--મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર-શ્રીસિદ્ધચક્રસ્થિત દર્શન-જ્ઞાન-ચારિત્ર--તપોધર્મ તત્ત્વની આરાધનામાં સકળ ક્ષેત્રના, સકળ કાળના, અને સમ્યક્ દર્શનવન્ત આત્માઓ, સમ્યક્ જ્ઞાનવન્ત આત્માઓ, સમ્યક્ ચારિત્રવન્ત આત્માઓ; તથા સમ્યક્-તપોધર્માનુરસિક-આત્માઓ, તે તે આરાધક આત્માઓને આવિર્ભાવ થયેલ સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપોધર્મ અને તે તે ધર્મ પામવાના, પમાડવાના, રક્ષણ કરવાના, વૃદ્ધિ કરવાના તથા પરંપરા એ ક્ષાયક-

ભાવથી ભાવિત કરવાના સમગ્ર સાધનોનો સમાવેશ હોવાથી ત્રિવિધ યોગે ત્રિકરણ વિશુદ્ધિએ દર્શન-વન્દન પૂજનાદિ-**ઔચિત્યને અનુસરવું એ જરૂરીનું છે.**

ઔચિત્યને અનુસરવામાં સંવર-નિર્જરા અને પુણ્યાનુબન્ધિ-પુણ્યના ભંડાર પૂર્ણ ભરાય છે, અને અનૌચિત્યને અનુસરવામાં આશ્રવ-બંધ અને પાપના પુંજ ઉભરાય છે; એ આરાધકોએ સર્વદા-સર્વત્ર-સર્વથા વિચારવું જરૂરીનું છે.

૩૭-ચાર પ્રકારના તપસ્વીઓ.

શ્રીઠાણાંગ સૂત્રના ૪થા ઠાણાનું સૂત્ર-૨૪૩ **चत्तारि घुणा पं० तं०-तयक्खाते, छल्लिक्खाते, कट्ठक्खाते, सारक्खाते, एवमेव चत्तारि भिक्खागा पं० तं०-तयक्खायसमाणे जाव सारक्खायसमाणे। तयक्खातसमाणस्स णं भिक्खागस्स सारक्खातसमाणे तवे पण्णत्ते, सारक्खातसमाणस्स णं भिक्खागस्स तयक्खातसमाणे तवे पण्णत्ते, छल्लिक्खायसमाणस्स णं भिक्शागस्स कट्ठक्खायसमाणे तवे पण्णत्ते; कट्ठक्खायसमाणस्स णं भिक्खागस्स छल्लिक्खायसमाणे पण्णत्ते। सूत्र २४३।**

ભાવાર્થ:-ઘુણા-કીડાચાર પ્રકારના છે. ત્વક્ (છાલની ઉપરનો ભાગ) ખાવાવાળા, ૨ છાલ ખાવાવાળા ૩ કાષ્ઠ ખાવાવાળા; અને ૪ સારભૂત તત્ત્વ ખાવાવાળા.

જે કીડાઓ ઝાડની છાલનો ઉપરનો ભાગ ખાય, પરંતુ છાલની અંદરનો ભાગ નહિ ખાય તે ત્વક્ ખાવાવાળા કીડા કહેવાય છે, તેવી રીતે ત્વક્ખાદ સમાન જે સાધુઓ [1]આચામામ્લાદિ (આયંબીલાદિ) [2]પ્રાંત આહારનું સંતોષપણે ભક્ષણ કરતા હોય તેઓ ત્વક્ખાદ સમાન સાધુઓ કહેવાય છે.

ત્વક્ખાદ સમાન કીડાઓ, અને તેવો આયંબીલાદિ નિરસ આહાર કરનારા સાધુઓ. ૧

છાલખાદ સમાન કીડાઓ, અને તેવો નિવિગઈ આહાર કરનારા સાધુઓ. ૨

કાષ્ઠખાદ સમાન કીડાઓ, અને તેવો નિવિગઇ આહાર કરનારા સાધુઓ. ૩

સારખાદ સમાન કીડાઓ, અને સર્વ કામગુણાદિની વૃદ્ધિ થાય તેવો પૌષ્ટિક આહાર કરનારા સાધુઓ. ૪

ઉપર જણાવ્યા પ્રમાણે ત્વક્ સરખા-નિરસ આહાર કરનારા મુનિવરોનું તપ વજ્જસાર તપ કહેવાય છે અર્થાત્ કર્મનો નાશ કરવામાં એ તપ વજ્ર સરખું કામ કરે છે, તેથી કરીને ત્વક્ (છાલની ઉપરના ભાગ) સરખા અસાર નિરસ નિર્માલ્ય આહાર (આયંબીલાદિ) કરનારા સારભૂત ખાનારા ગણાય છે અને તેઓનો તપ પણ સારભૂત ગણાય છે. આ રીતિએ

* * * *

૧. ત્વક્ખાદ સમાન નિરસ આહાર ખાનારા સાધુઓને સારભૂત ખાનારા તપસ્વી કહેલા છે, અને તેમના તપને પણ સારભૂત વર્ણવેલો છે.

---

૧. આદિ શબ્દથી લૂખો-સૂકો નિરસ આહાર. ૨. ગૃહસ્થો અને તેઓના આશ્રિત વર્ગ જમી રહ્યા પછી રસોઈના વાસણોમાં રહેલો પદાર્થ કે જે નકામા જેવો હોય છે તે પ્રાંત આહાર.

૨. સારખાદ સમાન પૌષ્ટિક આહાર ખાનારા સાધુઓને ત્વક્સારભૂત ખાનારા તપસ્વી કહેલા છે, અને તેમના તપને ત્વક્ખાદ સમાન વર્ણવેલો છે.

૩. છાલખાદ સમાન આહાર ખાનારા સાધુઓને કાષ્ઠખાદ સમાન તપસ્વી કહેલા છે, અને તેમના તપને કાષ્ઠખાદ સમાન વર્ણવેલો છે.

૪. કાષ્ઠખાદ સમાન આહાર ખાનાર સાધુઓને છલ્લિખાદ સમાન તપસ્વી કહેલા છે, અને તેમના તપને છલ્લિખાદ સમાન વર્ણવેલો છે.

ઉપર જણાવેલા ચાર પ્રકારના તપસ્વીઓમાં પહેલાનો તપ તીવ્રતમ, બીજાનો તપ તીવ્રતર, ત્રીજાનો તપ તીવ્ર; અને ચોથાનો તપ મંદ હોય છે. વધુ સ્પષ્ટીકરણ સમજવાની ઇચ્છાવાળાએ શ્રીઠાણાંગ સૂત્ર-વૃત્તિનું મનન--પરિશીલન કરવું જરૂરી છે. તપોધર્મના સેવનમાં રંગાઈ ગયેલા તપસ્વીઓએ પોતે ઉપરના ચાર પ્રકારમાંથી કયા પ્રકારના વિભાગમાં છે?, તે વિચારવાની જરૂર છે.

———▬———

૩૮-કાર્યસિદ્ધિના અભિલાષિઓને.

શ્રેયસ્કર કાર્યો વિઘ્નોથી ભરપૂર વીંટાયલા હોય છે. કલ્યાણકર--કાર્યો કરનાર વિઘ્નોના વંટોળીઆઓથી મુંઝાય તે સ્વપ્ને પણ કાર્યસિદ્ધિ કરી શકતો નથી. ધનવાનને ઘેર ધાડપાડુઓની ધાડ પડે છે, તેવી રીતે ધર્મને અનુસરતી શુભ કાર્યવાહી કરનારને ત્યાં વિઘ્નોરૂપી લુંટારૂઓ ધર્મધન લુંટવા આવે છે; માટે સાવધ બનવું. પરંતુ વિઘ્નના ભયથી આરંભાતું અગર આરંભેલ શુભ-કાર્યને વિવેકિઓએ છોડી દેવું જ નહિ.

———▬———

૩૯-તારનાર છે કોણ ?.....

આરાધનાનો અખંડ અભ્યાસ.

ઉદન્વાન્ના ઉંડા નીર, ઉભરાતાં મગર-મત્સ્યાદિ જલચર-જંતુઓ, ઉછળતી ભરતી; અને ઉતરતાં ઓટમાં તરવાની ઇચ્છાવાળાઓને પણ તરવું એ મુશ્કેલમાં મુશ્કેલ પ્રસંગ છે.

એટલુંજ નહિ પણ તરતાં તરતાં અનેકવિધ આફતોનો સફળ સામનો કરીને, તરીને, પાર ઉતરીને; અને કાંઠે આવીને સહિસલામત સ્થાને પહોંચી જવું એ એથી પણ વધુમાં વધુ મુશ્કેલ પ્રસંગ છે.

તરવાની કળાના પારંગત--તરનારાઓ તરી ગયા, પરંતુ તરી ગએલાઓના ભરોસે ભુલા પડેલાઓ અને તરવાની કળાના અજ્ઞાત આત્માઓ તરવાની તાલાવેલી છતાં તરી શકયા નહિં, પાર ઉતરી શકયા નહિં, કાંઠે આવી શકયાં નહિં; અને સહીસલામત સ્થાને પહોંચી શકયાજ નહિં, પૂછનાર પૂછે છે કે-**તારનાર છે કોણ ?,—**

તરી ગએલાઓ તારતા નથી, અને તરવાની કળાની આવડતમાં અધૂરાઓ તરી શકતાજ નથી; તો પછી પાર ઉતરવું, કાંઠે આવવું; અને સહીસલામત સ્થાને પહોંચી જવું એ બનેજ કેમ ?; માટે પૂછનાર પૂછે કે-**તારનાર છે કોણ ?,—**

તારનાર છે કોણ ?, એ પ્રશ્નના સમાધાનમાં સમજવું પડશે કે તરવાની કળાના અખંડ--અભ્યાસ વગર કોઇપણ તરી શકયુ નથી, પાર ઉતરી શકયું નથી, કાંઠે પહોંચી શકયું નથી, અને સહિસલામત સ્થાને પહોંચી પણ શકયુંજ નથી.

શાસ્ત્રના અભ્યાસિયેાને તેમજ તીક્ષ્ણ–બુદ્ધિમાન–ભવ્યાત્માઓને નજરે નિહાળતાં સમુદ્રાદિની જેમ સંસારસમુદ્રની અમાપ ઉંડાઈ, વિસ્તૃત વિશાળતા, દૌર્ગત્ય, દુર્ભાગ્ય, દુઃખાદિરૂપ જળ, વિષયકષયાદિ જલચર-જંતુઓ, ભયાનક ભરતી, આકસ્મિક ઓટ; અને તરનારાઓની અનેકવિધ મુશ્કેલીતાનું અવલોકન કરાવવું પડે તેમજ નથી. અને તેથીજ ઉપમા--ઉપમેય પદાર્થનું પર્યાલોચન કરવા માટે તીક્ષ્ણ–બુદ્ધિની, અને શાસ્ત્ર-ભ્યાસની અનિવાર્ય જરૂર છે—જે માટે નીતિકારો જણાવે છે કે—

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ?।

लोचनाभ्यां विहिनस्य दर्पणः किं करिष्यति ? ॥१॥

ભાવાર્થ:–જેને સ્વયં પ્રજ્ઞા--બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શું કરે ?, અર્થાત્ તેવાઓને લાભ થતેાજ નથી. જેવી રીતે એ લેાચન રહિત આંધળાને દર્પણ શું કરી શકે એમ છે ?, અર્થાત્ દર્પણ કાંઇપણ લાભ આપી શકતેાજ નથી.

આ ઉપરથી સંસાર સમુદ્રની ભયાનકતાનું ભવ્ય–અવલેાકન કરનારને તેમાંથી તરીને પાર ઉતરવાની પુનિત કળાનું મૂલ્યાંક હૃદય મંદિરમાં સ્થિર થાય છે.

આથીજ સંસાર સમુદ્રમાંથી તરીને, પાર ઉતરીને; અને કાંઠે આવીને શાશ્વત્ સ્થાને પહોંચી ગયેલા સર્વદા–સ્મરણીય--સિદ્ધ ભગવંતેા તરવાની ઈચ્છાવાળા--ભવ્યાત્માઓને તારતાં નથી; તેા પછી--**તારનાર છે કોણ ? ? ?**

એવી રીતે સંસાર સમુદ્રમાંથી તરીને, પાર ઉતરીને, અને કાંઠે પહોંચીને નિયમા શાશ્વત સ્થાને પહોંચનારા, આરાધ્યપદમાં સ્થિર થનારા, આરાધ્ય--અરિહંતેા સંસારાબ્ધિમાંથી આરાધકેાને હાથ ઝાલીને **બ્હાર કાઢનાર નથી,** અર્થાત્ હાથ ઝાલીને તારતા નથી તેા પછી–**તારનાર છે કોણ ? ? ?**

એજ પ્રમાણે સંસાર--સમુદ્રમાંથી તનતેાડ તીવ્ર મહેનત કરવાવાળાઓ સર્વસ્વ સમર્પણ કરીને, તરીને, અને પાર ઉતરીને કાંઠે પહોંચવાના ભગીરથ પ્રયત્ન કરવાવાળા પૂજ્ય આચાર્ય ભગવંતેા પણ ઘનઘા-તિકર્મના વૈરાં પાણીને ઓળંગીને અને પાર પામીને કાંઠે (કેવળ જ્ઞાનના કાંઠે) પણ પહોંચ્યા નથી; તેા પછી **કાંઠે પહોંચાડનાર છે કોણ ?**, અર્થાત્ **તારનાર છે કોણ ?;—**

કહેવું પડશે કે તરી ગયેલા, પાર પામી ગયેલા, કાંઠે પહોંચી ગયેલા, અને સહીસલામત સ્થાને પહોંચી ગયેલા, અથવા પહોંચવાનું નિયમા--નિર્માણ થયું છે એવા અખિલ--આરાધ્ય--ભગવંતેા, અરિહંતાદિ અને તરવા વિગેરેની અભિલાષાવાળા આચાર્યાદિ અખિલ આરાધ્ય ભગવંતેાને પણ **સંસાર સમુદ્રમાંથી તારનાર, બ્હાર કાઢનાર, પાર ઉતારનાર, કાંઠે પહોંચાડનાર; અને નિર્વિઘ્ને સહીસલામત સ્થાને-પહોંચાડનાર અર્થાત્ સ્થિત કરનાર તરવાની કળાના અખંડ અભ્યાસરૂપ--આગમવિહિત આરાધનાનેા અખંડ-અભ્યાસ છે.**

આરાધ્ય-ભગવંતોના દર્શન, વંદન નમન, સ્તવન, સત્કાર. સન્માન, સેવાના, ઉપાસના; અને ભાવનાની ત્રિકરણ-યોગે વારંવાર પ્રવૃત્તિ કરવી એજ **આરાધનાનો અખંડ-અભ્યાસ છે.**

આરાધનાના અખંડ-અભ્યાસિઓ આરાધ્યપદમાં પ્રવેશીને આરાધ્યપદમાં સ્થિત થાય છે, અર્થાત્ શાશ્વત-ધામમાં સર્વદા સ્થિત થાય છે. એજ આરાધનાનો અમોઘ વિજય છે, માટે આરાધનાના અખંડ અભ્યાસમાં તત્પર બનો.

૪૦-અંતિમ—સાધ્યનો નિર્ણય.

પૃથ્વી પરના પ્રાણી માત્રને હરકોઈ સાધ્ય-સિદ્ધિ કરવાનો અંતરંગ આશય આવિર્ભાવ થાય છે, ત્યારે સાધ્યનો નિર્ણય તેને પ્રથમ કરવોજ પડે છે.

વર્તમાનકાલીન કહેવાતા સંશોધકોએ શોધી કાઢેલી સૃષ્ટિ-ભરનો માનવસમૂહ અઢી અબજના અંકે અંકિત થયેલો છે. તે માનવસમૂહ પૈકી મનુષ્ય માત્રના મનોમંદિરમાં સ્વયમેવ ઉઠતાં સંકલ્પો, સંયોગ--વિયોગ-વર્ધિત--વિચિત્ર કલ્પનાઓ, ઉદ્ભવતી--ઇચ્છાઓ, મનોમાન્ય છતાં મનને મુંઝાવનારા મનોરથો. અકળામણ કરાવનારી આશાઓ, આવિર્ભાવ થતી અભિલાષાઓ, સફળ થતી -નિષ્ફળ થતી નિર્મળ--સમળ ધારણાઓ; અને વિચિત્ર--વિચાર--વાયુથી વૃદ્ધિ પામતા, અને વિસરાળ પામતા વિવિધ-વિકલ્પોનું વિવેક પૂર્વક નિરીક્ષણ કરીને વર્ગીકરણ કરવામાં આવે તો સર્વ સંકલ્પાદિને ૧ ધર્મ સાધ્ય મૂલક, ૨ અર્થ સાધ્ય મૂલક, ૩ કામ સાધ્ય મૂલક; અને મોક્ષ સાધ્ય મૂલક આ ચારે વિભાગમાં જોઈ શકાય તેમ છે.

ભયંકર ભવાટવીમાં ભુલા પડેલા ભવ્યાત્માઓને ભવોભવની ભૂલ ભૂલામણીમાં સર્વ શ્રેષ્ઠતમ--સાધ્યનો અંતિમ નિર્ણય થતોજ નથી. અને તેથીજ એ નિર્ણયના અભાવે સફળ-પ્રવૃતિ-નિવૃતિ થઈ શકતી નથી, વિઘ્નોના વિકરાળ વાદળ વિખેરી શકતા નથી; અને અંતે **'पुनरपि जन्म पुनरपि मरणं'** એ સર્વ-સામાન્ય સિદ્ધાંતનો સ્વાદ હરકોઇને ચાખવોજ પડે છે.

એટલુંજ નહિં પણ ધર્મ સાધ્ય--મૂલક--સંકલ્પાદિ પણ અર્થની--આંધાધુંધી પ્રતિ અને કામની કારમી કેડી તરફ ધસી પડનારાં હોય તો એ ધસી પડનારાં--પડેલાંઓને અધમગતિના અધમ સાધનોનું આસ્વાદન કરવુંજ પડે છે. અને એથીજ ઉલ્ટું—એ ધર્મ સાધ્ય--મૂલક--સંકલ્પાદિ મોક્ષ સાધ્યની સિદ્ધિ કરવામાં અનુકૂળ થઈ જાય તો મુમુક્ષુ-મહાત્માઓને **નિસ્તરંગોદધિકલ્પ--સિદ્ધ અવસ્થાના અનુપમેય-સુખનું** આસ્વાદન કરવાનું અસ્ખલિત-અખંડ-સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. અંતિમ-સાધ્ય-મોક્ષ-પ્રાપ્તિના નિર્ણય વગર પારાવાર પ્રવૃતિઓ, નિરંતર સેવેલ--નિવૃતિઓ. અને વિઘ્નોનો વિવિધ રીતિએ કરેલા સામનાઓ કાર્ય સાધક થયાં નથી, થતાં નથી અને થશે પણ નહિ; માટે આદરણીય-આશયરૂપ અંતિમ સાધ્યનો નિર્ણય અવશ્યમેવ કરવાની જરૂર છે.

૪૧-શ્રાવક શબ્દનો અક્ષરાર્થ.

જેવી રીતે B. B. C. I. RLY. અક્ષરો વાંચીને બોમ્બે-બરોડા-સેન્ટ્રલ ઇન્ડીયા રેલ્વે ઇંગ્લીશ ભાષાનો જાણકાર નક્કી કરે છે. તેવી રીતે શ્રા-વ-ક આ શબ્દનો પણ ત્રણ અક્ષરનો પરમાર્થ નીચે મુજબનું છે.

પદાર્થ ચિન્તવનથી શ્રદ્ધાને જે પકાવે છે તે શ્રા
સુપાત્રોને વિષે ધન-ધાન્યાદિકનું વપન કરે છે તે વ } શ્રાવક.
સુસાધુઓની સેવનાથી પાપ કર્મોને કાપે છે તે ક

श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद्धनानि पात्रेषु वपत्यनारतम् !
कीरत्यपुण्यानि सुसाधुसेवना द्यः षि तं श्रावकमाहुरञ्जसा ॥१॥

૪૨-" श्री सिद्धहेमचन्द्र-शब्दानुशासनम् "

संज्ञा—सन्धि—नाम—कारक पर्यन्त-प्रथम-विभागः—लेखांक १.

આ ગ્રન્થનાં પ્રથમ વિભાગમાં પીરસેલ પુનિત વાનગીઓનું આસ્વાદન વાંચકો કરી શકે તે હેતુથી આ ગ્રન્થના રંગ બેરંગી શાહીની છપાયેલ જેકેટની ચારે બાજુઓના ફકરા વાંચન-મનન-પરિશીલન કરવા યોગ્ય છે.

જેકેટ-પૃ--૧ લા ઉપર આપેલ ચિત્ર દર્શનીય છે, અને તે ચિત્ર આધુનિક ઢબે કલાકાર પાસે તૈયાર કરાવી મુકયું છે. તે ચિત્ર ઉપર 'श्री सिद्धहेमचन्द्र शब्दानुं शासनम्' મહા--વ્યાકરણ ગ્રન્થની હસ્તિરત્ન ઉપર પધરામણી કરી પાટણમાં વરઘોડો નીકળ્યો તે અવસરનું દિગ્દર્શન કરાવે છે.

જેકેટ-પૃ-૨ જા ઉપર ભાષા (સંસ્કૃત) વિજ્ઞાનના વિવેકિયો માટે અનુક્રમે ગ્રન્થની વિશિષ્ટતા આદિ પાંચ પ્રકરણો છે. ત્રિવિધ--દોષ (દુરાગમ--વિપ્રકીર્ણ--અતિ વિસ્તીર્ણ) થી મુક્ત, સરળ, સુગમ--સંપૂર્ણ; અને લોકભોગ્ય-સાહિત્યથી યુકત આ મહાન્ ગ્રંથની વિશિષ્ટતા છે. પ્રધાનતમ-વ્યાકરણ બનવાની યોગ્યતા, ગ્રન્થ ગુન્થનથી દેવલોક સુધી વ્યાપેલ યશઃ, અને કલિકાલ--સર્વજ્ઞ અને સિદ્ધરાજના નામને કલંકિત ન કરે તેવા ઉચ્ચ આશયથી સર્વ-સામગ્રીએ સંપૂર્ણ રચના કરવારૂપ ભીષ્મ-પ્રતિજ્ઞા નજરે ચઢે છે. એટલુંજ નહિં પણ પાંચમા પેરેગ્રાફમાં બીજા વૈયાકરણો ન કરી શકે તેવી વ્યાકરણની વ્યવસ્થા શ્રીકલિકાલ-સર્વજ્ઞે વ્યવસ્થિત કરી છે. અને એ કુશળ-કાર્યવાહી માટે તેઓશ્રીનાં જેટલાં યશોગાન ગાઇએ તેટલાં ઓછાંજ છે. સંસ્કૃત ભાષાના આ મહાન્ વ્યાકરણને સાત અધ્યાયમાં યોજ્યું છે. સાત અધ્યાયના ૨૮ પાદ છે, અર્થાત્ એક અધ્યાયના ચાર પાદ ગણીએ એટલે સાત અધ્યાયના અઠાવીશ થાય. આ વ્યાકરણને ચાર વિભાગમાં વહેંચેલું છે. ૧. ચતુષ્કવૃત્તિ, ૨. આખ્યાતવૃત્તિ, કૃદન્તવૃત્તિ; અને તદ્ધિતવૃત્તિ અર્થાત્ ચાર પ્રકરણ રૂપ ચાર વિભાગો છે.

૧. ચતુષ્કવૃત્તિ—આ વિભાગમાં સન્ધિ, નામ, કારક; અને સમાસ એ ચારેના સમુદાય રૂપને ચતુષ્ક-વૃત્તિ કહે છે. પ્રથમ અધ્યાયથી અઢી અધ્યાય સુધીના દશ પાદના ૧૦૨૦ સૂત્રો છે, અને શ્લોક-પ્રમાણ ૫૦૦૦) આશરે છે. વિસ્તારથી વાંચવાની અભિલાષાવાળાએ [1]શાસ્ત્ર પ્રસ્તાવના વાંચવી કે જેથી બધી વૃત્તિઓનું શ્લોક પ્રમાણ નિર્ણીત થાય.

---

૧. શા. પ્ર. પૃ. ખો. ખો.

૨. આખ્યાતવૃત્તિ—આ વિભાગમાં ક્રિયાપદો, તે તે સબન્ધિ કાલ-સૂચક પ્રત્યયો, કર્તરિ, કર્મણિ; અને ભાવે પ્રયોગો; પ્રેરક-ઇચ્છાદર્શક આદિ, સેટ્—વેટ્—અનિટ્ આદેશો, તથા સાધનિકા; અને ધાતુ-સમ્બન્ધિ ચર્ચાઓ ત્રીજા પાદના ત્રીજા પાદથી સંપૂર્ણ ચોથો અધ્યાય છે, અર્થાત્ ઉપરના દોઢ અધ્યાયના છ પાદમાં ૬૮૩ સૂત્રો છે; અને તેનું શ્લોક પ્રમાણ લગભગ ૪૫૦૦) છે.

૩ કૃદન્તવૃત્તિ—આ વિભાગમાં કૃદન્તના નિયમો, પ્રત્યયો અને તે સબન્ધિ ચર્ચાથી ભરપૂર પાંચમો અધ્યાય છે. પાંચમા અધ્યાયના ચારે પાદમાં ૪૯૮ સૂત્રો છે. પરન્તુ આ અધ્યાયના બીજા પાદનુ અંતિમ સૂત્ર **उणादयः ॥ ५ । २ । ९३ ॥** છે, અર્થાત્ આ સૂત્રની પૂર્તિ રૂપ ઉણાદિ સૂત્રો ૧૦૦૬ છે. એ રીતે કૃદન્તની અંદર પાંચમા અધ્યાયના બીજા પાદના અંતિમ સૂત્રનાં નામથી પ્રસિદ્ધિ પામેલ ઉણાદિ વિભાગ કે જેનું પ્રાથમિક પ્રકાશન જર્મન પ્રોફેસરે કરેલ છે. એટલે કૃદન્તના ૪૯૮, અને ઉણાદિ સૂત્રો ૧૦૦૬ એ બન્ને મળીને કુલ સૂત્રો ૧૫૦૪ છે. તે સૂત્રો અને તે સૂત્રોની વૃત્તિનું શ્લોક પ્રમાણ ૭૨૦૦) લગભગ ગણી શકાય.

૪ તદ્ધિતવૃત્તિ—આ વિભાગમાં તદ્ધિતના પ્રત્યયો, સમાસાન્ત પ્રકરણ, પ્લુત પ્રકરણ, ન્યાયના સૂત્રો અને તે સબન્ધિ વધુ છણવટ અને ચર્ચાઓ છે. આ વિભાગ છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં સંપૂર્ણ ચર્ચેલો છે. બન્ને અધ્યાયના આઠ પદોમાં ૧૩૬૫) સૂત્રો છે, અને તેનું શ્લોક પ્રમાણ (સૂત્રોની વૃત્તિ સાથે) ૪૫૦૦) લગભગ છે.

આ ચારે વૃત્તિઓ અનુક્રમે ૨॥ અધ્યાય ૧૦ પાદ. ૧॥ અધ્યાય ૭ પાદ, એક અધ્યાય ચાર પાદ અને બે અધ્યાય આઠ પાદમાં પુરી થાય છે; અર્નાત્ સાત અધ્યાયના ૨૮ અઠ્ઠાવીશ પાદમાં ચારે વૃત્તિઓ પરિપૂર્ણ થાય છે.

ઉપરની ચાર વૃત્તિ રૂપ મહા વિભાગો કાલ્પનિક છે કે સુસંગત છે?, પૂર્વ પુરૂષોએ તે વિભાગોને પોતાના ગ્રન્થમાં સુસંગત સન્માન્યા છે કે નહિ?, આ પ્રશ્નોને અનુસરતાં અનેક પ્રશ્નોનું સમાધાન સમજનારે અવચૂર્ણિ જોવી. આ [1]અવચૂર્ણિ વિ. સં. ૧૨૬૪ના શ્રાવણ સુદ ૩ને રવિવારે શ્રી જયાનન્દસૂરિના શિષ્ય શ્રી અમરચન્દ્રે લખેલી છે. તે તાડપત્રીય-ગ્રન્થ ખમ્ભાત-શ્રી શાન્તિનાથ જૈન ભંડારનો છે, અને ગ્રન્થના અંતમાં આ પ્રશસ્તિ છે,—

संवत् १२६४ वर्षे श्रावण सुदी ३ रवौ श्रीजयानन्दसूरिशिष्येणाऽमरचन्द्रेणाऽऽत्मयोग्यावचूर्णिकायाः प्रथम पुस्तिका लिखिता ॥

અવચૂર્ણિકારે આ મહાવ્યાકરણના સાતે અધ્યાયોને આ રીતે જણાવ્યા છે:—

'तत्राऽप्यध्यायसप्तके चतुष्काऽऽख्याकृत्तद्धितरूपाणिचत्वारि प्रकरणानि भवन्ति । तत्र सन्धि-नाम-कारक समासाश्चत्वारो मानमस्येति चतुष्कश्चतुर्णां समुदायः । धातुप्रत्ययययोगात् क्रियासाधकत्वेनाऽऽख्याते स्मेत्याख्यातं, चतुष्काख्याताभ्यां पश्चात् क्रियत इति कृत्, तेभ्योऽणादिप्रत्ययेभ्यो

१. જુઓ હે. લા. પુ. ફંડ ગ્રન્થાંક ૬૨. પૃ. ૪ની ૫મી પંક્તિથી ૧૦ પંક્તિ સુધીનું લખાણ વિચારવું.

हितं तद्धितम् । तत्र चतुष्के दशपादाः, आख्याते षट्, कृति चत्वारस्तद्धिते चाष्टौ इति श्रीसिद्ध-हेमचन्द्राभिधान-शब्दानुशासन-सकलसूत्रार्थ-समुद्देशः ।'

અવચૂર્ણિકારનું ઉપરનું લખાણ વાંચવાથી આ વિભાગો સુસંગત પ્રમાણ-પુરસ્પર સર્વ માન્ય છે.

પ્રથમ વિભાગમાં ચતુષ્ક વૃત્તિ પૈકિ ત્રણ વિભાગ સંજ્ઞા-સન્ધિ, નામ કારકના કુલ સૂત્રો ૪૮૩ છે. તે સૂત્રોની વૃત્તિ સાથે શ્લોક પ્રમાણ ૩૦૨૦) લગભગ છે; અને કલિકાલ-સર્વજ્ઞ-વિરચિત સૂત્રની વૃત્તિ (તત્ત્વ પ્રકાશિકા) ઉપર શ્રી આનન્દ-બોધિની વૃત્તિનું પ્રમાણ દશહજાર શ્લોક ઉપરાંત છે.

વિશેષમાં ૭ પાદના ૪૮૩ સૂત્રોના અભ્યાસિઓને તે સિવાયના ૭૨૫ સૂત્રોનો અભ્યાસ સાધનિકા અવસરે સુદ્રઢ બને છે. ગ્રન્થ જેકેટ પૃ. ૩ ઉપર અભ્યાસિઓ માટે માર્ગસૂચક બે પેરેગ્રાફો મનનીય છે. તે જેકેટના પૃ. ૪ ઉપર પીયૂષ-પ્રવાહરૂપે ૭ પેરેગ્રાફમાં અનુક્રમે કલિકાલ સર્વજ્ઞ-ભગવાન્ શ્રીહેમચન્દ્ર-સૂરિશ્વરનો બુદ્ધિ-વૈભવ, લોકપ્રસિદ્ધ સાત ભાષાનું સંપૂર્ણ અનુશાસન કરીને પ્રાપ્ત કરેલ મહત્તા, અનુશાસનની અપૂર્વ રચનાદ્વારાએ તરી આવતો સ્પષ્ટ ઉદ્દેશ, સૂત્રોની શરૂઆતના બે સૂત્રની રચના કરીને સર્વ દર્શનને ન્યાય આપીને જૈન સંપ્રદાયનું વધારેલ ગૌરવ, આ બધું વાંચન કરનારને નિર્વિવાદ સત્યની પીછાણ થવા સાથે, અંતમાં સંસ્કૃતિ અને સાહિત્યના સમર્પક ક. સ. સૂરીશ્વરના સુયશસ્વિ-સંભારણાઓની સમાપ્તિ થાય છે. આ ગ્રન્થ લાંબો કાળ ટકી શકે તે હેતુથી ભારે ખર્ચ કરી બાઈન્ડીંગ કરાવેલ છે. અને ઉપરની બીનાઓ તે ગ્રન્થના જેકેટ પૃષ્ઠ ચારે ઉપર વાંચનારની નજરે પડે છે. શાસ્ત્ર-પ્રસ્તાવનાના ૩૬ પ્રકરણો છે, આ પ્રકરણોદ્વારાએ કલિકાલ-સર્વજ્ઞની સર્વજ્ઞતાના સાક્ષાત્કાર કરાવાય છે. અને સાથે સાથે દુનિયાભરના સંસ્કૃત-ભાષા-જ્ઞાન માટે રચાયેલા વ્યાકરણો સાથે આ મહાન વ્યાકરણની મહત્વતા અને વિશિષ્ટતાઓ શીશી છે ?, તે પ્રસ્તાવનાનું પરિશીલન કરવાથી તે સમજાશે. અભ્યાસિઓએ અને સાહિત્ય રસિકોએ તુરત મંગાવી લેવાની જરૂર છે.

૪૩-"વહેમ-મુક્તિ" લેખનું નિરસન.

નિરસનકારઃ—**આગમોદ્ધારક-આચાર્ય-દેવેશ-શ્રીઆનન્દસાગરસૂરિશ્વરના વિદ્વાન-શિષ્યરત્ન-પન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરગણિવર.**

જૈન પત્ર તરફથી ચાલુ વર્ષનો પર્યુષણા-પર્વનો ખાસ અંક વર્ષ ૪૫, અંક ૩૨ મળ્યો. તે અંકના પૃ. ૪૫૫ થી પૃ. ૪૫૭ સુધી "વહેમ મુક્તિ" નામનો લેખ લખેલો છે. લેખકે સમ્યગ્દર્શનને વહેમરૂપે લખવામાં કલમને નિરંકુશ ચલાવી છે, તે રહેજે સમજાય છે.

લેખકને ખબર નથી કે સમ્યગદર્શન-સાચી શ્રદ્ધા વગરનું પુસ્તકીમા જ્ઞાન પણ અજ્ઞાનરૂપ છે. આખા લેખમાં શ્રદ્ધાની વ્યાખ્યાનું દિગ્દર્શન કરાવીને શ્રદ્ધા અને વહેમનો ફરક સમજાવ્યો હોત તો જુદી વાત. પરન્તુ શ્રદ્ધા, શ્રદ્ધાના સાધનો, શ્રદ્ધા-પોષક-તત્ત્વો, શ્રદ્ધાના અનુષ્ઠાનો, શ્રદ્ધાની રીતિ-રિવાજ અને નિતિના અનભિજ્ઞોનેજ શ્રદ્ધાના પાયા ઢીલા કરવા માટે આવી આડકતરી રમત રમવી પડે છે એ આ લેખ સાક્ષી-રૂપ છે. શરૂઆતમાં લેખક લખે છે કે 'પર્યુષણ પર્વ એ ધર્મ પર્વ છે. ધર્મ પર્વનો સીધો, અને સરળ અર્થ તો એટલોજ છે કે, જે પર્વમાં **ધર્મની સાચી સમજણદ્વારા** હોવાએ તે કરતાં કાંઈક સારી અને

ચઢીઆતી ભૂમિકા પ્રાપ્ત કરવી.' પરંતુ પર્યુષણ પર્વનો શબ્દાર્થ, જે વાકયમાં તે પદો પડેલાં છે તેને અનુસરતો વાકયાર્થ કે જૈન શાસન માન્ય રહસ્ય રૂપે અર્થ કર્યોજ નથી.'

લેખક લેખ લખીને વાંચકને સમજાવવા મથે છે કે ધર્મની સાચી સમજ વગર ચઢીયાતી ભૂમિકા પ્રાપ્ત થતીજ નથી. પરંતુ લેખકને યાદ નથી કે જિનેશ્વર ભગવન્તોનો માર્ગ ગીતાર્થોનો અને ગીતાર્થની નિશ્રાએ રહેનારાઓનો છે. અર્થાત્ સાચી સમજણવાળાનો, અને સાચી સમજણવાળાને આશ્રિત થનારાઓને છે; કે કેનહિ જાણનારાઓનો આ માર્ગ છે. સૂત્ર અર્થના પરમાર્થને પીછાણનારા ગીતાર્થ ભગવન્તો આરાધનાથી જે લાભ પોતે ઉઠાવે છે તેજ લાભ અગીતાર્થો અર્થાત્ સૂત્ર અર્થના પરમાર્થને નહિં પિછાણનારા પણ ઉઠાવે છે તેથીજ ' **પઢમો ગીયત્થો બીઓ ગીયત્થ- ણીસ્સિઓ મણિઓ** ' આ પદોથી જન-માર્ગની અવિચ્છન-પ્રણાલિકા નિઃસંદેહપણે પ્રવર્તી રહી છે, અને એ પુનિત સૂચન આ બાળ ગોપાળ જાણે છે. છતાં લેખક સમજવગરની ક્રિયા, અનુષ્ઠાનો; અને આરાધનાઓથી ઉચ્ચ-ભૂમિકા પ્રાપ્ત થતી નથી. સાચી સમજણવાળાને આશ્રયે શ્રદ્ધાથી જીવન જીવનારાઓ વહેમનું પોષણ કરવાવાળા છે, એટલુંજ નહિં પણ 'જેટલે અંશે વહેમની પુષ્ટિ વહેમોનું રાજ્ય તેટલે અંશે સાચા ધર્મનો અભાવ' આવું આવું લખીને શ્રદ્ધાના મૂળમાં કુહારા-ઘાતજ કરે છે; અર્થાત સાચા લાભથી જૈન સમાજને વંચિત રાખવા મથે છે.

જુઓ આગળ જતાં લેખ લખે છે કે 'પર્યુષણ જેવું ધર્મ પર્વ કે જે ખરી રીતે વહેમ મુક્તિનુંજ પર્વ બનવું જોઇએ તે વહેમોની પુષ્ટીનું પર્વ બની રહ્યું + + + લોકો વધારે વહેમીલા અને વેવલા બનતા જાય છે. ધર્મપર્વને નિમિત્તે શુદ્ધ તેમજ દૃઢ થવાને બદલે અશુદ્ધ અને નિર્બળ પડતા જાય છે' વહેમની પુષ્ટિ માટે આપેલા પ્રસંગો અને ઉપરના શબ્દો વિચારતાં લેખકના જીવનમાંથી સમ્યગ દર્શનના સાચાં પૂર ઓસરી ગયાં લાગે છે. તેમના લેખના સર્વ લખાણમાં શ્રદ્ધાને જ વહેમ તરીકે ઓળખાવે છે. 'પર્યુષણમાં બીજી ગમે તે ધર્મની પ્રવૃત્તિ ચાલતી હોય છતાં એમાં ભગવાન્ મહાવીરના જીવનનું વાંચન શ્રવણ મુખ્ય ભાગ ભજવે છે,' આ લખાણ લખવાવાળા લેખકે વ્યાખ્યાન-માળામાં ભગવાનના જીવનની વાતોને બાજુએ મૂકી મનઘડંત કલ્પનાઓ શ્રોતા સન્મુખ ખડી કરી છે. અને ભગવાનના જીવનની યથા-તથ્ય વાતો ગુરૂમુખથી નિયમિત શ્રવણ થતી હોય તેનાથી બેનશીબ રાખવા કમ્મર કસે છે. એટલુંજ નહિ પણ બીજાઓને તે તેમ કરવા આગ્રહપૂર્વક નિમંત્રણ કરે છે.

પર્યુષણામાં ભગવાન્ શ્રીમહાવીર-મહારાજાના જીવન સિવાયની વાતો નહિ કરવાની અને નહિ સંભળાવવાની પ્રતિજ્ઞા લેખકે લીધી નથી. વિશેષમાં તે સ્થળે (વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાનો બોલવાના સ્થળે) કહેવાતા વિદ્વાનોનો શાંભૂ મેળો કરેલ હોય છે કે જેઓનાં જીવન ભગવાન્ મહાવીરના જીવનની ઝાંખી તો શું ?, પણ સામાન્ય પ્રસંગોને શ્રવણ કરીને કર્ણેન્દ્રિયને પણ જેઓએ પવિત્ર કરી જ નથી. જે પર્યુષણપર્વની મહત્તા સમજાવનારના દિલમાં ભગવાન્ શ્રીમહાવીર પ્રત્યે, ભગવાનનાં જીવન પ્રત્યે, ચોવીસો વર્ષ ઉપરાંતના સમયમાં બનેલાં જીવન પ્રસંગો પ્રત્યે, જીવન પ્રસંગને પૂરું પાડનાર કલ્પસૂત્ર પ્રત્યે, કલ્પસૂત્રના પ્રણેતા પ્રત્યે આદર નથી; બહુમાન નથી. તેવા કહેવાતા વિદ્વાનો નથી. તો પોતાનું કલ્યાણ સાધી શકતા અને નથી તો શ્રોતાનું ભલું કરી શકતા.

લેખકને એ ખબર નથી કે 'ભગવાન્ શ્રીમહાવીર મહારાજાના જીવનનું વાંચન, શ્રવણ મુખ્ય ભાગ ભજવે છે' આ લખાણ લખીને વાંચવું અને સાંભળવું એટલા માત્રથી પર્યુષણા પર્વની ઇતિ કર્તવ્યતા

જૈન શાસને માનીજ નથી. તેથી સાથે સાથે પાંચ કાર્યો અવશ્યમેવ કરવાના જણાવે છે. પર્યુષણ પર્વની મહત્ત્વતા સમજાવનાર પ્રથમના ત્રણ દિવસમાં પર્વનું મહાત્મ્ય, અને પર્વમાં કરવા લાયક પાંચ કાર્યો પ્રથમ દિવસે, બીજે દિવસે સાંવત્સરિક અગીઆર કર્તવ્યો અને ત્રીજા દિવસે પોષધ. પર્વ સંબંધી જેઓને અનુમોદના સરખી નથી તેવાઓ બીજાનું શું ભલું કરી શકે?, લાંબી પહોળી વાતો કરીને અણછાજતા આક્ષેપો કરીને ભોળાશ્રોતાઓને વહેમીલા અને વેવલા શબ્દથી નવાજીને લેખકની પર્યુષણા-પર્વની આરાધના સફળ થતી નથી. પરંતુ ચૈત્ય પરિપાટી, સમસ્ત સાધુ વન્દન, સાંવત્સરિક પ્રતિક્રમણ, સાધર્મિકોને પરસ્પર ક્ષામણ, અને અટ્ઠમ તપસ્યા એ પાંચ કાર્ય કરવાથી જ શ્રીકલ્પસૂત્રનું શ્રવણ ફલદાયિ નીવડે છે, એ સંબંધિ લેખમાં ઉપસારો સરખો પણ કર્યો જ નથી.

'પર્યુષણા પર્વમાં નિયમિત થયેલ શ્રીકલ્પસુત્રની જગ્યાએ રોજ રોજ નવું નવું વાંચવાનું સાંભળવાનું કેમ નહિ?' એવું કહેવાને તૈયાર થયેલાઓએ અનેક વખત કહી દીધું છતાં ચતુર્વિધ સંઘની પ્રણાલિકા અસ્ખલિતપણે ચાલતી દેખાઈ એટલે હવે ભગવાન્ શ્રીમહાવીર મહારાજના જીવનને વ્યવસ્થિત રીતિએ હૃદયમાં સીંચનાર કલ્પસૂત્રના પ્રસંગો ખોટા છે એમ કહીને પછી કલ્પસૂત્રમાં એવું એવું ઘણું છે એમ કહીને લોકોને ભરમાવવા માટેનો આ ભગીરથ કૂટ પ્રયત્ન છે, ગુરૂમુખથી શ્રવણ કરવાને બદલે પર્યુષણામાં ગુરૂના અભાવે સામાયક લેઈ ને વિધિપૂર્વક વિનય-મર્યાદાથી વાંચનારા શ્રાવકો જેટલી નિતિરિતિ સાચવે તેથી પણ વંચિત રહેનારાઓ જૈન સમાજને અવળે રસ્તે દોરવા આ જાતની નીતિ આદરે તે નવાઈ જેવું નથી.

લાખો દેવ-દેવીઓનાં આગમન, મેરૂકંપન, આમલકી ક્રીડા, દેવાનંદાની કુક્ષિમાં આવાગમન, ત્રિશલાએ આપેલ જન્મ, દેવોની દરમ્યાનગિરિથી અસંભવ ઘટનાઓને સંભવિત થયેલી સાંભળવી; અને સંભળાવવી વિગેરે વિગેરે બાજતો ધરીને વહેમના વિષમય-વ્હેણમાં લેખક તણાઈ રહ્યા છે, પણ કાઢનાર બુદ્ધિમાન મળે તો પણ તે લેખકને સાંભળવા જેટલી ઘડીભરની ફુરસદ નથી. સમજવા માટે પોતેજ પૂર્વગ્રહ અને બદાગ્રહથી બંધાયેલ છે, એટલે અજ્ઞાનતાના અંધારામાં અટવાયા કરે તે નવાઇ નથી, અને ઉપરથી જૈન સમાજને પૂર્વગ્રહથી બંધાવાનો આરોપ દેવો છે. કારણકે લેખકને સાંભળવા માત્રથી શંકા ઉદ્ભવી છે અને જિજ્ઞાસુભાવે ખુલાસો કરવા સમાજને પ્રયત્નવંત થવા પ્રેરે છે એમ નથી. પરંતુ કલ્પસૂત્રના પ્રણેતા અને કલ્પસૂત્ર પ્રત્યે બહુમાનજ નથી. પૂછનારે લેખકને પૂછવું જોઈએ કે કલ્પસૂત્રમાં કઈ કઈ વાતો સાચી છે, અને તમને તેમાં શ્રદ્ધા છે?, જો શ્રદ્ધાનો યત્કિંચિત્ અંશ હૃદયમાં જાગતો હોય તો તેઓ લખી શકત કે કલ્પસૂત્રના પ્રણેતા અને કલ્પસૂત્ર મારે શિરસાવંદ્ય છે, પરંતુ આટલી જ બીનાઓ મને ખટકે છે. તેવું નહિ લખતાં આ કેમ લખાય છે તેનાં મૂળ ઉંડાણમાં રહેલાં છે તે તપાસવાની દરેકે દરેક શ્રોતાને અનિવાર્ય જરૂર છે.

જૈન-શાસને ક્ષત્રિય-કુળ અને બ્રાહ્મણ કુળને એકાન્ત ઉચ્ચ-નીચ સ્વીકાર્યા જ નથી. પરંતુ તીર્થંકર ભગવન્તો રાજકુળમાં જન્મવા જોઈએ, રાજલક્ષ્મીથી પોષાવાં જ જોઈએ, રાજલક્ષ્મીથી વૃદ્ધિ પામવા જોઈએ અને તેવી જ રાજલક્ષ્મીને છોડીને ત્યાગી બને ત્યારે જગતમાં છાયા જૂદી પડે. આજે પણ નિર્ધન ત્યાગી બને, અને ધનવાન્ ત્યાગી બને તો જેમ છાયા જૂદી પડે છે; તો પછી ભગવાન તીર્થંકરો શાસનના સંસ્થાપક થવાના છે, જેઓનાં જીવન પ્રસંગો જગતને અનુકરણીય બનવાનાં છે; તેથી જ તે ભગવન્તોના જન્મ રાજકુળમાં થવા જોઈએ. અને તે હિસાબે અર્થાત્ રાજકુળના હિસાબે બ્રાહ્મણને અધમ કુલ ગણ્યુ છે. આજે પણ કોળી, ઠાકરડા તેલી, તંબોલી કરતાં બ્રાહ્મણને ઊંચા ગણવામાં આવ્યા છે. અને

ગણધર ભગવંતોના નામ, ગોત્ર સુણવાથી પણ આત્મા કર્મથી હલકો થાય છે; એમ જૈન શાસ્ત્રો ગાને છે. ગણધર ભગવંતોના રૂપનું વર્ણન અનુત્તર-વિમાનવાસિના સર્વ-દેવો કરતાં પણ અધિકપણે કરેલું છે. અને રૂપની પ્રશંસા પ્રાતઃસ્મરણીય-પૂર્વ-પુરૂષોએ કર્યા છતાં લેખક જૈન સમાજને અવળે રસ્તે દોરવા તૈયાર થયા છે, એ બે ને બે ચાર જેવી સીધી, અને સ્પષ્ટ વાત છે.

આજના સાયન્સના સિદ્ધ પ્રયોગો, ઝેરીગેસો, ટોરપીડો, એટમ-બોમ્બની સિદ્ધિ, વાયરલેસ ટેલિગ્રાફિક-કાર્યોના જમાનામાં કલ્પસૂત્રની એક પણ વાત સ્વીકારવામાં લેશમાત્ર સંકોચ રાખવો પડતો જ નથી. કેટલીક વાતો યુક્તિથી સિદ્ધ થતી ન હોય, તેથી ખોટી કહેવા તૈયાર થવું એ નરી મૂર્ખતા છે. સુઘોષા ઘંટા નાદની વાતો નહિ માનનારાઓને આજે વાયરલેસ સાક્ષીરૂપ થવાથી પૂર્વ પુણ્ય પુરૂષોની વાતની માન્યતા અતિ દ્રઢ બને છે. જે લેખક લખે છે કે ઈતિહાસમાં દેવોને સ્થાન છે?, આ પ્રશ્ન પૂછનાર લેખકને દેવસમ્બન્ધિ ઉલ્લેખો; અને આગમ રહસ્યો આદિ માન્ય નથી, એમ તેઓનાં પ્રશ્ન તેમને જવાબદાર છે; અને તેથી તત્ત્વાર્થ સૂત્રોના ભાષાંતરમાં વધુ પડતો તે લેખકે ઉપેક્ષા ભાવ સેવેલો છે. સ્વપ્નાં ઉતારવાથા લક્ષ્મી મળશે, પારણાનું ઘી બોલવાથી પુત્ર મળશે; એવું કોઈ આચાર્યે. ઉપાધ્યાયે; કે સાધુએ કહ્યું નથી, અગર કોલકરાર કરી ને, અને સમજાવીને ઘીઇ બોલાવ્યું નથી; છતાં કૂટ પ્રશ્નો કરવાં અને પોતાની અણછાજતી પ્રશ્નાવલીને જૈન સમાજ સ્થાન ન આપે એટલે હૃદયનો બળાપો આડકતરી રીતિએ, વહેમની પુષ્ટિ, વહેમનું સામ્રાજ્ય વિગેરે શબ્દોથી સંબોધીને કરવો એ લોકોને ભડકાવવાનો ધંધો સ્પષ્ટપણે છે. આ લેખકે તત્ત્વાર્થ સૂત્રના ભાષાન્તરમાં સમ્યગદર્શન જેવા સર્વમાન્ય સિદ્ધાન્તને ચર્ચવામાં અન્યાય આપ્યો છે.

દેવાનંદાની કુક્ષિએ ભગવાન્ને કેમ આવવું પડયું?, મરિચિના ભવમાં બાંધેલ કર્મ ધીમે ધીમે ક્ષીણ થતાં થતાં થોડું રહી ગયું, અને તે પણ ૮૨ દિવસ પૂરતું રહી ગયું. ત્રિશલાનો અને દેવાનંદાનો પૂર્વ સંબંધ અને પૂર્વ કર્મબંધનો આ પ્રસંગ કેવો છે તે સત્ય હકીકતને સત્યરૂપે શાસ્ત્રકારે નિડરપણે જણાવી તેને આ લેખક લખે છે કે દેવાનંદાને પેટે અવતર્યા હોત તો શું બગડી જાત!, પણ બિચારા લેખકને ખબર નથી કે શાસ્ત્રકારો તીર્થંકર ભગવંતના કર્મ વિપાકને સત્ય રીતિએ જાહેર કરે છે. એ સત્ય વાતના યશોગાન ગાવાને બદલે જેઓને દૂધમાંથી પોરા વીણવાં છે, તે માટે કંઈ કહેવાનું રહેતું જ નથી. આ લેખ લખીને લેખકે જૈન સમાજની કુસેવા કરી છે. વાંચવા, સાંભળવા, અને વિચારવા માટેજ પર્યુષણા પર્વની ઈતિ-કર્તવ્યતાની માન્યતા હોય તો તે લેખકને મુબારક છે. સમ્યગદર્શન પામ્યા વગરના જીવોના કથનો પર, લખાણો પર, અને ડાહી ડાહી વાતો પર ઓપ ચઢાવીને ઝેરી વાતાવરણને બનાવનારાઓ જ્ઞાની તરીકે પૂજાવાનો ઈજારો રાખતા હોય તો તે જૈન-શાસનને માન્ય નથી. સમ્યગદર્શન વગરના પૂર્વધારીયો અજ્ઞાનિ કહેવાયા, તો પછી શ્રદ્ધા શી ચીજ છે?, તે સમજવાની અવશ્ય જરૂર છે. ચૌદ વિદ્યાના પારંગત ગણધર પદ પામ્યા પહેલાં અજ્ઞાની હતા, અને અગીઆર અંગોના અભ્યાસી જમાલી જ્ઞાની છતાં અજ્ઞાની બની ગયા; તે વાત દરેક જૈને વિસરવા જેવી નથી. આખા લેખમાં શ્રદ્ધાનું સ્વરૂપ નથી, માટેજ શ્રદ્ધાના સ્વરૂપ સાથે જૈન સમાજે આ જીવન જીવવું જોઇએ તેવી ભલામણ જૈન-આગમમાં જગોજગો ઉપર છે તે સમજવાની જરૂર છે. શ્રદ્ધા અને વહેમને શું અંતર છે?, શ્રદ્ધાને વહેમ કહેવા તૈયાર થવું તે કહેવાતા પંડિતોને ભલે સુશોભિત લાગતું હોય, પણ જૈન સમાજને શ્રદ્ધા સાથે વિવેક હોવાથી કથીર-કંચનની કિમ્મત યથાર્થ કરી શકે છે.

લેખક સમ્યગદર્શનના શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ-વિભાગને ક્રમશઃ પિછાણે અને પોતાના વહેમના વિષમ-વાતાવરણને નાબુદ કરે, અગર વાંચકો વહેમના વિષમ વ્હેણમાં ન તણાઈ જાય; તે સદ્બુદ્ધિથી આ લેખ-હિત-શિક્ષાને અનુસરવા માટે પૂર્વે આલેખેલા લેખના નિરસન રૂપે લખાયેલ છે, એજ; સુજ્ઞેષુ-કિં બહુના.

૪૪–અનુભવનો સાક્ષાત્કાર.

નિગ્રન્થ પ્રવચનના ઉપાસક નિગ્રન્થ–નિર્ગ્રન્થિઓ અને નિર્મળ વ્રતધારિયો નિશાના નિર્મળ–વાતાવરણમાં એક પહોર પર્યંત સરસ શેલડીના આસ્વાદનનો અભ્યાસરૂપે અનુભવ કરીને નિષ્પાપ–સંસ્તારકમાં શયન કરે છે.

અભ્યાસને અને અનુભવને આકાશ જમીન જેટલું અંતર છે. અભ્યાસરૂપે થતી પુનઃ પુનઃ પ્રવૃત્તિઓ જરૂર અનુભવરૂપે સાક્ષાત્કાર થવાની છે, એટલે કાળાન્તરે પણ સાક્ષાત્કાર થશે.

સૂત્ર–અક્ષર–ગદ્ય–પદ્યાદિકનું પુનરાવર્તન કરવું એજ કલ્યાણકાંક્ષિ ભવ્યાત્માઓને અનુપમ–આસ્વાદન–સેવનનું ફરમાન છે, જે માટે ન્યાયાચાર્ય શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે–

સૂત્ર–અક્ષર–પરાવર્તના, સરસ શેલડી દાખી;
તાસ રસ અનુભવ ચાખીએ, જીવાં એક છે સાખી."

સવાસો ગાથા સ્તવન, ત્રીજી ઢાલ.

પરમાત્મા–પ્રણીત–પુનિત–પદ્ય–ગદ્યગુમ્ફિત શબ્દાદિ પરાવર્તન કરનારાઓને અને શ્રવણ કરનારાઓને પણ સુધાપાનનો સાક્ષાત્કાર કરાવે છે.

પહોર પર્યંત પીયૂષસમ–પુનિત ચર્યાની પરિસમાપ્તિમાં પરમ હિતશિક્ષાઓનું ઉચ્ચારણ કરે છે, છતાં અનુભવ અગોચર–ગોચર હોઈ શકે છે. પાપ–શોષક, પુણ્યપોષક અને પરમ સંવર–નિર્જરા વર્ધક સંસ્તારક–વિધિ–વિહિત–પરમહિત–શિક્ષાઓના પુનિત–ભાવથી ભાવિત થયેલાઓ અખણ્ડ–અવ્યાબાધ સુખના ભોકતા બનવા ઉદ્યમવંત રહ્યા છે અને રહે છે.

સંસ્તારક વિધિ વિહિત–હિત શિક્ષાઓની ઉડાણમાં અનેકવિધ–અમૂલ્ય સામગ્રીઓનો સાક્ષાત્કાર અભ્યાસિયોને અભ્યાસ કાલે અનુભવ ગોચર થયા વગર રહેતો જ નથી. અંતિમ સાધ્ય–સિદ્ધિમાં તે અમૂલ્ય સામગ્રીઓ અમોઘ કાર્યસાધક છે. **અનુભવનો સાક્ષાત્કાર જીવનમાં નવ–નવીન–જોમ ઝળકાવે છે.**

અમૂલ્ય સામગ્રીઓના અનુભવ–રસિક–અભ્યાસિયો અંતિમ સાધ્ય સિદ્ધિ કરી શાશ્વત સુખના ભાગીદાર થયા છે, થાય છે, અને થશે.

જેથી અનુભવ–રસિક અભ્યાસિયો માટે નીચે મુજબની અમુલ્ય સામગ્રીઓ સ્મૃતિ પટમાં સ્થિર કરવા જેવી છે.

૧. નિરવદ્યનું સેવન, ૨. સાવદ્યનું વર્જન, ૩. આજ્ઞાનું આરાધન, ૪. શયન વિધિનું સ્મરણ, ૫. દીર્ઘશયનનું અનુસ્મરણ, ૬. દેહાદિ મમત્વ વિસર્જન, ૭. ચાર મંગળનું ચિત્તમાં સ્થાપન; ૮ ઉત્તમોત્તમચારનું ચિત્તમાં નિર્ધારણ, ૯. શરણ્યભૂત ચારનું ચિત્તમાં શરણરૂપે સ્થાપન; ૧૦ "હું એકલો છું, મારૂં કોઈ પણ નથી" હું બીજા કોઈનો પણ નથી" ઇત્યાદિ પુનીત પદો વડે અદીન ભાવથી ભાવિત થયેલ આત્માને અનુશિક્ષણ, ૧૧ "જ્ઞાન–દર્શન યુકત એકજ મ્હારો શાશ્વત આત્મા છે, તે સિવાયના સંયોગ–વિયોગ સ્વરૂપ બાહ્ય ભાવો છે." એ રીતિએ વિવેકિયોને વિનાશિ–અવિનાશિ ભાવની વિવેક પૂવર્કની વ્હેંચણ. ૧૨ સંયોગની ઝેરી જડથી જીવોએ પ્રાપ્ત કરેલ દુઃખની પરંપરાનું અનુભવન, ૧૩ જાલીમ–જુલ્મગાર–ઝેરી–સર્વ સંયોગ સંબંધોનું ત્રિવિધે વ્યુત્સર્જન, ૧૪ વ્યકિતવ્યમોહ–વિષનું વિવેક પૂર્વક નિવારણ, ૧૫ સમષ્ટિગત સારભૂત

સમ્યક્ત્વનું અંગીકરણ, ૧૬ "ખમવું અને ખમાવવું" એ જિનશાસન મુદ્રાલેખનું પુનઃ પુનઃ સ્મરણ, ૧૭ ચોરાશી લાખ જીવાયોનિસ્થ-જીવો પ્રત્યે મ્હારે વૈરભાવ નથી, એવું સિદ્ધ ભગવન્ત સાક્ષીયે આલોચન; અને ૧૮ કર્મ વશવર્તિ સર્વ જીવો ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરી રહેલા જીવો પ્રત્યે "ખમત ખામણાં અને તેઓ મ્હારા પ્રત્યે ખમો" એવા પરમ-પુનિત-ભાવનું પ્રકટન ઇત્યાદિક સામગ્રીઓનું અભ્યાસિઓ અભ્યાસ પૂર્વક અનુભવન કરશે તો ઉત્તરોત્તર ભવમાં સુંદર સંજોગ સાધનસામગ્રી પામીને અખંડ અવ્યાબાધ સુખના ભોકતા થશે. **આ અનુભવનો સાક્ષાત્કાર શાશ્વત-સુખની સમીપમાં લઈ જનાર છે.**

૪૫-શાશ્વત-સંયોગ-વિયોગ.

સૂર્યોદય-સૂર્યાસ્તની સંધ્યાના સોનેરી રંગ સમાન સંયોગને અને વર્ષાઋતુના વિસ્તરેલ વાદળમાં થતી વિદ્યુતના વેગવન્તા ઝબકારા સમાન વિયોગને વિવેકપૂર્વક નિહાળનારાઓને સંયોગ-વિયોગની સ્વાભાવિક સ્થિતિનું દિગ્દર્શન થયા વગર રહેતું નથી. ઇષ્ટ સંયોગોમાં હરખાઈ જવું, અને અનિષ્ટ-સંયોગોમાં ગભરાઈ જવું એજ અવિવેકની આવિર્ભાવિતા છે. અનુકૂળ સંયોગોમાં સુખ-શાન્તિ આનન્દ-હર્ષનો અતિરેક થવો, અને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ-અશાન્તિ-ગ્લાનિ-શોકનો અતિરેક થવો એ પણ અવિવેકની અંધાધુંધી છે.

સંયોગ એ સ્વાદિષ્ટ-ખાદ્ય પદાર્થ નથી, છતાં સજ્જન શિરોમણિ-બુધિમાન-વિવેકિઓની વિવેકપૂર્ણ નજરમાં સ્વાદિષ્ટ-ખાદ્ય પદાર્થ છે; એટલું જ નહિ પણ સંયોગ અને વિયોગ એ સ્વાદિષ્ટ-ખાદ્ય અને પચાવવા લાયકનો પદાર્થ છે.

ભવાટવીમાં ભાન ભૂલેલા ભવ્યાત્માઓએ અનેકશઃ અનેકવિધ સંયોગ-વિયોગોની સાથે જન્મ-મરણાદિ દુઃખો અનેક જીવોની પરંપરામાં અનુભવ્યાં છે, અનુભવે છે, અને અનુભવશે; છતાં અનુભવ કરનાર-અનુભવીઓએ સંયોગ-વિયોગના મૂળ કારણનો નિર્ણય કર્યો જ નથી, અને તેથી જ સંયોગનો યથાર્થ સ્વાદ લઈ શકયો નથી.

નિશ્ચિત-નિર્ણય કરવામાં નિષ્ફળ નીવડેલા સરસુખત્યાર-સત્તાધીશને અને સેનાપતિઓને વિજયનાં વધામણાં શ્રવણ કરવાનો હર્ષ પણ પલવારમાં પરાજયની પડધમોના પડઘાઓનું પતિશ્રવણ થતાં શોકમાં પલટાઇ જાય છે.

રણસંગ્રામ ઉપર લડતાં હિટલરના હિમ્મતવાન સૈનિકોએ છ છ વર્ષ સુધી જીતની એટલે વિજયની વરમાળાઓ પહેરી, છતાં પલવારમાં પ્રતિપક્ષીના નાસીપાસ થયેલાઓને તે જીત અને વિજય પ્રાપ્ત થયો; આ ઐતિહાસિક બનાવમાં નફા-નુકશાનની સમજ વગરનો નિર્ણય જ જવાબદાર છે, એ કહેવું અસ્થાને નથી.

એવા જ રીતે વિનશ્વર-સંયોગ-વિયોગના વિષમ વાતાવરણનો અનુભવ કરી કરીને એક ભવની પૂર્ણાહુતિના પરિપૂર્ણ વિયોગ સાથે બીજા ભવની તૈયારી રૂપ (આહાર-શરીર-ઇન્દ્રિય-શ્વાસોશ્વાસ-ભાષા અને માનસિક શકિતઓ, આયુષ્ય, ઉત્તમ ગતિ, આર્યદેશ, ઉત્તમ કુળ-ઉત્તમ જાતિ આદિ) સંયોગ પ્રાપ્ત થયો. પરંતુ શાશ્વત-સંયોગ-વિયોગની શાશ્વત ધારણા કર્યા વગર વિનશ્વર સંયોગ-વિયોગની વિષમ ભૂલ-ભૂલામણીમાં સહીસલામત-રાજમાર્ગે ચઢવા જેટલું ભાગ્ય સંપાદન થઈ શકતું નથી, એ કહેવાતા વિવેકિઓ માટે સમજ વગરનો નિર્ણયજ ખેદનો વિષય બને છે.

સંસારનો સર્વથા વિયોગ કરવા સર્વજ્ઞકથિત વચનાનુસારે કટીબદ્ધ થવું, અને સંસારના વિયોગને

સર્વદા દ્રઢીભૂત કરીને અનુકૂળ ઉદ્યમે વિયોગ થાય એમ વર્તવું, એજ શાશ્વત વિયોગની વિજય-કાર્યવાહી છે.

સંસારનો શાશ્વત-વિયોગ થવાની સાથે આત્મા આદિ-અનંતભાવની શાશ્વત સંપદાઓને પ્રાપ્ત થાય છે એ ભુલવા જેવું નથી.

સંસારનો શાશ્વતભાવે થવાવાળો વિયોગ, અર્થાત્ ઘાતી-અઘાતી કર્મોનો વિયોગ અને અંતિમ સાધ્ય-સિદ્ધ સ્વરૂપ પરમપદનો શાશ્વતભાવે થવાવાળો સંયોગ એ બંનેની પ્રાપ્તિ થયા વગર દુઃખ-મૂલક, દુઃખ-ફલક, દુઃખની પરંપરા વર્ધક-વિનશ્વર-સંયોગ-વિયોગોના વિષમ વાતાવરણમાં કોઈપણ જીવ અલગ થઇ શકતો નથી, અને અલગ થઇ શકશેજ નહિં.

સંસારનો શાશ્વતભાવે વિયોગ કરવામાં અને અંતિમ સાધ્ય સિદ્ધિરૂપ પરમપદનો શાશ્વતભાવે સંયોગ કરવામાં સદ્‌ગુરૂનો વિનશ્વર સંયોગ પણ પરમ લાભદાયી છે, અર્થાત્ એ સંયોગને પચાવતાં શીખવાની જરૂર છે.

શાશ્વત-વિયોગ-સંયોગ પ્રાપ્તિનો પ્રેરક ઉપદેશ, પ્રાપ્તિરૂપ પ્રણિધાનની પિછાણ, પ્રવૃત્તિ-નિર્વૃત્તિનુ સ્પષ્ટીકરણ, વિઘ્નોનો વિવેક, વિવેકપૂર્વક વિઘ્નોનું વિદારણ કરવાની કુશળતા, કાર્યસિદ્ધિ, પ્રાપ્ત થયેલ સિદ્ધિનું પ્રદાન-પરંપરાની પુનિત કાર્યવાહિઓ, **સદ્‌ગુરૂનો સમાગમ; અને તેઓશ્રીના વચનોનું પ્રેમ-પૂર્વક પાલન કરવાથી વિવેકીઓ વિજયવન્ત બને છે, અને શાશ્વત-સંયોગ-વિયોગની પ્રાપ્તિના** પુનિત-રાજમાર્ગે પ્રયાણ કરવું એ વિવેકિયોનું આવશ્યક કર્તવ્ય છે.

૪૬-સંવેગશ્રીના સ્વામીજ છે.

૧. સુર-સુરેન્દ્ર અને સર્વાર્થસિદ્ધ વિમાન પર્યંતના વિશ્વવિમાનવાસિયોને સકળ-સાધન-સામગ્રીઓના અને સાધ્યોના સંકલ્પેલા સુખાભાસને સુખ નહિં, પણ દુઃખજ માનનારા **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૨. કહેવાતા શ્રીમંતો, સામાન્ય શ્રીમંતો, ગર્ભ-શ્રીમંતો, ઉછીની શ્રીમંતાઇથી બની બેઠેલા શ્રીમંતો અને નામધારિ-શ્રીમંતો એ સંપત્તિના સ્વામી નથી, પણ વિપત્તિઓના જ સ્વામી છે, એ સુંદર સમજણને સંગીનપણે સમજનારા **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૩. ચક્રવર્તિઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, બળદેવો, નરેન્દ્રો, સિંહાસનારૂઢ-સત્તાધીશો; અને સિંહાસન પચાવી પડેલા પામર પાલકો એ સંપદાઓના સ્વામી નથી, પણ આપદાઓના અધિપતિઓ છે; એ બીનાને અનુભવમાં ઓતપ્રોત કરનારા **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૪. નર-નરેન્દ્રના અને દેવ-દેવેન્દ્રના કહેવાતાં સુખને નિશ્ચયાત્મકરૂપે નિર્મળ-ભાવથી નિયમા દુઃખજ માનનારા, અને વિશ્વ-સંબન્ધિ, વિશ્વ-વિનાશી ભાવોની સ્વપ્ને પણ અંશિક-અભ્યર્થના નહિ કરનારા **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૫. પડતા આલંબનને પકડનારા-મંદ-સંવેગિ-પામરાત્માઓ કરતાં આત્મહિતકર-આલંબનને અવલંબન કરનારા ઉત્કટ વીર્યવાન-તીવ્ર સંવેગીઓ **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૬. **સંવેગશ્રીના સ્વામીજ** છે તેઓજ અપરાધિ-સુરાધમ-સંગમપર **અને** વૈરની વસુલાત કરનાર કઠોરકર્મિ-ચંડકૌશિક ઉપર ઉપશમની ઉચ્ચવર્ષા વર્ષાવી શકે છે, અને તેથીજ ઉપશમશ્રીના સ્વામિ-વિશ્વવન્દ્ય-શ્રી-

વીર-વિભુની તથા પ્રાતઃસ્મરણીય-પરમારાધ્ય-પુરૂષાદાનીય-શ્રીપાર્શ્વપ્રભુની ઉપશમ-વર્ષાનો ઉચ્ચ-જીવન-પ્રસંગ અનુકરણીય છે.

૭. જન્મ-જરા-મરણ-આધિ-વ્યાધિ ઉપાધિઓની ઉંડી ગુંચમાં ગુંચાઇ ગયેલાઓ-કંટાળી ગએલાઓ; ચાર ગતિરૂપ ચારક=કેદખાનામાંથી છૂટવા રૂપ-કંટાળા રૂપ નિર્વેદના નિર્મળ ઝરણામાં ઝીલવાવાળાઓ, અને શાશ્વત-શિવ-સુખની પ્રાપ્તિ માટે સર્વદા-સર્વથા-સર્વત્ર- એક સરખા ઉદ્યમમવન્ત આત્માઓ **સંવેગશ્રીના સ્વામી જ છે.**

૮. શ્રાવક-પ્રજ્ઞપ્તિ નામના પ્રૌઢ ગ્રન્થમાં **'नर विबुहे'**० ઇત્યાદિ પદોદ્વારા સત્ય સ્વરૂપનું દિવ્ય દર્શન દશ પૂર્વધર કરાવે છે, તેજ સ્વરૂપને ભવવિરહપદ-પ્રાપ્તિના અદ્વિતીય-ઉમેદવાર અને કલિકાલ-સર્વજ્ઞ અનુક્રમે વિંશતિ વિંશિકામાં તથા યોગશાસ્ત્રમાં દર્શાવે છે; આથીજ સંવેગશ્રીના સત્ય સ્વરૂપમાં ઓતપ્રોત થયેલા અર્થિઓ **સંવેગશ્રીના સ્વામીજ છે.**

૯. સંવેગશ્રીના સ્વામી થવું એ સહેલું છે, પરંતુ વિવેક પૂર્વક ભોગવટો કરવો એ અતિ મુસ્કેલ છે. જેઓ **સંવેગશ્રીના સ્વામીજ** છે, તેઓ શાસનમાન્ય **સિંહની સ્વાભાવિક-સંપત્તિઓ અને વિશાળ-વૃત્તિઓના અખંડ અભ્યાસી બની** અનુક્રમે **ઉપશમશ્રીને** આલિંગન કરીને, ઘનઘાતીકર્મ તોડીને **કેવલશ્રીને** પ્રાપ્ત કરીને, શિવશ્રીના શાશ્વત-સ્વામિભાવને અનુસરે છે. અર્થાત્ **શિવશ્રીના શાશ્વત સ્વામી બને છે.**

૪૭-સિંહવૃત્તિધર-સંયમી.

અનેકવિધ અભિધાનોથી સૂત્રાદિ સાહિત્યમાં સંકલિત થતો, અને વાક્યપ્રયોગમાં વપરાતો સિંહ શબ્દનો વાચ્ય-વાચક સંબંધ વિચારનારાઓને અનેકાનેક-આશ્ચર્યકારિ-અલૌકિકતાઓનો અનુભવ થયા વગર રહેતોજ નથી, અર્થાત્ થયાં કરે છે; અને થાય છે.

સાહિત્ય સૃષ્ટિસિદ્ધ-સિંહ શબ્દથી ધ્વનિત થતી સ્વાભાવિક-સંપત્તિઓ અને આવિર્ભાવ થતી અનેકવિધ-વૃત્તિઓની અનુપમેય-અલૌકિકતાઓ અનિર્વચનીય-અગમ્ય હોવા છતાં અભ્યાસિયોને અભ્યાસકાળે અવશ્યમેવ તેઓનો (સ્વાભાવિક-સંપત્તિઓનો, અને વૃત્તિઓનો) પરિચય, ઉપયોગ, શક્તિ, સ્વભાવ અને કિંમતનો સાક્ષાત્કાર થાય છે.

આગમના રચયિતાઓએ, આગમના અભ્યાસિયોએ, આગમ-સ્થિત-સુધાસ્વાદિયોએ, આગમસ્થિત સુધાવર્ષિયોએ, આગમાનુસારિ-શાસ્ત્રકારોએ, નિર્યુક્તિકારોએ, વૃત્તિકારોએ, પ્રકરણકારોએ; અને સાહિત્ય-સર્જનકારોએ અવસરોચિત-આલેખન-પ્રસંગાદિમાં સિંહ શબ્દના પર્યાયવાચિ-સુંદર-ભાવવાહિ-વનરાજ, પંચાનન, કેસરી, હરિણાધિપ, મૃગેન્દ્ર, મૃગાધિપ, મૃગધિરાજ; આદિ શ્રીઅભિધાન-ચિન્તામણિ-સ્થિત અનેક અભિધાનોનો અસ્ખલિતપણે ઉપયોગ કરેલો છે તે વિચારકોને દૃષ્ટિગોચર થાય છે.

મનુષ્યની ગતિ-જાતિ-શરીરની અને આયુષ્યાદિની અપેક્ષાએ તિર્યંચની ગતિ-જાતિ-શરીર આયુષ્યાદિને અધમપણે વર્ણવ્યા છે, છતાં તિર્યંચની ગતિ-જાતિ-શરીર-શરીરોપાંગ-સંઘયણ-સંસ્થાનાદિ પ્રાપ્ત કરનાર

અને સમગ્ર-તિર્યંચ-પંચેન્દ્રિય પ્રાણીગણમાં સ્વાભાવિક સમ્રાટ્રપણું ભોગવનાર સિંહ શબ્દને=સિંહ શબ્દથી ધ્વનિત થતી વ્યક્તિને શાસ્ત્રોની અનેકવિધ રચનાઓમાં રસિકપણે અપનાવ્યો છે. **આથીજ સિંહની સ્વાભાવિક-સંપત્તિઓ-શક્તિઓ અને વૃત્તિઓ પ્રત્યે આદર બહુમાન થાય છે.**

चन्द्रवन्मुखं, चन्द्राननं, चन्द्रमुखी; આ ત્રણે પદ-પ્રયોગમાં વપરાયેલ ચન્દ્ર શબ્દથી ધ્વનિત થતી સઘળી સંપત્તિઓ અને સઘળા ધર્મો જેમ લઈ શકાતા નથી. તેમજ સિંહાદિ અભિધાનોથી અભિવિશેષિત થયેલાં વિશેષ્યોમાં સિંહની=મૃગેન્દ્રની=હરિણાધિપની=વનરાજની વિશ્વપ્રસિદ્ધ વિશ્વવૃત્તિઓ-સંપત્તિઓ-શક્તિઓ અને ધર્મો લેવાતાંજ નથી; પરંતુ સિંહ શબ્દથી ધ્વનિત થતી અનુપમેય-આશ્ચર્યકારિ-આનન્દજનક-આલ્હાદજનક-પરાક્રમવર્ધક-પ્રોત્સાહજનક-પ્રેરણાત્મક-નિર્ણયાત્મક, અને શિક્ષણાત્મક-સંપત્તિ-શક્તિ-વૃત્તિમાંથી અને ધર્મોમાંથી લેઈ શકાય તેવા ચોક્કસ ધર્મોથી વિશેષ્યની વિશિષ્ટતા-મહત્તા-અને મહર્દ્ધિકતાની પિછાણ કરાવાય છે.

સિંહની સ્વાભાવિક સંપત્તિઓ, શક્તિઓ, વૃત્તિઓ અને ધર્મોની વિચારણા કરીએ તો સિંહનીજ પ્રવૃત્તિ, સિંહનાદવૃત્તિ, સિંહાવલોકનવૃત્તિ-નિર્ણયવૃત્તિ. શિકારવૃત્તિ, સિંહાસનવૃત્તિ, સિંહસ્વભાવવૃત્તિ, વિષયભોગ-વૃત્તિ, પાદગમનવૃત્તિ, ક્ષુધાશમનવૃત્તિ, નિર્ભયવૃત્તિ, ધૈર્યવૃત્તિ, પરાક્રમવૃત્તિ. રાજવૃત્તિ, વસવાટવૃત્તિ, સિંહ-વેષવૃત્તિ; અને સિંહ-ક્રોધિવૃત્ત આદિ અનેકવિધતાઓનો સ્વ-પર હિતકર-સાક્ષાત્કાર સંયમધર-સર્વજ્ઞ ભગ-વંતોમાં, અને વિશિષ્ટ-સંયમિયોમાં સ્પષ્ટપણે નજરે ચઢે છે.

" પ્રવાદિદ્વિપોચ્છેદને તુલ્ય સિંહા, " " સિંહપરે એકલો ધીર સંયમગ્રહી, " " તું મુજ હૃદયગિરિમાં વસે સિંહ જો પરમ નિરીહરે, કુમત માતંગના જુથથી તો કશી પ્રભુ મુજખી હરે" સિંહપરે નિજ વિક્રમ શૂરા ત્રિભુવન જન આધારા-ઇત્યાદિ શ્રીમદ્યશો વિજયજી ઉપાધ્યાય ભગવાન્; " तुहवयणु पहरणुधरा सिंह कुकपि न गणंति"-**नमिउणस्तव; सिंहनादादिद्विपाः वी० स्तो० प्रका० २-९, मृगेन्द्रासनमारुढे मृगेन्द्रमिव सेवितुम्; वी० स्तो० प्रका० ५;-कलिकाल-सर्वज्ञा; पुरूषसिंहाणं-शक्रस्तव० समणसिंहस्स,-विंशिका. हरिणाधिपोऽपि० भक्तामरस्तव०** આ રીતિએ અનેકવિધ સ્થળે અનેક શાસ્ત્ર-કારોએ શાસ્ત્રાદિ રચનાઓમાં સિંહ શબ્દને અસ્ખલિતપણે અપનાવ્યો છે; અને તેથીજ તે તે સંપત્તિ-શક્તિ-વૃત્ત-ધર્મદ્વારોએ તે તે મહાપુરૂષો વિ. પ્રાંતઃસ્મરણીય બન્યા છે. વર્તમાનકાલીન વાતાવરણનો વિવેક પૂર્વક અભ્યાસ કરીને જૈનશાસનના પ્રાણભૂત-સર્વજ્ઞ પ્રણીત સંસ્કૃતિ, સાહિત્ય, અને સાતે ક્ષેત્રનું સંરક્ષણ અને વૃદ્ધિ કરી શકે તો સિંહની સ્વાભાવિક સંપત્તિ-શક્તિ-ધર્મ-વૃત્તિધર સંયમિયોજ કરી શકે છે.

સિંહવૃત્તિધર સંયમીઓએ સિંહનાદથી શાસનની જે જાહોજલાલી ટકાવી છે, અને વધારી છે, તેજ જાહોજલાલી હવે કેવળ સિંહનાદથી નહિ, પણ સાથે સાથે સિંહાવલોકન ન્યાયે સિંહપરાક્રમ વૃત્તિ ધારણ કરવાની હવે અનિવાર્ય જરૂર છે. ધન્ય છે! સિંહવૃત્તિધર સંયમિઓને !!, ધન્ય છે !! મૃગેન્દ્રવૃત્તિધર-મુનિપ્રવરોને !!!

૪૮-આક્રમણ અને સામનો

આક્રમણકારોનો આરંભકાળ ઉજ્વળ દેખાય છે, પરંતુ તે આરંભકાળ ધીમે ધીમે પરિસમાપ્તિ તરફ પ્રયાણ કરે છે; ત્યારે તે કાજળ જેવો કાળો કાશ્મરચિત્રો અને કારમો હોય છે. કારણકે સમાપ્તિકાળે આક્રમણકારોને હસ્તગત થયેલા દેશો, પ્રદેશો, સંપત્તિઓ, સાધનો અને સત્તાઓનાં સુંદર પૂર ઓસરી ગયાં હોય છે; એટલુંજ નહિ પણ તેઓએ તે અવસરે ધિક્કાર-વેર-ઝેરની પરંપરાનો પાપી-વારસો પેઢી ઉતાર પરંપરામાં પ્રાપ્ત કરેલો હોય છે, એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે.

પ્રાચીનકાળમાં રાવણનું આક્રમણ. કૌરવોનું કારમું આક્રમણ; અને કૌણીકનું કલંકિત આક્રમણ શ્રદ્ધાળુઓને સાદી શિખામણ અને સાચી સલાહ સમર્પે છે, એટલુંજ નહિ પણ તે વિચારક-શ્રદ્ધાળુ અને વિવેકીઓને ઈ. સ. ૧૯૧૪ થી ઈ. સ. ૧૯૪૭ ના તેત્રીશ વર્ષના ગાળામાં ભજવાઇ ગયેલા ભયંકર યુદ્ધો પણ નવીન બોધપાઠ શીખવે છે.

જર્મન શહેનશાહ કયસરની ઇ. સ. ૧૯૧૪ ની કેસરીયા કૂચ, અને જર્મન સરમુખત્યાર હેર હીટલરની ઈ. સ. ૧૯૩૯ની અઢળક-સાધન-સામગ્રી સાથેની હિંમતભરી કૂચ; અનુક્રમે ત્રણ વર્ષ પર્યંત વિજયમાર્ગે વાયુવેગે વિસ્તૃત થતી ગઈ. એટલુંજ નહિ પણ બૃહદ જર્મન રાષ્ટ્રની એડી નીચે દેશ-પ્રદેશોને દબાવીને યુરોપના નકશાને તે વિજયવન્તી કૂચે પલટી નાંખ્યો, છતાં આક્રમણ કરનારે અને તેને અનુસરનાર પ્રજા સમૂહે બુરા હાલે મરણ-મોત-આપઘાત-ધિક્કાર, અને વેરઝેરની પરંપરા પ્રાપ્ત કર્યાં, અંતમાં પરતન્ત્રતાના પિંજરામાં તેઓને પુરાવું પડયું એ આક્રમણ-નીતિના અંતિમ-અંજામના અનિષ્ટ ફલો છે.

ચીન પર આક્રમણ કરનાર જાપાન સરકારને ચીનના મેળવેલાં સંપત્તિ-સાધન-સામગ્રી, દેશ-પ્રદેશોને છોડવા પડયાં, અને અંતે તે સરકારે, અને પ્રજાએ ધિક્કાર-વેરઝેરની પરંપરાનો પાપી વારસો પ્રાપ્ત કર્યો. એટલુંજ નહિ પણ અમેરિકન ટાપુ-પર્લહાર્બર પર આક્રમણ કરીને આનન્દ માન્યો, કે જે આનન્દના જવાબમાં બે શહેરની નિર્દોષ પ્રજાના લાખો માણસોને અણુબોમ્બના આકસ્મિક સયોગોમાં જીવનનો બુરા હાલે અંત આણવો પડ્યો આક્રમણ નીતિના અંતિમ અંજામના આ અનિષ્ટ-ફલોને સાંભળનારાઓએ અને વાંચનારાઓએ તો આક્રમણ કરવું નહિ, અને આક્રમણકારની કોઇપણ રીતિ-નીતિને કે વ્યવહારને અનુમોદવીજ નહિ.

આક્રમણ કરનારની વ્યવસ્થા સાધન-સામગ્રીઓના મુકાબલે સામનો કરનારની સાધન-સામગ્રી વ્યવસ્થાની ન્યૂનતા હોવાથી આક્રમણકારોનું વર્તમાન ઉજ્વળ દેખાય, છતાં ભાવિકાળ તો હંમેશ માટે તેઓ માટે ખતરનાક સર્જાયેલો છે; તે એને બે ચાર જેવી સીધી અને સ્પષ્ટ વાત છે.

આક્રમણ-નીતિની અંધાધુંધીમાં અંધ બનેલા આક્રમણકારોને આક્રમણના અંતિમ નુકશાનો અનુભવમાં આવી શકતાજ નથી, કે જેથા કરીને ભાવિમાં તે બિચારાઓએ દુનિયાભરનાં દુભાવેલાં હૃદયો આગળ દયાપાત્રની વાસ્તવિક યોગ્યતા પણ ગુમાવી દીધી હોય છે.

કોમની કારમી કામનાઓએ. જાતિ-અભિમાનના જંગલી ઝનુને, અને ધર્માંધપણાની ધીકતી ધમાલે અને ઘોળે દિવસે ધાડપાડુ વૃત્તિ બળે આંધળું-આક્રમણ કરનારાઓને "ઘોળું એટલું દુધ તથા પીળું એટલે સુવર્ણ" માનવામાં કેવી ભીંત ભુલાય છે, તે ભીંત જેવી ભૂલનો ભોગ બનીને કલકત્તા-નોઆખલી-બિહાર અને પંજાબની પ્રજાએ કડવો અનુભવ ચાખ્યો એ આજની દુનિયા નિહાળી રહી છે.

આક્રમણકારોની નીતિ સામે સર્વકાલથિત નીતિ-રીતિથી વ્યવસ્થિત-સૌજન્યપૂર્ણ-સામનો કરનારને વર્તમાનમાં કષ્ટ-દુઃખાદિ સહન કરવાં પડે છે, છતાં સત્ય-નીતિ-ન્યાયને અનુસરનારાઓનો સાત્વિક-સામનો વિજયમાં અને જગતૂના આશીર્વાદમાં પરિણમે છે એ ભૂલવા જેવું નથી. વર્તમાન કાલીન કહેવાતા સામનામાં આડકતરી રીતિએ તપાસીયે તો આક્રમણનો એક પ્રકાર હોય છે.

ધાર્મિક સ્થાવર-જંગમ મીલ્કતો પર આક્રમણ કરનાર ઉદયપુર સ્ટેટનું આક્રણકારક જાહેરનામું જાહેર કરનારાઓ મુગલાંઇ રાજ્યના મનોરથ સેવે છે, છતા તેત્રીશ વર્ષના બનાવોનો બારીક અભ્યાસ કરીને આક્રમણનીતિને તિલાંજલિ આપશે તો તેઓ ક્ષત્રિયોની ઉજ્વળ-કીર્તિઓનાં અભિનન્દન-પત્રાદિ પ્રાપ્ત કરશે; નહિં તો મેવાડની ધર્મભૂમિ ઉપર વ્યવસ્થિત સામના માટેનું સમરાંગણ ખડું થશે. આક્રમણકારોના હૃદયમાં જૈન-જનતાને સંતોષવાના અને ધાર્મિક મિલ્કત સંરક્ષણના સુંદર તત્વો ખીલે એજ મહેચ્છા.

૪૯-સંગઠ્ઠનની આવશ્યકતા.

વિશ્વયુદ્ધ વિરામ પામ્યા પછી મહાન્ સત્તાઓએ વિશ્વશાંતિના નામે સંગઠ્ઠન સાધવાનો સુંદર વિચાર કર્યો, અને તે વિચારને મૂર્તસ્વરૂપ આપવા અનેકશઃ પ્રયત્નો કરીને પ્રયાસ કર્યો; પરંતુ માર્શલ યોજનાના નામે મહાન્ અંતરાય ઉભો થયો, અને મહાન્ સત્તાઓ-અનુગામિ સત્તાઓ બન્ને વિભાગમાં વહેંચાઈ ગઈ; એ આજની જનતા જાણી ગઈ છે. અર્થાત્ આ ભાવિ-યુદ્ધનો પ્રાથમિક ભણકારો છે. સહિષ્ણુતાના અભાવમાં અને સ્વાર્થ સાધવાની તાલાવેલીમાં દેશ-રાજ્ય-સત્તા, સંગઠ્ઠન-સંપના સંગીન પાયાઓ હચમચી જાય છે. અને અંતમાં વિશ્વની વિશ્વ-જનતાને ભાવિ યુદ્ધના ભણકારા કર્ણગોચર થાય છે, સ્વદેશ કે પરદેશ, શહેર કે નગર, ગામ કે પરગામ, સ્વજ્ઞાતિ કે પરજ્ઞાતિ, સ્વસમાજ કે પરસમાજ, સ્વકુટુંબ કે પરકુટુંબ; અને સ્વસંસ્થા કે પરસંસ્થાઓનો ઉંડો અભ્યાસ કરનારને જરૂર નિર્ણય થાય છે કે જે જે સ્થાનોમાંથી સહિષ્ણુતાનો અભાવ, વિશ્વાસની વિદાયગીરી, અને સ્થાન પ્રત્યેની વફાદારી જવાબદારી-જોખમદારીની તિલાંજલીઓ અપાઈ ગયેલી હોય છે, તેથીજ તેને સ્વદેશ કે પરદેશ આદિ સ્થાનના અધિપતિઓને અને જનસમુદાયને સંગઠ્ઠન-સંપ-શાન્તિના સુંદર ફલોની પ્રાપ્તિને બદલે ભાગલાના ભયની પરંપરા-કુસંપ અને અશાન્તિના કડવા ઘુંટડા ગળે ઉતારવા પડે છે; અને અંતમાં દરેકને અશાન્તિ-અખંડ-સામ્રાજ્યનો સાક્ષાત્કાર થાય છે.

વિશ્વભરની વિશ્વ સંસ્થાઓને બાજુ પર મુકીએ તો પણ જૈનશાસનમાન્ય ચતુર્વિધ સંઘને પૂર્વકાલીન પૂર્વાચાર્યોએ અને શાસન માટે સર્વસ્વ સમર્પણ કરનાર શ્રાવકોએ જમાવેલી પ્રતિષ્ઠાને સહિસલામત રાખવી હોય તો સંગઠ્ઠનને અને સંપને સર્વદેશીય-સહિષ્ણુતા સાથે, સ્વાર્થની સકલ-કાર્યવાહિઓને દેશવટો દેવોજ પડશે.

જૈન સમાજમાં કાર્યકુશળ પૂ. આચાર્યવર્યો, ઉપાધ્યાયો; અને શ્રમણભગવંતો છે, કાર્યદક્ષ-શ્રાવક-સમુદાયો છે, હજારોની સંખ્યામાં શ્રમણ ભગવંતો છે, અને લાખોની સંખ્યામાં શ્રમણોપાસક છે, છતાં આગળ પાછળના વેરઝેર, કલેશ, કંકાશ, અસહિષ્ણુતા, અવિશ્વાસ, ભાગલા પાડવાની ભયંકર ફૂટ નીતિથી જગમશહૂર જૈન સમાજ પણ એકત્રિત થઈ શકતો નથી, અને થવાનો નથી.

ચતુર્વિધ-સંઘની ફાટફુટને લીધે કેશરીયાજી પ્રકરણ આદિ અનેકવિધ આક્રમણ આવીને સન્મુખ ખડા થાય છે, માટેજ સર્વ વિરોધ-વેર-ઝેર ભૂલીને શાસન માટે સંગઠ્ઠનની આવશ્યકતા છે.

૫૦ પર્વાધિરાજ-પર્યુષણા.

આરાધનાનો આસ્વાદ—

આસન્નોપકારિ-અંતિમ-તીર્થપતિ-શ્રીવીરવિભુના ત્રિકાલાબાધિત-અવિચ્છિન્ન-પ્રભાવમય-સ્યાદ્વાદ-મુદ્રા-મુદ્રિત જૈનશાસનમાન્ય-શ્રીપર્વાધિરાજ-પર્યુષણા-મહાપર્વ સમીપમાં આવી રહ્યું છે. આ પર્વની રાહ જોનારાઓને મહિનાઓને બદલે હવે ગણત્રીના દિવસોની સમાપ્તિમાં પર્વાધિરાજ પર્યુષણા પર્વના પુનીત દર્શન થાય છે. જૈન કુળના જન્મેલાઓમાં પાંચ, દશ, પંદર, વીશ, પચીસ, ત્રીશ, પાંત્રીશ, ચાલીશ, પીસ્તાલીશ, પચાસ, પંચાવન, સાઠ વર્ષની ઉપરાંતના ભાઇઓ અને બહેનો હશે જેઓએ પોતાના જીવનમાં (પોતાના જીવનના આયુષ્યના હિસાબે) એક વખત નહિં પણ અનેક વખત પર્વાધિરાજના દર્શન કર્યાં હશે! અને શકિત અનુસાર આરાધના પણ કરી હશે! અથવા પૂર્વે થયેલ આરાધનાઓને અધિક ઉજ્વળ બનાવવાને ઉત્તરોત્તર વર્ષે તૈયાર થયા પણ હશે! આરાધના કરી હશે!, અને કરવાની ઉત્તરોત્તર અધિક ભાવનાઓ પણ ચાલુ હશે! છતાં કહેવું પડશે કે આરાધનાના અંતિમ ફળ પ્રાપ્તિના માર્ગે કૂચ કર્યા સિવાય આરાધકો આરાધનાનું યથાર્થ આસ્વાદન પામી શકયા નથી, અને પામતાજ નથી.

સંરક્ષક-પર્વાધિરાજ

આરાધનાનો આસ્વાદ આરાધકો લઈ શકે અને જીવન પર્યંત ટકાવી શકે; તેજ સારૂ પર્વાધિરાજની પુનિત વ્યવસ્થા છે. સર્વજ્ઞ પ્રણીત-સંસ્કૃતિનો સુંદર ટકાવ, અસ્ખલિત વૃદ્ધિ; સર્વજ્ઞ-પ્રણીત-સિદ્ધાન્તોનું સેવન, પ્રચાર અને અનુમોદન; અને ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન-પ્રભાવમય જૈન શાસનને પ્રગટ કરનાર અંતિમ-તીર્થંકરના પ્રેરક-પુનિત જીવન પ્રસંગોની પુનિત-વર્ષા વર્ષાવવાનું કાર્ય શ્રી પર્વાધિરાજ પર્યુષણા કરે છે. પર્યુષણ પર્વનું બંધારણ આપણા પ્રાતઃસ્મરણીય-પુણ્ય-પુરૂષોએ એવું સુંદર કર્યું છે કે તે આરાધનાના અનુપમ ધડવૈયાઓને આજે ચતુર્વિધ સંઘની વર્તમાન કાલીન-પ્રજા તરફથી અને ભાવી પ્રજા તરફથી એકવીશ હજાર વર્ષ સુધી ઉરના અભિનંદન અર્પણ થશે, અર્થાત્ થયાંજ કરશે. સંસ્કૃતિ, સિદ્ધાન્ત; અને જૈન-તત્ત્વાદિ-પરમ તત્ત્વો-અને જૈનનુંશાસનનું સરક્ષક પર્વાધિરાજ પર્યુષણા છે.

સંસ્કૃતિના પ્રેરક-તત્ત્વો—

રાગદ્વેષને જીતનારા તે સામાન્ય કેવળી જીન હોય છે. પૂર્વે તે સર્વ જીનોમાં શ્રેષ્ઠ એવા જીનેશ્વરનું જીવન હૃદય સન્મુખ જાગતું જીવતું રહે; અને રાગદ્વેષ જીતવાની જીવન શકિતમાં અહર્નિશ પ્રેરણા કર્યા કરે તે માટે, જીનેશ્વર ભગવંતોના દર્શન-વંદન-પુજન-સત્કાર સન્માનાદિ કરવાના છે. જીનેશ્વરોના દર્શનાદિ દિવ્ય-કરણીઓથી કરનારના જીવનમાં જૈનત્વ સદાય ઝળહળાતું રહી શકે છે. રાગમાં રંગાઈ જાય નહિ; અને દ્વેષથી જીવનને દૂષિત કરે નહિ, તેની સદાય સાવધાની રખાવનાર જૈનત્વ, જીવન પ્રાણ સમર્પનાર દેવાધિદેવ શ્રી અરહિંતોની મૂર્તિઓ છે. જૈન કુળમાં જન્મેલા મોટા અને નાના, બાળ અને યુવાન, વિદ્વાન અને મૂર્ખ બાઈઓ કે ભાઈઓને, જૈનત્વની જાગતી જીવતી સંસ્કૃતિને સદાકાળ સજીવન રાખનારી **પ્રાતઃસ્મરણીય-શ્રીઅરહિંતોની પ્રતિમા છે.** જૈન કુળમાં જન્મીને જેઓએ અરિહંતોને અવલોકયા નથી, સેવ્યા નથી, પૂજ્યા નથી, વાંદ્યા નથી, સત્કાર્યા નથી, સન્માન્યા નથી, તેવાઓએ આ દુર્લભ-મનુષ્ય-ભવ (મનુષ્ય જન્મ) એળે ગુમાવ્યો છે. એટલુંજ નહિ પણ સર્વથા-સર્વદા-સર્વત્ર રાગદ્વેષ રહિત-પણાની રસમય રસિક-પુનિત પ્રતિકૃતિના પુણ્ય-દર્શનથી તેઓ બિચારા બેનશીબ રહ્યા છે. છતાં જૈન

કુળમાં જન્મીને હમે જૈન છીએ એવું જૈન નામ ધારણ કરી બિરૂદ ધરાવનારાઓને પર્યુષણા-પર્વ એ સાંવત્સરિક-પર્વ છે. એવું સમજનારાઓને અવશ્યમેવ ફરજીયાત ચૈત્ય-પરિપાટીનો પ્રસંગ ચેતવણી રૂપે છે.

સંસારની કાર્યવાહીમાં રસિક બનીને ગૃહ મંદિર કે મુખ્ય મંદિરમાં બિરાજમાન દેવાધિદેવ અરિહંતોના દર્શન કરવાની પુરસદ ન મળી હોય તેઓએ તો ચૈત્ય પરિપાટીનો ક્રમ સાંભળીને જૈનત્વની જીવંત સંસ્કૃતિને સજીવન બનાવવા દર્શનાદિ ક્રિયામાં ઉદ્યમ કરવો જરૂરી છે. રાષ્ટ્રિય-ઝંડાના રસિક રહસ્યને સમજનાર આ યુગના જૈનોને જૈનત્વ પ્રેરક જીનેશ્વરો, જીનેશ્વરોની મૂર્તિઓ અને તીર્થસ્થાનોની કિંમત વધુ સમજાવવી પડે તેવી નથી. જગ મશહૂર-જૈનત્વની સંસ્કૃતિની પ્રાપ્તિ-ટકાવ વૃદ્ધિનો સઘળોએ આધાર શાસન-માન્ય-સર્વજ્ઞ-તીર્થંકરોની પ્રતિમાઓ અને પુનિત તીર્થો ઉપર છે. સાંવત્સરિક પર્વમાં ચૈત્ય પરિપાટીનો ક્રમ અને વર્ષભરના અગિયાર કૃત્યોમાં તીર્થયાત્રા-રથયાત્રા-અષ્ટાહ્નિકા મહોત્સવ દેવદ્રવ્યવૃદ્ધિ આદિ કૃત્યો જૈનત્વ-સંસ્કૃતિના પ્રેરક તત્ત્વો છે.

સાંવત્સરિક-ખામણા.

પર્યુષણા પર્વમાં વ્યવસ્થિત યોજેલી સઘળીએ કાર્યવાહીઓનું ઉંડાણથી અવલોકન કરીએ તો રહસ્યરૂપે સંસ્કૃતિ-સિદ્ધાન્ત અને શાસનને જીવનમાં તાણા વાણાની જેમ વણી નાંખવા માટેના સુંદર વર્ણનો વિવેકાઓ માટેજ છે. સઘળીએ કાર્યવાહિઓનું, સઘળાએ અનુષ્ઠાનોનું અને સઘળીએ-વ્યવસ્થાઓનું પૂર્વાપર પર્યાલોચન કરી તે આલેખન કરવા બેસીએ તો એક આખો અમૂલ્ય ગ્રંથ ગુથી શકાય એટલો બધો સભાર પ્રત્યેક-પ્રત્યેકમાં છે. પરંતુ અંગુલી નિર્દેશ કરવા માત્રથી ચૈત્યપરિપાટી-ક્રમસ્થિત પુનિત પ્રતિમાઓની દર્શનાદિ ક્રિયાદ્વારાએ પરમ આવશ્યકતા વિચારી ગયા. તેવીજ રીતે સંસ્કૃતિને સુંદર-સુંદરતમ અને સર્વ શ્રેષ્ઠ રાખવામાં અપૂર્વ મદદગાર સાંવત્સરિક-ખમત ખામણા છે. સાંવત્સરિક ખામણાની વ્યવસ્થા જેટલી કર્ણગોચર છે, જેટલી દૃષ્ટિગોચર છે, જેટલી વાગ્ગોચર છે, અને જેટલી આલેખન ગોચર છે; તેટલીજ ત્રિવિધ ગોચર નથી, અર્થાત્ સાંવત્સરિક-ખામણા પ્રસંગે ખમનારા અને ખમાવનારાઓ ત્રિવિધ-ત્રિવિધ ખમાવતા હોય, જૈનત્વને ઝળહળતું રાખવા મથતા હોય, સંસ્કૃતિને સજીવન રાખવા ઉદ્યમવંત થતા હોય, અને અંતરના વેરઝેરને ભૂલી જવા માટેજ સાંવત્સરિક ખામણાનો સંપર્ક સાધતાં હોય તો વર્તમાન કાલે ચતુર્વિધ સંઘ કોઈ અપૂર્વ ઉન્નત દશામાંજ વિહરતો હોત.

પર્યુષણાની સમાપ્તિમાં.

હિંદુસ્તાનના કહેવાતા અને મનાતા બે સંસ્થાનના દેશ કે પ્રદેશમાં, શહેર કે ગામમાં, અને નગર કે નગરોમાં વસતાં શ્રાવક-શ્રાવિકાઓ તથા ચાતુર્માસ સ્થિત-નિગ્રંથ-નિગ્રંથિઓ સાંવત્સારિક ખામણા પ્રસંગે ભૂતકાળને ભૂલી જવા જેટલી ઉદારતાએ પહોંચે તો જરૂર ઘણાં ઘણાં કલેશમય પ્રસંગો પરિસમાપ્તિને પહોંચે. અને ચતુર્વિધ સંઘમાં આનંદની ઉર્મિઓ, શાન્તિનું સામ્રાજ્ય, અને વાત્સલ્યતાના વિશાળ વ્હેણ વહી રહ્યાંજ હોય !!!

અનેક વિભાગમાં વ્હેચાઇ ગયેલાં શ્રાવક-સમુદાયમાં એવા કોઈ કલેશો ઉંડા મૂળ ઘાલી રહેલાં હોય છે કે જે કલેશોનું પુનરાવર્તન વર્તમાન કાળમાં દ્રષ્ટિગોચર થાય છે, જ્યારે બીજી બાજુ શ્રમણ ભગવંતોના સમુદાયમાં પરસ્પરની ભૂતકાળની ભૂલો, સ્વપરસમુદાયના કલેશવર્ધક પ્રસંગો, અને ભૂતકાળની ભૂલોને નવા નવા સ્વાંગ સજાવીને વેરઝેરની વસુલાત લેવાના વિવિધ પ્રસંગોમાં પુરસદની પુષ્કળ સોંઘવારી માલુમ પડે

છે આવા પ્રસંગોમાં પર્યુષણાની પુનિત ઝાંખી જીવનને ઉન્નત બનાવવાને બદલે અવનત બનાવે છે. સાંવત્સરિક પ્રતિક્રમણ અવસરે, સાંવત્સરિક ખામણા પ્રસંગે, અને હૃદયના ભાવિત ભાવે ત્રિવિધે ત્રિવિધે ખમાવનારાઓએ ખમાવ્યું છે. તો હવે આત્મા ઉન્નતિના પંથે વિહરે, સ્વપરહિતના અર્થે ઉદ્યમ કરે, શાશનહિતવર્ધક ક્ષેત્રોને તન-મન-ધનથી નવપલ્લવિત કરે, આક્રમણની અંધાધુંધીમાં અટવાયલા ક્ષેત્રો, અને પ્રશ્નોની સંગઠિત શકિતથી સામનો કરે; અને શાશનની દરેકે દરેક વ્યકિતમાં ખીલેલી ઓછી વધતી શકિતઓનો સમય સંગઠન કરવા બધું સમર્પે તો તો સાંવત્સરિક ખામણાનો સુંદર-સંસ્કારી-આત્મા સંસ્કૃતિ-સિદ્ધાંતના સંરક્ષણ-કરવાના કૃત નિશ્ચયપૂર્વક આરાધનાના અવિચળ માર્ગે કૂચ કરી રહ્યા છે, એમાં શંકાને સ્થાનજ નથી. અર્થાત્ સાંવત્સરિક ખામણા ફળ્યાં છે.

ચાલુ પર્વાધિરાજ પર્યુષણાની પરિસમાપ્તિ થશે. અને આવતા વર્ષના પર્વાધિરાજ પર્યુષણા મહિના અઠવાડીયા દિવસ કલાક મિનિટ સેકન્ડની મજલ કાપતા કાપતા આવી પહોંચશે. પરંતુ ચતુર્વિધ-સંઘના ચારે વિભાગમાં વહેંચાયેલી વ્યકિતઓ પોતાની જવાબદારી અને જોખમદારી સમજે. અને પર્યુષણા પર્વ પ્રસંગને પિછાણીને દેખેલું, સાંભળેલું, અનુભવેલું, વિચારેલું અને હિતશિક્ષારૂપે ધારણ કરેલું સફળ કરવા ઈચ્છે, તથા અવસર આવે સઘળી શકિતના વ્યવસાયે કરી છુટવા મથે, તો જરૂર ભાવિ પર્યુષણના ભાવિ આંદોલનો કોઇ અલૌકિકજ હશે !!!

પ્રાતઃસ્મરણીય પૂજ્ય પરમાત્માની પ્રતિમાઓનો પુનિત આદર્શ સન્મુખ રાખીને શ્રમણ ભગવંતોની સમીપમાં પર્યુષણા પર્વના આઠે દિવસોની વ્યવસ્થિત-આરાધનામાં ઉજમાળ થનારા વિવેકીઓને સ્વપરજીવન અને સંસ્કૃતિ સિદ્ધાન્તના પરમ સ્થાનરૂપ શાસનને વધુ ઉન્નત બનાવવાની બધી સામગ્રીઓ મળી શકે છે. શ્રમણ ભગવંતોના વિરહકાળમાં મર્યાદાપૂર્વકની આરાધનામાં ઓતપ્રોત થવું, પરંતુ જૈનશાસનમાન્ય સંસ્કૃતિ-તત્ત્વો-રીતિ નીતિના અનભિજ્ઞોની વ્યાખ્યાનમાળાના વિષમય વાતાવરણથી સેંકડો કોષ દૂર રહેવું એજ સંસ્કૃતિ સંરક્ષણનો અમોઘ ઉપાય છે. આથીજ વિવેકીઓએ પર્વાધિરાજ પર્યુષણના પરમ રહસ્યને ગુરૂગમથી હૃદયમાં અંકિત કરવું જરૂરી છે.

---

૫૧ "નમો પદની નિર્મળતા" લેખાંક-૧ લો.

તેત્રીશ વ્યંજનમાંના એજ વ્યંજનો. ચૌદ સ્વરમાંના એજ સ્વરો, એજ વ્યંજન અને એજ સ્વરથી સમિલિત થયેલા એજ અક્ષરો, એજ અક્ષરોનાં બનેલ પુનિતપદ, પુનિતપદમાં સ્થિત થયેલ પવિત્ર આરાધન-ધર્મ; અને એજ આરાધન ધર્મનો ત્રિકાલાબાધિત-અવિચ્છીન્ન-પ્રભાવ અચિન્ત્ય અને, અનિર્વચનીય છે.

આ નિર્મળ પદના નિર્ઝરણામાં ઝૂલતાં પાપીઓ પુણ્યશાલિઓ બને છે, દુર્ગતિ તરફ દોટ મૂકનારા માનવીઓ સદ્ગતિ તરફ સિધાવે છે, અધમ પદમાં આવી પડેલા આત્માઓ ઉચ્ચ સ્થાન અને ઉચ્ચ પદના અધિકારી બને છે, ચિન્તામણિ અને ચિત્રાવેલની પાછળ ચિન્તાશીલ બનેલા બેહોશ જીવો અભિનવ ચિન્તા-મણિને પ્રાપ્ત કરે છે; અરે ! એટલુંજ નહિં પણ એ પદનો સ્પર્શ જલને સ્થળ બનાવે છે, વિષને અમૃત બનાવે છે, ઉષ્ણ અગ્નિની જ્વાલાઓને પાણી પાણી કરે છે, વિકાળ-વિષધરને વિશિષ્ટ-જલ-સ્થલ સ્થિત પુષ્પોની પુષ્પમાળ બનાવે છે; અને શૂળીને સિંહાસન બનાવે છે. આટલેથી એનો મહિમા પરિસમાપ્ત થતો નથી, પણ સર્વ પાપનો અને સકળ કર્મોનો નાશ કરીને આરાધ્યપદની ઉત્તમોત્તમ ભૂમિકાને

પ્રાપ્ત કરાવે છે, જે અચળપદની પ્રાપ્તિ પછી પ્રાપ્ત કરવા જેવું સ્થાન જગત્માં=ચૌદ રાજલોકમાં છેજ નહિં. આ પુનિત પદનું નામ છે—નમો.

પંચ મંગળ મહાશ્રુતસ્કંધ નમસ્કાર મહામંત્રના નવ પદો છે, આઠ સંપદા છે, અને ૬૮ અડસઠ અક્ષરો છે; છતા એ અક્ષરોનું બનેલું 'નમો' પદ અખૂટ પ્રભાવમય અને અચિન્ત્ય શકિતમય છે. નમો પદની નિર્મળતા સંબંધિ નવ નવીન પદ્યો, નિબંધો, અને યશોગાથાના ગહન ગ્રંથો લખીએ તેટલા ઓછા છે.

નમો પદની નિર્મળતાનો નિર્ણયાત્મક વિવેકભર્યો વિચાર કરીએ તો નમસ્કાર મહામંત્ર સ્થિત પદો આરાધ્ય વિભાગમાં. આરાધન વિભાગમાં અને ફળ નિર્દેશ વિભાગમાં વહેંચાઈ જાય છે. વિવેક પુરસ્સર થયેલા વિભાગશઃ વિશિષ્ટ પદોના પરમાર્થ સમજીએ ત્યારે "एसो पंच नमुक्कारो सव्वपावप्पणासणो" આ પદોનું કથન કેવળ સત્યજ છે એ આરાધકોના હૃદયપટ પર અંકિત થઇ જાય છે.

---

૫૨. 'નમો'પદની નિર્મળતા યાને ત્રિવેણી સંગમારાધના. લેખાંક-૨ જો.

"નમો" પદની નિર્મળતા અને તેની આશ્ચર્યકારિ-અલૌકિકતા એ અરિહંતાદિક પંચપરમેષ્ઠિઓ સાથે સુસંગત સંબંધ ધરાવનારી સ્યાદ્વાદ-મુદ્રા-મુદ્રિત શાસનસિદ્ધ વિશિષ્ટ વસ્તુ છે.

પંચપરમેષ્ઠિઓ પ્રત્યે હૃદય મંદિરમાંથી ઉઠતો "નમો"પદનો નિર્મળ ધ્વનિ અને નમ્ર બનેલાના પુનીત પાંચે અંગોમાં ઓતપ્રોત થયેલો અસ્ખિમજ્જા સ્વરૂપ-અદ્વિતીય નમસ્કાર એજ અમોઘ આરાધના છે. અર્થાત્-**નમસ્કારની આરાધનામાં ઓતપ્રોત થયેલો આરાધક આરાધ્યપદો પ્રતિ અસ્ખલિતપણે અમોઘ કૂચ કરીને ઈષ્ટ કાર્યની સિદ્ધિ કરે છે.** આથીજ **આરાધક આરાધના અને આરાધ્યરૂપ ત્રિવેણીનો સંગમ વિજયવંત છે.**

કન્યાની પ્રાપ્તિ માટે નીકળેલા વરના વ્હાલેશ્વરીઓ કન્યાને અને કન્યાના સંબંધને ભૂલે, વરની પ્રાપ્તિ માટે વલખાં મારનારાં કન્યાના કુટુંબીઓ વરને અને વરના સંબંધને ભૂલે, ગોળ-સાકરની મીઠાશ પાછળ મોહિત થયેલાઓ બારદાનને બાઝે અને ગોળ-સાકર રૂપ મૂળ પદાર્થને ભૂલે; અને મુસાફરી કરનારો મુસાફર ઇષ્ટ સ્થળ અને ઇષ્ટ સ્થળ પ્રાપ્તિના સંબંધને ભૂલે તો ભૂલનારની ભૂલ માટે ભારોભાર મૂર્ખતાનું પ્રદર્શન હરકોઈ દેખી શકે છે અને હસી શકે છે. તેવીજ રીતે નમોપદની આરાધનામાં ઓતપ્રોત થયેલો આરાધક આરાધ્ય ભગવંન્ત-પંચપરમેષ્ઠિઓને અને તેઓશ્રી પ્રત્યે પોતાના પુનિત સંબંધને ભૂલે તો તે ભૂલ માટે ભારોભાર ઠપકો આપવા શબ્દકોષો પણ ઓછા પડે એ કહેવું સ્થાન પુરસ્સરનું છે **આથીજ આરાધ્ય સાથેનો સંબંધ અનિવાર્ય છે.**

નમોપદની નિર્મળતાનું આસ્વાદન કરનારને સેવ્ય સેવકપણાનો, પૂજ્ય પૂજકપણાનો, આરાધ્ય-આરાધકપણાનો, અને વન્દ્ય-વન્દકપણાનો વિશિષ્ટ સંબંધ સમજાય તોજ **નમોપદની નિર્મળતા** કાર્યસાધક બને.

પત્ર-'નમો'પદની નિર્મળતા યાને ભેદ-છેદનું દિગ્દર્શન લેખાંક-૩

ચાલુ વર્ષના (ચૌદમા વર્ષના) બીજા અને ત્રીજા અંકમાં અનુક્રમે **"નમો" પદની નિર્મળતા,** અને **ત્રિવેણી સંગમારાધ્યતાનું** આંતરસ્વરૂપ વિવેકપૂર્વક વિચાર્યું હશે!, **અથવા** પુનિત ભાવે પરિશીલન કર્યું હશે!; તો તે વાંચકોને **"નમો"** પદની અમોઘસિદ્ધિ હસ્તગત થયા વગર રહેશે જ નહિ.

વાંચકોએ વિવેકપૂર્વક યાદ રાખવું જરૂરીનું છે કે-અનેકવિધ-અકળ-આફતોનો સફળ સામનો કરીને, અપાર અબ્ધિરૂપ સંસારમાંથી પાર ઉતરીને, માર્ગદર્શક બનેલા **આરાધ્ય-ભગવન્ત-અરિહંતો** અને પાર ન પામી શકાય એવા સંસાર સમુદ્રનો પાર પામીને, પરમપદે પહોંચેલ=સ્થિત થયેલા **સિદ્ધ ભગવંતો** હાથ ઝાલીને તારી શકતા જ નથી, કારણકે હાથ ઝાલીને તારવાની સ્થિતિમાં તેઓ છેજ નહિ.

આરાધ્યપદે સ્થિત થયેલા અને પ્રથમ પરમેષ્ઠિપદને શોભાવનારા અરિહંતોએ દર્શાવેલા માર્ગે કુચ કરનારા-શાસન પ્રભાવક **આચાર્યો-ઉપાધ્યાયો તથા સાધુ ભગવંતો** સંસાર સમુદ્રથી પાર ઉતરવાની પુનીત તાલાવેલીમાં પડેલા છે. અને તેઓ પણ માર્ગદર્શક કે સહાયક બની શકે છે, પરંતુ હાથ ઝાલીને તારવાની સ્થિતિમાં તેઓ પણ છે જ નહિ.

માર્ગદર્શક-પરમેષ્ઠિ-ભગવન્તોએ કરેલા માર્ગદર્શનથી, અને ફરમાવેલા અમોઘ-સાધન-સેવનાથી; આરાધકોની આરાધના આરાધ્ય-ભગવંતો પ્રત્યે અવિહડ-અસ્ખલિત બને તો જરૂર આરાધકો પણ આરાધ્ય ભગવંતો બને એમાં શંકાને સ્થાનજ નથી.

પંચ-પરમેષ્ઠિ-પદમાંના કોઈ પણ પરમેષ્ઠિ પદ પ્રાપ્તિના ઉમેદવારે તે તે પરમેષ્ઠિપણાને, અને મ્હારા આરાધકપણાને કેટલું અંતર છે?, અર્થાત્ તે બે વચ્ચે કેટલો ભેદ છે?; એ પ્રથમ સમજવાની જરૂર છે. ભેદ સમજ્યા પછી છેદ કરવામાં "નમો" પદની અમોઘ સાધના ને સમજવી જરૂરી છે.

આરાધકોને ભેદની ભવ્ય ભેખડ સમજવી જેટલી સહેલી છે, તેના કરતાં તે ભેદની ભેખડને તોડવા કટીબદ્ધ થવું એ મુશ્કેલ કાર્ય છે.

વર્તમાન ચોવિશીમાં અરિહંત થયેલા પ્રથમ તીર્થંકર ઋષભદેવને તેર ભવ, સોળમા શ્રી શાંતિનાથ ભગવાનને બાર ભવ, બાવીશમા શ્રી નેમનાથને નવ ભવ, ત્રેવીશમા પુરિશાદાનીય-શ્રીપાર્શ્વનાથને દશ ભવ; અને આસન્નોપકારિ-અંતિમ-શાસનાધિપતિ-શ્રીમહાવીર-મહારાજાને સત્તાવીશ ભવ શાસ્ત્રકારોએ શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા છે. આ રીતિએ અરિહંત થનારા આત્માઓના ભવોનો નિર્ણય શાસ્ત્ર પ્રસિદ્ધ-જૈન જનતામાં જાહેર છે.

વર્તમાનકાલમાં અરિહંત પદની આરાધના કરનારને અને અરિહંતપદપ્રાપ્તિની ઉમેદવારી કરનારને પોતાના ભવનો નિર્ણય થયો નથી; તથા ભવનો નિર્ણય થઈ શકે તેવી પ્રવૃત્તિને પગભર બનાવી નથી, તો પછી આરાધકનો વર્તમાન કાલીન ભવ અને આરાધ્યપદ-અરિહંત પ્રાપ્તિના ભેદનું=અંતરનું નક્કી કરવું એ નભ=પ્રદેશના નક્ષત્રપતિને હસ્તગત કરવાની નરી બાળચેષ્ટા કરવા જેવું છે.

સેવ્ય-કક્ષામાં થઈ ગયેલા અરિહંતો અને ભાવિ ચોવીશીમાં થનારા તીર્થંકરો=અરિહંતોના ભવનો નિર્ણય શાસ્ત્રકારે કરી દીધો, અને કોઈ સ્થળે સેવકોના ભવનો નિર્ણય કર્યો નહિ. એ પક્ષપાતને પોષણ

કરવા જેવું છે એમ કહી દેવું તે પણ ઉચીત નથી.

અરિહંત પદની પ્રાપ્તિ કરનારાઓએ આ સંસારચક્રમાં અનાદિ-અનંત-કાળથી અનંતા અનંત જન્મ-મરણ કરી અનંતા અનંત ભવો કરેલા છે, પરંતુ શાસનમાન્ય શ્રમણ ભગવંતોના સમાગમમાં આવીને જે ભવમાં તેઓ તત્ત્વત્રયીની શ્રદ્ધા કરી, પ્રતીતિ કરી અને રૂચી કરી ત્યારે જ સમ્યકત્ત્વ પામ્યા; અને તે પછી થયેલા-થનારા અરિહંતોની સમ્યકત્ત્વ પ્રાપ્તિનો પ્રથમ ભવ શાસ્ત્રકારે ગણત્રીમાં લીધો. તેવીજ રીતે આરાધક પણ ચાલુ ભવમાં તત્ત્વત્રયીની શ્રદ્ધા-પ્રતીતિ રૂચિમાં ઓતપ્રોત થઈ જાય તો આ ભવ ગણત્રીને યોગ્ય પણ થઈ શકે, આ રીતિએ આરાધ્ય આરાધક વચ્ચેના ભવોનાં અંતર-ભેદ પણ સમજી ગયા. અને ભેદ છેદ કરવાનુ યોગ્ય શિક્ષણ શીખ્યા છતાં ભેદ જ્ઞાનની પરિપકવ દશા માટે સાધુ-સમાગમ, સાધુ સેવા, ઉપદેશ-શ્રવણ; અને વિવેક આદિનું પુનઃ પુનઃ સેવન કરનાર "નમો" પદની નિર્મળતાનો યથાશકય લાભ લઈ શકે છે, ઇતિશમ્.

૫૪-'નમો'પદની નિર્મળતા યાને ઇચ્છાયોગનું દિગ્દર્શન લેખાંક-૪

નમોપદની નિર્મળતાને નિર્મળ-હૃદયમંદિરમાં સ્થિર કરીને, નમન-નમનીય, અને નમન કરનારના સ્વરૂપ રૂપ ત્રિવેણી-સંગમનો સંપૂર્ણતયા સબંધ કરીને; અને નમનીય-પદાર્થપ્રાપ્તિના ભવ્ય ભેદોને સમજીને તે તે ભેદનું છેદન કરવું, એ નમન કરનારાઓની અવશ્યમેવ ફરજ છે. આ પ્રસંગને વિસ્તારપૂર્વક પૂર્વના ત્રણ લેખાંકોમાં વિચારી ગયા છીએ.

નમોપદની નિર્મળ સેવના કરનારો જ આરાધ્ય અને આરાધક વચ્ચેના ભેદને ભાંગી શકવા સમર્થ નીવડે છે, અને તેથી જ શાસન-માન્ય-આરાધ્ય-ભગવન્તો-સંબન્ધિની આરાધના-નમોપદની યથાર્થ સેવના આરાધકોને અધિક-અધિકતર-અધિકતમ ઉજ્જવળ કરે છે.

નમોપદની સાર્થકતા માટે કહેવાતો વિધિ; કરાતો વિધિ અને અંતિમ-સાધ્યસિદ્ધિ-સ્વરૂપ-ઇષ્ટ પ્રાપ્તિનો પુનિત વિધિ તદ્દન જુદોજ છે. જૈનકુળમાં જન્મીને કૂલાચારથી, વડીલોના હુકમ-આજ્ઞાથી, વડીલોને રાજી રાખવાના ઇરાદાથી, વર્તમાન-ભવિ અપાયોને દૂર કરવાના મુદ્દાથી, શરમ લજ્જાથી, વિચિત્ર-મનોરથોની મુંઝવણથી, શંકાનું સમાધાનાદિ કરવાના બ્હાનાથી, બળવાનોના બળાત્કારથી; અને મોહની માર્મિક-મદોન્મત્તા આદિ અનેકવિધ-પ્રકારોથી કરાતો વિધિ સંસારરસિક-નમન કરનારાઓને ધરેલ કાર્ય સિદ્ધિમાં જરૂર અંશતઃ અગર સંપૂર્ણતઃ મદદગાર બને છે; પરંતુ પારમાર્થિક-ઇષ્ટ-સિદ્ધિમાં અથવા તો પારમાર્થિક ઇષ્ટ-પ્રાપ્તિમાં તે બન્ને અંશતઃ મદદગાર ભલે બને, પણ સંપૂર્ણતઃ મદદગાર કે કાર્યસાધક બની શકતાં જ નથી. કારણકે કરાતો વિધિ અને શાસ્ત્રમાં કહેવાતો વિધિ એ બંને જુદાં છે.

નમોપદની વાસ્તવિક-વ્યવહારૂ પ્રવૃતિનું અવલંબન કરનારો જરૂર માનનું મર્દન કરે છે, અને સાથે સાથે વિનય ધર્મ રત્નની પ્રાપ્તિ કરે છે. પરંતુ વિશ્વભરમાં નમન કરનારાઓ દ્વારા કરાતો વિધિ બે પ્રકારનો છે, ૧. શાસ્ત્ર-સંમત, અને ૨. શાસ્ત્રથી અસંમત હવે શાસ્ત્ર સંમત કરાતો વિધિ અને શાસ્ત્ર અસંમત-કરાતો વિધિ ઇચ્છાદિયોગને કેવી રીતે અનુસરે છે, તે હવે પછી વિચારશું.

૫૫-કલ્યાણકારિ—પ્રભાવના.

દુર્ગતિમાં પડતા પ્રાણીઓને બચાવનાર ધર્મ છે. અને આથી જ શાસ્ત્રકારોએ સંસાર સમુદ્રથી તારવાને ચારે પ્રકારનો ધર્મ સમર્થ કહેલો છે. દાનધર્મ, શિયળ ધર્મ; અને તપોધર્મ એ સંસાર સમુદ્રથી તરીને પાર ઉતરવાની અભિલાષા વાળાને સ્વતંત્ર મદદગાર બનતા જ નથી. પરંતુ એ ત્રણે ધર્મોને ભાવધર્મ-પૂર્વકના સેવન કરવામાં આવે તો જ તારી શકે છે, અન્યથા નહિ જ.

ભાવધર્મનું અવલંબન લેનારો સંસાર સમુદ્રથી તરીને, પાર ઉતરીને ઘનઘાતિ કર્મોનો ઘાત કરીને, અને કેવળ જ્ઞાન પામીને મોક્ષે જઇ શકે છે. પરંતુ ભાવધર્મથી ભાવિત થનારને ધર્મ પમાડવાની પ્રબળ ઇચ્છા થાય છે, ત્યારે તે તે પુણ્યાત્માઓને **પ્રભાવનાના પુનિત સાધનોનું અવશ્યમેવ અવલંબન લેવું જ પડે છે.**

ભાવના એક જ જીવનું કલ્યાણ કરે છે, જ્યારે પ્રભાવનાની પુનિત સામગ્રી-સાધન સંયોગો અનેકાનેક-અસંખ્ય-આત્માઓનું કલ્યાણ કરી શકે છે એ નિર્વિવાદ-સત્ય છે. પ્રભાવનાના પરમ-અંગભૂત-રથયાત્રાનું રસિક-વિધાન, અને એ વિધાનને અનુસરતી રસિક કાર્યવાહી જ **સંપ્રતિ-રાજાને શાસનપ્રભાવક બનાવવા સમર્થ નીવડી છે.**

પ્રતિષ્ઠા અને પ્રવ્રજ્યા, લઘુશાંતિસ્નાત્ર અને બૃહચ્છાન્તિસ્નાત્ર, અંજનશલાકા અને અષ્ટાહ્નિકા, રથયાત્રા અને રજોહરણના દિવ્યદાન; તથા તીર્થયાત્રા અને તપશ્ચર્યાઓના પુનિત-પ્રસંગો—મહોત્સવો આદિ દૃષ્ટિગોચર કે કર્ણગોચર થાય છે, ત્યારે ત્યારે જૈન-જૈનેતરોના સુસ્ત પડેલાં હૃદયો પણ અનુમોદનાના અનેકવિધ કલ્લોલોથી ઉભરાઇ જાય છે.

પાલીતાણા-સુરતની થયેલ પ્રતિષ્ઠાદિના પુનિત પ્રસંગો જેણે નયને નિહાળ્યાં હશે!, અગર જેણે દેશ પરદેશમાં બેઠાં બેઠાં પણ શ્રવણ ગોચર કર્યાં હશે; તે બધાઓનાં હૃદયો ઓટ વગરની ભવ્ય ભરતીના તરંગો રૂપ અનુમોદનાના આવેગો ઉભરાઈ ગયાં હશે! તેમાં શંકાને સ્થાન નથી.

શાસન પ્રભાવનાના પુનિત-પ્રસંગો વિશ્વભરના પ્રાણીઓને ધર્માભિમુખ કરવામાં લોહચુંબક જેવાં આકર્ષક છે. આથી જ અનેકાનેકના જન્મોને પાવનકારી-કલ્યાણકારી પ્રભાવના છે!!!

૫૬-આરાધ્યોનું એકીકરણ

પરમેષ્ઠિ-ભગવંતોના પરમેષ્ઠિપણાનું પુનિત શિક્ષણ આપનાર, અને આરાધ્ય ભગવંતોનું એકીકરણ કરનાર; આ આરાધના છે, અને તેથીજ-આશ્વિન માસની શાશ્વત-આરાધનાની પરિસમાપ્તિ સાથેજ આરાધકો ચૈત્ર-માસની શાશ્વત-આરાધનાની એક સરખી ઝંખના પુનઃપુનઃ કર્યાંજ કરે છે. ખરેખર! આ આરાધનામાં ઓતપ્રોત થયેલા આરાધકોનું જીવન વિશ્વભરને આશીર્વાદ રૂપ છે, એટલુંજ નહિં પણ તે જીવન જૈન-જનતાને પરમદૃષ્ટાંત રૂપે અનુમોદનીય છે.

આશ્વિન-માસની આ આરાધના કરતાં ચૈત્ર માસની આ આરાધના સાથે **અંતિમ-શાસનાધિપતિનો જન્મ કલ્યાણક મહોત્સવ,** અને **પાંચકોડ-મુનિવરોના પરિવાર સાથે** શ્રી પુંડરીક-ગણધરનો નિર્વાણ-

મહોત્સવ સંકળાયેલો છે, તેથી પણ આ આરાધનાની વિશેષતા છે.

આગામિકાળે થનારી અનંતાનંત ચોવીશીના અનંતાનંત તીર્થંકરો કે ભૂતકાળમાં થઈ ગયેલી અનંતાનંત ચોવિશીના અનંતાનંત તીર્થંકરો, વર્તમાન ચોવીશીના ચોવીશ જિનેશ્વરો કે વર્તમાન વીશીના વીશ વિહરમાન ભગવંતો; આ આ સઘળાયે તીર્થપતિઓ વ્યક્તિગત–નામથી, આકારથી, જીવ દ્રવ્યથી, અવસ્થાથી, ક્ષેત્રથી, કાળથી; અને વર્ણાદિથી ભિન્ન ભિન્નપણે સ્મૃતિ–પથમાં પુનઃ પુનઃ દૃષ્ટિગોચર થાય છે, છતાં એક **અરિહંતપદની આરાધનાથી આરાધકો ત્રિકાળવર્તિ, સર્વ–ક્ષેત્રવર્તિ, સર્વ અવસ્થાવર્તિ આરાધનાનું અમોઘ કાર્ય કરીને આરાધ્ય કક્ષાના અભિમુખ થવાની યોગ્યતા સિધ્ધ કરે છે.**

આ પ્રથમ પરમેષ્ઠિ–પદની અમોઘ આરાધનાના અગમ્ય–રહસ્યનું આસ્વાદન કરીને આરાધકો અનુક્રમે સિધ્ધપદની, આચાર્યપદની, ઉપાધ્યાયપદની, અને સાધુપદની આરાધનાદ્વારાએ ત્રિકાળવર્તિ, સર્વ–ક્ષેત્રવર્તિ, સર્વ–અવસ્થાવર્તિ–પરમેષ્ઠિ–ભગવંતોની સેવનાનો સુંદર લાભ ઉઠાવે છે.

વ્યક્તિના અને નામના મોહને છોડયા વગર, ક્ષેત્ર અને કાળની ભાંજગડને ભાંગ્યા વગર, શરીરની ઉંચાઈ અને નીચાઈનું નિર્માણ કરવાની કુટેવને તિલાંજલિ આપ્યા વગર, શરીરના વર્ણ અને અવસ્થાને વિસ્મરણ કર્યા વગર; અને ગચ્છ કે સમુદાયની સાદી સમજને દૂર કર્યા વગર; **આરાધ્ય પદે સ્થિત થયેલા અરિહંતોનું અરિહંતપણું, સિદ્ધ–ભગવંતોનું સિદ્ધપણું, આચાર્ય ભગવંતોનું આચાર્યપણું, ઉપાધ્યાય ભગવંતોનું ઉપાધ્યાયપણું અને સાધુ ભગવંતોનું સાધુપણું સમજવું; અને સમજીને તે પદનું સેવન કરવું એ સેંકડો કોશ દૂર છે.**

---

૫૭. સાધર્મિકનું સગપણ

ત્રૈલોક્યનાથ તીર્થંકર–ભગવંતોએ **સાધર્મિક–વાત્સલ્યને શ્રેષ્ઠતમપણે પ્રરૂપેલું** છે. અને આજ વાતને **વિજયરત્નશેખરસૂરીશ્વરજી** પણ **શ્રીશ્રીપાલ–ચરિત્રના** ૨૨૮ મા પદ્યમાં આ રીતિએ જણાવે છે—

तम्हा तुम्हं जुज्जइ, एसिं साहम्मिआण वच्छल्लं।
काउं जेण जिणिंदेहिं वन्नि यं उत्तमं एयं ॥२२८॥

ભાવાર્થ :—જ્યારે શ્રી શ્રીપાલને અને મયણાને સકલ સંઘ સમક્ષ સકલમનોવાંછિતપૂર્વક શ્રી સિદ્ધચક્ર યંત્રની આરાધના, આરાધનનો વિધિ, આરાધનના નિયત દિવસો, આરાધનનો મહિમા, આરાધન કરનારે રાખવું જોઈતું વર્તન, અને આરાધનાદ્વારા પ્રાપ્ત થતાં અનંતર–પરંપર ફલ જણાવી દીધાં, ત્યારે તે અવસરે શ્રાવક–શ્રાવિકાને તે પૂજ્યશ્રી–મુનિચન્દ્રસૂરીશ્વરજીએ જણાવી દીધું કે–"તમારે પણ આ બંને સાધર્મિકોનું યોગ્ય વાત્સલ્ય કરવું જ જોઇએ. કારણ કે **જિનેશ્વર ભગવંતોએ સાધર્મિક–વાત્સલ્યનું પ્રધાનપણું સમવસરણમાં પ્રરૂપણ કરેલું છે.**" તે વાતને સાંભળતાં તે અવસરે શ્રાવક–શ્રાવિકાઓએ રહેવાની, પહેરવાની, ખાવાની, પીવાની; અને આરાધન–કરવાની સકળ સંયોગ સાધન સામગ્રી પૂરી પાડેલી છે.

આ પ્રસંગને સ્મૃતિપટ પર સ્થિર કરીને આજના દુઃષમકાળમાં નિરાધાર બની ગયેલા શ્રાવક–

શ્રાવિકાઓ માટે તન-મન-ધન સમર્પણ કરવાના, કરાવવાના અમોઘ-અવસરનો શ્રીમંતોએ અને ધીમન્તોએ લાભ લેવાનો છે, એ ભૂલવા જેવું નથી, અને તે સિવાયનાઓએ અનુમોદનનો પણ લાભ લેવો એ જરૂરીનો છે.

પરમાત્મ-શાસનના પરમ પ્રેમાળ-**પંજાબના જૈન ભાઈઓ** માટે હજુ સકળ સંઘે કરવા લાયકનું કાર્ય પુરૂં કર્યું જ નથી, તેટલામાં તો **ગોધરાના ગર્ભ શ્રીમંતો** પણ કોમી-હુતાશની કારમી-આગમાં સર્વસ્વ ગુમાવી બેઠા છે. તેવા નિરાધાર ભાઈ-બહેનો માટે **સઘળાંએ સગપણ કરતાં સાધર્મિકનું સગપણ શ્રેષ્ઠતમ-લાભદાયિ સ્વીકારીને** જે જે સંઘના આગેવાનો ઉદ્યમ કરી રહેલા છે તે અનુમોદનીય **છે.**

૫૮-લૌકિક-પ્રેમનું અંતિમ.

પ્રેમ શબ્દમાં ત્રણ વ્યંજન, અને બે સ્વર છે, એટલે વ્યંજન સ્વર સમિશ્રિત થઇને પાંચ અક્ષર છે; છતાં સ્વર સિવાયના વ્યંજનોચ્ચાર કરવા એ અશકય હોવાથી સાહિત્યકારોએ અને વ્યવહાર રસિકોએ સ્વર સહિતના વ્યંજનને અક્ષરની ગણુત્રીમાં ગણેલી છે. પૂર્વોક્ત-ગણુત્રીના હિસાબે **પ્રેમ** શબ્દમાંના ર્ ને અર્ધાક્ષર, અને **પે-મ** દરેકને એક એક અક્ષર ગણીને સંમિલિત થયેલ-**અઢી અક્ષર યુક્ત પ્રેમ** શબ્દ વ્યવહાર-સાહિત્ય-સૃષ્ટિમાં સ્વીકૃત થયેલો છે; અને તેથીજ કહેવાય છે કે "અઢી અક્ષર પ્રેમકા પઢેસો પંડિત હોય."

અજબ જાદુઇ-શક્તિ, અલૌકિક આકર્ષણ-શક્તિ; અને અનુપમ-અમૃતવર્ષણ-શક્તિ, આદિનૈકવિધ-શક્તિ-સંપન્ન-**પ્રેમ** શબ્દ ગુર્જર ભાષામાં વપરાતાં સઘળાંએ શબ્દોના શબ્દ-રત્નમહોદધિમાં અચિન્ત્ય-ચિન્તામણિથી પણ અધિક-કાર્યસિદ્ધિ-કરનાર અદ્વિતીય-વિજયવન્તપણે વર્તી રહ્યો છે.

અઢી-અક્ષર-યુક્ત-**પ્રેમ** શબ્દનો અખંડ-અભ્યાસિ-આત્માજ પ્રેમ શબ્દના પુનિત-પિયૂષનું આસ્વાદન કરીને પારમાર્થિક-પંડિતાઇને પામેલો હતો, છે; અને રહેશે એજ કહેવું યુક્તિ-યુક્ત સુસંગત છે.

છતાં પ્રેમ શબ્દનો પ્રચાર પૃથ્વીપટ ઉપર પ્રસંગોપાત એવા સ્વરૂપે થઈ રહ્યો છે, અને થાય છે કે જે પ્રેમની વિકૃતદશા વિદ્વજ્જનોને પણ વિષમ-હાસ્ય-ખેદના ખાબોચીયામાં ડુબાડવા પ્રયત્નશીલ રહે છે.

લૌકિક-પ્રેમના પાશમાં સપડાયેલ-પાત્રોમાં પ્રેમની વિકૃત-દશાનું **અવલોકન અનેકવાર** થયું છે, અને અને થશે, છતાં લૌકિક-પ્રેમના પાત્રોનું પરીક્ષણ કરવા પૂર્વક પરિચય કરતાં પરીક્ષકો નીતિ-ન્યાયની તુલાથી તોલીને પરીક્ષાના પરિણામ કહી શકે છે, અને જાહેર પણ કરી શકે **છે કે—તે લૌકિક પ્રેમ પુનિત નથી, પણ પાપ-વર્ધક, અને પુણ્ય-શોષક વિકૃત-પ્રેમ છે;** કારણકે લૌકિક-પ્રેમનું અંતિમ-પરિણામ તપાસીએ છીએ, ત્યારે તો લૌકિક-પ્રેમના પાત્રોનાં જીવન; રાગ-દ્વેષ-સ્વાર્થ, **અહંભાવ**, મમતા અને આપવાતાદિમાં પરિણમે છે. આથીજ **લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમની બલિહારી છે.**

૫૯.-લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ.

લૌકિક-પ્રેમના પાશમાં સપડાયેલા પામર-આત્માઓનું જીવન પરીક્ષણ કરવા પૂર્વક તપાસવામાં આવે તો લૌકિક-પ્રેમનું અંતિમ-પરિણામ અતિઅધમ-અતિકરૂણ-અતિદીનરૂપે નિર્મલ-બુદ્ધિમાનોના બુદ્ધિ-પ્રદેશમાં નિર્ણયાત્મકરૂપે (તે અંતિમ પરિણામરૂપ નકકર-સત્ય) સુસ્થિર થાય છે.

ઇતિહાસના પાનાઓનું પરિશીલન કરનારને, અને વર્તમાન કાલીન-બનતા અનેક પ્રસંગોનું અવલોકન કરનારને; ઉપરની જણાવેલ બીના નીચે જણાવેલાં દ્રષ્ટાન્તોથી દ્રઢીભૂત બને છે.

યુવાનોનો યુવતિઓ પ્રત્યે, અને યુવતિઓનો યુવાનો પ્રત્યે; માતાઓનો પુત્રીઓ પ્રત્યે, અને પુત્રીઓનો માતાઓ પ્રત્યે; પિતાઓનો પુત્રો પ્રત્યે, અને પુત્રોનો પિતાઓ પ્રત્યે; રાજાઓનો પ્રજાજનો પ્રત્યે; અને પ્રજાજનોનો રાજાઓ પ્રત્યે; શ્રેષ્ઠિઓનો નોકરો પ્રત્યે, અને નોકરોનો શ્રેષ્ઠિઓ પ્રત્યે; પતિ-પરણેલાઓનો પત્નીઓ પ્રત્યે, અને પરણીત-પત્નીઓનો પતિ પ્રત્યે; આવાં આવાં અનેકવિધ દ્રષ્ટાંતોને, અને પ્રસંગોને નજરે નિહાળવામાં કે શ્રવણ-ગોચર કરવામાં, અને પરિશીલન કરવામાં આવતાં ચોળમજીઠના રંગને ભૂલાવે એવા રસવર્ધક રાગની ચીકાશ, ભવભ્રમણ વધે એવાં માનસિક વિચારોનો વિલાસ, વાચિક શબ્દ-પ્રયોગો અને કાયિક-કલેશવર્ધક પ્રવૃત્તિઓના ઉભરાતાં પૂર, તન-મન-ધનાદિ સર્વસ્વના ભોગે સ્વાર્થ-સિદ્ધિના કડવાશ ભર્યાં કિસ્સા, અહંભાવની અનેકવિધ-આંધીઓના આકસ્મિક આક્રમણ, મમતાભર્યાં મોહના મૂર્છિત-પ્રયોગ; અને સાથે સાથે વિષભક્ષણ, કૂપપતન, અગ્નિદહન, ગિરિશૃંગપતન, ગળાકાંસાદિ અતિ બિભત્સ-અતિકરૂણ અને અતિ દીન પ્રસંગો નયન ગોચર થાય છે, આથીજ ગતપેરેગ્રાફમાં જણાવેલ લૌકિક-પ્રેમના અંતિમ સાથે જણાવેલ પરિણામને સ્થિરતા પૂર્વક હૃદયમાં પચાવીને પ્રેમના અર્થિઓએ **લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમનું સર્વસ્વના ભોગે સેવન કરવું જરૂરી છે. લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમનો પૂજક-પૂજ્ય બને છે,** અર્થાત્ **લૌકિક-પ્રેમનું અંતિમ-પરિણામ** જેણે ધ્યાન-પૂર્વક વાંચ્યું હશે ?, વિચાર્યું હશે ?, અને વિવેકપૂર્વક પરિશીલન કર્યું હશે ?; તેઓનેજ **લૌકિક-પ્રેમ સંસાર-પરિભ્રમણના પ્રબળ કારણરૂપ છે, એમ નિશ્ચય જરૂર થયો હશે ?,** આથીજ લૌકિક-પ્રેમના અનેકવિધ તે તે પ્રસંગોને ત્રિવિધે ત્રિવિધે હાર્દિક-ભાવથી વોસિરાવીને **લોકોત્તર વિશુધ્ધ પ્રેમનું પરિશીલન કરીને પરમાત્મપદ-પ્રાપ્તિના પુનીત માર્ગે અસ્ખલિત કૂચ કરવી આવશ્યક છે.**

લોકોત્તર-વિશુધ્ધ-પ્રેમ કરવાનું, પ્રેમના પુનિત બંધનમાં બંધાઇ જવાનું, **અને** પુનિત-પ્રેમ ફેલાવવાનું; અખિલ વિશ્વભરમાં **અનન્યસ્થાન પરમાત્માજ છે.** આથીજ લોકોત્તર વિશુદ્ધ પ્રેમના પૂજારીની માનસિક-વાચિક-કાયિક પ્રવૃત્તિઓનું દિગ્દર્શન પ્રાતઃસ્મરણીય-પૂજ્ય-પુણ્ય-પુરૂષો રચિત અનેકાનેક-ગદ્ય-પદ્યાત્મક સ્તવન-સ્તુતિ-પદ દુહાદિઓમાં નયન ગોચર, શ્રવણ ગોચર, અનુભવ ગોચર, હૃદય ગોચર; અને આત્મ-ગોચર થયાંજ કરે છે. આથીજ ઉપયોગપૂર્વક વાંચન-મનન-પરિશીલન કરનારા પુણ્યાત્માઓ **લોકોત્તર વિશુધ્ધ પ્રેમની પુનીત કાર્યવાહિથીજ પૂજકો પૂજ્ય બને છે, બન્યા છે અને બનશે એ નિઃશંક સત્યને સર્વદા સર્વથા સર્વત્ર આદર-બહુમાનપૂર્વક અવલંબી રહ્યા છે એજ જૈન કુળમાં જન્મીને જૈનત્વ પ્રાપ્તિની સફલતા કરી રહ્યા છે.** ન્યાયાચાર્ય **શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી પણ** દ્વિતીય-તીર્થપતિ-**શ્રી અજીતનાથના સ્તવનમાં—**" અજીતજીણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે " આ પદો ગૂર્જર ભાષામાં રચ્યે છે. વાંચક-વિચારકને, અને અભ્યાસકને આ પદો દ્વારા પુનિત-શિક્ષણ લેવાની જરૂર છે, તે હવે પછી વિચારશું.

૬૦-શાશ્વત-આરાધનાનું ધ્યેય.

દરેક વર્ષે બે વખત શાશ્વત આરાધના આવે છે, અને જાય છે, છતાં આરાધકોએ આરાધના દ્વારાએ આત્માને ખૂબ ખૂબ આરાધ્ય ભગવંતોની અભિમુખ કરી દેવા ઉજમાળ થવાની જરૂર છે. આ અંકની પ્રાપ્તિ પછી શાશ્વત-આરાધન ની સમાપ્તિ પહેલાં પંદરમા વર્ષનો પ્રથમ અંક વિવેકિ-વાંચકોના

કરકમલમાં પ્રાપ્ત થશે. તે અવસરે આરાધકો આધ્યપદની પ્રાપ્તિના ઉમેદવાર બને, અને તે ઉમેદવારીને સફળ કરે તે હેતુથી આ અંકમાં અગાઉથી સૂચના કરાય છે.

સર્વ-કાળના, સર્વ-ક્ષેત્રના, સર્વ-અવસ્થાના પરમેષ્ઠિઓની પવિત્ર-આરાધનાથી પ્રાપ્ત થયેલ અમોઘામૃતનું આસ્વાદન કરવું હોય તો તે તે પરમેષ્ઠિ-પદમાં રહેલા-અરિહંતપણાનું, સિદ્ધપણાનું આચાર્ય-પણાનું, ઉપાધ્યાયપણાનું અને સાધુપણાનું ત્રિવિધયોગે ત્રિકરણ વિશુદ્ધિએ સેવન કરો, અને તે તે પરમેષ્ઠિપણાની સાથે સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર-તપોધર્મની આરાધના પણ સદ્‌ગુરુના સમાગમમાં રહીને કરતાં શીખો.

આયંબીલ થાય છે, નવકારવાળીઓ ગણાય છે, ખમાસમણાં દેવાય છે, ઉભય ટંકના પ્રતિક્રમણ કરાય છે, પ્રતિલેખન પણ થાય છે, ત્રિકાળ દેવ વંદન થાય છે; અને શ્રીપાળ ચરિત્ર પણ શ્રવણ કરાય છે; છતાં **શ્રીપાળ-મયણા જેવું જીવન કેમ જીવાતું નથી?, એ માટે ખૂબ ખૂબ વિચારણા કરો,** અને અમલ કરો, એજ શાશ્વત આરાધનાનું ધ્યેય છે.

૬૧-લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ

જૈન-શાસનમાં **લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમને** કેળવવાનું પરમ કલ્યાણકારિ-**અનન્ય-સ્થાન-પરમા-ત્માજ છે.** સકલ દોષથી રહિત, સકલ ગુણોથી સહિત; પ્રથમ-પરમેષ્ઠિપદે બિરાજમાન **શ્રી અરિહંત પરમાત્મા સિવાય** પુનીત પ્રેમના બંધનથી બંધાઈ જવાનું, સ્વર્ગ-મૃત્યુ પાતાલમાં અન્ય કોઈ સ્થાન શ્રવણગોચર, નયનગોચર, હૃદયગોચર; અને આત્મગોચર થયું નથીજ, થતું નથીજ, અને થશે પણ નહિંજ. પુનિત-પ્રેમના બંધનથી બંધાઈ જવાનું, અર્થાત્ અભેદ-ભાવે ઓતપ્રોત થઇ જવા લાયકનું પૂજકો માટે **પરમોત્કૃષ્ટ-સ્થાન પરમાત્મા છે.**

ન્યાયાચાર્ય **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** જેવા સમર્થ-વિદ્વાન્ પણ હૃદયના ઉંડાણમાંથી બોલે છે કે:-

"તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાયકે,"

ઇત્યાદિ પદોથી સર્વદા-સર્વત્ર ગુણ ગાઇને ગાનાર આરાધકોને આરાધ્યપદમાં અભેદ ભાવે ઓતપ્રોત થઈ જવાનું માર્મિક સૂચન કરે છે.

માલતી પુષ્પ ઉપર મોહિત થયેલો ભૃંગ=**મધુકર** બાવળના વૃક્ષ ઉપર બેસી શકતોજ નથી, **ગંગાજળ** ઝીલનારો **રાજહંસ** ખાબોચીયામાં ઝીલતોજ નથી, **જલધરના જલ** વિના **ચાતકનું બાળક** બીજા સરોવરાદિસ્થાનના જલની ચાહના કરતુંજ નથી; અને કોમળ શબ્દને કરનાર **કોયલ** ફળ્યા ફાલ્યા **આમવૃક્ષ** સિવાય **અન્ય** વૃક્ષો પ્રતિ મિઠાશ ભર્યા શબ્દનો ગુંજારવ કરતીજ નથી, **ગુણગણના** રત્નાકરોમાં ગોલ કરનારાઓ અલ્પતરવૃક્ષસદૃશ-સામાન્ય ગુણવાળા પ્રતિ આદરવાળાં થતાંજ નથી. **કમલિનીનો દિનકર** પ્રતિ, **કુમુદિનો ચંદ્ર** પ્રતિ, **ગૌરી-પાર્વતીનો શંકર** પ્રતિ; અને **લક્ષ્મીનો** ગોવિંદ પ્રતિ જે પ્રેમ છે, તેવોજ પ્રેમ મને પ્રભુશું પ્રતિ છે; તેથીજ તેવો પ્રેમ ઉપરના અર્ધગુર્જરભાષામય-પદમાં ઉચ્ચારેલ છે; અને ઉપરના દૃષ્ટાન્તોમાં જે અનન્યભાવ-પ્રેમ પ્રદર્શિત કર્યો છે, તેવીજ રીતે **લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમના અર્થિઓએ** અનન્યભાવે પ્રેમપૂર્વક જીવન જીવીને મોક્ષમાર્ગ પ્રત્યે અવિરત કૂચ કરવી જરૂરીની છે.

૬૨-ક્ષેત્ર-સ્પર્શનાની જરૂર.

દેવ, ગુરૂ-ધર્મ પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ વધે, ધર્મ શ્રવણમાં બહોળો સમુદાય લાભ લે, ધર્મા-રાધનથી વિમુખ થયેલો વર્ગ આકર્ષાય, જોડાય અને ધર્મારાધન કરે, સંઘમાં કલેશ-કંકાશ કુસંપથી વિભિન્ન-તાઓ થયેલી હોય તેનું અનુસંધાન થાય તેવી પ્રેરણાઓ કરે, સાત ક્ષેત્ર પૈકી જરૂરીના ક્ષેત્રો પ્રત્યે લાભાલાભના વિચારો સમર્થે, અને શાસન-હિતવર્ધક તથા શાસનની પ્રભાવનાના કાર્યોને કરાવે, અને વેગવંતા બનાવે; તેજ હેતુથી **શ્રમણોપાસકનો વર્ગ સાધુ-સાધ્વીઓનાં ચાતુર્માસ કરાવે** છે તે ભુલવા જેવું જ નથી. વિહાર કરતાં પહેલાં ક્ષેત્રની જનતાને શો લાભ આપ્યો, અને વિહાર પછી તે જનતા વારસામાં પોષેલા સંસ્કારોદ્વારાએ આત્મ-હિતમાં, શાસન-હિતમાં અને પરોપકાર-કાર્યમાં કેટલી ઉદ્યમશીલ રહેશે; તેનો સમન્વય કરીને દરેકે દરેક શ્રમણાદિ વ્યકિત ચાતુર્માસ પછી વિહાર કરે, અને વિચારે તો જરૂર વર્તમાન-ભાવિ-રૂપરેખાઓનું ચિત્ર દોરવા જરૂર-પ્રયત્નશીલ થાય.

કાર્તિક પૂર્ણિમાએ સ્થળે સ્થળે જૈન-વસ્તીથી ભરપૂર ગામ-નગર-શહેરાદિમાં બિરાજમાન સાધુઓ અને સાધ્વીઓ ચાતુર્માસની પરિસમાપ્તિ કરીને વિહાર કરવાની ભાવનામાં ઉજમાળ થશે.

'અતિ પરિચયે અવજ્ઞા' એ કહેવતનું દિગ્દર્શન થતું હોય તે ક્ષેત્રોનો પરિચય ઓછો કરવાની જરૂર છે. જે ક્ષેત્રોની જૈન-જનતાએ શ્રમણ ભગવંતોના દર્શન કર્યાં જ નથી, સમાગમમાં આવ્યા નથી, વન્દન વાણી શ્રવણ કરી નથી, વિનય-વૈયાવચ્ચના સ્થાનાદિની ઓળખ કરી નથી, તો પછી તે જૈન-જનતાના હિતને અર્થે તે દિશાઓના એટલે ખાનદેશ-વરાર-મધ્યપ્રાંત મળવા-મેવાડના **ક્ષેત્રોને એકવાર જરૂર સ્પર્શન કરવાની જરૂર છે.**

---

૬૩ 'ભગવંતાણં'નું રહસ્ય.

'નમોત્થુણં' આ પુનીત-પદથી પ્રારંભ કરાતાં સૂત્રને **'નમોત્થુણં'** એ નામથી, અથવા **શક્રસ્તવના** નામથી સમગ્ર જૈન જનતા જાણે છે. આ સૂત્ર ઉપર **શ્રીલલિતવિસ્તરા-વૃત્તિ** એ નામથી પ્રસિદ્ધિ પામેલી ચૈત્યવંદન વૃત્તિને પૂ. **શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ** કરેલી છે, અને તે ઉપર સહસ્રાવધાની **શ્રી મુનિ-સુંદરસૂરિજી**એ પંજિકા રચી છે. આ શક્રસ્તવની પંજિકામાં શરૂઆત કરતાં ઉત્પત્તિમત્તાને લીધે સ્તોતવ્ય સંપદામાં જણાવેલાં **'નમોત્થુણં, અરહંતાણં, ભગવંતાણં';** આ ત્રણ પદો છે. અર્ધ-માગધી-ભાષા-બદ્ધ ત્રણ પદોને **નમોઽસ્તુ, અર્હદ્ભ્યઃ, ભગવદ્ભ્યઃ,** એ રીતિએ સંસ્કૃત ભાષામાં અવતરણ કરવાથી અરિહંત-ભગવંતોને નમસ્કાર થાઓ; એમ એ ત્રણ પદોનો સમુદાય અર્થ થાય છે.

આ સંપદામાં અંતિમ પદ **ભગવંતાણં-ભગવદ્ભ્યઃ** તે પદની **'ભગવદ્મત્તા'** ને સુસંગત-યુકિત યુકત-કલ્પનાઓથી વાસ્તવિક રીતિએ વિચારતાં **પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-ગીતાર્થ-સાર્વભૌમ-આગમોદ્ધારક પૂ. ગુરૂદેવ-શ્રીઆનન્દસાગર સૂરીશ્વરજી**એ જણાવેલા વિચારોને મૂર્ત-સ્વરૂપે વાંચક-અભ્યાસિઓના લાભાર્થે અવશ્યમેવ વિચારણીય હોવાથી, અને પરિશીલનીય હોવાથી આ લેખમાં અત્ર જણાવાય છે. અને તેજ વિચારોને અનુસરીને આલેખન કરાયેલું છે.

' भगवंताणं–भगवद्भ्यः ' એ પદમાં ભગ શબ્દથી સમગ્ર- ઐશ્વર્યાદિ ૭ પદાર્થ લેવાય છે, અને તે માટે શાસ્ત્રકાર જણાવે છે કેઃ—

ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः।
धर्मस्याथ प्रयत्नस्य षण्णां भग इतीङ्गना ॥१॥

એટલે આ પદમાં ૧ સમગ્ર-ઐશ્વર્ય, ૨ રૂપ, ૩ યશઃ, ૪ શ્રી, ૫ ધર્મ; અને ૬ પ્રયત્ન એ ૭ પદાર્થ લીધેલાં છે. એટલે પ્રથમ સ્તોતવ્ય=સ્તવના કરવાને યોગ્ય અરિહંતોને ' भगवंताणं ' પદથી સંબોધન કરવામાં આવે ત્યારે તે પદમાં રહેલ ' भग ' શબ્દને ઉદ્દેશ તરીકે રાખીને અનુક્રમે આવતી સઘળીએ સંપદાઓને અર્થાત્ સંપદાસ્થિત–પદોને ભગવદ્-મત્તારૂપ–વિધેય તરીકે સુસંગત રીતિએ યુક્તિ યુક્ત ઘટાવી શકાય છે.

" आइगराणं, तित्थयराणं, सयंसंबुद्धाणं " આ ત્રણે પદોથી શ્રી અરિહંત ભગવંતોનું સમગ્ર-ઐશ્વર્ય ધ્વનિત થાય છે ૧.

" पुरिसुत्तमाणं, पुरिससीहाणं, पुरिसवरपुंडरियाणं पुरिसवरगंधहत्थीणं " આ ચાર પદોથી શ્રીઅરિહંત ભગવંતોનું રૂપ ધ્વનિત થાય છે. ૨.

" पुरिसुत्तमाणं, लोगनाहाणं, लोगहियाणं; लोगपज्जोअगराणं" ૩। પાંચ પદોથી શ્રી અરિહંત ભગવંતોનો યશઃ પ્રતિપાદન કરાય છે. ૩.

"अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाण, सरणदयाणं, बोहिदयाणं" આ પાંચ પદોથી શ્રી અરિહંત-ભગવંતોની શ્રી–લક્ષ્મી પ્રતિપાદન કરાય છે. ૪.

"धम्मदयाणं, धम्मदेसयाणं, धम्मनायगाणं, धम्मसारहीणं, धम्मवरचाउरंतचक्कवट्टिणं," આ પાંચ પદોથી શ્રીઅરિહંત–ભગવંતોનો ધર્મ ધ્વનિત થાય છે. ૫

" अप्पडिहयवरनाणदंसणंधराणं, विअट्टछउमाणं, जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं, बुद्धाणं बोहयाणं; मुत्ताणं मोयगाणं" આ ૭ પુનીત પદો દ્વારા શ્રી ભગવંતોનો પ્રયત્ન પ્રતિપાદન કરાય છે.

હવે ઉપર જણાવેલાં 'आइगराणं' એ પદથી 'मुत्ताणं मोयगाणं' સુધીના સર્વ મળીને ૨૮ પુનિત–પદો–દ્વારાએ વિભાગશઃ અનુક્રમે શ્રી અરિહંત ભગવંતોની ભગવદ્મત્તા ૧ સમગ્ર–ઐશ્વર્ય, ૨ રૂપ, ૩ યશઃ, ૪ શ્રી-લક્ષ્મી, ૫ ધર્મ; અને ૬ પ્રયત્ન એ ૭ પદાર્થો ભવ્યજનોના હૃદયમાં અવશ્યમેવ ભાસમાન થાય છે. ઉપર આલેખન કરેલો લેખ વાંચકોએ વાંચ્યો હશે ?, અને વિચાર્યો પણ હશે ?; અને મનનપૂર્વકની વિચારણા કરનાર વાંચકોને **શ્રી અરિહંત-ભગવંતોની ભગવદ્મત્તારૂપ ઉદ્દેશને અનુલક્ષિને વિધેય તરીકે જણાવતાં** પદો સુસંગતરીતિએ નીચે મુજબ જણાવાય છે.

તીર્થ આદિ-અનાદિ છે.

આસન્નોપકારિ વિભુ શ્રીમહાવીર મહારાજાએ આ શાસનની સ્થાપના કરી એમ કહેવાય છે, અને મનાય છે. પરંતુ પ્રવાહની અપેક્ષાએ પૂર્વ પૂર્વના તીર્થંકરોએ આ તીર્થની સ્થાપના કરેલ હોવાથી આ

તીર્થ અનાદિનું છે એમ પણ કહી શકાય છે, અને વ્યકિતની અપેક્ષાએ વિચારીએ તો તે તે તીર્થંકરો તે તે તીર્થના આદિ સંસ્થાપક છે; એમ પણ કહેવામાં લેશભર અતિશયોકિત નથી. આથી પ્રવાહની અપેક્ષાએ અનાદિનું તીર્થ છે, અને વ્યકિતની અપેક્ષાએ તીર્થની આદિ છે.

અનાદિ-તીર્થનું સ્પષ્ટીકરણ.

અઢાર કોડા કોડી સાગરોપમના આંતરે આ અવસર્પિણીમાં શ્રુત ધર્મની અને ચારિત્ર ધર્મની પ્રવૃત્તિનો પ્રારંભ કરનાર શ્રી આદિનાથ પ્રભુ છે એમ પણ કહી શકાય છે. છતાં સમ્યકૃત્વ પ્રાપ્તિના પૂર્વભવો વિચારીએ તો પ્રથમ ધનાસાર્થવાહના ભવમાં શ્રી ધર્મઘોષસૂરિનો સમાગમ થયેલો છે, એટલે તે કાળમાં પણ તે તે તીર્થંકરોનું તીર્થ અને તે તે તીર્થના સાધુઓ પણ હશે, અર્થાત્ હતા. આ ઉપરથી ધનાસાર્થવાહનો પ્રથમ ભવ અને શ્રી ધર્મઘોષસૂરિનો તે સમય વિચારીએ તો, તે કાળના તે તે તીર્થંકરો અને તે તે સાધુઓ પણ હતા. આ રીતિએ વિચારતાં આ જૈન શાસનની સંસ્થાપનાની આદિ કરનાર કોઈજ નથી, પણ તે સ્થાપના અનાદિ અનંતની છે; એમ બુદ્ધિમાનોને યુકિતયુકત બુદ્ધિગમ્ય છે.

"આઇગરાણં" પદની સાર્થકતા.

હવે જ્યારે આ શાસનની આદિ કરનાર કોઇ નથી, તો પછી ભગવદ્ગમત્તાના પ્રથમ પદાર્થરૂપ સમર્ગ-ઐશ્વર્યની વિધેયતાને પ્રતિપાદન કરનાર પ્રથમ પદ "**आइगराणं=आदिकरेभ्यः**" ધર્મના આદિ કરનાર અર્થાત્ શ્રુતધર્મની અને ચારિત્રધર્મની આદિ કરનાર કેમ કહી શકાય?, આ શંકાના સમાધાનમાં સમજવું જરૂરીનું છે કે શ્રુતધર્મની અને ચારિત્રધર્મની શરૂઆત કરવાની ભાવનાપૂર્વકનોજ આ જન્મ છે. દરેક તીર્થંકરોની એક પર્યાયાન્તકૃત્ ભૂમિ અનેક બીજી યુગાન્તકૃત્ ભૂમિ, એમ બંન્ને ભૂમિઓ પ્રતિપાદન કરાય છે, અર્થાત્ પૂ. તીર્થંકર ભગવંતોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી મોક્ષમાર્ગ કયારે શરૂ થયો?, અને પૂ. તીર્થંકર મોક્ષ સિધાવ્યા પછી કેટલી પાટ પરંપરા સુધી મોક્ષ માર્ગ શરૂ રહ્યો?; આ બે ભૂમિની બીના સમજનારને સહેજે સમજાય તેવું છે કે મોક્ષ માર્ગનું શરૂ થવું અને બંધ થવું, બંધ થયા પછી પુનઃ શરૂ કરનાર તીર્થંકર ભગવંતોજ હોય છે. એટલે મોક્ષ-માર્ગના અદ્વિતીય સાધનરૂપ શ્રુતધર્મની-અને ચારિત્ર ધર્મની શરૂઆત કરનાર તે તીર્થંકરોજ છે. એવીજ રીતે તે કાળે ભોગ-રંગમાં રંગાયેલું આ આખું જગત્ છે. ત્યાગ શું છે?, ત્યાગી શું છે?, ત્યાગીને ત્યાગના સાધન રૂપ શરીરને નભાવવાના કયા સાધનો છે?, ભોગને છોડવામાં શો લાભ છે?, ભોગના સાધનો ભોગવવામાં ભોગી આત્માઓની કઇ દુર્દશા થાય છે?; આવાં અનેકવિધ પ્રશ્નો ઉઠવાનીજ અસંભાવના છે. કારણ કે આખું જગત્ અને નાના મોટાં સઘળાંઓ ભોગમાં રકત બની રહ્યાં છે. તો પછી ત્યાગ-ત્યાગીની અને ત્યાગના સાધનની સમજ અને લાભની નજર થવી અશકય છે. આવા ભોગના ભીષણ પ્રવાહમાં આખું જગત્ તણાઇ રહ્યું છે તે અવસરે 'ત્યાગમાં સુખ છે', 'ભોગને છોડવામાંજ આત્માનું કલ્યાણ છે'; આ વર્તનની પહેલ કરનાર એટલે ચારિત્ર ધર્મની આદિ કરનાર હોવાથી તીર્થંકરોને ધર્મની આદિ કરનારા કહેવાય છે. એટલુંજ નહિં પણ ચારિત્ર ધર્મને પાલન કરવાના અમોઘ-સાધનાદિને પ્રતિપાદન-કરનાર, અને શ્રુત ધર્મની આદિ કરનાર પણ તેઓજ છે. ત્યાગીઓને શરીર નભાવવાના આલંબન રૂપ પ્રાસુક આહારાદિ આપવાનું જે કાળમાં જે ક્ષેત્રમાં કોઇ સમજતું જ નથી, અને ભગવાન્ સાથે દીક્ષિત થયેલાં ચારે હજારને સાધુપણું મુકવું પડે છે; તેવા ભીષણ પ્રસંગમાં **ધર્મની આદિ કરનાર** જો કોઈપણ હોય તો આ **તીર્થંકરો છે.** તેથી ભગવદ્ગમત્તાના ઉદ્દેશને વધુ દ્રઢ કરનારા છ વિશેષણોરૂપ પદાર્થોમાં પ્રથમ વિશેષણરૂપ પદાર્થ **સમગ્ર-ઐશ્વર્યનું આ 'આઇગરાણં' પદ સાર્થક-રીતિએ ધ્વનિત**

થયેલું છે. શ્રુતધર્મની આદિ કરનાર હોવાથી, ચારિત્રધર્મની શરૂઆત કરનાર હોવાથી, સમગ્ર-લોકોદ્ધાર-કરવાની ભાવના પૂર્વક ગર્ભમાં આવેલા હોવાથી; અને ગર્ભસ્થાનમાં અંગુલના અસંખ્યાતમાં ભાગનું શરીર હોવા છતાં તે ભગવંતોને દેવ-દેવેંદ્રો નમન કરે છે, માટે **સમગ્ર ઐશ્વર્યમાં પ્રથમ 'આइगराणं'** પદ સુસંગત-રીતિએ સાર્થક છે, એમ નિર્મળ બુદ્ધિમાં સ્થિર થાય છે, અર્થાત્ નિઃશંક રીતિએ સુદ્રઢ થાય છે.

તીર્થંકરની નામ-કર્મની પ્રાથમિકતા.

પોતાની મેળે બોધ પામ્યા પછીજ તીર્થંકરો તીર્થ સ્થાપે છે, અને તીર્થ સ્થાપ્યા પછી શ્રુત-ચરિત્ર ધર્મની શરૂઆત કરે છે. માટે પ્રથમ 'સ્વયં સંબુદ્ધાણં' અને તે પછીજ 'તિત્થરાણં' એ પદ હોવું જોઇએ એવી શંકા કરનારને સમાધાન આપતાં જણાવે છે કે તીર્થંકરોનું તીર્થંકરપણું ગર્ભમાં આવ્યા પછી તુરત શરૂ થાય છે, અને તેજ હિસાબે ગર્ભસ્થાનમાં આવેલા તીર્થંકરોનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગનું છે, છતાં તેને દેવ-દેવેન્દ્રો નમે છે; અને પ્રથમ ચ્યવન કલ્યાણકની આરાધના કરે છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું કે ક્ષાયક પામવું, બહુશ્રુત થવું કે સંપૂર્ણ ચૌદ પૂર્વધર બનવું અવધિ જ્ઞાની થવું કે મનઃપર્યવજ્ઞાની થવું, કેવળજ્ઞાનને પ્રગટ કરવું કે મોક્ષે જવું; આ બધા ભાવો એકજ ભવની મહેનતથી પ્રાપ્ત રહી શકે છે. પરંતુ તીર્થંકરપણું પ્રાપ્ત થવું તે ઘણા ભવોની મહેનતદ્વારાએ થાય છે, અર્થાત્ ઓછામાં ઓછા ત્રણ ભવની મહેનત તીર્થંકરપણું પ્રાપ્ત કરવામાં જરૂર હોવીજ જોઇએ, અને તોજ તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. આથી સંસાર સમુદ્રથી તરવાની સંપૂર્ણ સાધન-સામગ્રીઓનો સંચય પૂર્વ ભવથી કરીનેજ આવ્યા છે, છતાં ત તીર્થંકરના જીવોને તરવાની તાલાવેલી કરતાં સમગ્ર-જન-સમુદાયને તારવાની જબરદસ્ત તાલાવેલી હોય છે, અને સમગ્ર જગજ્જનોને શાસનરસિક બનાવવાની ભાવનાથી તીર્થ સ્થાપનાના અમોઘ કારણ રૂપ તીર્થંકર-નામ કર્મ પૂર્વના ત્રણ ભવથી નિકાચના કરીનેજ આવ્યા છે. એટલે **'તીત્થયરાणं'** પદ એ **'સ્વયં સંબુદ્ધાणं'** પદની પહેલાંજ હોવું જોઇએ.

'તીત્થયરાणं' એ પદનું વિશેષતઃ પર્યાલોચન કરીએ તો સ્પષ્ટ માલમ પડે છે કે તીર્થંકર નામ-કર્મને બાંધનારા અને તેની નિકાચના કરનારા તીર્થંકરોના તીર્થંકર-નામકર્મના બે ફળ વિચારી શકાય છે, ૧. પૂજ્યતા અને ૨. પ્રવૃત્તિ છે.

હવે એ તીર્થંકર નામ કર્મની પૂજ્યતા ગર્ભમાં આવવાની સાથેજ શરૂ થાય છે. કારણકે ચૌદ સ્વપ્નોનું દેખવું, ચોસઠ ઇંદ્રાસનોનું ડોલવું, ઇન્દ્રાદિનું-વન્દન-સ્તવન કરવું, ચ્યવન કલ્યાણકની ઉજવણી, સાતે નરકમાં પ્રકાશાદિનો અનુભવ વિગેરે થવું; એજ તીર્થંકરોની પૂજ્યતાને પૂરવાર કરનારાં પ્રતીકો છે. એટલુંજ નહિં પણ જન્મકાર્યનું સૂતિકા-કર્માદિ દિગ્કુમારીકાઓ કરે, જન્મ મહોત્સવ દેવ દેવેન્દ્રો કરે; અને દીક્ષા લેવા પર્યંતના વરઘોડા વિગેરે સઘળાં વિધાનો દેવ દેવેન્દ્રો કરે છે, આથી તીર્થંકર નામકર્મની પ્રથમ પૂજ્યતા રૂપ ફલ સૃષ્ટિ-સમક્ષ સુપ્રસિદ્ધજ છે. પરંતુ પ્રવૃત્તિદ્વારાએ સકલ-જગતના ઉદ્ધારનું કાર્ય તો દીક્ષા લીધા પછી ગ્રામાનુગ્રામ વિહાર કરે, ઘોર તપસ્યાઓ કરે, પરિસહ ઉપસર્ગોને સહન કરે, ઘનઘાતી કર્મોને તોડે, અને કેવળજ્ઞાન પ્રગટ કરે પછી તીર્થની સ્થાપના દ્વારાએ અમોઘ-દેશનાઓ દેઇને દેશના પ્રવૃત્તિથી જગતના જીવોનું કલ્યાણ કરે છે. અર્થાત જગતના જીવોને કલ્યાણ માર્ગમાં જોડે છે. આ ઉપરથી તીર્થને સ્થાપન કરવાની, અને તીર્થની પરોપકાર અને લાભદાયિ પ્રવૃત્તિ તો વાસ્તવિક રીતિએ કેવળજ્ઞાન પછીજ

હોય છે, છતાં રાજ્ય-ગાદીવારસ-રાજકુમારની સરભરા-સેવા ચાકરી રાજાની જેમ પ્રજાજન કરે છે, તેવીજ રીતે તીર્થની પ્રવૃત્તિ આદિ કરીને અનેકાનેક જીવોનું કલ્યાણ કરવા કરાવવમાં અમોઘ આલંબન રૂપ થવાના છે; તે હેતુથીજ ચારે-નિકાયના દેવ દેવેન્દ્રો, અને ગામ-શહેર-નગરનો જનસમુદાય, ભકિત-સેવા-પૂજા-આદર બહુમાન કરી કૃતાર્થ થાય તેમાં નવાઇજ નથી. અને આથીજ તીર્થંકર નામકર્મની વાસ્તવિક પૂજ્યતા ચ્યવનના પ્રારંભથીજ હોય છે તેથીજ **'आइगराणं'** પદ પછી **'तीत्थयराणं'** પદ એ સુસંગત રીતિએ યુકત છે.

૬૪-પારમાર્થિક--આરાધના

માલવા-મેવાડ-મારવાડ આદિ પ્રદેશોમાં પૂર્ણિમાએ માસની પૂર્ણાહુતિ થતી હોવાથી અને કૃષ્ણ-પક્ષની એકમથી બીજા માસની શરૂઆત થતી હોવાથી, તથા શાસ્ત્રીય રીતિ પણ તે મુજબ હોવાથી ગૂજરાત આદિ પ્રદેશોમાં ગણાતી અને મનાતી માગશર વદ ૧૦ નેજ પોષ દશમી કહેવામાં આવે છે; કારણ કે ગૂજરાત આદિ પ્રદેશોમાં અમાવાસ્યાએ મહિનાની પુર્ણાહૂતિ થાય છે.

પોષ-દશમીની આરાધના કરનારે ચાલુ વર્ષમાં પોષ દશમીને શનીવાર તા. ૨૫-૧૨-૪૮ ના રોજ (ગૂજરાતમાં માગશર વદ ૧૦ ને શનીવાર) કહેવાય છે તે જ દિવસે આરાધના કરવી. આરાધના કરનારાઓએ પ્રગટ પ્રભાવિ શ્રી પાર્શ્વનાથના જીવન પ્રસંગોને શ્રવણ કરીને, વાંચીને, વિચારીને અને પરિશીલન કરીને જીવનમાં ઓતપ્રોત બનાવવાની જરૂર છે. દશ ભવની પરંપરામાં વૈરની વસુલાત લેનાર, અને એક પાક્ષિક વૈરને કેળવનાર કમઠ પ્રત્યે પણ પ્રભુએ સમભાવજ કેળવ્યો છે. આરાધના કરનારાઓ ઉભય ટંક પ્રતિક્રમણ કરશે, પડિલેહણ અને દેવવંદનની ક્રિયા કરશે, કાઉસ્સગ્ગ કરશે, ખમાસમણાં દેશે, ત્રણ દિવસ એકાસણાં આયંબીલની તપસ્યા કરશે. **શ્રીપાર્શ્વનાથના જન્મ દિવસ નિમિતનો** જાપ જપશે, પરંતુ સેવા કરનાર સેવકોએ સેવ્ય કક્ષામાં રહેલા પ્રભુ પાર્શ્વનાથની મનોવૃત્તિનું ખૂબ ખૂબ મનન કરીને તે રસ્તે જવાના **માર્ગમાં પગલું કયારે ભરશે?, અને ભરવા ઉદ્યમશીલ પણ કયારે થશે?; તે માટે તે જીવન જીવવ** અભ્યાસી બનવું એજ **પારમાર્થિક આરાધના છે.**

---

૬૫. મહોદય-માનવદશા

શાસમાન્ય-ગુણગણ રત્નોની કિંમત નહિં સમજનારાઓ શાસનમાન્ય ગુણી અને ગુણ પ્રાપ્તિના અમોઘ-સાધનોની કિંમત સમજી શકતા નથી. અનેક વખતે શ્રવણ પથમાં આવી ગયું છે કે બ્રાહ્મી-સુંદરીના જીવોએ પૂર્વ ભવમાં વિનય-વૈયાવચ્ચના વાસ્તવિક ગુણની થતી પ્રશંસાને નહિ શ્રવણ કરવાથી હૃદયમાં અરુચીને ધારણ કરવાથી પીઠ-મહાપીઠ નામના સમર્થ વિદ્વદ્વર્ય-મુનિપ્રવરો હોવા છતાં, છઠ્ઠા ગુણસ્થાનકેથી પતન ભાવના પરિણામને પામીને પ્રથમ ગુણસ્થાનકે આવી ગયા એ ભૂલવા જેવું નથી. **શાસનમાન્ય લવલેશ ગુણ-ગણી અને ગુણ-પ્રાપ્તિના સાધન પ્રત્યે અંશ માત્ર પણ અરૂચી -અણગમો, અનાદર-ઇર્ષ્યાદિ આવિર્ભાવ થઈ જાય તો છઠ્ઠા-ગુણસ્થાનકવર્તિ, પંચમ-ગુણ-સ્થાનકવર્તિ અને ચતુર્થ-ગુણસ્થાનકવર્તિ જીવો પોતાની ઉન્નત દશાથી પતન ભાવને પામીને પ્રથમ ગુણસ્થાનકમાં અણધાર્યા આવી પડે છે,** ગુણ ગણી અને ગુણ પ્રાપ્તિના સાધન પ્રત્યે થયેલ બેદરકારી સમ્યકત્વ નામના સુશોભિત પદથી ભ્રષ્ટ કરે છે, એ વાતને ઉપરના પ્રસંગનું યથાસ્થિત પરિશીલન કરનારો આત્મા સહેજે સમજી શકે છે. ગુણ વગરના આત્માઓ ગુણવાન્-આત્માઓને જાણી શકતાંજ

નથી. એ બનવા જોગ છે, પરંતુ પૂર્વ પુણ્યના ઉદયે અને પ્રબળ પુરૂષાર્થે ગુણગણની પ્રાપ્તિ સાથે ગુણવાન્ બની જવું એ મુશ્કેલ છતાં સહેલું છે. કારણ કે સુંદર ગુણવાન્ બન્યા છતાં ગુણની વાસ્તવિક કિંમતના અભાવમાં અન્ય ગુણવાનોને દેખીને અને શ્રવણ કરીને ઈર્ષ્યાળુ-મત્સરી બની જવાય છે એ **ગુણીપણાની નિષ્પુણ્યક દશા છે.** ગુણવાન્ થયેલો આત્મા ગુણાનુરાગી થયો હોય તોજ તે પુણ્યની પ્રાપ્તિ-ટકાઉ વૃદ્ધિ-આદિ ઉત્તરોત્તર ફલદાયિ લાભ પ્રાપ્ત કરી શકે છે. આથીજ **ગુણવાન્ થવું અને અન્યમાં રહેલા શાસન-માન્ય-અંશિક-ગુણ-ગણની કિંમત સમજીને ગુણાનુરાગિ થવું એજ માનવ જીવનની મહોદય દશા છે.** આજ વાતને ચરિતાર્થ કરતાં શાસ્ત્રકારો જણાવે છે-

નાગુણી ગુણિનં વેત્તિ, ગુણી ગુણિષુ મત્સરી । ગુણી ચ ગુણરાગી ચ, સરલો વિરલો જનઃ ॥૧॥

આ પદ્યના પરમાર્થનું સેવન કરવું એ **મહોદય-માનવદશાની મહેલાતો છે.**

૬૬-આશીર્વાદ કે ધિક્કાર ?

શાસ્ત્રકારોએ ધર્મનું મૂળ વિનય કહેલું છે, કારણકે સકળ-પુરૂષાર્થની સિદ્ધિમાં ધર્મ પ્રાપ્તિની અનિવાર્ય જરૂર છે. ધર્મની પ્રાપ્તિ, ટકાવ, વૃદ્ધિ અને ધર્મનાં વાસ્તવિક પુષ્પ ફળની પ્રાપ્તિ કરવાની અભિલાષાવાળાએ માનના મર્દનપૂર્વક વિનયધર્મનું સેવન જરૂર કરવું. ચારે ગતિમાં ચાર કષાયોના કલુષિત-વાતાવરણથી વ્યાપ્ત થયેલ ચારે ગતિમાં એક કષાયની મુખ્યતા અને બાકીના ત્રણની ગૌણતા શાસ્ત્રકારોએ પ્રતિપાદન કરેલી છે. દેવગતિમાં લોભ. મનુષ્યગતિમાં માન, તિર્યંચગતિમાં માયા; અને નરકગતિમાં લોભની મુખ્યતા સ્વીકારેલી છે. આથીજ માનવ જીવન પામેલાએ અને માનવ જીવનને સફળ કરવાની ઈચ્છાવાળાએ સ્મૃતિપટમાં સ્થિર કરવા જેવું છે કે-ક્રોધના ક્રોડો પ્રસંગોમાંથી, માયાના મુઝવણ ભરેલા વાતાવરણમાંથી; અને લોભના લલચાવનારા લાખ્ખો બનાવોમાંથી બચવું એ જેટલું સહેલું સરળ અને સુવ્યવસ્થિત છે, તેટલું અગર તેથી પણ વધુ માનની મદોન્મત્ત મુંઝવણભરી અવસ્થામાંથી સહિસલામત પસાર થવું, અને ઉત્તરોત્તર-ગુણગણની પ્રાપ્તિ કરીને કલ્યાણ માર્ગે સંચરવું એ અતિ કઠીન અને અત્યંન્ત મુશ્કેલ છે.

વિશ્વભરના સઘળા પ્રાણિગણનો આશીર્વાદ મેળવવો હોય તો આ વિનયગુણને ખૂબ ખૂબ ખીલવવાની જરૂર છે. આ ગુણની વાસ્તવિકતાથી વાસિત થયેલો પુણ્યાત્મા સ્વ-પર હિત સાધવા ઉજમાળ થાય છે, અને આ ગુણ અવગુણ રૂપે પરિણમે છે, ત્યારે તે સ્વ-પરહિત વિઘાતક બનીને ભયંકર પરિણામ નિપજાવવા કટીબદ્ધ થાય છે. આથી એ સ્પષ્ટ છે કે આઠ મદોની અકળાવનારી આંધીમાંથી નીકળીને માનના મર્દનપૂર્વક વૃદ્ધિ પામતા વિનયધર્મથી વાસિત બનારાઓએ આ શાસનમાં સ્વ-પર હિત સાધ્યું છે, અને સાધશે, પરંતુ આ ગુણના ઓઠા નીચે મેલી મુરાદોને પાર પાડવા માટે જેઓ આકાશ પાતાળ એક કરે છે, પુણ્ય-પાપને સમાન સમજે છે, અને દુનિયાને આંજવાનો ઢંભી ડોળ કરે છે, તેઓએ દુનિયાના આશીર્વાદને બદલે ધિક્કારજ પ્રાપ્ત કર્યો છે એ ભૂલવા જેવું નથી; માટે આશીર્વાદ મેળવીને માનવ જીવનને સફળ કરવું.

૬૭-સુવિવેકશીલ-આત્માને.

અંતકરણને વિશુદ્ધ કરનારી વીતરાગની વાણી છે, અને તે વાણી શાસન-સંચાલક-સદ્‌ગુરૂવર્યોને આધીન છે; માટે અનાદિ અનંતકાળથી પરિભ્રમણ કરનારા આ મલીન આત્માએ વધુને વધુ શુદ્ધ-શુદ્ધતર-

શુદ્ધતમ જીવન જીવવા માટે સદ્‌ગુરૂનો સમાગમ, અને તેઓશ્રીના વચનની આરાધના માટે સર્વસ્વ સમર્પણ કરીને તે તે વીતરાગ-કથિત-વચનોમાં તન્મય થવું સર્વદા-સર્વત્ર જરૂરીનું છે. મલીન થયેલાં કપડાંને નિર્મળ બનાવવા માટે બધાં સામગ્રી-સાધન-સંયોગો પ્રાપ્ત થયાં છતાં પાણીની અનિવાર્ય જરૂર છે, તેમ મલીન આત્માને નિર્મળ બનાવવા માટે બધાં સંયોગો મળ્યા છતાં વીતરાગની વાણીની પણ અનિવાર્ય જરૂર છે.

સુતરની દોરીની ગુંચાઇ ગયેલી ગુંચો, રેશમના દોરાની ગુંચાઇ ગયેલી ગુંચો, અને તેલના બિંદુ-ઓથી ભિંજાયેલ-રેશમના દોરાની ગુંચો ઉકેલવી એ અનુક્રમે સહેલી અને મુશ્કેલ પણ છે; પરંતુ પૂર્વગ્રહ-પાશથી અગર નવીન-સંયોગ-સાધન સામગ્રીઓથી આંતરિક-અભેદ્યગૂઢ-ગ્રન્થિઓના ગુંચળા વળી જાય છે ત્યારે ભલાભલા પરિપકવ-બુદ્ધિમાનો અને ડાહ્યા માણસો પણ મહા મુંઝવણમાં મુકાઇ જાય છે, એ ભુલવા જેવું નથી.

પચાશ વર્ષ ઉપરાંતના કાલ સુધી એક આંતરિક ગૂઢ ગુંચને એવી સાચવી રાખી કે જ્યારે ભગવાન્ શ્રી મહાવીર મળ્યા, અને વાણી શ્રવણ કરી ત્યારે જ તે આંતરિક-ગૂઢ ગુંચને અભેદ્ય માનનાર શ્રીઇન્દ્રભૂતિ ભેદવા ભાગ્યશાળિ થયાં. પૂર્વગ્રહાદિ પાશથી અલગ રહેલી આંતરિક ગાંઠોને સદ્‌ગુરૂની વાણીના શ્રવણ-મનન-પરિશીલનાદિથી પોચી હોય તો ઢીલી પડતા વિલંબ થતો નથી, અને માનસિક બોજો ઓછો પણ થાય છે; પરંતુ તે આંતરિક ગાંઠો ગૂઢ-કઠિન-અને અભેદ્ય બને છે, સાથે સાથે પૂર્વગ્રહને પરિપકવ બનાવવાના સાધન-સયોગ-સામગ્રીઓ તેને આવી મળે છે; ત્યારે તે આત્મા તે ગાંઠને વધુને વધુ કઠિન અને અભેદ્ય બનાવીને માયાના મહા-સામ્રાજ્યનો માલીક બને છે.

માયાના મહાસામ્રાજ્યના માલીક બનેલા આત્માઓ પોતાની આંતરિક ગૂઢ કઠિન અભેદ્ય ગાંઠને વધુ પોષણ કરીને આગે કદમ કૂચ કરે છે, અને પોતાની ફાવટના ગીત ગાનાં ગાતાં ગાતાં અંતમાં વિનાશની વિશાળ—ખાધમાં પટકાય છે, કારણ કે તે પ્રસંગમાં સદ્‌ગુરૂના વચનો, હિત શિક્ષાઓ, સલાહો અને સુચનાઓ લગભગ ઇષ્ટસિદ્ધિ માટે બેનશીબ નીવડે છે.

આગ્રહની આંધીમાં અટવાઈ જતાં પહેલાં વર્તમાન-ભાવિ પરિણામનો **સુવિવેકશીલ આત્માઓએ** વિચાર કરવો જરૂરીનો છે, અને આંતરિક-ગાંઠો ગૂઢ કઠિન અને અભેદ્ય ન બને તે માટે ખૂબ ખૂબ સાવધ રહેવાની જરૂર છે. એટલુજ નહિં પણ વર્તમાનકાલીન-શાસનને અને શાસનના અંગોપાંગને છિન્નભિન્ન દશામાં મૂકનાર આંતરિક ગૂઢ ગાંઠોના ઇજારદારો જ જવાબદાર છે, માટે **સુવિવેકશીલ આત્માએ** મળેલ માનવ-જીવન અને સફળ કરવાના સાધન-સામગ્રી-સંયોગો પામીને સ્વપર હિતકર પ્રવૃત્તિઓમાં સર્વદા સર્વત્ર ઉદ્યમશીલ રહેવું જરૂરીનું છે.

૬૮-આરાધ્ય પદની પ્રાપ્તિ.

શ્રીનવપદની આરાધના કરનારાઓ શ્રી અરિહંતાદિ નવે પદોની નવે દિવસ અનુક્રમે આરાધના કરે છે આરાધનામાં એક એક પદના દર્શન કરે છે, વન્દના કરે છે, વાસક્ષેપથી પૂજન કરે છે, અષ્ટ પ્રકારના દ્રવ્યોથી સત્કારે છે, વિનયાદિ કરણી દ્વારા સન્માને છે, તે તે પદની નવકારવાળીઓનો બે હજારની સંખ્યામાં જાપ જપે છે, કાઉસગ્ગ કરે છે, ખમાસમણા દે છે, ઉભય ટંક પ્રતિક્રમણ કરે છે, ત્રણ ટંક દેવવંદન કરે છે, પૂજા ભણાવે છે, શ્રીપાળનો રાસ અગર ચરિત્ર સાંભળે છે; અને સાડા ચાર વર્ષે તે તપની આરાધના પૂરી

કરી ઉજમણાદિ મહોત્સવ કરીને તે તપની પૂર્ણાહુતિ થઈ સમજે છે. વ્યવહાર માત્રથી આરાધના પૂરી થઈ એમ ગણે છે, પણ આરાધના પૂર્ણ થઈ છે એ ત્યારેજ કહેવાય કે આરાધકો આરાધ્ય પદની પ્રાપ્તિ કરી શકયા હોય અગર આરાધકોએ આરાધ્ય પદ પ્રાપ્તિની લગભગ સન્મુખ દશા પ્રાપ્ત કરી હોય; પરંતુ હજુ સુધી આરાધકોને આરાધ્ય પદ પ્રાપ્તિની તમન્ના જાગીજ નથી, અને આરાધ્યપદ પ્રાપ્તિની તમન્ના જાગે ત્યારે તો પ્રાપ્તિ માટેનો નિશ્ચય અને પ્રવૃત્તિ શરૂ થાય છે. આરાધ્ય પદ પ્રાપ્તિનો નિશ્ચય થયા પછી આરાધ્ય પદ પ્રાપ્તિ માટે આરાધકોએ આરાધ્ય વચ્ચેનો વાસ્તવિક ભેદ સમજવો જરૂરી છે. ' હું નમન કરનારો છું અને તે નમન કરવા યોગ્ય છે' તો તે બંન્ને વચ્ચે કેટલો ભેદ છે ?, અને તે ભેદને ભાંગનાર અથવા તે ભેદને છેદનાર વસ્તુ કઈ છે ?; એનો નિર્ણય કરવો ઘટે છે. આરાધ્ય અને આરાધક વચ્ચેના ભેદને છેદનારા ચાર પદ છે ?, સમ્યગ્દર્શન જ્ઞાન-ચરિત્ર અને તપ આ ચાર સાધન દ્વારા એ આરાધકોએ આરાધ્ય પદની પ્રાપ્તિ કરવાની છે.

૬૯-અકલ્યાણકારિણી-નિન્દા.

तयसं व जहाइ से रयं, इति संख्याय मुणी ण मज्जइ ।
गोयन्नतरेण माहणे, अहसेयकरी अनेसी इंखिणी ॥ १॥

શ્રીસૂત્રકૃતાંગ-સૂત્રના બીજા-અધ્યાયના બીજા-ઉદ્દેશની શરૂઆતમાં **પંચમગણધરભગવંત શ્રી સુધર્માસ્વામીજી અંતિમકેવળી શ્રીજંબૂસ્વામિજીને** ઉદ્દેશીને જણાવે છે કે-**અકલ્યાણકારિણી-નિન્દા** છે, એમ સમજીને નાના કે મોટા બાલક કે યુવાન, સ્ત્રી કે પુરૂષ, મૂર્ખ કે બુદ્ધિમાન, ગુણી કે નિર્ગુણી; આદિ સકળ પ્રાણીગણની કોઇએ અશ્રેયસ્કરી-નિન્દા કરવા લાયક નથી. સર્પ ત્યાગ કરવા લાયક કાંચળીને ત્યજે છે, તેવી રીતે મુનિવર્યો કર્મ-રૂપી રજને પણ છોડવા લાયક જાણીને છોડે છે. કષાયનો અભાવ એજ કર્માભાવ-કાર્યનું અમોઘ કારણ છે. એથી કષાયની મૂળ જડરૂપ ગોત્રઆદિ આઠ મદસ્થાનો પ્રતિ તેઓ લવલેશ મદ કરતાંજ નથી.

પોતાનાં પ્રબળ ઉત્કર્ષતાદિને હાનિ લવલેશ ન પહોંચે, તે રીતિએ માનસિક-વાચિક-કાયિક-પ્રયોગોદ્વારા નિર્માલ્ય-નિન્દાનું અવલંબન લેઇને જેઓ પોતાના આત્માનું અધઃપતન કરે છે, આત્મિક શકિતઓનો હ્રાસ કરે છે, અને આત્મિક ગુણોનો નાશ કરવા કમ્મર કસે છે; તે બધાઓએ સ્મૃતિપટ પર આ શબ્દોને સ્થિર કરવાં જરૂરીના છે-"**અકલ્યરણકારિણી નિન્દા છે.**" આ ઉપરથી નિન્દા કરવી નહિં, કરાવવી નહિં, કરનારાઓની અનુમોદના કરવી નહિ, અને નિન્દા શ્રવણ કરવામાં કર્ણયુગલને નિર્માલ્ય નિન્દારૂપ નિન્દિત-કાર્યોથી નવસો કોષ દૂર રાખવાની જરૂર છે.

૭૦-સર્વસ્વ-સમર્પણ અંગે.

૧. **સર્વસ્વ સમર્પણ કરીને** પરમપદે પહોંચવાના ભગીરથ પ્રયત્ન કરવાવાળા શ્રમણ-ભગવંતો ઘનઘાતિ-કર્મના ઘેરાં-પાણીને પણ ઉલ્લંઘે છે.

૨. કામ-ભોગની વિષમ વાસનાના વસમા-માર્ગમાંથી નીકળીને **સર્વસ્વ-સમર્પણ કરનારાઓ** કેવળ જ્ઞાનના કાંઠે પહોંચી શકે છે.

૩. સંસાર-સમુદ્રથી તારનારી, બ્હાર કાઢનારી, પાર ઉતારનારી; અને સહિ-સલામત-અવ્યાબાધ-અચળ-સ્થાને સ્થિત કરનારી **સર્વસ્વ-સમર્પણ કરવા પૂર્વકની** આરાધના છે.

૪. તરવાની કળામાં અધુરા-આરાધકો સર્વસ્વ સમર્પણની કળામાં નિષ્ણાત બને છે, ત્યારેજ તારનારી આરાધના ઇષ્ટ સિદ્ધિ ફલ દેનારી બને છે.

૫. આરાધ્ય ભગવંતોની વાસ્તવિક-ઓળખ વગર આરાધકો આરાધનાને બદલે વિરાધનામાં ઉતરી જાય છે, તેમાં **સર્વસ્વ-સમર્પણની** સદ્પ્રવૃત્તિમાં મંદતા એ મુખ્ય કારણરૂપ છે.

૬. કર્મ-શત્રુની સધળીએ વ્યૂહ વ્યવસ્થાનું ભેદન કરવાનું સુંદરતમ-સૌભાગ્ય **સર્વસ્વ-સમર્પણના** સુંદર ભાવથી થયેલા સિંહવૃત્તિધર-સજ્જનોનેજ પ્રાપ્ત થાય છે.

૭. **'નમિઊણ'** આદિ પદોના ઉચ્ચારમાં અને તદ્ગત નામનાદિ ક્રિયા કરવામાં સદ્ભાવ પૂર્વકનો **સર્વસ્વ-સમર્પણ** ભાવ ઇષ્ટ સિદ્ધિનો સાધક બને છે.

૮. **સર્વસ્વ-સમર્પણના** ભાવને સર્વાંશે સમજનારાઓ અને સર્વાંશે વર્તનારાઓ આરાધ્ય ભગવંતો પ્રત્યે અખંડ પ્રેમ પ્રકટાવી શકે છે, ટકાવી શકે છે, અને ઉત્તરોત્તર તે પ્રેમને પરિપૂર્ણ વૃદ્ધિ કરીને ઇષ્ટ સ્થાને પહોંચવામાં તેજ પ્રેમને પ્રબળ-પ્રેરક બનાવી શકે છે

૯. સર્વસ્વ-સમર્પણના સદ્ભાવથી ભાવિત થયેલા ભાવુકોના ભવ્ય-હૃદયાબ્ધિમાં ઓટ વગરની ભરતીના ભવ્ય તરંગો (આરાધના સંબંધિના) અસ્ખલિત પણે ઉભરાયાં કરે છે.

૧૦. આરાધ્ય અને આરાધક વચ્ચેના અગમ્ય ભેદને ભેદનારી સર્વસ્વ-સમર્પણ પૂર્વકની આરાધનાઓ છે.

૧૧. ચિત્તનું વાસ્તવિક મુંડન થયા વગર સર્વસ્વ-સમર્પણ રૂપ સ્વયસેવક ભાવ સેંકડો ક્રોષ દૂર છે.

૧૨. મિથ્યાત્વાદિ મહા શત્રુઓને અને ક્રોધાદિ ક્રૂર-કર્મ-ચાંડાલોને સર્વથા હાંકી કાઢયા વગર ચિત્તમુંડન રૂપ સર્વસ્વ-સમર્પણની પ્રાપ્તિ દૂર છે.

૧૩. ચિત્તની પ્રસન્નતાનો પ્રકર્ષ પ્રબળવેગે વૃદ્ધિ પામતો હોય, અને તે ચિત્તની અપ્રસન્નતા થવાનાં તથા અપ્રસન્નતા થવાનાં અનેક વિધ કારણોને ચિત્ત સ્પર્શન કરતુંજ ન હોય ત્યારેજ ધર્મનું અધિકારિપણું પ્રાપ્ત થાય છે.

૧૪. અપ્રસન્ન-ચિત્તવાળાઓ ધર્મના અધિકારી થઇ શકતાં નથી, તો પછી સર્વસ્વ સમર્પણની સૌરભની વાતજ શી ?

૧૫. સર્વસ્વ-સમર્પણ કરવાની સર્વોત્કૃષ્ટ ભાવનાઓને સફળ કરવાનો ધર્મ-યૌવનકાળ ચરમાવર્તમાંજ હોય છે.

૧૬. ભવસ્થિતિનો પરિપાક, દોષ દૂર કરવાની તમન્ના, અને ગુણદોષને હેય-ઉપાદેયના અવિહડ-નિશ્ચયથી જોવાની કિંમતી કળા ચરમાવર્તમાંજ પ્રાપ્ત થાય છે.

૧૭. ધર્મકરણીઓને યોગ્ય સર્વસ્વ-સમર્પણ કરવાનું ચિત્ત અનુકૂળ થવું એ ચરમાવર્તમાંજ હોય છે.

૧૮. ધર્મપ્રાપ્તિના, ટકાવના, વૃદ્ધિના સધળાંએ સામગ્રી સંયોગો ચરમાવર્તમાં પ્રાપ્ત થાય છે.

૧૯. શાસનના હિતમાં અને શાસનની પ્રભાવનામાં સર્વસ્વ-સમર્પણ કરૂં એવો અતિ અત્યંત રાગ અશુભ કર્મ તોડવામાં બહુ મદદગાર બને છે.

૨૦. સર્વસ્વ-સમર્પણ કરનારને શાસન પ્રત્યેનો પરિપૂર્ણ રાગ, અને લોક-વિરૂદ્ધ-કાર્યોના પરિહાર; એ બે પદાર્થ જીવનમાં પૂરેપૂરા પરિણમેલા હોવા જોઇએ.

૨૧. સર્વસ્વ-સમર્પણના સર્વોત્તમ-ભાવમાં ભાવિત-થનારાઓને સદ્‌ગુરૂઓનો સમાગમ સહેજે પ્રાપ્ત થાય છે, અને સફળ કાર્યવાહી આગળ વધે છે.

૨૨. સર્વસ્વ-સમર્પણના ભાવથી ભાવિત થયેલાઓ, અને સ્વયં-સેવકની દીક્ષાથી દિક્ષિત-થયેલાઓ પ્રત્યે નેહ ભર્યાં નયણે નિહાળીને હરકોઇ પરમ-પ્રમોદને અનુભવી શકે છે.

૨૩. સર્વસ્વ-સમર્પણના અમોઘ-કારણભૂત સ્વયં-સેવક દીક્ષાના અનુરાગમાં ૧ અવિહડ શ્રદ્ધા, ૨ વિઘ્નોનો અભાવ; અને ૩ ચિત્તની દાઢર્યતા એ ત્રણેની અવશ્યમેવ જરૂર છે.

૨૪. સર્વસ્વ-સમર્પણ કરનારને સ્વયં-સેવકપણાની દીક્ષા પ્રત્યેનો અનુરાગ છે, તેનું પરીક્ષણ કરવા માટેના પૂર્વે જણાવેલ ત્રણ લક્ષણો છે તે ધ્યાનમાં રાખો.

૨૫. સર્વસ્વ-સમર્પણ કરનારે લોક-વિરૂદ્ધ સાત કાર્યો કરવાંજ નહિં તે નીચે પ્રમાણે છે.

૧. સમસ્ત-જન-સમુદાયનો નિંદા થાય તેવું કાંઇ પણ કરવુંજ નહિં, કારણકે નિન્દા પામતો જન-સમુદાય નિન્દા કરનાર પ્રત્યે વિરૂદ્ધ થાય છે.

૨. દર્શન જ્ઞાન-ચારિત્ર આદિ ગુણ ગણના ભંડાર-શાસન-માન્ય-પ્રભાવિક-આચાર્ય-ઉપાધ્યાય, અને શ્રમણ-ભગવંતોની પણ નિન્દા કરવી નહિં, કારણકે ગુણગણના રત્નાકર-મહાત્માઓ પ્રત્યે મોટો જનસમુદાય ગુણ ગણાનો પક્ષપાતી હોય છે.

૩. સરળ-બુદ્ધિવાળા-જીવો પોત પોતાની બુદ્ધિથી સર્વજ્ઞભાષિત-અનુષ્ઠાનનું સેવન કરતાં હોય તેવાઓની હાંસી કે મશ્કરી કરવીજ નહિં, અને વાત વાતમાં તેઓને સંભળાવી દેવું કે " આ બિચારાઓને કોઇ ધૂર્તોએ પકડાવી દીધું છે " આવાં શબ્દોદ્વારા ધર્મ-કરણી-કરવાવાળાં ઋજુ-જન-સમુદાયની પણ હાંસી કરવી નહિં.

૪. બહુ-જન-સમુદાય સાથે અનેકવિધ-અપકારાદિ કૃત્યો કરીને, જેણે જેણે વિરોધ કર્યો હોય તેવાં વિરોધિયો સાથે સમાગમ-સંબધ-હેવડ-દેવડ વિગેરે રાખવાં નહિં.

૫ દેશ-નગર-ગ્રામ-જ્ઞાતિ-કુલાદિના આચારથી વિરૂદ્ધ કર્યું હોય, અથવા આચારોનું ઉલ્લંઘન કર્યું હોય; તેવાઓ સાથે સંપર્ક આદિ સાધવો નહિં.

૬. ગંભીરતા ગુમાવીને દેશ કાલ-વય-વૈભવને નહિં છાજે એવાં વસ્ત્ર પુષ્પાદિ ભોગ સામગ્રીઓ વડે કરાતાં દેહ-સત્કારાદિમાં ધનનો વ્યય કરીને, ગંભીરતા ગુમાવીને વિવેકિ-જન સમુદાય સમક્ષ નિરંકુશપણે પોતાની પ્રશંસાઓનું પ્રકાશન કરવું નહિં.

૭. શાસન-માન્ય ગુણગણના ભંડાર આત્માઓને આવી પડેલ આપદાઓનું અવલોકન કરીને હૃદયમાં સંતોષ પામવો, અને આપત્તિમાં આવી પડેલા સાધુ-સાધ્વીઓનું રક્ષણ કરી શકાય તેવાં બલ-વીર્ય પરાક્રમ-સાધન-સામગ્રી સંયોગો હોવા છતાં પણ રક્ષણ ન કરવું; તે ઉચીત નથી.

૨૬. સર્વસ્વ-સમપર્ણ કરનાર દીક્ષાર્થિ-જીવો પણ સમ્યગજ્ઞાન, અને સમ્યગ્ અનુષ્ઠાનસંપન્ન-સદ્‌ગુરૂવર્ય-સુંદર-ગુરૂનો સંબંધ થયા વગર ભાવિહિત સાધી શકતાં જ નથી.

૨૭. નિદ્રાધીન-થયેલા જીવોને સર્પ-શ્વાપદોથી બચાવવાની જરૂર, અગાધપાણીમાં ડુબતાઓને તારવાની જરૂર, જાજવલ્યમાન અગ્નિની અખંડ જ્વાળાઓમાં ફસાઇ ગયેલાઓને સહિસલામત બહાર કાઢવાની જરૂર અને ઉંડી ખાઇમાં પટકાઇ પડેલાઓને ઉગારવાની જરૂર જેવી રીતે સ્વીકારવામાં આવેલી છે; તેવીજ

રીતિએ ભયંકર-ભવાટવીમાંથી નીકળવાની તમન્નાવાળાઓને, અને સર્વસ્વ સમર્પણ કરવાની ભાવના-વાળાઓને સહિસલામત સ્થાને નિર્વિઘ્ને પહોચી શકે તેવું સંરક્ષણ આપવાની અનિવાર્ય જરૂરીઆત સદ્‌ગુરૂવર્યોએ સ્વીકારેલી છે.

૨૮. સર્વસ્વ-સમર્પણ કરનાર સ્વયંસેવકપણાની દીક્ષા લઇને આરાધના કરશે કે વિરાધના ?. તેની પરીક્ષા કરવાનો વિધિ સદ્‌ગુરૂઓની જાણ બહાર હોતો નથી.

૨૯. સર્વસ્વ-સમર્પણ કરનારાઓની શુભગતિ થશે કે અશુભ ગતિ થશે ?, તેનો નિર્ણય આરાધનાના અને વિરાધનાના પ્રસંગોનું પર્યાલોચન કરીને સદ્‌ગુરૂઓ નક્કી કરે છે.

૩૦. સર્વસ્વ સમર્પણ કરવાની તીવ્ર ઉત્કંઠાવાળાને સ્વયંસેવકપણાની દીક્ષા આપવામાં પણ યોગ્યતાનો, અને અયોગ્યતાનો નિર્ણય સદ્‌ગુરૂવર્યો કરે છે.

૩૧. સર્વસ્વ-સમર્પણ કરવાનું સુંદર-અભિલાષિપણું પ્રાપ્ત થયાં છતાં, પણ અયોગ્ય થયેલા ભાવુકોને તે અવસરે સ્વયંસેવકપણાની દીક્ષા અપાતી નથી.

૩૨. સર્વસ્વ-સમર્પણ કરનારને સમ્યગ્-દર્શનનું આરોપણ કરવું કરાવવું તેજ સ્વયંસેવકપણાની દીક્ષાનો વિધિ ક્રમ છે.

૩૩. સ્વયંસેવકની દીક્ષામાં નવાંગી-વૃત્તિકાર-શ્રીઅભયદેવસૂરીશ્વરજી સ્પષ્ટ કરતાં જણાવે છે કે-

दर्शनमिति सम्यग्दर्शनं तस्यारोपणीयं, एतदारोपणमेव च दीक्षोच्यते ।

આ ઉપરથી સ્વયંસેવકની દીક્ષાને અને સર્વવિરતિધરની દીક્ષાને સેંકડો કોષોનું અંતર છે, એ અત્ર પ્રાસંગિક-વિચારણીય છે.

૩૪. સ્વયંસેવકની દીક્ષામાં સમ્યક્‌દર્શનના આરોપણમાં નીચે જણાવેલ ભાવોનું આરોપણ કરાય છે. હે ભગવંત ! હું આપની સમીપે મિથ્યાત્વને અને મિથ્યાત્વના જે જે કારણોને પૂર્વે સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, અને અનુમોદ્યાં હોય તે તે સર્વેને પ્રતિક્રમું છું; અર્થાત્ આત્મ-સાક્ષિએ નિન્દુ છું. એટલુંજ નહિં પણ આજથી હવે અન્ય-તીર્થિકોના દેવોને. અન્ય તીર્થિકોના દેવોને, અને અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલાં અરિહંતોના ચૈત્યોને વન્દન-નમસ્કાર-આલાપ-સંલાપાદિ કરીશ નહિં.

૩૫. સ્વયંસેવકોને સમ્યગ્‌દર્શનના આરોપણ અવસરે છ પ્રકારની છૂટ અપાય છે, તે આ પ્રમાણે છે— ૧ રાજાના હુકમથી, ૨ બલવત્તર-સમુદાયના કહેવાથી, ૩ દેવતાઓના આદેશથી, ૪ વડીલોની આજ્ઞાથી, ૫ ચૌરાદિના બળાત્કારથી, અને ૬ આજીવિકા દુભાતી હોય; આ છ પ્રકારોની છૂટ આપીને સમ્યગ્‌દર્શનનું આરોપણ કરાય છે, અને પ્રસંગે પ્રસંગે તે છૂટનું સેવન કરવા છતાં, આરોપણ કરેલાં સમ્યગ્‌દર્શનની પાલનામાં લેશભર વાંધો તે સ્વયંસેવકને આવતો નથી; એ આ છ છૂટનો પરમાર્થ છે.

૩૬. સ્વયંસેવકે આ આરોપણ સ્વીકાર્યું છે, તે સારૂં આશીર્વાદપૂર્વક શ્રી સદ્‌ગુરૂવર્ય વાસક્ષેપ નાંખે છે— આશીર્વાદ આ પ્રમાણે છે— **'नित्थारग पारगाहोह,' गुरुगुणेहिं वुड्ढिज्जा'** આ બે આશીર્વાદ-દ્વારાએ જણાવે છે કે ' તું સંસાર-સમુદ્ર પાર પામવાવાળો થા', અને 'આત્મહિતકર વિશિષ્ટ ગુણોએ કરીને વૃદ્ધિ પામવાવાળો થા.'

૭૧-સર્વજ્ઞનો સદુપદેશ.

સાડા-છસ્સર વર્ષ સુધી છ ખંડ સાધીને આવેલ **પ્રથમ ચક્રવર્તિ-શ્રી ભરત-મહારાજા** પોતાના

ભાઇઓને આજ્ઞા માનવાનું કહેણ મોકલે છે. આ કહેણ શ્રવણ કરવાની સાથેજ ૯૮ ભાઈઓ તે ઋષભદેવનાના પુત્રો અવસર-ઉચિત સલાહ લેવા સાથે મળીને પોતાના સાંસારિક-પિતા અને વર્તમાનકાલના **પ્રથમ તીર્થંકર સર્વજ્ઞ શ્રીઋષભદેવ** પાસે સલાહ લેવા જાય છે. આવેલા પુત્રો પ્રસંગને જણાવીને, ભગવંતને પૂછે છે કે હે ભગવંત! અમારે શું કરવું?, આ પ્રશ્નના ઉત્તરમાં અંગારદાહકનું દૃષ્ટાંત પ્રતિપાદન કરીને જણાવ્યું કે જગત્-ભરના સર્વ જીવો ભોગના સાધનો પ્રાપ્ત કરવાની, અને તે તે સાધનદ્વારાએ ભોગો ભોગવવાની તીવ્રતમ-ઇચ્છાઓથી અતિ-કષ્ટે કરીને પણ વિરામ પામતાંજ નથી. એટલુંજ નહિં પણ જ્ઞાન-દર્શન ચારિત્રના અનેકવિધ અનુષ્ઠાનોની આરાધના વગરના જીવો ભાવ-નિદ્રાને આધીન થઈને પોતાનું સર્વસ્વ ગુમાવી રહેલા છે. ભોગના સાધનો પ્રાપ્ત કરવાની, પ્રાપ્ત થયેલા ભોગના સાધનો ટકાવવાની, વધારવાની, અને ભોગવવાની ભયંકર-દુઃખદાયિ ઘોર નિદ્રાને દુર કરીને પુત્રોને ઉદ્દેશીને નીચેનો સદ્બોધ ભગવંત શ્રવણ કરાવે છે.

संबुज्झह किं न बुज्झह ?, संबोहि खलु पेच्च दुल्लहा।
णो हूवमणंति राइओ, नो सुलभं पुणरावि जीवियं ॥१॥

ભાવાર્થઃ— હે પુત્રો ! તમે જાગો ! કેમ તમે જાગતાં નથી ?, એટલે સાનુકૂળ-સાધન-સામગ્રી-સંયોગયુકત મનુષ્યભવ પામીને, ભોગ સામગ્રી આદિ છોડીને; સદ્ધર્મમાં ઉદ્યમ કરો મરણ પામીને પરલોકમાં ગયેલાને આ દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ રૂપ બોધ પ્રાપ્ત કરવો, તે નિયમા અતિ અત્યંત દુર્લભ છે. ગયેલી રાત્રિઓ પાછી પ્રાપ્ત થતી નથી, અને સંસારમાં સંયમ-પ્રધાન-જીવિત ફરી પ્રાપ્ત થવું તે સુલભ નથી, માટે સર્વજ્ઞ ભગવંતનો આ સદુપદેશ વાંચન-મનન-પરિશીલન કરીને સર્વ કોઇને કૃતાર્થ થવાની જરૂર છે. [શ્રી સૂત્રકૃતાંગસૂત્રે-પ્રથમાધ્યયને-પ્રથમે ઉદ્દેશક-પ્રથમ-સૂત્ર]

---

૭૨ "संबुज्झह किं न बुज्झह" ?,

દ્રવ્ય-નિદ્રાને આધીન થયેલા જીવો નિદ્રાવસ્થામાં મૃતપ્રાયઃ દશાનો અનુભવ કરે છે, સર્વનાશનો અનુભવ કરાવનારી આ નિદ્રા છે, અને તેથીજ જ્ઞાનિ-ભગવંતોએ—"સર્વઘાતિની નિદ્રા છે" એમ જણાવ્યું છે, એ અર્થસૂચક સિદ્ધાંતને જીવનમાં ઓતપ્રોત બનાવીને જાગૃત-જીવન જીવવું; એજ માનવ જીવનની સફલતા છે, સર્વદા પાવરધા બનેલાં પાંચે પ્રમાદોમાં નિદ્રા નામનો પ્રમાદ પ્રબળ અને ભયંકર કાર્યવાહી કરનાર સાહસિક હોવા છતાં પણ ચૌદ-પૂર્વધર-ભગવાન્- શ્રીભદ્રબાહુસ્વામીજી શ્રીસૂત્રકૃતાંગસૂત્રની નિર્યુક્તિમાં જણાવે છે કે—

"દર્શન-જ્ઞાન-તપ-સંજમની આરાધના વગરનું જીવન જીવવું એજ ભાવનિદ્રાધીનપણું છે." ભાવ-નિદ્રાધીનપણામાં ભાવનિદ્રા નામનો સર્વોત્કૃષ્ટ-પ્રબળ-પ્રમાદ આત્મિકધન લૂંટવામાં સર્વદા પાવરધા બનેલ હોવાથી, સમગ્ર સામગ્રી-સાધન-સંયોગોથી ભરપૂર માનવ જીવન પામેલાં માનવીઓને ઘોળે દહાડે લુંટી રહ્યો છે; છતાં અવિવેકની અવિરત-આંધીને અંતઃ સમય સુધી સમજી શકાતી નથી, એજ અવિવેકની અવિરત-આંધીની પરાકાષ્ટા છે.

અનેકવિધ-ભયપ્રદ-ભાવનિદ્રામાંથી વિવેકિયોને સદુપદેશદ્વારા પ્રબળ પ્રયત્ને જગાડી શકાય છે, તેથી સૂત્રકૃતાંગના બીજા વૈતાલીય નામના અધ્યાયના પ્રથમ-ઉદ્દેશાના પ્રથમ સૂત્રના પ્રારંભમાં પ્રાંતસ્મરણીય-પૂજ્યપાદ-શ્રીસૂત્રકારે— "**संबुज्झह किं न बुज्झह**" એ કીધું છે તે ભવ્યાત્માઓ માટે અતીવ લાભ-દાયિ અને અર્થસૂચક હિત-સૂચન છે સૂતેલાઓને જગાડવા માટેનો આ સ્તુત્ય પ્રયાસ છે, "તમે જાગો,

તમે કેમ જાગતાં નથી" એમ કહીને, સંસારની સઘળીએ આળ પંપાળ મુકીને, આધિ-વ્યાધિ-ઉપાધિઓના અનેકવિધ-અહિતકર ચક્રાવામાંથી બહાર આવીને, અને જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ધર્માનુષ્ઠાનની સેવનામાં ઉજમાળ થાઓ, એજ વાસ્તવિક જાગ્રતદશા છે, અધોરી જાવાની ઉંઘની જેમ પ્રમાદીઓ સર્વસ્વ ગુમાવે છે, માટે "તમે જાગો, તમે કેમ જાગતાં નથી." એ આ સૂત્રનો પરમાર્થ છે.

૭૬-વાસ્તવિક-વિજય-પ્રાપ્તિ.

विसएसु इंदिआइं रुभेंत्ता रागदोसनिमुक्का ।
पावंति निव्वुइसुहं कुम्मुव्व मयंगदहसोक्खं ॥१॥

ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયો, અને તેના બસો બાવન વિકારોમાં બ્હેકી ગયેલી પાંચે ઇન્દ્રિયો પર વિજય મેળવનારાઓ, અને રાગદ્વેષથી વિરામ પામેલાઓ, મૃતગંગાહ્રદના સુખને પામનારા કાચબાની જેમ મોક્ષ-સુખને પામે છે. વિશેષતઃ જાણવાની ઇચ્છાવાળાઓએ **શ્રીજ્ઞાતાજી-સૂત્રમાં** કૂર્મ નામના ચોથા અધ્યયની વૃત્તિનું અભ્યાસકે વાંચન-મનન-પરિશીલન કરીને કૃતાર્થ થવું.

૭૪-સારભૂત-રહસ્ય-સુધા.

દુર્લભ એવું મનુષ્ય જીવન પામીને, મનુષ્ય જીવનને સફળ કરી શકાય એવાં સઘળાં સાધન-સામગ્રી-સંયોગો પામીને, અને સાથે સાથે જૈન શાસન-માન્ય-પામવા લાયક પરમ કલ્યાણકારિ-શાસ્ત્ર-શ્રવણ-શ્રદ્ધા અને વિવેકપૂર્વક સંયમ માર્ગે અવિરત કૂચ કરવાનું પ્રાપ્ત કરીને જેઓ સંવર-નિર્જરાપૂર્વક આગળ વધ્યા છે, અને વધે છે, અને વધશે તેઓજ પ્રાતસ્મરણીય છે, પરમ વન્દનીય છે, અને પરમ પૂજનીય છે; એ સદા સ્મૃતિપટમાં સ્થિર કરવા જેવું છે; ઉપર પ્રમાણેનું જીવન જીવનારાઓના અને અનુમોદન કરનારાઓના હૃદયમાં જૈન-શાસનનું **સારભૂત-રહસ્ય-સુધા** રોમે રોમમાં પ્રસરી રહેલું છે. તે **સારભૂત-રહસ્ય-સુધાનું** આસ્વાદન સકળસંઘ શ્રી પર્વાધિરાજ-પર્યુષણાની પરિસમાપ્તિમાં કરે છે, નીચે જણાવેલ તે **સારભૂત-રહસ્ય-સુધાનું** આસ્વાદન શ્વાસોશ્વાસની જેમ અથવા તો પોતાના નામની જેમ થઈ જવું જોઇએ. આ પુનિત પ્રસંગનું સમર્થન કરતાં ચૌદ **પૂર્વધર**-શ્રી ભદ્રબાહુસ્વામિજી શ્રી આરસાસૂત્રની સામાચારી-પ્રકરણમાં આ રીતે જણાવે છે:—

"खमियव्वं, खमावियव्वं, उवसमियव्वं, उवसमावियव्वं, सुमइसंपुच्छणाबहुलेणं होयव्वं। तस्स अत्थि आराहणा, जो न उवसमइ तत्थ नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं; से किमाहु भंते?, उवसमसारं खु सामण्णं ॥"

ભાવાર્થ:-પોતાને બીજા અપરાધિઓના અપરાધને ખમવા લાયક છે, બીજા પ્રત્યે પોતાને ખમાવવા લાયક છે, પોતે ઉપશાંત થવા લાયક છે, બીજા પ્રત્યે પોતાને પણ ઉપશાંત થવા લાયક છે; અને સદ્બુદ્ધિપૂર્વકની સુવિવેકભરી પૃચ્છા પણ ખમવા-ખમાવવાદિના અવસરે જરૂર વર્તવીજ જોઇએ. જે કોઈ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ઉપશાંત થાય છે, **તેને આરાધના થાય છે**, અને ચતુર્વિધ-સંઘની જે કોઇ વ્યક્તિ ઉપશાંત થતીજ નથી **તેને આરાધના થતીજ નથી**; તે માટે **"આત્માએ ઉપશાન્ત થવુંજ જોઇએ" આ શાસન-માન્ય-સિદ્ધાન્ત છે.** હે ભગવન્ત ! ઉપર જણાવેલ સિદ્ધાન્ત કેમ કહેવાય છે ?, શિષ્યે પૂછેલા આ પ્રશ્નના ઉત્તરમાં જણાવાય છે કે **"ઉપશમ સારભુત જીવન જીવવુ એજ સાધુપણું છે"**

સુધા-વર્ષા.

નોંધઃ–શ્રીસિદ્ધચક્ર–માસિકના ટાઇટલ પેજ પર આવેલા સુધામય વાક્યોનો સંચય અત્ર અપાય છે. આ કોલમની શરૂઆત પ્રથમતઃ **પૂ. પંન્યાસ–પ્રવર–શ્રીચન્દ્ર-સાગરજી** ગણીન્દ્રે "**આગમોદ્ધારકની ઉપાસનામાંથી**" એ હેડીંગથી શરૂ કરેલી હતી, ત્યાર પછી તેજ સુધામય વાક્યોનો સંચય "**સુધા–વર્ષા**"ના હેડીંગથી તેઓશ્રી તરફથી શરૂ થયો હતો; અને ચાલુ છે તે અત્ર ક્રમશઃ અપાય છે.

લિ૦ પ્રકાશક.

૧. કસોટીપર સોનાનો કશ નક્કી કરાય છે, તેવી રીતે વીતરાગના વચન પર વિચાર–ધર્મ, અને વર્તન–ધર્મનો નિર્ણય થાય છે.

૨. દુકાળમાં અનાજની મોંઘવારી, લડાઈના જમાનામાં સુકાળ હોવા છતાં રેશનીંગ–કંટ્રોલ આદિ નિયમોથી દરેક ચીજની દુકાળની જેવી મોંઘવારી હોય છે; પરંતુ મોંઘા માનવ-જીવનમાં કુરસદની મોંઘવારી સર્વદા ચાલુ છે એ ધ્યાનમાં રાખો.

૩. જન્મીને મરણ પામીયે ત્યાં સુધીમાં પુરસદની સોંઘવારી થાય એમ લાગે છે ખરૂં ?

૪. સંપૂર્ણ–સામગ્રી–સાધનો, અને સંયોગો મળ્યા છતાંય સદુપયોગ નથી થતો, એજ આત્માને વાસ્તવિક અર્થીપણું સમજાયું નથી; એ વાતને હૃદયપટ પર લખો.

૫. 'મળેલી અને મેળવાતી સમગ્ર–સામગ્રીઓ છોડવી પડશેજ' એ નિર્ણયમાં શંકા નથી, તો પછી સફળતાના પંથે વિહરવામાં નિરૂદ્યમી કેમ રહો છો ?; એ સમજાય છે ?

૬. મૂકવા લાયકની ચીજને મૂકવા લાયકની ન જાણે તે માનવ નથી, પણ હેવાન છે.

૭. મૂકવા માટેનો ઉદ્યમ ચાલુ છે, કે લઈ જવાનો ઉદ્યમ ચાલુ છે એટલું સમજતા શીખો.

૮. જવા બેઠેલું આયુષ્ય કોઈથી પણ રોકી શકાતું નથીજ એ સમજી રાખજો.

૯. જવા બેઠેલ આયુષ્યનો સદુપયોગ કરવો તેજ ખરી માનવતા છે.

૧૦. શરૂ રહેલા ગંગાના પ્રવાહની જેમ જવા બેઠેલા આયુષ્યનો ભાગ્યશાળીઓજ સદુપયોગ કરી શકે છે.

૧૧. અમેરિકામાં સુવર્ણની નિકાશનો પ્રતિબંધ છે, પરંતુ કર્મરાજાની સત્તામાં રહેલ માનવીને પરલોક જતાં શાના શાના પ્રતિબંધ છે?, તે સમજાતું નથી.

૧૨. વાલ સોનાના કષ-તાપ-છેદને જાણી શકે છે, તે જગતભરના સોનાના અવસરે પરખી શકે છે; તેવી રીતે ધર્મના એક અંશને તપાસવાવાળો જગતભરના ધર્મ-ધર્મી અને ધર્મના સાધનની જરૂર પરીક્ષા કરી શકે છે.

૧૩. યાદ રાખવું જોઈએ કે શરીર, ઇન્દ્રિયો, વિષય-વિકારના સાધનો, સ્થાવર-જંગમ-મિલકત, સગાં-સંબંધિઓ; અને પુત્ર-પરિવારાદિની નિકાશ કરવાનો શાશ્વત પ્રતિબંધ કર્મસત્તાએ સર્વત્ર-સર્વદા-સર્વથા જાહેર કર્યો છે.

૧૪. મૂકી જવા લાયકની ચીજો માટે રાત્રિ-દિવસની મજુરી ચાલુ છે, અને લઈ જવા લાયકની ચીજ માટે ઘડીભરની ફુરસદ નથી; તો સરવાળે શું ?

૧૫. વિખવાદ, વેર-ઝેર અને શંકાના સામ્રાજ્યમાં શાંતિના સાદા સૂર પણ સંભળાતા નથી.

૧૬. આત્માને અધઃપતન કરાવનારી ચીજોની પૂર્તિ માટે ઠામ ઠામ યંત્રવાદ આગળ ધપે છે, પરન્તુ આત્માનું દિન-પ્રતિદિન ઉચ્ચ ગમન થાય તેવા સાચા યંત્રવાદની આજે જરૂર છે એ પણ કહેવાતા-જૈનોને સમજાતું નથી.

૧૭. વીતરાગની વાણી સાંભળવા આવેલાને સંભળાવી દીધું કે-"पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ।" સાંભળનારા સંતોષ પામી ઘેર જતાં જતાં વાતો કરે છે કે, વાહ! કેવો આશિર્વાદ! પાંચે પરમેષ્ઠિઓ દરરોજ તમારૂં મંગલ કરો..

૧૮. પૂછનાર પૂછે છે કે પરમેષ્ઠિ પદમાં બિરાજમાન પરમેષ્ઠિઓ કંઈ દેતા નથી, અને લેતા નથી; તો પછી આપનાર કોણ?, અર્થાત્ મંગલ કરનાર કોણ?; તે સમજી રાખો.

૧૯. બીજો પૂછનારો પૂછે છે કે બ્રાહ્મણનો આશિર્વાદ બ્રાહ્મણને ફળતો નથી, અને સાંભળનારને પણ ફળતો નથી તો શું તમારો આશિર્વાદ તેવો તો નથી ને!

૨૦. ત્રીજો પૂછે છે કે આશિર્વાદ દેનારને ભલે આશિર્વાદ ફળતો ન હોય, પરન્તુ સાંભળવા સાથે સમજાતું હોય કે જેના નામે આશિર્વાદ દેવાયો છે, તે આશાભી તુરત દઈ દે એવો છે; આટલું એ આશિર્વાદમાં પણ નથી.

૨૧. ચોથો કહેછે કે મુમ્બાપુરી જેવી નગરીમાં ધનાર્થિ-માણસને એક જણે કહી દીધું કે ધનની જરૂર હોય તો ધનવાનના બંગલે ચાલ્યા જાઓ એ વાત સાંભળીને જવા નીકળ્યો. રસ્તામાં ચાલતાં વિચાર થયો કે કયા ધનવાનને ત્યાં જવું ?, તે કીધું નહિ, અને તે ધનવાનનું ઠામ-ઠેકાણું કયું ?, તે પણ બતાવ્યું નહિ; તોપછી કયાં જઈ ઊભા રહેવું ?, આવી મુંઝવણમાં મુંઝાઈને નિરાશ થઈ ગયો. તેવી રીતે મંગળના અર્થિઓ માટે પંચ-પરમેષ્ઠિઓ બતાવી દીધા. પરન્તુ મુમ્બાપુરીના માપ્યાક્ષેત્રમાં માણસ મુંઝાઇ જાય તો પછી આપના આશિર્વાદમાં તો વિશાળ ક્ષેત્ર, અસંખ્ય નામો, અને અગણિત આકારોમાં; અમે તો મુંઝાઇએ તેમાં નવાઇ શી ?

૨૨. શી મુંઝવણ થઈ ?, તે જુઓ પંચ-પરમેષ્ઠિ પદમાં પાંચ પદ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આ પાંચની ભૂતકાળ-ભવિષ્યકાળ અને, વર્તમાન-કાળની વિચારણા કરીએ, અને સાથે ક્ષેત્રોની અને નામની તથા તે દરેકના આકારની અવસ્થાની વિચારણા કરીએ તો અમારી મુંઝવણનો પાર જ રહેતો નથી.

૨૩. ઉપરની મુંઝવણ સંક્ષેપમાં બતાવી. પરન્તુ વિસ્તારથી સમજવા બેસો તો અઢી દ્વીપમાં વર્તમાનકાળે તીર્થંકરો કેટલા હતાં ?, ભૂતકાળમાં અનંતી-ચોવિશીઓ થઇ ગઈ તે બધી ચોવિશીઓના અરિહંતો કેટલા ?, અને ભવિષ્યમાં અનંતીના અનંત ઝુમખામાં અરિહંતો કેટલા આવશે ?, તેવીજ રીતે સિદ્ધ-ભગવંતો, આચાર્ય-ભગવંતો, ઉપાધ્યાય-ભગવંતો અને સાધુ-ભગવંતો ત્રણે કાળના લો તો ગણત્રીનો પારજ રહેશે નહિ. વર્તમાન કાળે આજની જૈનેતર પ્રજાની નજરે ચઢેલી દુનીયાના મનુષ્યની ગણત્રી બેથી અઢી અબજ લગભગ થાય છે, જ્યારે મહા વિદેહમાં તો દસ ગુણા એટલે વીસ અબજ મુનિવરો છે.

આ બધું વિચારતાં આ બધામાંથી કોણ મંગળ કરશે ?, કોનો છેડો પકડવો ?, અને કોણ આવીને તારશે ?; આ બધું સમજાતું નથી. સાથે એ પણ નક્કી છે કે તરી ગએલા તારતા નથી, અને તરવા બેઠેલા હાથ ઝાલીને તારવામાં મદદ કરતા નથી, માટે આપશ્રીનો આશિર્વાદ શ્રવણને સુખદાયિ ભલે નીવડો, પણ અર્થ-જનક કે ફલદાયક તો નથીજ.

૨૪. હમારો આશિર્વાદ અર્થજનક છે, અને ફળદાયક પણ છે; સાંભળો તમારા જવાબો અનુક્રમે અપાય છે. પરમેષ્ઠિઓ દેતા નથી એ વાત સાચી છે, કારણ કે આરાધ્ય-કક્ષામાં રહેલાઓ દેજ નહિ તો પછી આરાધકને મંગળ કરનારી, કલ્યાણને વધારનારી અને પાર ઉતારનારી ચીજ કઇ ?, તો સમાધાનમાં સમજવું કે-**આરાધના.**

૨૫. આરાધકના આખાયે જીવનમાં સકલવિઘ્નોને વિનાશ-કરનારી, અને સકલ-સમિહિતને પૂરનારી અમોઘ ફલદાયિ ચીજ હોય તો **આરાધના** છે.

૨૬. બ્રાહ્મણનો આશિર્વાદ બ્રાહ્મણને ફળતો નથી, તેનું કારણ એ છે કે આશિર્વાદના પરમાર્થને પીછાણતો નથી. બ્રાહ્મણ બોલ્યો કે સોમવતી અગીઆરસ છે, બ્રાહ્મણનો આશિર્વાદ છે કે એક બ્રાહ્મણને અલ્પ કીંમતનું અલ્પ પ્રમાણમાં આપેલું એ 'વિષ્ણુને

બલ્કે અસંખ્ય બ્રાહ્મણને આપ્યાનું ફળ આપે છે.' આ બોલી ગયો અને લોટ ઉઘરાવી લાવ્યો, અને સાથે ઘી-સાકર પણ ભરી લાવ્યો. લાવેલી ચીજોને જમાવતો હતો, અને એવામાં પરદેશથી એક બ્રાહ્મણ આવ્યો અને કહેવા લાગ્યો કે બે દિવસનો ભૂખ્યો છું, માંગવાનો ટાઈમ પૂરો થયો છે, માટે ભટ્ટજી બશેર લોટ, પા શેર ઘી, અને પા શેર ખાંડ; ઉછીનું આપો. આવતી કાલે માંગવા જઇશ એટલે તમને તે બધું પાછું આપીશ. પાડોશમાં યજમાનો વસે છે છતાં હું શું બોલું છું એનું ભાન નહિ હોવાને લીધે પેલો બ્રાહ્મણ બોલ્યો કે આશિર્વાદ દઈને ઘાંટો તારા માટે બેસાડી દીધો નથી, માટે ચાલ્યો જા. બે દિવસ ભૂખ્યો રહ્યો તેમ એક દિવસ વધારે ભૂખ્યો રહે તેમાં શું મરી જવાનો છે. પરદેશી-બ્રાહ્મણે ઘણા કાલાવાલા કર્યાં, લોકો ભેગા થયાં અને વાત ખુલ્લી થઈ. લોકો કહેવા લાગ્યા કે માંગી લાવેલી ચીજદ્વારાએ આશિર્વાદનો પરમાર્થ સમજીને બ્રાહ્મણથી લાભ લેવાતો નથી, તો તે આશિર્વાદનો અર્થ શો?

આ ઉપરથી આશિર્વાદનો અર્થ પરમાર્થ ભલે બ્રાહ્મણ સમજતો ન હોય, પરન્તુ પરમેષ્ઠિઓના નામે આશિર્વાદ દેનારા આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ-ભગવંતો તો અર્થ સમજે છે માટે બ્રાહ્મણનો આશિર્વાદ ભલે બ્રાહ્મણને ફળે નહિ, પરન્તુ દેનાર અને શ્રવણ કરનાર પરમેષ્ઠિઓ અને શ્રાદ્ધવર્ગ બંન્નેને ફળે છે; અને તેથીજ તે અર્થજનક છે અને ફલદાયક છે.

૨૭. આશિર્વાદનો અર્થ અને પરમાર્થ સમજો. સાથે આશિર્વાદ જેના નામ સાથે સંકલાયેલો છે તે આરાધ્ય ભગવંતો અને આરાધકો વચ્ચે સંબંધ રાખનારી આરાધના એવી અનુપમ છે કે સમજવામાં આવ્યા પછી હવાઈ કલ્પનાના કિલ્લાઓ આપો આપ તૂટી જાય છે. આ સમાધાન કલ્પના માત્ર નથી, પણ શાસ્ત્ર-સંગત વિચારો છે; આ બીનાને શ્રવણ કરવાથી જરૂર ખાત્રી થશે.

૨૮. નમો અરિહંતાણં આદિ પાંચે પદોમાં તારનારી ચીજ નમો પદ છે. આરાધકના હૃદયમાં આરાધ્ય ભગવંતો પ્રત્યે હૃદય ત્રિકરણ વિશુધ્ધિએ નમસ્કારથી ઓતપ્રોત થઈ જાય તો જરૂર તે આરાધના આરાધકને તારનારી થાય. 'एसो पंच नमुक्कारो' એ નવકાર મંત્રમાં 'અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય; અને સાધુ' તારનાર નહિ પણ એ પાંચ પદના પાંચ નમસ્કાર સર્વ પાપનો નાશ કરનારા છે. આ ઉપરથી આરાધ્ય કક્ષામાં રહેલ ભગવંતો અને આરધકો વચ્ચેનો યથાર્થ ભેદભાવ સમજી જવાય છે અને તે પછી તે ભેદને ટાળવા માટે યથાર્થ નમસ્કાર આદિ આરાધના શરૂ થતાં આત્મા ઇષ્ટ સિદ્ધિને પામી શકે છે; તે નિઃસંદેહ વાત છે.

૨૯. વિજયના નશામાં ચકચૂર થયેલાઓને પરાજયના પરિણામ સમજાતાં નથી.

૩૦. પરાજયની પૂર્વ-પિઠિકાનું વાસ્તવિક-દર્શન પૂરાં પુણ્યવાનોનેજ થાય છે.

૩૧. યુદ્ધના કારમા મુખમાં ફળદ્રુપ પ્રદેશો, સંસ્કૃતિજનક-વર્ધક સ્મારકો, નિર્દોષ પ્રજાઓ, સબળ સૈનિકો; અને સિંહાસનો પણ અદ્રશ્ય થઈ ગયા છે અને થાય છે માટે યુદ્ધના

મૂળ કારણને તપાસવો એજ સાર્વત્રિક શાંતિનો સાચો માર્ગ છે.

૩૨. શાંતિના ઈચ્છકે વિગ્રહનો જન્મ થાય તેવાં કારણોને આધીન થવુંજ નહિ.

૩૩. વિજયનો ઉન્માદ એ પરાજયનું પહેલું પગથીયું છે, એ ભુલવા જેવું નથી.

૩૪. સદાકાળ રાત્રિ અને દિવસ એક સરખાં રહ્યાં નથી, અને રહેતાં પણ નથી; તેવી રીતે સદાકાળ સુખ અને દુઃખ પણ એક સરખાં નભ્યાં નથી, અને નભતાં નથી.

૩૫. અમાવાસ્યાની અંધારી રાત્રિના અંધકારમાં મુંઝાયેલાને પણ બાર કલાકે સૂર્યોદય દેખવા મળે છે, તેવી રીતે ગાઢ દુઃખમાં ઘેરાયેલા જીવોને પણ પુણ્યોદય થતાંજ સુખનો સૂર્ય જોવા મળે છે; એ બીના ધૈર્યવંતોના લક્ષ્ય બહાર નથી.

૩૬. સત્યવ્રત માટે સર્વસ્વ-સમર્પણ-કરનાર-સત્યવાદી-હરિશ્ચન્દ્ર પ્રત્યે આદર રાખનાર જીવોએ અસત્ય-વિરમણાદિ પાંચ મહાવ્રતોનું પાલન કરનારા શ્રમણ ભગવંતો પ્રત્યે તો અતિ આદર-બહુમાન કેળવવાં એજ કલ્યાણનો રાજમાર્ગ છે.

૩૭. સંપત્તિકાળમાં છકી જવું, અને આપત્તિકાળમાં દીન બનવું; એ વિવેકીઓ માટે ઉચિત-પ્રવૃત્તિ નથી.

૩૮. ઉદય પામતો અને અસ્ત પામતો સૂર્ય બન્ને અવસરે રકતતા તજતો નથી, તો તેજસ્વિ-પુરૂષોએ બન્ને કાળમાં એક સરખી પ્રવૃત્તિ રાખવી તેજ શ્રેયસ્કર છે.

૩૯. ઓરડામાં ગોંધાયલી બિલાડી જીવ પર આવીને પૂરનારની પૂરી ખબર લે છે, તેવી રીતે ગુન્હેગારને ગુન્હાની શિક્ષા આપતાં બૂબ સાવધાની રાખવાની જરૂર છે.

૪૦. પ્રાર્થના કરવામાં પાવરધા બનેલાઓને પણ પ્રાર્થનાના પૂરા મર્મ સમજાતા નથી.

૪૧. કુદરતના કાયદાનું મહત્વ સમજનારે પુણ્ય-પાપનો હિસાબ નકકી કરીને પછીજ પ્રવૃત્તિ શરૂ કરવી એજ વધુ હિતાવહ છે.

૪૨. નીચી કક્ષામાં રહેલા જીવોને કચડી નાંખવા, તેઓનું સર્વસ્વ લુંટી લેવું; એ દિલ કંપાવનારો અને ભાવિભયને નોંતરવાનો કિલષ્ટ પ્રસંગ છે તે ધ્યાનમાં રાખો.

૪૩. જવાનું ચોકકસ છે એ સમજતાં હો તો જગતના આશિર્વાદ સાથે જતાં શીખો.

૪૪. જીતાયેલી જીત હારમાં પૂરી જાય છે, અને નકકી થયેલી હાર જીતનું સ્વરૂપ પકડે છે; માટે પુણ્ય પાપની ઘટનાને વિચારો.

૪૫. સિકંદર, નેપોલીયન, કયસર, હીટલર કે મુસોલીની વિગેરે પણ ગયા, છતાં પણ તેઓ જગતનો આશિર્વાદ સાથે લઈ જતાં ન શીખ્યાં એ એમના જીવનમાં મહાન્ ખામી છે.

૪૬. રસગારવના રસિકોને અને શાતાગારવની શીતળતામાં લુબ્ધ થએલાઓને ધર્મની વિચારણામાં પણ મૃષાવાદ બોલાય છે તેનું ભાન રહેતું જ નથી.

૪૭. ઋદ્ધિગારવના ગર્તામાં પડેલા મદોન્મત જીવો બીજાને તુચ્છ ગણે, અને સત્યને દ્વેષવટો દે એ નવાઇ નથી.

૪૮. ધર્મ-ક્રિયાના આળસુઓ ધર્મ ક્રિયાના ઉદ્યમીઓની હાંસી કરવામાં ડહાપણ સમજે છે.

૪૯. ધર્મ-ક્રિયા કરવામાં મંદ સંવેગિ-લોકો ધર્મની વિચારણામાં મૃષા બોલે છે, એ વાતને શાસ્ત્રકારો સ્પષ્ટ કરે છે.

૫૦. ગુણવાન્ પુરૂષોના ગુણોને આદર ન કરવા માટે આજે જગત્માં ષડ્યન્ત્રો ગોઠવવામાં જીવનની સાફલ્યતા મનાય છે.

૫૧. પાપના ઠેકેદારને 'પાપનું પરિણામ શું આવશે' ?, એ લેશભર સમજાતું નથી.

૫૨. ગારવવંત-ગર્વિષ્ઠ-જીવો ગુણ રહિત હોવા છતાં કીર્તિની વાંછનાવાળા હોય છે, અર્થાત્ વગર ગુણે ગુણવાન્ બનવાની ઇચ્છાવાળા હોય છે.

૫૩. દુનિયામાં કહેવાતા સમજુઓને ગર્ભાવાસના અનુભવેલાં દુઃખોની સમજણ સરખીએ નથી.

૫૪. 'હું રખડેલ છું' એ સાંભળવાની ઇચ્છા નથી, 'હું રખડું છું' એમ માનતા નથી, 'રખડવું' એ પસંદ નથી; અને રખડવાની કબુલાત કરતો નથી; છતાં આત્મા ચારે ગતિમાં રખડે છે શાથી; એ વિચારો ?

૫૫. ચાર ગતિના ચકડોળ પર ચઢેલો જીવ કર્મની કળના વેગે વધુ ચકરાવામાં ભમે એ નવાઈ નથી.

૫૬. કાર્યની ઉત્પત્તિ એ પસંદગીને આધીન નથી.

૫૭. નફાની પસંદગીવાળો વેપારી આવડતના અભાવે નુકશાનને અનુભવે છે, તન્દુરસ્તીની ઇચ્છાવાળો તન્દુરસ્તીના નિયમ વિરૂદ્ધ વર્તી રોગીપણાને અનુભવે છે, તેવી રીતે સુખ શાન્તિ અને આનન્દની ચાહનાવાળો જીવ આવડતના અભાવે દુઃખ, અશાન્તિ; અને શોકને અનુભવે તેમાં નવાઇ નથી.

૫૮. ઘાતિ કર્મની કારમી-કાર્યવાહીઓ પર વિજય મેળવવો એમાં જ સાચું જૈનત્વ છે.

૫૯. સંપૂર્ણ જ્ઞાની બનવાની ઇચ્છાવાળાએ પણ મોહનો વિજય કરવો જ પડશે.

૬૦. ચારિત્રવન્ત આત્માઓની, ચારિત્રની, અને ચારિત્રના સાધનોની ઠેકડી કરનારાઓ માટે કેવળજ્ઞાન તો કરોડો કોશ દૂર છે, એટલુંજ નહિ પણ સમ્યક્જ્ઞાનની યથાર્થતાને પિછાણવી એ પણ અતિ-અત્યન્ત દૂર છે.

૬૧. મમતા પાછળ માનવ જીવન વેડફી નાંખનારને સમતાની સાચી કિંમત સમજાતી નથી.

૬૨. મમતા પાછળ સર્વસ્વ સમર્પણ કરનારાઓ જે નથી પામી શકયા, તે સમતાની સામાન્ય સાચી કિંમત કરીને પામી શકયા છે; એ ધ્યાનમાં રાખો.

૬૩. જીવનભરની મમતા અને ક્ષણભરની સમતા એ બન્નેના ફરક, અને તે બન્નેની સાચી કિંમત કરતાં શીખો.

૬૪. ધર્મનું ફલ મેળવનારને ધર્મનું સ્વરૂપ સમજવું પડશે.

૬૫. દુનિયામાં પ્રાપ્ત થયેલ કિંમતી પદાર્થના રક્ષણ માટે સાધનની જરૂર છે, તેવી રીતે ધર્મની કિંમત-સમજનાર માટે અને પ્રાપ્ત થયેલ ધર્મને ટકાવવા માટે સાધનની અવશ્યમેવ જરૂર છે.

૬૬. ધર્મની કિંમત સમજનારાઓએ ધર્મના ફલને, સ્વરૂપને; અને સાધનને સમજવાં જોઈએ.

૬૭. જીતવું જેટલું સહેલું છે, તેના કરતાંયે તે જીતને પચાવવી ઘણીજ મુશ્કેલ છે.

૬૮. લુંટારાઓ લુંટના માલને સહેલાઇથી વહેંચી શકતા નથી.

૬૯. આધિ-વ્યાધિ-ઉપાધિ-જન્મ-જરા અને મરણની ગુંચોથી ગુંચાયલો આ સંસાર છે.

૭૦. વ્યવહાર કુશળ આત્માઓ વ્યવહારની ગુંચને ઉકેલી શકે છે, પણ સંસારની ગુંચને ઉકેલવા જતાં વધુને વધુ ગુંચાય છે એ આત્માની કમનશીબી છે !!!

૭૧. સમ્યકત્વના ઈજારદારોએ સમ્યકત્વ ધર્મને પિછાણ્યો નથી.

૭૨. સમ્યકત્વ એ સાકરનું પડીકું નથી, પણ આત્માનો વાસ્તવિક વિશુદ્ધ પરિણામ છે.

૭૩. પરિણામના પાકા પાયા પર આરૂઢ થયેલ પ્રવચનની ઈમારતો સદાય જયવન્તી છે.

૭૪. સમ્યકત્વની સાચી સમજ વગર મિથ્યાત્વની મુંઝવણ ટળતી નથી.

૭૫. કળા કરનારો મોર પુંઠના દર્શન કરાવે છે, તેમ સમ્યકત્વાભાસિઓ સમ્યકત્વાભાસની કળાદ્વારાએ નિરતિચાર મિથ્યાત્વના દિગ્દર્શન કરાવે તેમાં નવાઈ શી ?

૭૬. દેવાધિદેવનું દેવત્વ સ્વીકારનારને નામ-આકાર-ક્ષેત્ર-કાળ અવસ્થાદિના ઝઘડા પાલવતા નથી.

૭૭. શ્રમણ નિગ્રન્થ ભગવન્ત ગુરૂવર્યના ગુરૂત્વને પિછાણ્યા પછી ચ્હાય જે ક્ષેત્રના, ચ્હાય જે કાળના, અગર ચ્હાય જે અવસ્થામાં બિરાજમાન હોય તે તે સર્વ નિગ્રંથો પ્રત્યે એક સરખો આદરભાવ રાખવો ઘટે છે.

૭૮. શ્રમણ-નિગ્રંથ-ભગવન્તો, શ્રાદ્ધગુણ સંપન્ન શ્રમણોપાસકો અને સંવેગ-પાક્ષિકો આ ત્રણે સર્વજ્ઞ-કથિત-મોક્ષ-માર્ગના આરાધકો છે.

૭૯. જે નિર્ગુણીઓ ગુણગણના ભંડારોને નિન્દે છે, પોતાથી હલકા જણાવે છે, એટલુંજ નહિં પણ પોતાના સરિખા જણાવે છે તે આત્માઓ સમ્યકત્વના સારભૂત રહસ્યથી રહિત છે એમ કહેવું એજ યોગ્ય છે; અને આ વાતને શ્રી ધર્મદાસગણી સંમત થાય છે.

૮૦. સૂત્રથી અને પરંપરાથી વિરૂદ્ધ આચરનારાઓ વિવિધ માર્ગનો લોપ કરીને અવિધિના અવનવા ચાળાનું પ્રદર્શન કરાવે છે, એટલુંજ નહિ પણ નિબિડ-મિથ્યામતિપણાની જાહેરાત જગત્ સમક્ષ કરે છે.

૮૧. બીજાઓના દુર્ગુણો દેખવા જતાં પહેલાં આત્માએ પોતાના અવગુણોને નિરખવાની અવશ્યમેવ જરૂર છે.

૮૨. અંતઃકરણને વિશુદ્ધ કરનારી ચીજ વીતરાગની વાણી છે.

૮૩. સંસારિયોને અમૂલ્ય વસ્તુ સમર્પણ કરીને ઓછામાં ઓછી જરૂરીયાતોથી નભાવી લેનારા શ્રમણ-ભગવન્તોજ છે.

૮૪. નિસ્પૃહતાના નિર્મળ ભાવે, અને અકિંચનતાના અપૂર્વ તેજે સર્વસંપત્કરિ ભિક્ષા વૃત્તિપર જીવન જીવવું એજ શ્રમણ જીવનની સાર્થકતા છે.

૮૫. સુપાત્રદાન દેનારા શ્રમણોપાસકોએ અને ગ્રહણ કરનારા શ્રમણભગવન્તોએ અનુક્રમે દેવાની અને લેવાની મર્યાદાને સમજવી જોઇએ.

૮૬. દેવાની અને લેવાની મર્યાદાને પ્રસંગે 'મુધા દાયી મુધા જીવી' આ સૂત્રના ઐદંપર્યને સમજવાની જરૂર છે.

૮૭. સંવેગની સમરાંગણભૂમિમાં સંયમધારિ-સૈનિકો વિજયવરમાળને વરી શકે છે.

૮૮. સંવેગની સમરાંગણભૂમિમાં સરકેલા સંયમધારિયોને સંસારની ચારે ગતિમાં ભટકવુંજ પડે છે.

૮૯. પતિતોના પડતા આલંબનને જોનારાઓ અને પતિતોની જીવનચર્યાને શ્રવણ કરનારાઓ મંદસંવેગિઓ બને તેમાં આશ્ચર્ય નથી.

૯૦. ચડનારે ચઢવું છે તો પડનાર કેમ પડયો?, કેવી રીતે પડયો?, આ જગોએ આ પડયો કે પૂર્વે બીજે કોઈ પડયો હતો?; આવી પરિણામ પાડનારી પ્રશ્નાવળી ચઢનારને શોભતી નથી.

૯૧. સંયમસીઢી પર ચઢનારે તો ચઢનારના ચઢતા અવલંબનોને જોઇને, સાંભળીને; અને હૃદયમાં તે તે પ્રસંગોને ધારી ધારીનેજ ચઢવું એજ હિતાવાહ છે.

૯૨. ચઢેલા આત્માઓને પાડનારી ચીજ માન છે, માટે માન થવા પહેલાં સાવધાન થાઓ.

૯૩. કાંચળી ઉતારનારો સર્પ જેમ નિર્વિષ થયો છે એમ મનાતું નથી તો પછી નવવિધ પરિગ્રહ છુટયા માત્રથી અર્થાત્ ગૃહસ્થાશ્રમને છોડયા માત્રથી હવે સાધુને છોડવાનું કંઈ રહ્યું નથી એમ સમજશો નહિ.

૯૪. નવવિધ પરિગ્રહની પકડમાં પકડાયેલાને છુટવું જેટલું મુશ્કેલ છે, તેના કરતાંયે અભ્યંતર-પરિગ્રહની પૂરી પકડમાંથી છુટવું એ અત્યંત મુશ્કેલ છે.

૯૫. વંદના કરાનારો તરે છે, અને વંદના ઝીલનારો ડુબે છે એનો મર્મ સમજતાં શીખો.

૯૬. વંદના ઝીલવાના પ્રસંગે, અને વંદના પચાવવાના પ્રસંગે મદોન્મત્ત થનારાઓની દશા ઉલ્ટી દીન બને છે તે ધ્યાનમાં છે કે નહિ?

૯૭. ભરત ચક્રવર્તી વંદના કરે છે, અને ભગવાન્ મહાવીરનો જીવ-મરીચિ-વંદના ઝીલે છે. વંદના ઝીલીને પચાવવાના અવસરે અજીર્ણ થવાથી હરખે છે, નાચે છે અને કૂદે છે, પરિણામ એ આવ્યું કે નિંદનીય નીચ ગોત્રની ગહન ખાઈમાં ઉતરી જવું પડયું.

૯૮. શાસનના સંસ્થાપકો, સંચાલકો, પ્રભાવકો, અને પ્રાતઃસ્મરણીય શ્રમણ ભગવન્તો; તથા શ્રમણોપાસકો માટે કર્મસત્તાના અમલ એક સરખા છે.

૯૯. સ્મશાનની શય્યા પર રાજાના અને રંકના, વિદ્વાનના અને મૂર્ખના, બાલિકાના અને બાલકના, વૃદ્ધના અને યુવાનના; તથા પુરૂષના કે સ્ત્રીના શબ સરખાંજ છે.

૧૦૦. ગયેલું આયુષ્ય પાછું મળતું નથી, અને જવા બેઠેલું આયુષ્ય રોકી શકાતું નથી; તો પછી બાકી રહેલા આયુષ્યનો સદુપયોગ કેમ કરતા નથી?

૧૦૧. પાપને પાપ તરીકે સ્વીકારવું એ સુધરવાની સુંદર સડક છે.

૧૦૨. પાપને પાપ તરીકે સમજવામાં આવ્યા છતાં, પાપનો બચાવ કરવો એ પાપને વધુને વધુ દ્રઢીભૂત બનાવવાનો રાજમાર્ગ છે.

૧૦૩. પાપના પશ્ચાત્તાપ અવસરે પાપનો બચાવ કરનારાઓ સોમલના વઘારપૂર્વક કડવી-તુંબડીના શાકને ખાઈને જીવવાની કોશીશ કરે છે.

૧૦૪. પરનિન્દામાં પાવરધા બનેલાઓને પોતાની પર્વત જેવી ભયંકર ભૂલો પણ નજરે ચઢતી નથી.

૧૦૫. પારકાના દોષો દેખીને, અને પારકાની ચિન્તામાં પડેલાઓને પણ; જ્યારે પોતાના દોષો દેખીને પોતાનીજ ચિન્તા કરવી એજ હંમેશનો હિતમાર્ગ છે, આ વિચારણા ભાગ્યશાળિને આવે છે.

૧૦૬. અધિકાર બહારની વાતો કરનારાઓ સ્વ-પર હિતનું નુકશાન કરે તેમાં નવાઈ નથી.

૧૦૭. પરહિતચિન્તાની અને પરદોષ-દર્શનની વિચારણામાં વિવેકીઓ પણ ભૂલ થાપ ખાઈ જાય છે.

૧૦૮. આત્મઘાતક-કથાઓથી ક્રોડો કોષ દૂર રહેવું એજ આત્મોન્નતિનો સાચો રાહ છે.

૧૦૯. આત્મઘાતક-કથાશ્રવણમાં રસિક-બનેલાઓ પોતાની નિર્મળ-બુદ્ધિને પણ કલુષિત બનાવે છે.

૧૧૦. મલીન-કાદવ-કીચડ નિર્મળ-પાણીને મલીન બનાવે છે, તેમ મલીન-વાતાવરણ વિશુધ્ધ વિચારોને મલીન બનાવે છે; અને વિવેકીઓને પણ અવિવેકની આંધીમાં ફસાવે છે.

૧૧૧. મલીન-મનોરથોની મહોલાતો એ પાયા વગરના મકાનો છે.

૧૧૨. દિવસભરના મનોરથોની નોંધ લેનારાઓ નોંધ લેઈ શકતા નથી, કારણ કે અવાચ્ય-મનોરથો પણ સમુદ્રના તરંગોની માફક ઉભરાઈ જતાં હોય, ત્યાં વિચારનો અને નોંધનો મેળ ખાતોજ નથી; અર્થાત્ વિચારની સાથે નોંધનો અને નોંધની સાથે વિચારનો મેળ ખાતો નથી.

૧૧૩. મીલન-મનોરથોની મહોલાતો કોઈની પણ પુરી થઈ નથી, થતી નથી અને થશે પણ નહિ; એ સિધ્ધાંતને લક્ષ્યમાં રાખીને આત્મહિતકર-મનોરથોનું અવલમ્બન કરો.

૧૧૪. ચૌદ-વિદ્યાના પારંગતો પ્રભુ પાસે આવે છે, પ્રચ્છન્ન પ્રશ્નને શ્રવણ કરે છે, અને સમાધાન સાંભળે છે; તે અવસરે તેઓ પણ અજ્ઞાનિપણાનો એકરાર કરે છે; આ બીનાને આજના પંડિતોએ ખૂબ ખૂબ સમજણ પૂર્વક પચાવવાની જરૂર છે.

૧૧૫. ચૌદ-વિદ્યાના પારંગતો દીક્ષિત થયા પૂર્વે અજ્ઞાની હતા, અને દીક્ષિત થયેલ જમાલિ અગીઆર અંગનો પારંગત છતાં અજ્ઞાની બન્યો; માટે જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાન્તને સમજતાં શીખો.

૧૧૬. પુસ્તકીયા-જ્ઞાનમાં પ્રવીણ બનેલા પંડિતોને પંડિત, જ્ઞાની, કે જાણકાર; માનવાની સાફ સાફ મનાઈ કરે છે, એ વાત ધ્યાનમાં આવે તોજ સમ્યગ્દર્શનની દિવ્યતાના આમેહુબ-સ્વરૂપની સાચી કિંમત મગજમાં સ્થિર થાય.

૧૧૭. સમ્યગ્દર્શનની ગેરહાજરીમાં જ્ઞાનિયો પણ અજ્ઞાનિયો બની જાય છે, એ નવાઈની વાત નથી.

૧૧૮. નહિં બનવાનું બની જાય છે, અને બનેલું બગડી જાય છે એ સંબંધમાં વિચાર્યું છે?,

૧૧૯. ડુબતી જીવન-સ્ટીમરને બચાવવા શાસ્ત્રરૂપી દોરડાને પકડતાં શીખો, નહિં તો ડૂબી મરશો.

૧૨૦. હાલની વ્યાખ્યાનમાળાઓમાં પર્યુષણ-પર્વને અંગે જે ગોઠવણી છે તે જૈન-જનતાને અવળે રસ્તે દોરવનારી છે અને આત્મિક જીવનાદિનો હ્રાસ કરનારી છે.

૧૨૧. જેને મંદિર અને મૂર્તિ, ઉપાશ્રય અને ગુરૂ, શાસન અને શાસ્ત્રની પરવા નથી, તેવા-ઓને જૈન સમાજને સ્પર્શતી વાતોમાં લેશભર બોલવાનો અધિકાર નથી.

૧૨૨. આવડત વગરના અનભિજ્ઞો શાસન-સેવાના બ્હાને શાસનને મલીન કરે છે.

૧૨૩. સમ્યક્જ્ઞાનના સુંદર પૂળને પામ્યા વગર જ્ઞાનની અપૂર્વ વાતો કહેનારા રખડી પડ્યા એ સમજવા જેવું છે.

૧૨૪. પ્રતિલેખનાદિ ક્રિયામાં રક્ત-શ્રમણ ભગવન્તો પ્રતિ 'ચીંથરા ચુંથનારા છે' એવા અપશબ્દોથી પ્રયોગ કરનારા કહેવાતા જ્ઞાનીઓ પણ અજ્ઞાની છે એ ધ્યાનમાં રાખો.

૧૨૫. ચીંથરા ચુંથનારાઓ શાશ્વતધામમાં પહોંચી ગયા, અને અપૂર્વ વાતો કહેનારા-ઠેકેદાર જ્ઞાનીઓ ચાર ગતિના ચક્કરમાં ચઢી ગયા એ સમજવું સહેલું નથી.

૧૨૬. મોક્ષ-માર્ગદર્શક, મોક્ષમાર્ગ; અને મોક્ષની કિંમત સમજતાં શીખો, નહિં તો રખડી જશો.

૧૨૭. 'દર વર્ષે કલ્પસૂત્ર વાંચવાથી રસવૃત્તિ વધવાને બદલે નીરસતાને વેગ મળે છે' આવાં આવાં અનેક બ્હાના તળે વ્યાખ્યાનમાળા શરૂ કરીને એ શરૂ કરનારાઓએ પૂર્વાચાર્યોની પુનીત પ્રણાલિકા ઉપર કુઠારા-ઘાત કરેલો છે.

૧૨૮. જે કલ્પસૂત્રદ્વારાએ આસન્નોપકારીના વિસ્તૃત-જીવન-પ્રસંગોથી દર વર્ષે જૈન સમાજ ભીંજાતો રહે, ત્યાગવૃત્તિ આદિ અનેક-હિતકર-વૃત્તિઓ પોષાતી રહે; અને તેનાથી વિમુખ રાખવાને વ્યાખ્યાનમાળાઓએ નુકશાનકારક પ્રસંગની જે રચના કરી છે એ બેને બે ચાર જેવી સીધી અને સરળ વાત છે.

૧૨૯. પૂર્વાચાર્યોએ શ્રમણ-ભગવાન્-શ્રીમહાવીરપ્રભુના જીવન વૃત્તાંતોને અને શ્રમણ ભગવંતોના

આચારોને કલ્પસૂત્રદ્વારાએ દરેક વર્ષે સંભળાવવાનો કાયમી પ્રબંધ જો ન કર્યો હોત, તો આપણે અને આપણી ભાવિ પ્રજા પણ પૂર્વાચાર્યો પર અનેકવિધ દોષોનો આરોપ કર્યા વગર રહેત નહિ.

૧૩૦. તીર્થંકર-પ્રણીત-શાસનમાન્ય-પ્રાચીન-પ્રણાલિકાને ફેરવનારાઓ લાભને બદલે પારાવાર નુકશાન કરે છે એ નવાઇનો વિષય નથી.

૧૩૧. ન્યાયની નીતિ-રિતિનું ઉલ્લંઘન કરીને ન્યાયાધીશ બનનારાઓ ન્યાય-નિતિનું ખૂન કરનારા છે એ બુદ્ધિને બંધ બેસતો વિષય છે.

૧૩૨. અધિકારનો સદુપયોગ અને દુરૂપયોગ કરનારાઓ અનુક્રમે આશિર્વાદ અને ધિક્કાર પામે એ નવાઇ નથી.

૧૩૩. વ્યાખ્યાનમાળાઓ શરૂ કરનારને પૂછજો કે તમે પણ પુરેપુરૂં શ્રીકલ્પસૂત્ર શ્રવણ કર્યું નહિ હોય, અને કર્યું હોય તો તમારા છોકરાં-છોકરીઓ અને ભાવિ પ્રજાને કલ્પસૂત્રથી વિમુખ રાખવાનો આ ઉદ્યમ શા માટે કર્યો છે ?, તે વાતનો તુરત નિર્ણય કરો.

૧૩૪. શાસન રક્ષણના ઓઠાં નીચે શાસન રક્ષણની બુમ મારનારાઓ, અને કાગળીઆ કાળાં કરનારાઓ શાસનની હેલના કરે છે; એ આશ્ચર્ય સાથે અતિ ખેદનો વિષય છે.

૧૩૫. શાસનની મલીનતા કરનારાઓએ શાસન-માલિન્ય-વર્જન-અષ્ટક વાંચવુ, વિચારવું અને પરિશીલન કરવું જરૂરીનું છે.

૧૩૬. સર્વ પ્રકારના પ્રયત્નપૂર્વક શાસનની થતી મલિનતાઓ દૂર કરવી એ જરૂરી છે, પરન્તુ મલિનતા દૂર કરવાની નીતિ રીતિનું ભાન નહિ હોવાથી શાસનની વધુ મલિનતા કરવી એ પણ અજ્ઞાનજનક પાપનું પ્રધાન સાધન છે એ માનવું એ વધુ જરૂરીનું છે.

૧૩૭. વ્યકિતને અને દેશ-કાળ-અવસ્થાને ભૂલ્યા વગર પંચ પરમેષ્ઠિમાંથી એક પણ પદની આરાધના યથારીતિએ થતી નથી.

૧૩૮. દૃષ્ટિરાગિ-આત્માઓ વ્યકિત પાછળ (ગુણ-દોષ-જોયા વગર) પાગલ બને છે, ત્યારે ગુણાનુરાગિ આત્માઓ ગુણિજનોના ગુણને અનુસરે છે એ આરાધકોએ સમજવું જોઇએ.

૧૩૯. પરમેષ્ઠિપદમાં બિરાજમાન-પરમેષ્ઠિઓની દ્રવ્ય-ભાવથી ઉપેક્ષા કરનારાઓ વિરાધના કરે છે.

૧૪૦. અવગુણ પોષવા અને અવગુણ ઢાંકવા એ બન્ને એક નથી, પણ આસમાન જમીન જેટલું અંતર ધરાવનારા આ બન્ને પ્રસંગો છે.

૧૪૧. અવગુણીને સુધારવા માટે અવસરે અવગુણ ઢાંકવાની ફરજ જૈન શાસનની માન્યતાવાળાને અવશ્યમેવ સ્વીકારવી છે.

૧૪૨. માતા-પિતાના અનાચારોની વાત મોટા હેડીંગથી વર્તમાનપત્રોમાં છાપેલી દેખે કે

સાંભળે તો કુલવાન પુત્ર-પુત્રીઓના હૃદય કકળી ઉઠે છે, તેવી રીતે શ્રમણ ભગવન્તો અનાચારી છે એવી એવી તથ્ય કે અતથ્ય બીનાઓ શ્રમણોપાસક-શ્રાવક-શ્રાવિકાઓ વાંચી શકે નહિ, સાંભળી શકે નહિ; તો પછી પ્રચાર કરવાની તો વાતો હોયજ શાની ?

૧૪૩. જૈન-શાસનના રંગમાં રંગાયેલા-ચતુર્વિધ-સંઘની દરેકે દરેક વ્યક્તિઓના હૃદયને જખ્મી કરે તેવી બિનાઓના પ્રચાર કરનારાઓ પાપના પુંજ એકઠા કરે છે.

૧૪૪. અકથ્ય-વિચારણાઓને અને વર્તનોને વિવેકીઓ કહી શકતા નથી, લખી શકતા નથી, અને પ્રચારી શકતા નથી; છતાં કહેવાતાં ધર્મિઓ તે માર્ગનું અવલંબન કરે છે એ ખેદજનક વિષય છે.

૧૪૫. સામાન્ય અનાચારનું સેવન કે શંકા, વિશેષ અનાચારનું સેવન કે શંકા, અગર થઇ ગયાના નિર્ણય અવસરે કાગળને કાળા કરનારાઓ અને વાણી સ્વાતંત્ર્યના નામે વાક-પ્રહાર કરનારાઓ શાસન-માન્ય-નીતિરીતિને અને શાસ્ત્રોને તિલાંજલિ આપીને મનસ્વિ-પણે પાપના પોટલા બાંધવામાં મસ્ત બને છે તેથી એ બિચારાઓ દયા પાત્ર છે.

૧૪૬. શ્રમણ-ભગવન્તોની ફજેતી કરનાઓને નુકશાનીથી બચવા-શાસન-માન્ય-શાસ્ત્ર માટે જેઓ નીતિ રીતિનું ભાન કરાવે છે, ત્યારે ભાન કરાવનારાઓને અનાચારીનાઓના સાગ્રીત, મલીન-માનસવાળા, અનાચારોના પોષક વિગેરે બિરૂદોથી નવાજે છે; ત્યારે પાપની પૂર્ણ ખાઇમાં ખુંચી ગયેલા એવાને કાઢવા શી રીતે ?, એ એક દયાજનક પ્રશ્ન છે.

૧૪૭. અનાચાર થઇ ગયો છે, થઈ જવાની શંકા છે, થઈ જવાના સંયોગો પુરા હતા; વિગેરે કારમી કલ્પનાઓ આગળ ધરીને નિર્દયપણું બતાવીને ઉધ્ધતાઇભર્યું વર્તન દેખાડવું એ પ્રાપ્ત થયેલ ધર્મને દેશવટો દેવા બરાબર છે.

૧૪૮. સૌમ્યભાવે સાચી સલાહ આપનારાઓને પણ ભાંડનારાઓનો મોટો જથ્થો આજે છે, છતાં ભાંડણ નીતિની પરવા કર્યા વગર પરોપકાર-પરાયણ-મહાપુરૂષો સાચી સલાહ નિર્ભય પણે આપ્યેજ જાય છે અને આપશે તે નિર્વિવાદ છે.

૧૪૯. જૈન-શાસનને પામેલાઓ અનાચારને પોષવા માંગતાજ નથી, પણ સાથે સાથે તે કહેવાતા અનાચારના બહાના તળે સાધુ સંસ્થાને ઢીલી બનાવવા પણ માંગતા નથી.

૧૫૦. અનાચારને પોષવા એ જૈનશાસનની રીતિ નથી, તેવીજ રીતે અનાચારીઓનો નિર્દયપણે ફજેતો કરવો એ પણ જૈનશાસનની નીતિ રીતિજ નથી; એ પણ સાથે સાથે સમજવું જરૂરીનું છે.

૧૫૧. અનાચારના અને અનાચારીના ઢેડ ફજેતા કરનારાઓ સમ્યકત્વ પામેલાઓના સમ્યકત્વને લુંટી રહ્યા છે, અને નવા સમ્યકત્વ પામનારાઓના માર્ગને રૂંધીને સમકત્વ પ્રાપ્તિના માર્ગને બંધ કરવા જહેમત ઉઠાવી રહ્યા છે; એ બુધ્ધિમાન-માણસને સમજાય તેવો વિષય છે.

૧૫૨. સદાચારી શ્રમણ ભગવન્તો પ્રત્યે ઉપેક્ષાભાવ અને અનાદર વધારનારાઓ, તથા અનાચારના અને અનાચારિયોના ઢેડપ્રજેતાઓ કરનારાઓજ શાસન હીલનાના સંપૂર્ણ જવાબદાર છે.

૧૫૩. દોષનિવારણ માટે કમ્મર કસનારાઓએ ક્રોધને દેશવટો દેવો જોઇએ, અને કરૂણાને હૃદયમંદિરમાં સ્થિર કરવી જોઇએ.

૧૫૪. પાપીઓના પાપ પ્રત્યે પુરેપુરો તિરસ્કાર હોય, છતાં પણ પાપી પ્રત્યે તો કરણાભાવ હોવોજ જોઇએ.

૧૫૫. પાપ પ્રત્યેનો તિરસ્કાર અને પાપી પ્રત્યેની કરૂણા એ બન્ને સાથે રાખનારજ જૈનશાસનની આરાધના કરે છે, અને કરશે તે નિઃશંક-બીના છે.

૧૫૬. પાપને પોષવું, અને પાપને ઢાંકવું, એ બન્ને એક પદાર્થ નથી; એ સમજતાં શીખો.

૧૫૭. અવગુણ ઢાંકવા માટે શ્રીમદ્ યશોવિજયજી ૬૭ બોલની સઝાયમાં "ગુણ સ્તુતિ અવગુણ ઢાંકવાજી આશાતનની હાણ" ચતુર નર૦ ઇત્યાદિ શબ્દો ભારપૂર્વક જણાવે છે.

૧૫૮. અવગુણ ઢાંકવામાં, હુંશીયાર અને અવગુણી ફરી ફરી અવગુણમાં ઉંડો ઉતરે નહિ એ સાવધાની રાખનારા જૈનશાસનની અપ્રતિમ સેવા કરનારા છે.

૧૫૯. અવગુણ-નિવારણ માટે અવગુણને ઢાંકવા એ પણ જૈન શાસનમાં અવશ્ય કર્તવ્ય છે.

૧૬૦. પુત્ર-પુત્રીઓના દોષો નિવારણ માટે વડીલો યોગ્ય અવસરની રાહ જુએ છે, તેમ તમે પણ અવસરની રાહ જોવા પૂર્વક સાધુઓ પ્રત્યે વર્તતાં શીખો.

૧૬૧. અવગુણને પોષવા, અવગુણ ઢાંકવા એ ખરાબ છે, પરંતુ અવગુણનિવારણ માટે અવગુણ ઢાંકવા એ આવશ્યક છે.

૧૬૨. અવગુણીના અવગુણ ગાવાથી, અને લખવાથી અવગુણી અવગુણ વગરનો થાય છે. એ કલ્પના પાગલના ભેજાની પૂળદ્રુપ ચીજ છે; અર્થાત્ એ કલ્પના સર્વથા-સર્વદા-સર્વત્ર ખોટી છે.

૧૬૩. કાયદાનો અને ન્યાયનો સર્વમાન્ય સિદ્ધાંત એ છે કે કોઇ પણ ગુન્હેગારનો ગુન્હો સાબિત ન થાય, ત્યાં સુધી તે કહેવાતા ગુન્હેગારને નિર્દોષ માની તપાસવો.

૧૬૪. ગુન્હેગાર ગુન્હાનું પ્રાયશ્ચિત કરે, ગુન્હાનો પ્રશ્ચાતાપ કરે, અને પૂરો ગુન્હેગાર ન બને; એવાં પ્રકારના હિતકારી પ્રબંધ કર્યા વગર મનસ્વિ શિક્ષાઓ અને મનોઘડંત-કલ્પનાઓ દ્વારાએ ગુન્હેગારનું સર્વસ્વ લુંટીને પરેશાન કરવો એજ દ્વેષની પરાકાષ્ઠા છે.

૧૬૫. કહેવાતા ગુન્હેગારો સામે કાદવ ઉડાવનારાએ ગુન્હેગારનું હિત સાધ્યું નથી, અને જૈન જનતાનું પણ હિત સાધ્યું નથી; પરન્તુ કેવળ પોતાનું અહિત કર્યું છે; એટલુજ નહિ પણ શાસનને પારાવાર નુકશાન કર્યું છે.

૧૬૬. જૈન શાસનની પ્રભાવના થાય તો જરૂર તન મન, ધનાદિદ્વારા કરજો, પરન્તુ

પ્રભાવના ન થાય તો અનાઉપયોગે પણ મલીનતા તો ન થાય તેની સાવધાની રાખજો.

૧૬૭. શાસનની મલીનતા કરનારાને, કરાવનારાને; અને પીઠ થાબડનારાઓને ભવાન્તરમાં જૈન શાસન પામવું અત્યંત દુર્લભ છે.

૧૬૮. તમારા વિચારો અને વર્તન મૈત્રી આદિ ચાર ભાવનાને સ્પર્શતા ન હોય તો અધર્મજ થાય છે, એ નિર્ણય મગજમાં સદાકાળ સ્થિર રાખજો.

૧૬૯. દ્વેષ-દાવાનળથી દાઝેલાઓને મૈત્રીભાવની મઝા, અને કારૂણ્ય ભાવની કરૂણ-કહાણીઓ સમજાતી નથી એજ ખેદનો વિષય છે.

૧૭૦. મૈત્ર્યાદિ ભાવનાથી ભાવિત થયેલા આત્માઓથી જગત્‌ભરનાં તમામ જીવોનું ભલુંજ થાય છે, એ ભાવનાઓથી સર્વદા ભાવિત થાઓ.

૧૭૧. માની લીધેલી મોટાઈ અને મગરૂરી જાળવવા મૈત્રીભાવને અને કરૂણાભાવને દેશવટો દેનારાઓ પોતાનું અને પરનું અહિત કરે છે, અને કરશે.

૧૭૨. પ્રતિષ્ઠાના પૂજારીઓ પ્રતિષ્ઠા પાછળ ધર્મને તિલાંજલી આપીને શાસનને પણ નુકશાન કરે છે તેમાં નવાઈ નથી.

૧૭૩. માની લીધેલી મોટાઇમાં અને મમત્વમાં સનાતન સત્ય સમજાતું નથી.

૧૭૪. થયેલી ભૂલને ભૂલ સમજ્યા પછી પણ સુધારો ન થાય, એજ માનવ-જીવનની કમ-નશિબી છે.

૧૭૫. આત્મિક-તન્દુરસ્તી સાચવનારે ગમ ખાતાં શીખવુંજ જોઇએ.

૧૭૬. જેટલો શત્રુ પ્રત્યે તિરસ્કાર છે, તેટલો અગર તેથીએ વધુ તિરસ્કાર કર્મ પ્રત્યે હોવોજ જોઈએ.

૧૭૭. મિથ્યાત્વમાં મુંઝાયેલાઓને શાસ્ત્ર એ શસ્ત્ર, દીક્ષા એ દાવાનળ; અને તપોધર્મ એ તપાવનાર છે.

૧૭૮. જૈન શાસનમાં જીવ માત્રનો કટ્ટો શત્રુ કર્મ છે, એ સર્વદા સ્મૃતિપટમાં સ્થિર ?

૧૭૯. પંચ-પરમેષ્ઠિઓની પરમપદે બિરાજવાની પ્રભુતા સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રને અને તપોધર્મને આભારી છે.

૧૮૦. આત્મ-કલ્યાણના અર્થિઓને શાસ્ત્રો, અને શાસ્ત્ર-વિહિત તપોધર્માદિ-અનુષ્ઠાનો; એ અમોઘ આનંદના દાતા, તથા પરમાનંદના ધામ ભાસે છે.

૧૮૧. ધાર્મિક-શબ્દથી સંબોધન કરાતી સઘળી સંસ્થાઓએ ધર્મનું રક્ષણ કરવું એજ સર્વદા હિતાવહ છે.

૧૮૨. ધર્મનું રક્ષણ જે સંસ્થામાં થતુંજ નથી, તેને ધાર્મિક સંસ્થા કહેવાય નહિ.

૧૮૩. જે સંસ્થામાં દેવ, ગુરૂ, ધર્મની હાંસી, ઠઠ્ઠા, મશ્કરી કરાવાતી હોય, અગર થતી હોય તે ધર્મની વિઘાતક-સંસ્થાઓ છે.

૧૮૪. જવા બેઠેલું આયુષ્ય રોકાતું નથી, બાંધેલા આયુષ્યમાં એક ક્ષણ વધતો નથી, અને બાંધેલા આયુષ્યને તૂટવાના સેંકડો પ્રસંગો મોજુદ છે; છતાં રહી સહી જીંદગીનો સદુપયોગ કરાતો નથી એ શોચનીય છે.

૧૮૫. જગત્માં તમારો કોઈ શત્રુ નથી, અને શત્રુ હોય તો એકજ કર્મ છે એ ધ્યાનમાં રાખો.

૧૮૬. વૈરને અને વિરોધને વિસાર્યા વગર સમ્યકત્વનું સ્પર્શન થવું અશકય છે.

૧૮૭. શરીર પરાયું, ઈંદ્રિયો પરાયી, વિષયો પરાયાં; વિકારો પરાયાં; અને ભોગ-ઉપભોગના સાધનો પરાયાં હોવા છતાં પરાયા માલ ઉપર તાગડધિન્ના કરનારાઓની આંખ ઉઘડતી નથી એજ ખેદનો વિષય છે!!!

૧૮૮. માનવ જીવનની શોભા માટે અને મોજ માણવા માટે પરાયો માલ લાવ્યા છો, અને વાપરી રહ્યા છો; પરન્તુ અવસરે દેઇ દેવો પડશે એ ભુલવા જેવું નથી.

૧૮૯. શરીર ઉપરનો સોજો એ શારીરિક સાચી તંદુરસ્તી નથી, તેવી રીતે શરીરના સોજા સરખી વિનાશ સંપત્તિઓ એ સાચી સંપત્તિ નથી.

૧૯૦. ઔદારિક-વર્ગણારૂપ દુકાનની માલીકી તમારી નથી એ યાદ રાખો.

૧૯૧. પરાયા માલને પોતાનો માલ કહેવો એ ગુન્હો છે, તેવી રીતે પુદ્ગલોને પોતાના કહેવા, માનવા અને મનાવવા માટે આકાશ પાતાળ એક કરવાં એ કર્મબંધ બાંધવા રૂપ ભયંકર ગુન્હો છે.

૧૯૨. પ્રાસંગિક-લાભમાં લેવાયેલાઓને પ્રાપ્ય=પામવાલાયક-લાભના પરમાર્થ સમજાતાં નથી.

૧૯૩. ખેડુતને ઘાસ પ્રાસંગિક છે, અને અન્ન પ્રાપ્ય છે; તેમ તમારે તમારા માનવ જીવનમાં પ્રાપ્ય શું છે?, તે સમજતાં શીખવું જોઈએ.

૧૯૪. પ્રાસંગિક લાભમાં લાલચુ બનેલા નોકરો શેઠને નુકશાન કરે, અધિકારીઓ અધિકારને લજવે; એટલુંજ નહિ પણ નીતિ-ન્યાયને અને આબરૂને દેશવટો દે તેમાં નવાઈ નથી.

૧૯૫. જાતિ અંધ જીવો દયા પાત્ર છે, જ્યારે મિથ્યાત્વી જીવો ઠપકા પાત્ર છે; કારણકે આંખ વગરના જીવો પદાર્થ દેખતા નથી, જ્યારે મિથ્યાત્વી જીવો દેખાતાં પદાર્થોને ઉલટા રૂપે દેખે છે, અને બોલે છે.

૧૯૬. જૈન શાસનમાં મિથ્યાત્વીને આંધળો ,અને અભવ્યને એક આંખે કાણો સ્વીકારેલો છે.

૧૯૭. અભવ્ય આત્માને ધર્મ આરાધનાનું ફળ દેવલોકની સાહ્યબી દેખાય છે, અને તેથીજ કર્મની નિર્જરાને, કેવળજ્ઞાનની પ્રાપ્તિના પુનીત પ્રસંગોને; અને મોક્ષનું અવ્યાબાધ-સુખ દેખવાને તેની નજર રોકાઇ ગઇ છે તેથી તે કાણો છે.

૧૯૮. યોગ્ય પાત્રતા આવ્યા વગર સારી ચીજ સુંદર ફળ નીપજાવી શકતી નથી.

૧૯૯. વીતરાગની વાણી એક સરખી હોવા છતાં વરસાદની જેમ જૂદાં જૂદાં ફળ નીપજાવે છે.

૨૦૦. જેમ વરસાદ એક સરખો છતાં ઉખર ભૂમિમાં તેનું પાણી નકામું જાય છે, કાળી જમીનમાં પડે તો વવાયેલા બીજને પ્રફુલ્લ કરે છે, સમુદ્રમાં પડે તો ખારૂં થાય છે, સર્પના મુખમાં પડે તો ઝેર રૂપે પરિણમે છે, ગંગાનાં પ્રવાહમાં પડેતો પવિત્ર બને છે, અને સ્વાતિ-નક્ષત્રના યોગ સાથે છીપમાં પડે તો હજારોની કિંમતવાળું મોતી બને છે; તેમ વીતરાગની વાણી ઉત્તમ પાત્રાદિમાં ઉત્તમ ફળાદિ નિપજાવે છે એ નિઃશંક વસ્તુ છે.

૨૦૧. કર્મની ૬૯ ક્રોડાક્રોડીની સ્થિતિને વિસર્જન કર્યા વગર વીતરાગની વાણીનો એક અક્ષર કાનમાં પડતો નથી.

૨૦૨. ચક્રરત્નનાજોરે મેળવેલી જીત ચક્રવર્તિઓ માટે અશાશ્વતી છે, પરંતુ સિદ્ધચક્ર-રત્ન દ્વારાએ આરાધકો જે જીત મેળવે છે તે જીત શાશ્વતી છે.

૨૦૩. કઠિણ-કર્મને ચૂરનારી ચીજ શ્રી સિદ્ધચક્ર-યન્ત્ર છે, માટે તેની સેવના કરો.

૨૦૪. તારનારી ચીજો ચાર છે, દર્શન-જ્ઞાન ચારિત્ર અને તપો ધર્મ.

૨૦૫. શ્રધ્ધા અને સમજ અર્થાત્ દર્શન-જ્ઞાન મળ્યાં છતાં ચારિત્ર અને-તપોધર્મ આવીને ઉભાં રહ્યાં એટલે જીવ ચક્રાવે ચઢે છે, અર્થાત્ તે બેમાંથી ઉત્તીર્ણ થવું ઘણુ જ મુશ્કેલ છે.

૨૦૬. શ્રધ્ધાપૂર્વક સમજવું જેટલું સહેલું છે તેના કરતાંયે વર્તવું એ કઠીનમાં કઠીન માર્ગ છે.

૨૦૭. માન્યતા થયા પછી શ્રાવકપણું ૨ થી ૯ પલ્યોપમે આવે છે જ, અને ચારિત્ર તો સંખ્યાતા સાગરોપમે આવે છે તેથી નિરૂદ્યમી બનવા જેવું નથી.

૨૦૮. આજના કહેવાતા જ્ઞાનિયોને ચારિત્રીયાની અને ચારિત્રની વાતો સાંભળવી પણ ગમતી નથી, એવાઓ જૈન શાસનની માન્યતાના હિસાબે તો અજ્ઞાનિયોજ છે.

૨૦૯. ચારિત્ર-પદની અને તપોધર્મની સેવનામાં રંગાયેલા અર્થાત્ ઓતપ્રોત બનેલાઓ પામવા લાયક ચીજને પામે છે.

૨૧૦. સાતપદને આરાધવા એ જંગલને જીતવા બરોબર છે, અને ચારિત્ર અને તપોધર્મ એ બેપદ આરાધવા એ બખ્તર સાથે રાજધાનીને જીતવા બરોબર છે.

૨૧૧. વિભાવદશાના વિલાસિયોને વીતરાગ પ્રણીત ધર્મ સમજાતોજ નથી.

૨૧૨. અણધારિ આપત્તિઓને ખડી કરનાર અને ધારેલી ધારણાને ધૂળમાં મેળવનારી ચીજ પાપ છે, છતાં પાપને છોડતાં નથી.

૨૧૩. સ્મરણ બહારની સંપત્તિઓને સન્મુખ કરનાર અને બગડેલી બાજીને સુધારનારી ચીજ પુણ્ય છે, છતાં તે પુણ્યને આદરતાં નથી.

૨૧૪. પુણ્ય-પાપની પરવા રાખીને વર્તનારાઓજ ઇહલોકને અને પરલોકને સુધારી શકે છે.

૨૧૫ વિભાવદશા એ ભયંકરમાં ભયંકર રાજ-રોગથી પણ વધુ વિકરાળ વ્યાધિ છે, એ ભૂલવા જેવું નથી.

૨૧૬. વિચારથી પતન, અને વર્તનથી પતન, એ બન્ને દશાઓ અલગ છે.

૨૧૭. વર્તનથી પતન પામનારો પામર-પ્રાણી વીતરાગ પ્રણીત વિચારને વળગી રહે તો પણ કલ્યાણની પરંપરા સાધે છે.

૨૧૮. વર્તનથી પતન પામનાર નંદીષેણે વીતરાગ પ્રણીત વિચારના અવલંબને હજારોને તાર્યા છે.

૨૧૯. 'રત્નોહરણને તરછોડનારો ખેદુત મૂકીને ગયો', એ વાત ઉપર અટ્ટહાસ્ય કરનારાઓએ ભગવાન્નો ભવ્ય ઉપદેશ વિચારવા જેવો છે.

૨૨૦. વિચારથી પતન પામનારની દશાને અતીન્દ્રિય-જ્ઞાનિઓ અને વિવેકિયોજ વિચારી શકે છે.

૨૨૧. કર્મની કારમી ગુંચવણમાં ગુંચાઇ ગએલાઓ વર્તનથી ભ્રષ્ટ થાય, અગર વિચારથી ભ્રષ્ટ થાય તેવાઓની નિન્દા નહિ કરતાં દયા ખાતાં શીખો.

૨૨૨. વર્તમાનના ધનવાનને દેખીને તે સુખી છે કે દુઃખી છે, એ નિર્ણય કરવા પહેલાં વીતરાગ કથિત કથનને યાદ કરો.

૨૨૩. આજના કહેવાતા ધનવાનો પણ જો દેવ ગુરૂ ધર્મની ઉપાસનાથી વંચિત હોય તો, તે વર્તમાનનો કહેવાતો ધનિક સુખી છતાં પણ ભવિષ્યમાં અવશ્યમેવ દુઃખીજ છે.

૨૨૪. પ્રબળ-પુણ્યથી મેળવેલા સાધનોદ્વારા પાપના પોટલાં બાંધનારા ધનિકોનો ભાવિકાળ દુઃખદાયી છે, માટે તેવાઓની દયા ખાતાં શીખો.

૨૨૫. સુખીપણું અને દુઃખીપણું માપવું હોય તો સર્વજ્ઞ કથિત વચનને વિચારતાં શીખો.

૨૨૬. વીતરાગ પ્રણીત વચનની વિશાળ કુટપટ્ટીથી જગતના જીવોના સુખ દુઃખ મપાય છે.

૨૨૭. વર્તમાનમાં કહેવાતો સુખી ભવિષ્યમાં કેમ દુઃખી થાય છે?, અને વર્તમાનમાં કહેવાતો દુઃખી ભવિષ્યમાં કેમ સુખી થાય છે?, એ કોયડો ઉકેલીને પુણ્ય પંથે વિચરવું એમાંજ માનવ જીવનની સાફલ્યતા છે.

૨૨૮. મેળવેલ સાધનોદ્વારા સંવર-નિર્જરાને, અને પુણ્યને પ્રાપ્ત કરવાં તે પ્રાપ્ત સાધનોનો સદુપયોગ કર્યો કહેવાય છે.

૨૨૯. મેળવેલ સાધનોદ્વારા આશ્રવ, બંધ; અને પાપના પોટલાં બાંધવા તે પ્રાપ્ત સાધનોનો દુરૂપયોગ કર્યો કહેવાય છે.

૨૩૦. એક ચક્રવર્તિ ચક્રવર્તિપણાના સાધન મોજુદ છતાં કૈવલ્ય જ્ઞાન મેળવી મોક્ષે જાય છે, અને એક ચક્રવર્તિ મરીને સાતમી નરકના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ૩૩ સાગરોપમનું દુઃખ ભોગવવા ચાલ્યો જાય છે; એ બંન્નેના તફાવત વિચારો.

૨૩૧. એકજ સ્થળે સાધન સંપત્તિઓ સમાન છતાં મમતાનો કાળો કેર, અને સમતાના સાચાં ફળ શ્રોતાને સમજાતાં નથી એજ ખેદનો વિષય છે.

૨૩૨. જીવનભરની મમતાએ ભવો ભવ માર ખવરાવ્યો, અને ખવરાવશે; એ વાત જૈન-શાસનમાં અતિ પ્રસિદ્ધ છે, છતાં વિવેકિયોના વિવેક નેત્ર ઉઘડતાં નથી એ શોચનીય છે.

૨૩૩. જીવનભરની મમતા મહાન્ મુશ્કેલી ખડી કરે છે, અને ક્ષણ ભરની સમતા અનંત-અવ્યાબાધ-સુખ-શાંન્તિને અને આનંદને સમર્પે છે છતાં મમતાની મુંઝવણ મુકાતી નથી.

૨૩૪. ચક્રવર્તિઓ ચક્રવર્તિપણામાં મમતાના પ્રભાવે નરકના અતિથીયો બને છે, અને દેવો સ્વર્ગમાં મ્હાલીને તિર્યંચોમાં ચાલ્યા જાય છે, છતાં મમતાની માયા મૂકાતી નથી.

૨૩૫. મરણ અવસરે અર્થ-કામની સર્વ સામગ્રીઓ મુકવી પડે છે, તો મુકવા જેવી છે એમ સમજીને મુકવામાં મુંઝાઓ છો કેમ ?,

૨૩૬. કવીનાઈન અને કડુ-કરીયાતાના સંસ્કાર મગજમાં એટલા બધા સ્થિર થયા છે કે બે પાંચ વર્ષે પણ તે સંસ્કાર ભૂલાતા નથી, અને ધર્મ સંસ્કારને ભૂલો છો; તે શું ?

૨૩૭. કવીનાઈનાદિના કડવાં અને આકુસ કેરી આદિના મીઠા સંસ્કારોને ભૂલાતા નથી, પરન્તુ ધર્મના સંસ્કારોનું સ્મરણ સહેજે ભૂલાય છે; તેના વાસ્તવિક-કારણને વિચારતાં શીખો.

૨૩૮. સાંભળવામાં, સમજવામાં, બોલવામાં, સમજાવવામાં, સંભળાવવામાં; અને હજારો જન-મેદિની સમક્ષ કહી દઈએ કે પાપ ડૂબાડનાર છે, અને પુણ્ય તારનાર છે; છતાં તે સંસ્કારો બોલનારને દૃઢ કેમ થતા નથી ?, તેનું ચિન્તવન કરો.

૨૩૯. ઈન્દ્રિયોને અનુકુળ-સંસ્કારના અને પ્રતિકૂળ સંસ્કારના સાક્ષાત્કાર અવસરે હૃદયને જવાબ આપવામાં મુંઝવણ થતી નથી, અને વીતરાગ પ્રણીત નિર્ણિત સિધ્ધાંતોને હૃદય-સ્પર્શિ-જવાબ આપવામાં મુઝવણ કેમ થાય છે ?, તેનો વિચાર કર્યો છે ખરો ?;

૨૪૦. કડવાશના અને મીઠાશના સંસ્કારો દશ વર્ષે નહિ ભૂલનારાઓ વાત વાતમાં વાચિક-કાયિક પ્રવૃત્તિઓમાં ઉલટું પરિવર્તન કેમ કરે છે એ વિચારવા જેવું છે.

૨૪૧. ઈન્દ્રિયોને પ્રતિકૂળ-પદાર્થ પ્રત્યે અરૂચી-અપ્રીતિ અને દ્વેષ કેળવ્યાં છે, તેના કોડમે હિસ્સે આત્માએ આત્મ-હાનિકારક પદાર્થ પ્રત્યે અરૂચી આદિ કેળવ્યાંજ નથી.

૨૪૨. મીઠાશવાળા પદાર્થ પ્રત્યે અરૂચી-પ્રીતિ અને રાગ કેળવનારાઓએ આત્મ-હિતકર-પદાર્થ પ્રત્યે વધુને વધુ રૂચિ આદિ કેળવવાની જરૂર છે.

૨૪૩. પંદર વર્ષે પરણનાર પુત્રી પતિના ઘર તરફ પગ માંડે છે, ત્યાર પછી જીવનભરમાં પિયરના અને ઘરના પૂરકને ભુલતી નથી; છતાં તે પુત્રીની જેમ જીવનભર સુધી ધર્મક્રિયા કરનારાઓને સંસારના, અને સંયમના ફરક સમજાતાં નથી એજ ખેદનો વિષય છે.

૨૪૪. 'પરણેલી પુત્રીનો વર્તાવ પિયર તરપૂ અને ઘર તરપૂ કેવો હોય છે'?, એ સમજવાવાળાઓ સમ્યકત્વની કરણીમાં સાચો સ્વાદ લઈ શકે છે.

૨૪૫. ભોગ પ્રત્યેની અભિરૂચી વધવાથી ભોગના સાધનો, અને ભોગી આત્માઓ પ્રત્યે ખૂબ ખૂબ આદર ધરાવનારાઓને ત્યાગ-ત્યાગી અને ત્યાગના સાધનની કિંમત સમજાતી નથી.

૨૪૬. ભોગ, ભોગી, અને ભોગના સાધન પ્રત્યેનો આદર એજ અવિરતિની અકળામણ છે; અને ત્યાગના સાધન પ્રત્યેનો આદર એજ વિરતિનો રાજમાર્ગ છે.

૨૪૭. અવિરતિની અટપટી-અકળામણમાં અકળાઇ-ગયેલાઓને વિરતિધરોની વિશાળ-કાર્યવાહી સમજાતી નથી.

૨૪૮. પચીસ-પચાસ-સાઠ-સીત્તેર-વર્ષના ભાંગ્યા તૂટ્યા જીવન માટે આકાશ પાતાળ એક કરો છો, પરન્તુ હજુ આવતા ભવોના અસંખ્ય વર્ષો માટે નિરૂદ્યમી કેમ છો?

૨૪૯. સૂવામાં, ઉઠવામાં, ન્હાવામાં, ધોવામાં, શરીરની ટાપટીપમાં, કપડાના શણગારમાં, ખાવામાં, પીવામાં, પહેરવામાં, ઓઢવામાં, હરવા-ફરવામાં, વેપારમાં; અને સગાંઓના સંબંધ સભાલવામાં કલાકોના કલાકો વીતાવો છો, કારણકે ભોગની તીવ્ર-અભિરૂચિના આ આંદોલનો છે.

૨૫૦. ભોગની તીવ્ર અભિરૂચિના આંદોલનમાં અટવાયેલાઓએ સંવર નિર્જરા અને પુણ્ય કમાણીના પરમાર્થને પિછાણ્યા નથી.

૨૫૧. કદાગ્રહની કારમી કુટેવથી ટેવાયેલા-કદાગ્રહીઓને સ્વ-પરહિત સમજાતું નથી.

૨૫૨. કદાગ્રહી કદાગ્રહનું ભયંકર પરિણામ સમજી શકતો નથી, એ કદાગ્રહીઓ માટે કરૂણ વિષય છે.

૨૫૩. લડાઈ, દુકાળ આદિ પ્રસંગો એ પાંચે વર્ષે દેખાવ દે છે, અને તે અવસરેજ પદાર્થની સોંઘવારી-મોંઘવારીમાં પલટાય છે, પરન્તુ વિષયાધીન આત્માઓને પુરસદની મોંઘવારીનો મહાન્ દુષ્કાળ ડગલે પગલે નજરે ચઢે છે; અર્થાત્ જીવનભરમાં તેઓ સુકાળની સાચી લ્હેજત લઇ શકતાં નથી.

૨૫૪. કદાગ્રહના વ્યસની-આત્માઓ મિથ્યા-અભિમાનમાં ઉભરાતાં નજરે ચઢે તેમાં નવાઇ નથી.

૨૫૫. મિથ્યાભિમાનીઓને ક્ષુદ્ર-સ્વાર્થની સિદ્ધિ માટે નિર્માલ્ય-જીવન-જીવનારાઓની પણ પ્રશંસા કરવી પડે તેમાં નવાઈ નથી.

૨૫૬. જૂઠી-પ્રશંસાના પૂરમાં તણાયેલો ત્યાગી અવસર આવે ત્યાગને પણ દેશવટો દે છે.

૨૫૭. મિથ્યા-અભિમાનીઓનું મિથ્યાભિમાન વિચારમાં, વચનમાં, અને વર્તનમાં સ્પષ્ટપણે દેખાયા વગર રહેતું નથી.

૨૫૮. મિથ્યાભિમાનમાં અંધ-થયેલાઓ ગુણી-ગુણ અને ગુણ પ્રાપ્તિના સાધનોને પણ સમજી શકતાજ નથી.

૨૫૯. વફાદારીના બહાના તળે ક્ષણિક સ્વાર્થની સીધી કે આડકતરી રમત રમવી એ ભયંકર હાનિકારક છે.

૨૬૦. વફાદારીના સ્વાંગ સજીને ક્ષણિક-સ્વાર્થની સિધ્ધિ કરવા નીકળેલાઓએ વફાદારીના પરમાર્થને પિછાણ્યો નથી, એટલુંજ નહિં પણ વફાદારીના બહાના નીચે દ્રોહની સિદ્ધિ કરી રહ્યા છે.

૨૬૧. પારકાના અછતા દોષો દેખવાને આતુર બનેલાઓ સ્વ-પર હિત સાધી શકતાજ નથી.

૨૬૨. પારકાના દોષો દેખવાને અનિમેષપણે આંખોની પાંપણ નહિ હલાવનારાઓ, પારકાના દોષો શ્રવણ કરવાને આતુર બનેલાઓ; અને પારકાના દોષો બોલવાને જીભને નિરંકુશપણે વર્તાવનારાઓ શાસ્ત્રીય સિધ્ધાન્ત પ્રત્યે બેદરકાર રહી પાપના પુંજ ખડકી રહ્યા છે એજ દયાજનક વિષય છે.

૨૬૩. પારકાના અછતા દોષોને અસત્કલ્પનાએ ઉપજાવી કાઢવાને જેઓનું હૈયું ઉત્સુક બન્યું છે, તેવાઓના હૈયામાંથી આત્મ-કલ્યાણના પૂર ઓસરી ગયા છે!!!

૨૬૪. પૌદ્ગલિક-પદાર્થની નકલી જીતના નગારાં વગાડનારને, શાશ્વતી જીતના જય-નિશાનો અને જયનાદો સાંભળી શકાતાં નથી.

૨૬૫. ઉપકાર કરવાના પરિણામ ઉત્પન્ન થયા પછી પણ જૈન શાસનના હિસાબેજ ઉપકાર-પ્રવૃત્તિ કરવા પ્રયત્નશીલ બનો.

૨૬૬. ઉપકારના બહાના તળે અપકાર ન થાય તે માટે ખાસ લક્ષ્ય રાખવાની જરૂર છે.

૨૬૭. ઉપકાર કરવાની વૃત્તિ છતાં અજ્ઞાનના સદ્ભાવમાં અપકાર થઇ જાય છે, એ ભૂલવા જેવું નથી.

૨૬૮. પોતાના આત્મા માટે ઉપકારક નહિં પણ આત્મગુણની વિઘાતક પ્રવૃત્તિ સ્વપ્ને પણ આદરવા જેવી નથી.

૨૬૯. શાસન-માન્ય સાચી ઉપકારક-પરિણતિ અને પ્રવૃતિ એ સર્વદા-સર્વત્ર-સર્વથા સ્વ-પર લાભદાયિજ હોય છે.

૨૭૦. ક્ષુદ્ર-આત્માઓ હિતબુદ્ધિના નામે દંભ સેવે છે, પરન્તુ ખરેખર હૃદયમાં નિન્દા વિગેરેની રસિકતા પૂર જોસમાં રમતી હોય છે.

૨૭૧. ઉદારતા વગર, અને વિવેકતા વગર ગંભીરતા આવવી એ મુશ્કેલમાં મુશ્કેલ છે.

૨૭૨. અધિકારશૂન્ય-આત્માઓ હિત-બુધ્ધિના નામે પરિણામ જોવાની તાકાતના અભાવમાં સ્વ-પરનું અહિતજ કરે છે.

૨૭૩. ગંભીર-આત્માઓ દોષિત-આત્માઓનું અહિત થાય, તેવી રીતે દોષનું ઉચ્ચારણ કરતાંજ નથી.

૨૭૪. દોષિત છતાં દોષ છુપાવવાની અને નિર્દોષ બનવાની તાલાવેલી ભવભીરૂ-આત્માઓને હોતી નથી.

૨૭૫. નિર્ગુણુ-આત્માઓ ગુણના ભંડાર-ગુણવાન્-આત્માઓને પોતાના સરખા ગણાવવા તૈયાર થાય, તો સમજવું જોઈએ કે સમ્યક્ત્વનો રંગ હૃદયમાંથી ઉડી ગયો છે.

૨૭૬. 'સંયોગોની જડમાં પુણ્ય પડેલું છે' એવા આત્માઓનો વાંકો વાળ કરનાર જગત્માં કોઈ નથી.

૨૭૭. સંયોગોની જડમાં પાપ ઉભરાય છે, તો હજારો ખુશામત ખોરોની હાજરી છતાં ધારેલી ધારણાઓ ધુળમાં મળી જતાં વાર લાગવાની નથી.

૨૭૮. વર્તમાન-વિજ્ઞાનની વિશાળતા સ્વાર્થ-સિધ્ધિઓ માટે નિર્માણ થયેલી છે.

૨૭૯. આધુનિક વિજ્ઞાનવાદની વિશાળતામાં ઉપકારક-ભાવનાનો લવલેશ નજરે પડતો નથી.

૨૮૦. જીવલેણ દવાઓ, રસાયણિક-શોધો, ટોરપીડો, મશીનગનો, ઝેરી ગેસો, ઝેરી પાઉડરો અને એટમબોમ્બોની શોધ પાછળ જગત્ને ઉપકાર કરવાની વાતો તો હજી બાજુ પર રહી છે, પણ અપકાર તો ડગલે પગલે આજની જનતા અનુભવીજ રહી છે.

૨૮૧. શાસનની મલીનતા થાય તેવી પ્રવૃત્તિ મન-વચન કાયાથી કરવી જોઈએ નહિ.

૨૮૨. શાસનની મલીનતા ટાળવા માટે તન-મન-ધન અને સત્તાદિના જોરે પણ સર્વ પ્રયત્ન કરવાની જરૂર છે.

૨૮૩. શાસનની મલીનતા કરવા જેવું એક પણ પાપ નથી, અને શાસનની પ્રભાવના કરવા જેવું એક પણ પ્રકૃષ્ટ-પુણ્ય નથી.

૨૮૪. અજ્ઞાની-આત્માઓએ શાસન-સેવાના બહાને આજદિન સુધી શાસનની મલીનતા કરવામાં બાકી રાખી નથી.

૨૮૫. ભાવના એકજ જીવનું કલ્યાણ કરી શકે છે, જ્યારે પ્રભાવના અનેકની જીવોને કલ્યાણ-સન્મુખ કરી શકે છે એ એકજ અક્ષરમાં ચમત્કાર છે.

૨૮૬. પાપમય-પ્રવૃતિઓના પૂરમાં તણાતાં પ્રાણિયોને પુણ્ય-પાપ સમજાતાં નથી.

૨૮૭. પાપમય-પ્રવૃત્તિઓના પ્રબળ વેગને રોકનાર પ્રત્યાખ્યાન=પચ્ચક્ખાણાદિનું પુરૂં સેવન કરવાની જરૂર છે.

૨૮૮. પ્રવૃત્તિના અને નિવૃત્તિના લાભ-નુકશાન સમજ્યા વગરના જીવો ઈચ્છિત ફળને પામી શકતા નથી.

૨૮૯. પાપમાં પુરા ડુબેલાઓને તારનારજ એક જૈન-શાસન છે.

૨૯૦. સંસારના પાપમય ધંધામાં પાવરધા, અને પ્રવીણ બનેલાઓ ધાર્મિક-અનુષ્ઠાનોમાં નિષ્ણાતજ એ માનવું ભૂલ ભરેલું છે.

૨૯૧. આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યા છતાં આત્મ-કલ્યાણની વાતો સાંભળવી ગમતી નથી, તો સમજવું જોઇએ કે હજુ પણ આત્માના અસ્તિત્વનો યથાર્થ સ્વીકાર થયોજ નથી.

૨૯૨. આત્માનું નિત્યપણું સ્વીકારનારાઓએ ભાવિ-જીવન માટેનો ભગીરથ-પ્રયત્ન કરવોજ જોઇએ.

૨૯૩. વર્તમાન જીંદગીના પાંચ-પચીસ વર્ષ ગાળવા માટે અનેકવિધ-વિચારોમાં અને વ્યવસાયમાં જીવન પસાર કરનારાઓને ભાવિ-જીવન માટે ઘડીભરની ફુરસદ નથી, તો સમજવું જોઇએ કે હજુ સુધી યથાર્થ રીતિએ આત્માનું નિત્યત્વ સ્વિકારાયું નથી.

૨૯૪. આત્મ-કલ્યાણ કરનારાઓએ સમજવું જોઇએ કે આત્માને જે ગમે છે, તે પુદ્ગલને ગમતું નથી; કારણકે બન્નેના માર્ગ જૂદા છે.

૨૯૫. આજના કહેવાતા કાંકાસોમાં કહેવાતા ધર્મિઓ પણ સાચા-સમાધાનમાં સળગતા પૂળા મૂકે છે, અર્થાત્ મૈત્રી આદિ ભાવનાના પૂર ઓસરી ગયા છે તેનું તેઓ દિગ્દર્શન કરાવે છે.

૨૯૬. દરિયામાં ડુબાડનાર, અને જીવલેણ-આળ તહોમત મૂકનાર-ધવળને ગરદન મારવાની સજા થાય છે; છતાં સજ્જન શિરોમણિ શ્રીપાળ બચાવની તરફેણ કરે છે, અને બચાવે છે, કારણ કે મૈત્રી-કારૂણ્યાદિ ભાવનાથી ભીંજાયેલા ભવ્યાત્માઓનું જીવન આવુંજ હોય!!!

૨૯૭. માતાને સંભારતો નથી, મયણાને સંભારતો નથી, તરતની પરણેલ બે સ્ત્રીઓને સંભારતો નથી, અઢીસો વહાણને અને દાયજામાં આવેલ લક્ષ્મીનું શું થશે તેનું પણ સ્મરણ કરતો નથી; એવો શ્રીપાળ દરિયામાં પડતાં પડતાં નવપદના ધ્યાનમાં લીન થાય છે માટેજ ધાર્મિક સંસ્કારની સુદૃઢતા કેળવતાં શીખો.

૨૯૮. દરિયામાં ડુબાડનાર (ધવળ) સન્મુખ આવીને ઉભો રહે, નજરાણું ભેટ ધરે, અને શ્રીપાળ તામ્બૂલ દે; છતાં પણ ડુબાડનાર ધવળ પ્રત્યે લેશભર અણગમો કે અપ્રીતિ ન થાય એજ ધર્મ-રંગમાં રંગાયેલા શ્રીપાળની સજ્જનતાની બલિહારી છે!

૨૯૯. નવપદની આરાધના કરનારાઓએ નવપદના આરાધક શ્રીપાળના (જીવનના) સુંદર પ્રસંગોને પચાવતાં શીખવું જોઇએ.

૩૦૦. વ્યવહારની અવગણના કરનારને નિશ્ચય-માર્ગનો પરમાર્થ જીવનના અંતસુધી સમજાતોજ નથી.

૩૦૧. નિશ્ચયને હૃદયમાં સ્થિર કરીને વ્યવહારને અનુસરનારાઓ, અને વ્યવહારને હૃદયમાં સ્થિર કરીને નિશ્ચયને અનુસરનારાઓ યથાર્થ રીતિએ બંનેનો લાભ ઉઠાવી શકે છે.

૩૦૨. કાંટા-અગ્નિના, અને સર્પના મોં ઉપર પગ મુકનારાઓ જેટલે અંશે કમકમી ઉઠે છે; તેના ક્રોઠમાં હિસ્સે પાપ ને પાપ-તરીકે દુઃખદાયક માન્યુંજ નથી.

૩૦૩. જે અન્ન ભૂખ અવસરે કામ લાગે નહિ, બીજાની ભૂખ દૂર કરવામાં મદદગાર બને નહિ; અને નવિન-અન્નની ઉત્પત્તિમાં બી તરીકે પણ બપ લાગે નહિ, તે અન્નને અન્ન કહેવું અસ્થાને છે; તેવી રીતે જે જ્ઞાનદ્વારાએ સાધ્યાદ્દિ સિદ્ધિ થાય નહિ તેવા જ્ઞાનને જ્ઞાન કહેવું તે પણ અસ્થાને છે.

૩૦૪. આંખમાં પડેલા કણને કાઢયા વગર આત્માથી જંપીને બેસાતું નથી, તેમ આત્માએ અવગુણને કાઢવા સર્વદા તત્પર થવુંજ જોઈએ.

૩૦૫. પ્રાપ્ત થયેલ સાધનોનો દુરૂપયોગ કરી પાપનાં પોટલાં બાંધનારાઓને જીવનનો સદુપયોગ જીવનનાં અંત સુધી સમજાતો નથી.

૩૦૬. 'ક્ષણિક સ્વાર્થનું રક્ષણ કરવું' એજ સિદ્ધાન્ત પર નાચનારાઓ શાસન સેવાના બહાને શાસનને ભયંકર નુકશાન કરનારાઓ નીવડે તેમાં નવાઈ નથી.

૩૦૭. સૂત્ર-વિરૂધ્ધ વર્તવાવાળો પોતાના જીવનને મલીન કરે છે, પરન્તુ સૂત્ર-વિરૂદ્ધ-બોલવા-વાળો પોતાનું અને શ્રવણ કરનારા શ્રોતાઓનું અહિત કરી નુકશાનની પરંપરાનું દિગ્દર્શન કરાવે છે તેમાં નવાઈ નથી.

૩૦૮. સૂત્ર-વિરધ્ધ વર્તવાવાળા કરતાં સૂત્રવિરૂધ્ધ-બોલનારાઓ ભયંકરમાં ભયંકર ગુન્હેગાર છે, અને તેથીજ શાસ્ત્રકારો 'શુધ્ધ પ્રરૂપકની બલિહારી' એ શબ્દોથી સૂત્રાનુસાર બોલના-રાઓની પ્રશંસા કરે છે.

૩૦૯. સૂત્ર-વિરૂદ્ધ-બોલીને, અને લખીને જિનેશ્વર માર્ગનું રક્ષણ કરવાનો દાવો કરનારાઓને માર્ગ શું ચીજ છે?, અને માર્ગ-રક્ષણ શું ચીજ છે?; એ બન્ને સમજાયાં નથી.

૩૧૦. પર્યુષણા-પર્વની આરાધના કરનારે આરાધનાના દરેકે દરેક પ્રસંગમાં સાવધાની રાખવી જરૂરી છે, કારણ કે આરાધના-વિરાધનામાં ન પલટાઈ જાય.

૩૧૧. આરાધનાના ઓઠાં નીચે વિરાધના ન થાય તે માટે હરહંમેશ સાવધાન રહેવું.

૩૧૨. "ખમવું અને ખમાવવું" એ સાંવત્સરિક-પર્વના પરમ રહસ્યને હૃદયમાં અંકિત કરો.

૩૧૩. વૈરની વસુલાત લેવા માટે કાગના ડોળે સમયની રાહ જોઈ બેઠેલાઓ સર્વજ્ઞકથિત-આરાધનાના મૂળ-માર્ગથી હજારો કોષ દૂર છે.

૩૧૪. સિધ્ધચક્રની આરાધના કરનારે શ્રીપાલ-મયણાનાં જીવનોને અનુસરીને જીવતાં શીખવું પડશે, કારણકે એ જીવન જીવ્યા વગર શ્રીસિધ્ધચક્રની આરાધનાનું અનુપમ ફળ પામી શકાતું નથી.

૩૧૫. 'અઠ્ઠમની તપશ્યા કરનારના દશ લાખ કોડ વર્ષ પ્રમાણના પાપ પલાયન થઇ જાય છે,' આ વાત સાંભળીને તપશ્યા કરનાર તપસ્વીઓની અનુમોદના કરો.

૩૧૬. જીવનભરમાં છઠ્ઠું, અઠ્ઠમ, અઠ્ઠાઇ, પંદર આદિ તપશ્યા કરનારાઓ કર્મના આટલા બધા ગંજનો નાશ કરે છે, છતાં તેઓની નિર્મળતા નજરે ચઢતી નથી; તેનું વાસ્તવિક કારણ આશ્રવદ્વારનું રોકાણ અને સંવરદ્વારનું યથાર્થ સેવન થતું નથી, તે ધ્યાનમાં રાખો.

૩૧૭. તપશ્યા કરનારે રસના-ઈન્દ્રિયના વિષયો પર વિજયને મેળવીને સાથે સાથે આશ્રવદ્વારથી આવતાં કર્મના રોકાણ માટે વધુ કટીબદ્ધ થવાની જરૂર છે.

૩૧૮. મલીન વસ્ત્રનો મેલ દૂર કરવો જેટલો જરૂરીનો છે, તેટલો અગર તેથી વધુ નવો મેલ ન ભરાય તેની સાવધાની રાખવી અતિ-આવશ્યક છે; તેવીજ રીતે તપશ્યાનું સેવન-કરનારે આવતાં નવિન કર્મને રોકવા સંવર-ભાવનાને સેવવાની જરૂર છે.

૩૧૯. મકાનની સ્વચ્છતા ઇચ્છનારે નવો કચરો આવી શકે તેવાં બારી બારણાને બંધ કર્યા સિવાય કચરો કાઢવાની મહેનત લાભદાયિ નીવડતી નથી, તેવી રીતે સંવર નિર્જરાનું સેવન કરો.

૩૨૦. વૈરની વસુલાત લેવાના વિશાળ વિચારો, અને કિન્નાખોરી-પૂર્વકના વર્તનો એ માયા-મન્દિરમાં મ્હાલનાર-માયાવીઓનું મહાન્-અધઃપતન સૂચવનારા ભાવિ-સંકેતો છે.

૩૨૧. હૃદયમાં ભિન્નપણે, વચનમાં ભિન્નપણે, અને વર્તનમાં પણ ભિન્નપણે વર્તવાવાળાઓ પોતાની માયામય-પાપ-કાર્યવાહીનું દિગ્દર્શન કરાવે છે, છતાં તે બિચારાઓ દયાપાત્ર હોય તેમાં નવાઇ નથી.

૩૨૨. ધારેલી ધારણામાં નિષ્ફળ જનારાઓ શાસન સેવાના બહાને પોતાની અધમ-વૃત્તિને પોષી રહ્યા છે તેજ ખેદનો વિષય છે.

૩૨૩. બાહ્ય-પરિગ્રહને છોડ્યા પછી પણ અભ્યન્તર-ગાંઠને ખોલીને સંયમ માર્ગમાં આગળ વધવું એ કઠિનમાં કઠિન વિષય છે.

૩૨૪. સર્પ કાંચળી છોડવા માત્રથી નિર્વિષ થતો નથી, તેવી રીતે મુનિ પણ નવ-વિધ-પરિગ્રહ છોડ્યા માત્રથી રાગદ્વેષાદિના ભયંકર વિષથી રહિત બની શકતોજ નથી.

૩૨૫. ૪ કષાય, ૯ નોકષાય; અને ૧ મિથ્યાત્વ રૂપ ચૌદ પ્રકારની અભ્યન્તર-ગાંઠને ઉકેલી નથી, ઉકેલવા માટે પ્રયત્ન નથી, અને ઉકેલ્યા પછી એ ગાંઠમાં ગુંથાઇ ન જઇએ એવી સાવધાની નથી; તે આત્માઓને હજુ પણ મુનિપણાની મહત્ત્વતા સમજાઈ નથી એ કહેવું અસ્થાને નથી.

૩૨૬. હાથીના પગલામાં સર્વ પગલાં સમાય છે, તેવી રીતે શ્રીસિદ્ધચક્રમાં સર્વ આરાધનાનો સમાવેશ થાય છે.

૩૨૭. આરાધનારૂપ આકરી દવા પીવરાવવા માટે માતાએ દેખાડેલ મિષ્ટ પદાર્થની જેમ, શાસ્ત્રકાર-કથિત-રિદ્ધિ-સમૃદ્ધિ-સિદ્ધિઓના વર્ણનમાં મુંઝાવું જોઈએ નહિ.

૩૨૮. કલ્પનામય-કથાઓની અને કુથલીની જેમ શ્રી શ્રીપાળનું ચરિત્ર નથી, પરંતુ એ બનેલો બનાવ છે; અર્થાત્ કલ્પનામય કોરા પ્રસંગ નથી, કિન્તુ વાસ્તવિક વૃતાન્ત છે.

૩૨૯. બનેલા બનાવોની નોંધ એ ભૂતકાળના ભવ્ય પ્રસંગોનો જાજ્વલ્યમાન-ઈતિહાસ છે.

૩૩૦. આરાધના કર્યા વગર આરાધ્ય પદમાં પ્રવેશ થઈ શકતોજ નથી.

૩૩૧. આરાધનામાં ઓતપ્રોત બનેલાઓજ આરાધ્ય-પદરૂપ અરિહંત-સિદ્ધપદમાં સ્થિત થઈ ગયા, થાય છે; અને થશે.

૩૩૨. આરાધનાનો અભ્યાસિ-આત્માઓ આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુપદને શોભાવી શકે છે. અને તે પદોના પરમાર્થનું આસ્વાદન લઈ શકે છે.

૩૩૩. ભેદજ્ઞાનની ભવ્યતા નજર સન્મુખ રાખીને કર્મછેદન કરવામાં કુશળ બનો.

૩૩૪. આરાધનામાં ઉદ્યમવન્ત થનાર આરાધકે ક્ષમાને ધારણ કરવી, ઇન્દ્રિયોને દમવી; અને માનસિક-વિકારોને અવશ્યમેવ દુર કરવા જોઈએ.

૩૩૫. દરિયામાં ફેંકનાર ભેટણું ધરે છે, છતાં શ્રી શ્રીપાળ ક્રોધને વશ થતા નથી, ઇન્દ્રિયના સંયમને ગુમાવતા નથી, અને ધવળનું બુરૂં કરવા સંબધનો લેશભર વિચાર પણ કરતા નથી; કારણ કે અમોઘ-ફલદાયિ-આરાધનાના આ અપૂર્વ-ચિહ્નો છે.

૩૩૬. સર્વજ્ઞ-કથિત-આરાધનાના અપૂર્વ-રંગથી રંગાયેલ-મયણા કોઢીયા પતિને પરણે છે, છતાં પરણ્યા પહેલાની અને પછીની અવસ્થાની છાયા એક સરખી ભાસમાન થાય છે; એ વિચારણીય છે.

૩૩૭. સર્વજ્ઞ-કથિત-ભાવ-ધર્મની પ્રાપ્તિ વગરનો મનુષ્ય ભવ શું એળે ગુમાવવા જેવો નથી ?

૩૩૮. ભાવ ધર્મને ઉત્પન કરનાર, ટકાવનાર, વધારનાર અને અંતિમ ફળની પ્રાપ્તિ કરાવનાર શ્રીનવપદની આરાધના છે.

૩૩૯. અતિ ચંચળ એવા મનને વશ કરી મનને ભાવ ધર્મની સન્મુખ કરનાર શ્રીનવપદની આરાધના છે.

૩૪૦. માનસિક-મનોરથોની મહેલાતોને સત્ય કરી આપનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૧. માનસિક-મનોરથો, વાચિક-શબ્દપ્રયોગો; અને કાયિક-પ્રવૃત્તિઓને સફલીભૂત બનાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૨. શરીરને અને આત્માને નિરાળો નીરખાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૩. ત્યાગ, ત્યાગી; અને ત્યાગના સાધનોમાંજ સાચું સુખ રહેલું છે, એવું ભાન કરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૪. સમાધિપૂર્વક બાલપંડિતાદિ મરણ કરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૫. રોગાદિ પ્રસંગે આર્તધ્યાનથી બચાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૬. આપત્તિના પ્રસંગોમાં સહનશક્તિનો સાક્ષાત્કાર કરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૭. લાખોની સંખ્યામાં આયંબીલ કરનારાઓ, હજારોની સંખ્યામાં શ્રીવર્ધમાન-તપ કરનારાઓ, સેંકડોની સંખ્યામાં સંયમધર્મની આરાધના કરનારાઓ, અને કરોડોની સંખ્યામાં અઢળક દાન દેનારાઓના સમૂહરૂપ-મોહવિનાશક-ચતુરંગી સેનાને સજ્જ-કરનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૮. 'બાહ્ય તપ વિનાનું અભ્યંતર તપ કાર્યસાધક નહિંજ બને', એ સિદ્ધાંતને સમજાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૪૯. ત્યાગના મહાન્-સિદ્ધાંતને રોમેરોમ પ્રસનાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૦. અપૂર્વ-આરાધનાથી ઉત્પન થયેલા શ્રીચન્દ્રકેવળીના અદ્વિતીય-યશોરૂપી સાગરમાં અન્ય તપસ્વીઓના આરાધનથી ઉત્પન થયેલી કીર્તિરૂપ નદીઓનાં પ્રવેશને રોકનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૧. શ્રીઅંતગડ-સૂત્રમાં કરવામાં આવેલી મહાન્ તપસ્વીઓની ગણનામાં મહાસેન-કૃષ્ણા-તપસ્વીનીના નામને મુખ્યતા અપાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૨. પુણ્યનું પોષણ, અને પાપનું શોષણ કરનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૩. અણાહારી પદનું આસ્વાદન કરાવનાર શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૪. આહારની મૂર્છા ટળાવનારા તપોવિધાનમાં સૌથી અગ્રેસર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૫. સાડા બાર વર્ષથી ઉપરાંત જેટલા લાંબા સમય સુધી એકસરખી આહારની મૂર્છા ટળાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૬. રસગારવની ગર્તામાં પડી ગયેલા, અને પડનારા જીવોને બચાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૭. આહારના અભિલાષ અને આસક્તિને દૂર કરવાનું સામર્થ્ય ધરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૮. ભાગવતી દીક્ષાના ભવ્ય ભાવને ઉત્પન્ન કરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૫૯. ઉત્પન્ન થયેલા શુભ ભાવને ટકાવનાર, વધારનાર, અને પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૬૦. વર્તમાનકાલીન–શાસનાર્થે શાસન–સંરક્ષકોનું સર્જન–કરનાર અને સમર્પણ કરનાર–શ્રી વર્ધમાન–તપોધર્મ છે.

૩૬૧. શાસનનું અંખડ રીતે સંચાલન કરવાને માટે શ્રમણ ભગવંતોની પરંપરાને અખંડ પણે રાખનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૬૨. વર્તમાનકાલીન–શ્રમણ-સંઘનું યશસ્વિ-જીવન ટકાવી રાખનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૬૩ વૈદ્ય, ડોકટર અને હકીમની દવા ખાઇને નિરાશ થયેલાઓને આશાનું કિરણ દેખાડનાર શ્રીવર્ધમાન–તપોધન છે.

૩૬૪. હોસ્પીટાલમાં અને દવાખાનાઓમાં દર્દીઓના પડતા દરોડાને રોકનોર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૬૫. કોઈપણ કર્મની કારમી મૂંઝવણમાં ખરેખરો આશીર્વાદ આપનાર-શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૬૬. આયંબીલ–તપની વૃદ્ધિમાં વધારેમાં વધારે લાભ અપાવનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૬૭. મોહરાજાની–છાતીમાં આબાદ નિશાન લગાવીને તેની સામે લડનારને વાસ્તવિક વિજયી બનાવનાર–શ્રીવર્ધમાન–તપોધર્મછે.

૩૬૮. મોક્ષમાર્ગના મુસાફરોને ઉદાસીન–પરિણામની પરિપકવતા કરાવનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૬૯. વિષયસુખના ભોગમાં રહેલી આપત્તિઓનો સાક્ષાત્કાર કરાવનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૦. આત્મિક–શકિતઓના આવિર્ભાવ માટેનું અદ્વિતીય સાધન સર્જનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૧. જડવાદના ચાલુ જમાનામાં મકકમપણે ત્યાગધર્મનું શિક્ષણ આપનાર શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૨. આહાર, શરીર અને આત્માના પરસ્પર ભેદાભેદ–સંબંધનું યથાર્થ જ્ઞાન કરાવનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૩. આત્માને ચોળમજીઠ જેવા વૈરાગ્યના રંગમાં રંગનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૪. મોક્ષમાર્ગના મુસાફરોને નિર્વિઘ્નપણે મોક્ષમાં પહોંચાડનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૫. શ્રીચન્દ્રકેવળીના ચન્દ્ર સમાન ઉજ્જવળ ચરિત્રના સંસ્મરણોને, અને જીવન પ્રસંગોને ઘણા કાળ સુધી જાગતાં–જીવતાં રાખનાર–શ્રીવર્ધમાન–તપોધર્મ છે.

૩૭૬. આરાધકોના હૃદયમાં અનેરો ઉત્સાહ પ્રગટ કરનાર, તથા ઘનઘાતી કર્મોને તોડનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૭૭. શ્રીજિનેશ્વર-દેવોના જીવનરહસ્યો ત્રણ ચોવીસી સુધી, અખંડ-બ્રહ્મચારીશિરોમણિ શ્રીસ્થૂલભદ્રસ્વામીનું જીવનરહસ્ય ચોરાશી ચોવીસી સુધી; અને શ્રીવર્ધમાન-તપની આરાધના કરનાર શ્રીચન્દ્રકેવળીનું જીવનરહસ્ય આઠસો ચોવીસી સુધી જાગતું-જીવતું રાખનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૭૮. આ મનુષ્ય જીવનમાં શ્રેષ્ઠ-સંસ્કારોની સ્થાપના કરીને સર્વોત્તમ સુખની પ્રાપ્તિ કરાવનાર અને ભાગવતી દીક્ષાના માર્ગમાં ગમન કરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૭૯. વિષય અને કષાયના દાવાનળથી દાઝી ગયેલા સંસારી જીવોને શાન્તિનું સમર્પણ-કરનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૮૦. વિઘ્નોની પરંપરાને ટાળનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૮૧. વાંછિતફળની પરંપરાને પ્રાપ્ત કરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૮૨. છ માસ પર્યંતની આરાધના કરવાથી કઠિણમાં કઠિણ વિઘ્નોને પણ દેશવટો દેનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૮૩. ઇન્દ્રિયોના વિષય-વિકારોને જડમૂળથી ઉખેડી નાંખનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે.

૩૮૪. વિઘ્નોના વૃંદનું વિદારણ કરીને ઇહલૌકિક-પારલૌકિક અનેક-પ્રકારની સંપદાઓને પ્રાપ્ત કરાવનાર-શ્રીવર્ધમાન-તપોધર્મ છે

૩૮૫. સર્વજ્ઞ-શાસનના સંચાલક-સદ્‌ગુરૂઓની આજ્ઞાનુસાર વર્તવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૬. પ્રારંભ કરેલા અનુષ્ઠાનના વિધિ પ્રત્યેના બહુમાનમાં વધારો કરતા રહેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૭. અનુષ્ઠાનના આરંભ કાળથી તેની સમાપ્તિ થાય ત્યાં સુધી ચિત્તને એકાગ્ર કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૮. નાશવંત પદાર્થોની પ્રાપ્તિ, ટકાવ; અને વૃદ્ધિની તમન્ના રહિત થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૮૯. અષ્ટ-કર્મોના ઉન્મૂલન કરવાના અનુષ્ઠાનનું અવલંબન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૦. અનુષ્ઠાનમાં કરેલો ઉદ્યમ નિષ્ફળ જતો નથી, અને ઉદ્યમ કર્યા વિના અનુષ્ઠાન

સફળ થતું નથી, એવા ત્રિકાલાબાધિત સિદ્ધાંતને અનુસરવું; એ આધરકો માટે આવશ્યક છે.

૩૯૧. અનુષ્ઠાનની અમૂલ્યતાને વિચારવી એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૨ અનુષ્ઠાનની અમુલ્યતાને સમજીને આપત્તિકાળમાં પણ આરાધનાને છોડવી નહિ, એ આધારકો માટે આવશ્યક છે.

૩૯૩. ઉદયમાં અને અસ્તમાં એક સરખી અવસ્થાને ધારણ કરનારા સૂર્યની પેઠે સંપત્તિના કાળમાં, અને આપત્તિના કાળમાં એક સરખી અવસ્થાને ધારણ કરીને દરેક આરાધના કરવી એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૪. વિષ, ગરલ, અનુષ્ઠાન, તદ્ધેતુ; અને અમૃત નામના પાંચ પ્રકારના અનુષ્ઠાનમાં પહેલાના ત્રણ હેય-કક્ષાના છે, અને પછીના બે ઉપાદેય-કક્ષાના છે; એમ સમજવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૫. વિષાનુષ્ઠાન અને ગરલાનુષ્ઠાનના આંતરિક-રહસ્યને નહિ સમજનારાઓ અમૂલ્ય-રત્ન-સમાન-અનુષ્ઠાનના અપૂર્વ-ફળના બદલામાં મુઠી ચણાની પ્રાપ્તિ કરે છે, એમ સમજવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૬. વિષાનુષ્ઠાનને, ગરલાનુષ્ઠાનને, અને અન્યોન્યાનુષ્ઠાનને છોડીને તદ્ધેતુ અનુષ્ઠાનનું તથા અમૃતઅનુષ્ઠાનનું સેવન આરાધકો માટે આવશ્યક છે.

૩૯૭. તદ્ધેતુ અનુષ્ઠાનમાં અને અમૃતઅનુષ્ઠાનમાં પ્રવેશ કર્યા પહેલા ચિત્તના આઠ દોષોને સમજી લેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૮. ખેદ વિગેરે ચિત્તના આઠ દોષો ક્રિયામાં એકાગ્રતાની હાનિ કરનારાના હોવાથી તેના સ્વરૂપને સમજી લેવું, એ આરાધકો માટે આવશ્યક છે.

૩૯૯. શરીરરૂપી મકાનમાં ચિત્તરૂપી ગુપ્ત સ્થાનમાં રહેલા ધર્મધનને લુંટનારા ખેદાદિ દોષોરૂપ અંજનસિદ્ધ-ચોરોથી સદાકાળ સાવધાન રહેવું, એ આધકો માટે આવશ્યક છે.

૪૦૦. ભેદજ્ઞાનમાં નિષ્ણાત, અને છેદ કરવામાં અતિ કુશળ-શિરોમણિ-તીર્થંકરો છે, માટેજ તેઓના દર્શન, વંદન, પૂજન, સત્કારાદિમાં તત્પર બનો.

૪૦૧. શ્રીતીર્થંકર-ભગવંતોએ પૂર્વે પ્રાપ્ત કરેલ શરૂઆતનું સમ્યકત્વ પણ પ્રતિપાતિ હોઈ શકે છે.

૪૦૨. શ્રીતીર્થંકર ભગવંતોને જગત્‌ભરના જીવમાત્રને નિર્ગ્રન્થ-પ્રવચનના રસિક બનાવવા માટે વિશિષ્ટ-વિચારોવાળું વરબોધિ-સમ્યકત્વ ત્રીજા ભવે નિયમા હોય છે.

૪૦૩. એકજ ભવમાં કેવળજ્ઞાન થવું, અને મોક્ષ થવો એ સહેલામાં સહેલી સાધના છે, પરંતુ તીર્થંકરનામકર્મની નિકાચના ત્રણ ભવ વગર થતીજ નથી.

૪૦૪. સંસારચક્રમાં પરિભ્રમણ-કરનાર-તીર્થંકર ભગવંતના જીવો પણ ત્રણ ભવ શેષ સંસાર રહે છે, તે અવસરે આરાધ્યપદની આરાધના નિયમા કરે છે.

૪૦૫. તીર્થંકર નામકર્મની નિકાચના કરનાર તીર્થંકરોને ત્રણ ભવ શેષ રહે છે, તે અવસરે તેની નિકાચના કરે છે; અર્થાત્ તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે.

૪૦૬. તીર્થંકરનામકર્મની નિકાચના કરવાના અવસરે અપ્રતિપાતિ-વરબોધિ (શ્રેષ્ઠ સમ્યક્ત્વ) હોય છે.

૪૦૭. વરબોધિને વરેલા પુણ્યાત્માઓ જગત્ભરને શાસનના રસિક બનાવવા માટે કટિબધ્ધ થયેલા હોય છે.

૪૦૮. તીર્થંકરનામકર્મની ઉપાર્જના કરનારને અરિહંતાદિક વીશ પદો અગર તે વીશ પદોમાંથી એકાદ પદને આરાધવું પડે છે.

૪૦૯. અરિહંતપદની આરાધનામાં વ્યક્તિના વિભેદો નજરે પડતા નથી.

૪૧૦. અરિહંતપદની આરારાધમાં ક્ષેત્ર-કાળ-અવસ્થાનું નિયમન નથી.

૪૧૧. અરિહંતપદની આરાધનામાં નિયમિત-નામનો નશો નથી.

૪૧૨. સર્વક્ષેત્રના, સર્વ કાળના, સર્વ અવસ્થાના હરકોઇ નામને ધારણ કરવાવાળા, તીર્થંકર-નામકર્મની નિકાચના કરેલા, તીર્થંકરનામકર્મની નિકાચના કરીને દેવલોક ગયેલા; અગર નરકે ગયેલા સર્વ તીર્થંકરની આરાધના એક અરિહંતપદને આરાધવાથી થાય છે.

૪૧૩. અરિહંતપદની આરાધનાદ્વારાએ અરિહંતપદની પ્રાપ્તિ થાય છે.

૪૧૪. આરાધ્ય-ભગવંત-અરિહંતો આરાધ્યપદ અપાવી શકતા નથી, પણ તેઓની આરાધના અરિહંતપદની પ્રાપ્તિ કરાવે છે.

૪૧૫. અરિહંતાદિને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે.

૪૧૬. અરિહંતાદિને કરેલો નમસ્કાર સર્વ-મંગલોમાં ઉત્કૃષ્ટ-મંગલ છે.

૪૧૭. અરિહંતપદના આરાધકોને અરિહંતપદની આરાધનામાં તત્પર બન્યા વગર અરિહંત-પદની પ્રાપ્તિ અબજો કોશ દૂર છે.

૪૧૮. ભેદજ્ઞાનમાં ભૂલા પડેલાઓ છેદ કરવાના અવસરે છેતરાય તેમાં નવાઇ શું?

૪૧૯. ભેદજ્ઞાનની ભૂલભૂલામણીમાં છેદ કરવાનું છોડી દઇને, નહિ છેદ કરવાનું છેદે છે; તે વિચારણીય છે.

૪૨૦. ભેદનીતિમાં, અને ભેદજ્ઞાનમાં આભ અને જમીન જેટલું અંતર છે.

૪૨૧. છળ, કપટ, માયાજાળ, અને મુત્સદ્દીપણાની ચાલબાજીઓનો સમાવેશ ભેદનિતિમાં છે, અને ભેદજ્ઞાનદ્વારાએ વિનાશિ-અવિનાશિ-પદાર્થોનો વાસ્તવિક નિર્ણય-કિમત-સ્વરૂપ-ફલાદિની વિચારણાઓ હોય છે.

૪૨૨. પિયરમાં પોષાયેલી પુત્રીને પંદર વર્ષ પહેલાં પિયરના અને ઘરના ભેદ સમજાય છે; પરંતુ જીવનના અંત સુધી સંસારિયોને સંસારના અને શાસનના ભેદ સમજાતા નથી, એજ ખેદનો વિષય છે.

૪૨૩. ભેદજ્ઞાનમાં ભીંજાયા વગર અને છેદ કરવાની કુશળ કાર્યવાહી કર્યા વગર કોઇપણ આત્મા અરિહંતપદને પ્રાપ્ત કરી શકતો નથી.

૪૨૪, આરાધ્યપદમાં બિરાજમાન અરિહંતો અરિહંતપદની પ્રાપ્તિ કરાવતા નથી, પરંતુ તેઓની આરાધના દ્વારાએજ અરિહંતપદની પ્રાપ્તિ થાય છે.

૪૨૫. આરાધક પદ, અને આરાધ્યપદ વચ્ચેનું અંતર તોડનારી ચીજ આરાધના છે.

૪૨૬. આરાધનાના અપૂર્વ બળે આરાધ્યપદાદિ-અરિહંતપદોને આરાધકો પામ્યા છે એમાં શંકાને સ્થાન નથી.

૪૨૭. 'સંપત્તિ એ સાધન છે, પણ સાધ્ય નથી'; આ સિદ્ધાંતનો નિર્ણય સાધકે સત્વર કરવા જેવો છે, નહિં તો માનવ જીવન નિષ્ફળ જશે.

૪૨૮. ભવવિરહની ભવ્ય-ઇચ્છાના આંદોલનો વગર કોઇપણ ભવ્યાત્મા ભવનો અંત કરી શકતો નથી.

૪૨૯. પાતળા-કાચની પૂતળીથી વધારે આવરદા અભિમાનની નથી, એ સમજતાં શીખો.

૪૩૦. પાણીના પરપોટા પાણીમાં ઉઠયા અને શમ્યાં, છતાં પરપોટા પરથી પૂર્ણ બોધપાઠ પ્રાણી લઈ શકતો નથી એજ ખેદનો વિષય છે.

૪૩૧. કુદરતની કળી ન શકાય એવી અજેય શકિત સામે રાખીને માનવી માનવ-જીવન જીવી શકે તો પસ્તાવો કરવાનો વખત આવેજ નહિ.

૪૩૨. અણુબોમ્બના અહંકાર કરનારાઓને વર્તમાનકાલીન-બ્રિટનમાં બળતણનું બુમરાણ બુદ્ધિમાનોને પણ બોધપાઠ શીખવે છે.

૪૩૩. નયનના નિમેષ માત્રથી કુદરત જે કરી બતાવે છે, તે કરવાની તાકાત જગત્‌ભરના સર્વ-સત્તાધીશોમાં અગર જગત્‌ના કોઇ માનવીમાં નથી.

૪૩૪. સદ્‌ગુણ-વિનાનું સૌન્દર્ય પરાગ વિનાના પંકજ જેવું છે.

૪૩૫. યોગીઓ દરેકે દરેક કાર્યોમાં કર્મોની નિર્જરા કરે છે, જ્યારે ભોગીઓ કર્મબંધન કરે છે.

૪૩૬. સદ્‌ગુરૂનો સંયોગ, અને તેઓના વચનની અખંડ સેવના; એ ભવોભવ પર્યંત બન્નેનો સુયોગ બની રહે તો સંસારનો સર્વથા વિયોગ અને શાશ્વત-સુખ શાન્તિ-સ્વરૂપ સિદ્ધિ દૂરજ નથી.

૪૩૭. ભવવિરહનાં ભવ્ય આંદોલનો એજ તીવ્ર સંવેગનાં માપક છે.

૪૩૮. મંદ-સંવેગીઓ પડતાં આલંબનોને પકડે છે, અને તીવ્ર-સંવેગીઓ ચઢતાં આલંબનોને અવલંબે છે.

૪૩૯. તીવ્ર-સંવેગ વગર ઉપશમ-ભાવની ઉર્મિઓ હૃદયમંદિરમાં ઉછળતી નથી.

૪૪૦. વૈરવૃત્તિના વર્ધક-વાગ્બાણો વિદ્વાનોના વિવેક-નેત્રને વીંધી નાંખે તેમાં નવાઈ નથી.

૪૪૧. વૈરવૃત્તિ-ભર્યા વીતરાગ-શાસનથી વિપરીત વિચારો-વચન-વર્તન અને વિષમય-પ્રચારથી કોઈનુંએ ભલું થયું નથી, થવાનું નથી; અને થશે પણ નહિં એ નિઃશંક-સત્યની સેવના કરો.

૪૪૨. શાસનને માલિન્ય કરનારાઓને, પીઠ થાબડનારાઓને, અને તેઓના પોષકોને ભવાન્તરમાં શાસન મળવું અતિ દુર્લભ છે.

૪૪૩. વૈરવૃત્તિ ભર્યા વિષમય પ્રચારથી ધાર્મિક-વાતાવરણ કલુષિત બને છે.

૪૪૪. સુવૈદ્ય, સુંદર ઔષધ, સાનુકુળ અનુપાન; અને સુવૈદ્યની સલાહ અનુસાર વર્તવાવાળા ક્ષયના દરદીને નિરોગી થવામાં સુકી હવા જેમ કર્મ રોગીઓના-કલેશદાયક રોગ-નિવારણ માટે અતિ જરૂરીની છે, તેમ વીતરાગ-પ્રણીત અનુષ્ઠાનાદિની પ્રાપ્તિ છતાં લાભ મેળવનારાઓ માટે પણ શાસનના અતિવિશુધ્ધ-વાતાવરણની અનિવાર્ય-જરૂર છે.

૪૪૫. કોઈપણ આત્મા આપત્તિમાં આવી પડે એવી માનસિક-વાચિક પ્રવૃત્તિ, કે કાયિક-પ્રવૃત્તિ કરવી એ સમજુ આત્માઓ માટે ભયંકર છે.

૪૪૬. પરદુઃખમાં નિમિત્તભૂત બનતાં બચો, અને પરસુખમાં નિમિત્તભૂત બનતાં શીખો.

૪૪૭. વણિકબુદ્ધિ ન્યાયે ઓછા લાભને જતો કરી વધુ લાભ મેળવવો એ જેમ શ્રેયસ્કર છે, તેવી રીતે નીચલા ગુણસ્થાનકની ક્રિયા-અનુષ્ઠાનમાં રંગાયેલાએ ઉંચ ગુણસ્થાનકનો લાભ મળતો હોય તો પૂર્વના ગુણસ્થાનકની ક્રિયાને ગૌણ બનાવવાની જરૂરી છે. સમજવા તરીકે કોઈ કહે કે-ભવાટવીનું ઉલ્લંઘન કરવા માટે છઠે ગુણસ્થાનકે સાધુ-

પણું પામવું શ્રેયસ્કર છે. પરંતુ પ્રભુપૂજા, અને સુપાત્રદાનાદિનો રંગ મને એવો લાગ્યો છે કે તેના વગર ચેનજ પડતું નથી, આવા રંગથી રંગાયેલા આત્માઓએ આસંગ-દોષથી અલગ થઈ ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમ ગુણસ્થાનકના અનુષ્ઠાનમાં ઓત-પ્રોત થઇ જવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૪૮. આરંભેલી-ક્રિયાનો લાભ મેળવ્યા વગર બીજી ક્રિયાઓમાં હર્ષઘેલા થઈ અનુક્રમે એક પછી એક ક્રિયાનો આરંભ કરનાર મુદ્દલ લાભ મેળવી શકતો નથી, તેવી રીતે સર્વજ્ઞ-શાસન-માન્ય-ક્રિયાનો આરંભ-કરનાર આરંભેલી-ક્રિયાનો અનાદર કરે છે, ત્યારે તે આરંભેલા ઇષ્ટ-કાર્યને બાળનાર અંગારદોષનું સેવન કરનારા છે; એમ સમજી અંગાર-દોષથી અવશ્યમેવ અલગ રહેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૪૯. રોગી જેમ કુપથ્યનું સેવન કરી તંદુરસ્તીને ભયમાં મૂકે છે, તેવી રીતે રાગદોષથી ગ્રસિત થયેલા આત્માઓ અનારોગ્યરૂપ-શુષ્ક-ક્રિયાનો ઉચ્છેદ કરીને અનુષ્ઠાનના યથાર્થ લાભને મેળવતોજ નથી; એમ સમજવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૦. ભોગી-આત્માને શરીર વગર ભોગ અને ભોગના સાધન તદ્દન નકામા છે, તેવી રીતે માનદોષથી દૂષિત થયેલા આત્માઓને કષાયના અભાવરૂપ-શાંતપણું અને ગંભીરતા વગર અનુષ્ઠાનનું અપૂર્વ ફળ પ્રાપ્ત થઈ શકતાં નથી, એ શિક્ષામણને ધ્યાનમાં લેવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૧. ખેદાદિ આઠ દોષને સમજીને, અને તે દોષોથી દૂર થઇને અમૃત ક્રિયાના પ્રથમ ચિહ્ન સમાન તદ્ગતચિત્તમાં તદ્રુપ થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૨. ક્રિયાનો શાસ્ત્રવિહિત સમય સાચવવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૩. ગુણગણના ભંડારરૂપ પંચ-પરમેષ્ઠિઓ અને વડીલો પ્રત્યે બહુમાનપુરસ્સરનું ઔચિત્ય-પ્રવર્તન કરવામાં કદાગ્રહને તિલાંજલિ દઇ આગમાનુસારિ પરંપરાએ પ્રવર્તન અને નિવર્તન કરીને ભાવની વૃધ્ધિ કરવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૪. ભવભયથી ત્રાસ પામીને નિર્વેદના નિર્મળ ઝરણાંને ઝીલીને સંસારરૂપ કારાગારથી છુટવાની ભાવનાને પુષ્ટ કરવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૫. સંસારના સર્વ-આશ્ચર્યોને ભૂલીને અનુષ્ઠાન કરવાને પ્રસંગે સૂત્ર, અર્થ અને રહસ્યમાં લીન થઈને આશ્ચર્યનો આસ્વાદ લેવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૬. અનુષ્ઠાન સેવનના અનુપમ આશ્ચર્યના આવિર્ભાવથી રોમરાજી વિકસ્વર થવારૂપ પુનીત પુલાક થવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૭. જન્માંધને નેત્ર, નિર્ધનને ધન, અને લડતા સૈનિકને જીતની પ્રાપ્તિથી જેવો પ્રમોદ થાય છે; તેથી પણ વિશેષ પ્રમોદ અનુષ્ઠાનથી ઉત્પન થવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૮. ચાલુ વિભાગના પૂર્વે જણાવેલાં સુધાબિંદુઓદ્વારા (૪૫૧ થી ૪૫૭ નંબર સુધીના) તદ્ગતચિત્ત, સમયવિધાન, ભાવવૃદ્ધિ ભવભય, વિસ્મય, પુલાક; અને પ્રમોદ–એ સાતે વાક્યોનું સેવન કરીને અમૃતક્રિયાનો સ્પર્શ કરવો એ આરાધકો માટે આવશ્યક છે.

૪૫૯ "અમૃત લેશ લહે એકવાર, રોગ નહિ ફરી અંગ મોઝાર; સ્વામી સેવીએ" ઇત્યાદિ પં. શ્રીવીરવિજયજીની એવી સુંદર શિખામણો આરાધકો માટે આવશ્યક છે.

૪૬૦. "અમૃત લેશ લહ્યો એક વાર, બીજું રે ઔષધ કરવું નહિ પડે જી" ઇત્યાદિ મહોપાધ્યાય શ્રીયશોવિજયજીનો એવો અનુપમ ઉપદેશ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૧. દગ્ધ, શૂન્ય, અવિધિ અને અતિપ્રવૃત્તિ એ ચાર દોષોથી રહિત અનુષ્ઠાનમાં ઉજમાળ થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૨. અનુષ્ઠાનનું સેવન કરતાં કરતાં અવસરની યોગ્યતાએ પ્રીતિ–અને ભક્તિને પરાકાષ્ઠાએ પહોંચાડવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૩. કૂવામાં આવતા પાણીના અખૂટ ઝરણાની માફક ભાવની વૃદ્ધિપૂર્વક દરેક અનુષ્ઠાનોને સેવવા એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૪. આરંભ–સમારંભ–વિષયક–સંકલ્પ કરવાની, આરંભ–સમારંભ વિષયક સાધનો એકઠા કરવાની, અને આરંભ-સમારંભદ્વારા એ જીવોના છેદનભેદન કરવાની પાપમય–પ્રવૃત્તિને રોકવી એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૫. નિરારંભના અર્થિ–આત્માઓએ જયણાપૂર્વક સદ્આરંભનું સેવન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૬. મલિનારંભને છોડવા માટે સદ્આરંભનું સેવન અવશ્યમેવ કરવું એ આરધકો માટે આવશ્યક છે.

૪૬૭. તીવ્રારંભને તિલાંજલિ દઈને નિર્ભાવ પૂરતા મંદારંભનું સેવન કરનારે સદ્આરંભનું સેવન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૮. સ્વરૂપથી સાવદ્ય દેખાતી અને અનુબંધથી નિરવદ્ય-નિહાળાતી-ક્રિયાના સેવનમાં ઉજમાળ રહેવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૬૯. સ્વરૂપ, હેતુ; અને અનુબંધ–દયાના પ્રકારો સમજીને સદ્આરંભનું સેવન કરવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૭૦. અલ્પાહાર, અલ્પ–નિદ્રા, અને કષાયરહિત થવું એ આરાધકો માટે આવશ્યક છે.

૪૭૧. સત્તા, સંપત્તિ, યુવાવસ્થા; અને મદોન્મત્તા આ ચાર અધઃપતનની સીડીના લપસણીઆ પગથીઆં છે.

૪૭૨. જરૂરીયાતોને ઓછી કર્યા સિવાય નિસ્પૃહતાનું આસ્વાદન કરવું અશક્ય છે, ઇન્દ્રિયો

પર અને મન પર વિજય મેળવ્યા સિવાય સાચી શાન્તિ-સુખ કે આનન્દની પ્રાપ્તિ પાંચસો કોષ દૂર છે.

૪૭૩. ઉપકાર માટે સંપત્તિને અને સાહ્યબીઓને તિલાંજલિ આપનારાઓજ ઉપકારની વાસ્તવિક કિંમતને સમજનારા છે.

૪૭૪. ભોગ-સાધન સામગ્રીઓનો ભોગ આપવામાં ઉપકારની ઉચ્ચ કિંમત અંકાય છે.

૪૭૫. આવી પડેલી આપત્તિઓનું, અને આવી પડનારી આપત્તિઓનું અવલોકન કરીને ઉપકારિઓ ઉપકારના માર્ગથી લવલેશ ડગતા નથી.

૪૭૬. કુબેર-ભંડારી સમાન કોડપતિઓને કોડો પ્રયત્ન કર્યા છતાં પણ અન્ન-વસ્ત્રના ફાંફા મારવા પડે છે, માટે ભોગાન્તરાય-ઉપભોગાન્તરાયના ઉ-મૂલન માટે દાન દેવાની; અને દેવાના પરિણામ સર્વદા જાગ્રત રાખવાની, હિતશિક્ષા હૃદયમાં ધારણ કરવી જરૂરી છે.

૪૭૭. છતે પૈસે અન્ન-વસ્ત્રના હરકોઈને ફાંફા મારવા પડે તે અંતરાયને ઓળખીને પણ કંટ્રોલ-રેશનીંગદ્વારા મેળવેલા ટુકડામાંથી પણ ટુકડો દેતાં શીખો, નહિતર અંતરાયની અંધાધુંધીમાં અટવાઈ જવું પડશે.

૪૭૮. કોડપતિઓ કંગાલ બને છે, અને કંગાલો કોડપતિ બને છે; છતાં ચપળ લક્ષ્મીના ચકડોળે ચઢેલા ચતુરો પણ ઠોકર ખાય છે, એ શું નવાઈ પામવા જેવું નથી ?

૪૭૯. સુર-સુરેન્દ્રની અને સર્વાર્થ-સિદ્ધ-વિમાન પર્યંતની સાધન-સામગ્રી સાહ્યબીના અસ્ખલિત ભોગવટામાં સુખ માન્યું, સુખ માનીને ભોગવ્યું, અને તેજ સુખની પાછળ પાગલ બનીને ચારે ગતિના ચકડોળને વેગવંતુ કીધું; પરંતુ તે સર્વને દુઃખ માન્યા વગર, અને તે સર્વ દુઃખમય છે એવો નિર્ધાર કર્યા વગર; સુંદર સંવેગના તરંગો હૃદય-મંદિરમાં ઉઠતા નથી.

૪૮૦. કહેવાતા શ્રીમન્તો, સામાન્ય શ્રીમંતો, ગર્ભ શ્રીમન્તો, ઉભરાતી સંપત્તિના સ્વામિ-શ્રીમંતો; નર નરેન્દ્ર, બળદેવ, વાસુદેવ, અને ચક્રવર્તિઓની સંપદાઓની-સર્વ-સાધન-સામગ્રીઓની પ્રાપ્તિમાં, તથા ભોગવટામાં સુખ માન્યું અને ભોગવ્યું, તેજ સુખની પાછળપાગલ બન્યો છતાં તે બધું દુઃખમય છે એ કલ્પનાના નિર્મળ નિર્ધાર વગર સુંદર સંવેગના તરંગો હૃદયમાં ઉભરાતા નથી, એ ધ્યાનમાં રાખો.

૪૮૧. મલીન-કપડાંને નિર્મળ કરનાર પાણી છે, તેવીજ રીતે અંતઃકરણની વિશુદ્ધિ કરનાર વીતરાગની વાણી છે; એ યાદ રાખો.

૪૮૨. શ્રુતધર્મના અભ્યાસિઓ શ્રવણ-મનન-પરિશીલનથી સંસારના ભીરૂ અને શાશ્વત-પદના અભિલાષુક બને છે, એ ભુલવા જેવું નથી.

૪૮૩. વ્રતધારિયો વ્રતનો સ્વીકાર કરીને, અને વ્રતનું યથાસ્થિત પાલન કરીને, મોક્ષમાર્ગ

તરફ અસ્ખલિત પ્રયાણ કરે છે; માટે વ્રતના સ્વીકાર સાથે વ્રતોનું યથાસ્થિત પાલન કરવું તે અવશ્યમેવ જરૂરીનું છે.

૪૮૪. વ્રતના સાપેક્ષાપણામાં સુદયાળુપણું, અને વ્રતના નિરપેક્ષપણામાં નિર્દયપણું આવિર્ભાવ થાય છે; એ ભૂલવા જેવું નથી.

૪૮૫. કષાયોથી કલુષિત થયેલા-અંતઃકરણવાસિત-જીવો વ્રતોની મર્યાદાનું ઉલ્લંઘન કરીને વ્રતનો ભંગ કરે છે.

૪૮૬. જાણી જોઈને ઈરાદાપૂર્વક અતિચારોનું સેવન કરનારાઓ અંતે વ્રતોનું ભંગ કરનારા થાય છે, અને તે બધા ધીમે ધીમે મહા પાપી બને છે.

૪૮૭. ઇચ્છા-પરિણામ-વ્રતનું આંશિક સેવન કરનારા-જીવો આંશિક-સુખ-શાન્તિ આનંદનો અનુભવ કરે છે.

૪૮૮. ઇચ્છા-પરિણામ-વ્રતથી બેનશીબ રહેનારાઓને આ સંસારમાં, અને પરલોકમાં પણ લેશભર સુખ-શાંતિ-આનંદ પ્રાપ્ત થતાંજ નથી.

૪૮૯. સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અધિક મર્યાદાશીલ લોભ-મહાસાગરને તરી જનારાઓ પાંચમા પરિગ્રહ-વ્રતધારિયોજ છે.

૪૯૦ અસુંદર-વ્યાપારોનું વિસર્જન કરવા-કરાવવાની કુનેહભરી કળાનું સામ્રાજ્ય ઇચ્છાપરિમાણની વિરતીને આધીન છે.

૪૯૧. સમરંભ-સમારંભના, અને આરંભના અતિ ઉંડા મૂળીયાને જડમૂળથી ઉખેડીને જમીનદોસ્ત કરનાર પાંચમું પરિગ્રહ-પરિમાણ-વ્રત છે.

૪૯૨. ઇશ્વર-વિષયક-સત્ય-માન્યતાનું દિગ્દર્શન કરાવનાર જૈન શાસ્ત્રોજ છે.

૪૯૩. જેઓએ જૈન શાસ્ત્રો વાંચ્યાં નથી, વિચાર્યા નથી, અને વિવેકપૂર્વક પરિશીલન કર્યા નથી; તેવાઓજ કહી શકે છે કે "સ્વતંત્ર-વિચારને અને વિવેક-દ્રષ્ટિને ગુંગળાવનાર જૈન શાસ્ત્રો છે."

૪૯૪. સ્વતંત્ર વિચારણા, વિવેક દ્રષ્ટિ અને આત્મહિતકર-અનુભવને અસ્ખલિત વેગ આપનારાં જૈન શાસ્ત્રોજ છે, આ વાત અભ્યાસીઓને સમજાય છે.

૪૯૫. આવડત વગરના સમન્વય કરનારાઓએ કિંમતિ પદાર્થોની કિંમતને આંકી શકયા નથી, અર્થાત્ કિંમતિ પદાર્થોની કિંમત સમજી શકયાજ નથી.

૪૯૬. આવડત વગરના સમન્વયથી મૂર્ખાઓને ગોળ ખોળની જેમ સુદેવ-કુદેવ, સુગુરૂ-કુગુરૂ અને સુધર્મ-કુધર્મનો સમન્વય કરીને અન્યાયની અંધાધુંધીમાં અટવાઈ જવું પડે છે.

૪૯૭. સાપેક્ષ-દ્રષ્ટિની સાચી સમજણ સિવાય વસ્તુ માત્રના સમન્વય થઇ શકતાંજ નથી.

૪૯૮. વસ્તુમાત્રના સાધારણ ધર્મોનું અને અસાધારણ ધર્મોનું અવલોકન કર્યા વગર સમન્વય કરનારાઓને સાક્ષરવર્યોની સૃષ્ટિમાં જીવવું મુશ્કેલ છે.

૪૯૯. કહેવાતા બુદ્ધિશાળિ-વિદ્વાનો, વકતાઓ અને લેખકો સાચી, સારી, અને કિંમતી વસ્તુઓનો અનુચિત સમન્વય કરીને મૂળ વસ્તુને વિકૃત બનાવીને કીંમત ઘટાડવા પ્રયત્ન કરે છે.

૫૦૦. ધનના સ્વાર્થે, યશઃકીર્તિની કામનાએ, માન-મોટાઇના મનોરથે, અને પ્રશંસાદિની પાપી વાસનાઓએ કહેવાતા વિવેકિઓની માણસાઇને પણ ભૂંસી નાંખેલી છે, અને માણસાઈ વગરના એવા આત્માઓ જગત્ને શ્રાપ સમાન છે.

૫૦૧. કોઇપણ સિદ્ધાન્તને શ્રવણ કરવો, સમજવો, હૃદયમાં ધારણ કરવો, યુક્તિ-યુક્ત-રીતિએ પ્રતિપાદન કરવો એ જેટલો સીધો, સહેલો અને સરળ માર્ગ છે; તેના કરતાં તે સિધ્ધાન્તને જીવન વ્યવહારમાં પચાવીને પૂર્ણ રીતિએ સાક્ષાત્કાર કરવો, એ કપરો, કઠિન અને અતિ મુશ્કેલ માર્ગ છે; એ બીના બુદ્ધિમાનોને બુદ્ધિમાં સહેજે ઉતરી શકે છે.

૫૦૨. અતુલ અને અગણ્યલાભની પ્રાપ્તિ હોવા છતાં તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછીજ ઉપદેશ દે છે એ ભૂલવા જેવું નથી.

૫૦૩. "ચાર હજાર ચારિત્રવંતો ગૃહસ્થાશ્રમી થઇ ગયાં, છતાં શ્રીઆદિશ્વર ભગવાને અવસરોચરિત શુભદેશના પણ દીધીજ નહિં" એ મર્યાદાને સમજતાં શીખો.

૫૦૪. તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી બોલે છે, અને વર્તમાનકાલીન-આચાર્ય-ઉપાધ્યાય, અને સાધુઓ તે વિના બોલે છે; પરંતુ તેઓ સ્વતંત્રપણે બોલતાજ નથી, પણ પ્રાતઃસ્મરણીય પૂર્વ પુરૂષોના કથનનો અનુવાદ કરે છે એ ધ્યાનમાં રાખો.

૫૦૫ વર્તમાનકાલીન કોઇપણ આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓને સ્વતંત્રપણે બોલવાનો ઇજારો જૈનશાસને આપ્યોજ નથી.

૫૦૬. પૂર્વ-પુરૂષોના પ્રણીત-સિદ્ધાંત-વચનોને અનુસરીનેજ શ્રમણ-ભગવંતો બોલી શકે છે, અને ઉપદેશ દઈ શકે છે; અન્યથા નહિંજ.

૫૦૭. દાનધર્મની વ્યવસ્થિત મર્યાદાને અપનાવ્યા વગર શ્રી જૈન-શાસનનું સંચાલન વર્તમાનમાં પણ અશકય છે.

૫૦૮. દાન-ધર્મની વ્યવસ્થાના અભાવે પ્રથમ ભગવંતની સાથે થયેલા ચાર હજાર દીક્ષિતોને ઘરભેગા થવું પડયું માટે દાનધર્મની વ્યવસ્થાને વ્યવહારૂ બનાવતાં શીખો.

૫૦૯. સ્થાવર-જંગમ સંપત્તિઓ, અને સાધનો પ્રબળ-પાપોદયે ચાલ્યાં જાય, છતાં પણ સત્પાત્રમાં દેવાની પરિણતિ જેના હૃદયમંદિરમાં રમ્યા કરે છે, તેજ ખરો ભાગ્યશાળી અર્થાત્ વાસ્તવિક દાનેશ્વરીજ છે.

૫૧૦. સંપત્તિઓના અભાવની સાથે, નિર્ધન દશા પ્રાપ્ત થયા છતાં પણ, દેવાના પરિણામની

નિર્ધનદશા ન આવે તે સારૂ દાનેશ્વરીઓએ ખુબ સાવધાની રાખવા જેવું છે.

૫૧૧. પુણ્યાનુબન્ધિ–પુણ્યનો ઉદય થયે છતે સુપાત્રે દાન દેવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને સુંદર–સુપાત્રની પ્રાપ્તિની ઝંખના કર્યા કરે છે.

૫૧૨. પાપાનુબન્ધિ–પાપનો ઉદય વર્તતો હોય તો સુપાત્રદાન દેવાના મનોરથ થતા જ નથી.

૫૧૩. ગુણાનુરાગમાં રંગાયા વગર, અને ભક્તિ–ભાવના ભવ્ય–તરંગો હૃદયમંદિરમાં ઉભરાયા વગર; સુપાત્રદાનનું વાસ્તવિક ફૂલ પ્રાપ્ત થતું જ નથી.

૫૧૪. દેવા દેવ્ય નિર્દોષ વસ્તુ મળે, લેનાર સંયમ–તપસ્વી મળે, દેનારને દેવાનો અવસર પણ મળે; પરંતુ ભાવ ભર્યા દેવાના પુનિત–પરિણામ તો ભાગ્યશાળીઓનેજ થાય છે.

૫૧૫. દાનના સંસ્કારિ–આત્માઓજ શરીર–ઇન્દ્રિય–વિષય–વિકાર, અને તેના સમગ્ર સાધનો પરથી મૂર્છા ઉતારીને મોહની મુંઝવણભરી પ્રવૃત્તિથી પરાઙ્મુખ થઇ શકે છે.

૫૧૬. ક્ષાયોપશમિક–દાનદ્વારા ક્ષયિકભાવને પ્રાપ્ત કરવો એ વિવેકીઓનું પરમ–કર્તવ્ય છે.

૫૧૭. દાનનો મુખ્ય-અર્થ ત્યાગ હોવાથી દાનેશ્વરીઓએ ત્યાગ–ત્યાગી અને ત્યાગના સાધનોમાં હરદમ રંગાઈ જવું એ આવશ્યક છે.

૫૧૮. ટુકડો રોટલો, અને કટોરી પાણી સંયમધરને આપીને, આપનારની ભાવના તો 'સંયમ મ્હને મળે' અથવા 'સંયમના સાધનદ્વારાએ સંયમના સયોગો ભાવિમાં મ્હને મળો' એ છે; માટે એ ભાવનાએ આપતાં શીખો.

૫૧૯ દાન દઇને પશ્ચાતાપ કરનારાઓ ભવાંતરમાં દુઃખી થાય છે, અગર કદાચ તેઓને સંપત્તિઓ મળે છે, છતાં પણ તેઓ ભોગવી શકતાંજ નથી.

૫૨૦. પરોપકારિ-પિતાએ, અને પૂજ્ય ગુરૂએ અનુક્રમે પોતાના પુત્રોની અને શિષ્યોની સ્તુતિઃ–પ્રસંશા કરવીજ નહિ; એમ નીતિકારો કહે છે તે અર્થ–ગાંભીર્યનું આસ્વાદન કરો.

૫૨૧. હલાવેવી ખીચડી, અને લાલન–પાલનપૂર્વક પંપાળેપી પુત્રી અનુક્રમે ભોજન યોગ્ય, અને શ્વસુરપક્ષને યોગ્ય થતીજ નથી.

૫૨૨. ઇર્ષ્યાથી અંધ–બનેલાઓનાં વિવેકનેત્રો કાર્યસાધક થતાંજ નથી.

૫૨૩. 'ઇર્ષ્યાના પ્રબળ પ્રભાવે પીઠ અને મહાપીઠ મુનીશ્વરો છઠ્ઠે ગુણઠાણેથી પ્રથમ ગુણ-ઠાણે આવી ગયા, અને સ્ત્રીવેદ બાંધ્યું', આ પ્રસંગને વિચારનારાઓએ ઇર્ષ્યાને સર્વદા–સર્વત્ર દેશવટો દેવો એજ શ્રેયસ્કર છે.

૫૨૪. ઇર્ષ્યાના ચશ્મા ચઢાવનારને સીધું અને સરળ પણ વાંકુ અને વક્ર જણાય છે, એજ ઇર્ષ્યાનો ચમત્કાર છે.

૫૨૫. ઇર્ષ્યાળુ–આત્માઓ ગુણીજનોનો, ગુણોનો અને ગુણપ્રાપ્તિના સાધનોનો વિનય–બહુમાન–આદર કરી શકતાજ નથી.

૫૨૬. ગુણવાન્–મુનિવરોને પણ ઇર્ષ્યાના આવિર્ભાવમાં ગુણને અવગુણ તરીકે દેખવામાં દેખાડવામાં–માનવામાં અને કહેવામાં સમ્યક્ત્વને બદલે મિથ્યાત્વ આવિર્ભાવ થાય છે એ હંમેશા વિચારવું જરૂરી છે.

૫૨૭. જેઓ નિર્ગુણીઓને ગુણરત્નાકરો સાથે સરખાવવાની ધીઠાઈ કરે છે, તેઓ શાસ્ત્રમાન્ય સમ્યક્ત્વને હજુ પણ સમજી શકયાજ નથી, એ સમજવું સ્થાન પુરસનું છે; આજ પ્રસંગને વિશ્વવન્દ્ય–વીર–પ્રભુ-દીક્ષિત–શ્રીધર્મદાસગણિવર્યજી સ્પષ્ટ કરે છે.

૫૨૮. ગુણવાન્–આત્માઓ પ્રાપ્ત થયે છતે મૌન ધારણ કરનારાઓ વાણીના વાસ્તવિક ફલને પામી શકતાંજ નથી.

૫૨૯. ઉદ્યમવંત–આત્માઓએ વિચારવું જરૂરીનું છે કે સમ્પૂર્ણ ભરેલા સરોવરમાંથી પાણી ભરનારના ઘડામાં ઘટ પ્રમાણ પાણી જ પ્રાપ્ત થાય છે, માટે નશીબ સામે નજર કરતાં શીખો.

૫૩૦. દિશાઓને દેખીને સૂર્યોદય થતો નથી, પરંતુ સૂર્યોદયનેજ દિશાઓ અનુસરે છે; તેવી રીતે સંપત્તિઓની શોધમાં પુણ્યોદય પગલાં ભરતો નથી, પરંતુ પુણ્યોદયને પુનિત સંપદાઓ અનુસરે છે.

૫૩૧. 'પૂર્વ દિશાને પિછાણીને પૂષા=સૂર્ય ઉદય પામે છે' એ ભૂલી જાઓ પરંતુ પૂષાના ઉદય પછી પૂર્વ દિશાનો નિર્ણય થાય છે; એ સમજતાં શીખો.

૫૩૨. દક્ષિણાયનમાં અને ઉત્તરાયણમાં સૂર્યનો ઉદય અનુક્રમે નિયત પોઈન્ટથી નિયમિત રહેતો નથી; એ સમજનારને સૂર્યનો ઉદય અને પૂર્વ દિશાનો ઉદય નિશ્ચય નિર્મળપણે હૃદયમાં સ્થિર થાય છે.

૫૩૩. સૂર્યને અંજલિ દેનારાઓ, અને સૂર્ય સન્મુખ સૂર્યમંત્રનો જાપ કરનારાઓ સૂર્ય પ્રત્યે ભક્તિ બહુમાન દેખાડવાનો ડોળ કરે છે, કારણકે વિશ્વને આનંદદાયિ-સૂર્યાસ્ત સમયે સૂર્યના ઉપાસકો આહાર–પાણી લે છે એટલે વસ્તુતઃ એ ઉપાસકો નથી.

૫૩૪. ઘરનો માલીક મરણ પામે, ગામનો રાજા મરણ પામે, અને દેશનો પાલનહાર પરલોક સિધાવે; તે અવસરે સંબંધ ધરાવનારા ખાઈ પી શકતા નથી, તો પછી સૂર્ય–ઉપાસકો સૂર્યાસ્ત સમયની સામાન્ય નીતિને શું સમજી શકતાજ નથી ?

૫૩૫. જૈનો સૂર્યના ઉપાસક નથી, અને નાસ્તિક છે; એમ કહેનારાઓ જૈનોના આચારથી અનભિજ્ઞ છે એમ કહેવામાં લેશભર અતિશયોક્તિ નથી, કારણકે રાત્રિભોજનનો ત્યાગ કરીને સૂર્ય સાથેના સાચા સંબંધને જૈનોજ સાક્ષાત્કાર કરી બતાવે છે.

૫૩૬ ક્ષુધાથી શાંત થયેલા સ્વસ્થ-ચિત્તમાં બુદ્ધિવૈભવો આવિર્ભાવ થાય છે, એ એકાન્ત શાસ્ત્રીય-હિતશિક્ષા નથી, પરંતુ આ નીતિવાકકય છે.

૫૩૭. લાભદાયિ-કાર્યનો અવસર ગુમાવનારને ભવિષ્યમાં પશ્ચાતાપ થાય છે, માટે અવસરોચિત-કાર્ય-અવસરે કરી લેવું, પરંતુ આલસ્ય-પ્રમાદને આધિન થઈ અવસર ચૂકવોજ નહિં.

૫૩૮. પુણ્યશાલિઓના પ્રબળ પુણ્ય પ્રભાવથી સુકાઈ ગયેલાં વન-વૃક્ષો અને નદી નિર્ઝરણા પણ નવપલ્લવિત થાય છે, માટે પુણ્ય-રક્ષણ-વૃદ્ધિના ઉપાયોમાં સત્વર ઉદ્યમવન્ત થવું જરૂરીનું છે.

૫૩૯. જેવી રીતે ચિન્તામણિ-રત્ન ચિત્તને ચમત્કાર પમાડનારા ગુણો વડે સ્વયં જ્યાં ત્યાં માન-પ્રતિષ્ઠાને પૂજા પામે છે, તેવી રીતે પુણ્યશાળિઓ પોતાના પ્રબળ પુણ્યાઢ્ય પ્રભાવે સર્વત્ર-સર્વદા-સર્વથા માન-સન્માન-સત્કાર-પૂજા-પ્રતિષ્ઠા પામે છે; તેમાં નવાઈ નથી.

૫૪૦ ઉત્તમ પુરૂષોના આચાર-વિચાર અને વાણીથી કુલ-જાતિ-ઉત્તમતા આદિગુણોનું પ્રકાશન થાય છે.

૫૪૧. એકજ સ્થળે વસવામાં માન હાનિ થાય છે, એવું સમજીને સૂર્ય-સમાન-ભાગ્યવાનો સ્થલાન્તર કરતાં જણાય છે.

૫૪૨. કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ કલાવાન્-ભાગ્યશાળિ બાહ્ય-અભ્યંતર લક્ષ્મી રહિત થવાથી લઘુતાને પામે છે, તે વિવેકિઓએ વિચારવું જોઈએ.

૫૪૩. પંડિત-સજ્જન શિરોમણિ એવો શત્રુ સારો છે. પરંતુ મૂર્ખ મિત્ર એ વર્તમાન-ભાવિ-જીવન માટે ભયંકર છે

૫૪૪. મિત્રનો દ્રોહ કરનારા, કરેલા ઉપકારને ભૂલનારા, સ્વામિનો દ્રોહ કરનારા, અને વિશ્વાસનો ઘાતકરનારા; એ બધાની ક્રિયાઓ નરક પ્રત્યે લઈ જનારી છે, અર્થાત્ તે બધા નરક પ્રત્યે પ્રયાણ કરનારા છે.

૫૪૫. સંકલેશને ઉત્પન્ન કરનાર, અને સંકલેશની વૃધ્ધિ કરનાર કહેવાતાં શુભ સ્થાનો પણ દૂરથી ત્યાગજ કરવાં શ્રેયસ્કર છે.

૫૪૬. વિરોધની પરંપરા પ્રાપ્ત થાય તેવા સ્થાનોમાં ભાગ્યશાળીઓએ વસવું જ નહિં.

૫૪૭. સ્ત્રીઓને પિતૃગૃહે, અને પુરૂષોને શ્વસુરગૃહે વસવું હિતકર નથી, તેવીજ રીતે એકજ સ્થાને યતિવર્યોએ વાસ કરવો તે પણ હિતકર નથી.

૫૪૮. મૃગેન્દ્રો, સત્પુરૂષો અને ગજેન્દ્રો અપમાનવર્ધક સ્થાનમાં ક્ષણભર રહી શકતાજ નથી.

૫૪૯ યતિવર્યો, યાચકો; અને નિર્ધનો વાયુની જેમ એક જ સ્થળે સ્થિર રહેતા નથી. આથી નહિં રહેવાનાં પ્રયોજન-પરમાર્થ-પ્રલાઢિને વિચારવાની જરૂર છે.

૫૫૦. જેવી રીતે પ્રકાશ કરવાના સ્વભાવવાળો પ્રકાશમય દીપક બીજા દીપકની અપેક્ષા

રાખતો નથી, તેવીજ રીતે પ્રબળ પુણ્યવંતો બીજા પુણ્યવંતની અપેક્ષા રાખતાજ નથી.

૫૫૧. નિર્ગુણિ આત્માઓ ગુણરત્નાકર-ગુણિજનોને નિહાળી શકતાજ નથી.

૫૫૨. ગુણવાન્ થવું એ જેટલું મુશ્કેલ છે, તે કરતાંએ અધિક ગુણવાનોને દેખીને પ્રમોદી થવું, અર્થાત્ ગુણાનુરાગી થવું; એ અતિ-અત્યંત-મુશ્કેલ કાર્ય છે.

૫૫૩. ઈર્ષ્યાના સર્વથા અભાવમાંજ આત્માઓ ગુણવાન્ અને ગુણાનુરાગી રહી શકે છે, અન્યથા નહિં જ.

૫૫૪. કહેવાતા-ગુણવાન્ આત્માઓ પણ અધિક ગુણવાન્ પ્રત્યે મત્સરી જણાય છે, તો તે સ્થાનમાં ઈર્ષ્યાનો આવિર્ભાવ છે, એ સમજતાં શીખો.

૫૫૫. ગુણરત્નાકર-ગુણિજનોને નિર્ગુણી કહેવામાં, લખવામાં, અને દેખાડવામાં ઉદ્યમવંત થનારાઓ સમ્યક્ત્વના સારભૂત-રહસ્યથી વિમુખ થઈને ભવ-ભ્રમણની વૃધ્ધિ કરે છે, એમ શ્રીધર્મદાસગણિવર ફરમાવે છે.

૫૫૬. અવિશ્વાસની અંધાધુંધીમાં વિવેકએ કાર્યસાધક થઈ શકતોજ નથી.

૫૫૭. અભયદાનમાં ઓતપ્રોત થયેલાં આત્મકલ્યાણકાંક્ષિ-આત્માઓ ત્રિવિધયોગે ત્રિકરણ-વિશુદ્ધિએ નિર્મળ શીલધર્મનું સેવન કરે છે, અને તેથીજ તેઓ અબ્રહ્મસેવનમાં અસંખ્ય જીવોને અભયદાન મળે છે.

૫૫૮. વિશ્વભરમાં બ્રહ્મચર્યવ્રતધારિયો અભયદાનદાતાઓમાં શિરોમણિ-મૂર્દ્ધન્ય છે.

૫૫૯. બ્રહ્મચર્યવ્રતનું સેવન-કરનારાઓ અસંખ્યાત-બેઈન્દ્રિય-જીવોને, અસંખ્યાત-સંમૂર્ચ્છિમ-પંચેન્દ્રિયોને; અને નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય પ્રાણિઓને અભયદાન આપીને અખંડ પુણ્ય ઉપાર્જન કરે છે.

૫૬૦. આત્મકલ્યાણાર્થિઓ દેશના દેવાના અવસરે આલસ્યાદિના પ્રબળ-પ્રભાવે આડાં અવળાં બ્હાનાં ધરે છે, તેવા ઉપદેશકોને ભવાન્તરમાં વીતરાગની વાણી સંભળાવનારાઓનો સુસંયોગ થવો મુશ્કેલ છે.

૫૬૧. ગુણગણના ભંડાર સમા કહેવાતા આત્માઓ સમાન ગુણવાળાને, કે અધિક ગુણવાળાને દેખીને કે સાંભળીને પ્રમોદ પામતાજ નથી; તેનું વાસ્તવિક કારણ ગુણાનુરાગનો અભાવ છે.

૫૬૨. કીર્તિના કોટડાને અને પ્રતિષ્ઠાના પાયાને મજબુત બનાવવા અનીચ્છનીય કૃત્યો કરે છે, તેઓ ખરેખર પ્રબળ પાપના ઈજારદારો છે.

૫૬૩. ચાર હત્યા કરનારો દૃઢ-પ્રહારી કરેલાં કઠોર કર્મોથી, અને ઘનઘાતીના ઘેરાં પાણીથી પાર-પામીને કૈવલ્ય, અને અનુક્રમે મોક્ષ પામે છે; તેમાં કામભોગની વાસનાનો વિરહ છે.

૫૬૪. ચિત્રભૂતિ-અણગારને અણગાર-અવસ્થામાં, અને માસક્ષમણની તપશ્ચર્યાના સેવનમાં-

પણ કામભોગની વાસનાના વિષય-કીચ્ચડમાં પ્રસાતાં અનુક્રમે સાતમી સુધી પહોંચવું પડયું; માટેજ કામ-ભોગની વિષયવાસનાઓ અતિ ભયંકર છે, એ વિવેકિયોએ સમજવું જરૂરીનું છે.

૫૬૫. ચક્રવર્તિઓના અને ત્રૈલોકયનાથ-તીર્થંકરોના રાજમંદિરોમાં પણ રત્નજડિત સુવર્ણાલંકારાદિને નિર્માલ્ય-કરમાયેલ પુષ્પમાળાની જેમ અવગણીને ફેંકી દેવાતાં નહોતાં, પરંતુ અચિન્ત્યભોગ-સાધન-સામગ્રી-સંપન્ન-શ્રીશાલિભદ્રકુમારને ત્યાં દિન-પ્રતિદિન રત્ન-સુવર્ણાલંકારોને, અને દેવદૂષ્યાદિ-વસ્ત્રોને નિર્માલ્ય ગણીને ફેંકી દેવાતાં હતાં; એ સત્પાત્રદાનનું અખંડ પુણ્ય પૂળ છે, છતાં આવો ભોગી ભોગને રોગ ગણીને સંયમ લેવા ઉજમાળ થાય છે.

૫૬૬. 'લેનાર માસખમણના મુનિવર પ્રાપ્ત થાય, દેવાનો સુઅવસર પ્રાપ્ત થાય, દેવાયોગ્ય ક્ષીર, ખાંડ, ઘૃતાદિ જોગવાઈ પણ નિર્દોષ પ્રાપ્ત થાય; છતાં દેવાના અવસરમાં ચિત્તની અનુકૂળતા શ્રીશાલિભદ્રને અનુસરતી થવી એજ યથાર્થ દાનફળ પ્રાપ્તિની આકરી કસોટી છે.

૫૬૭. ધીર-પુરૂષોએ કરેલી વાર્તા શ્રવણ કરીને વ્રત લેવાના પરિણામ થવા, અને વ્રત લેવા ઉદ્યમવંત થવાની સાથે વ્રત લેવાં જતાં જતાં પાછાં પગલાં ભરવાં, અને અવિરતિની આંધીમાં અટવાઈ જવું; એ અલ્પસત્ત્વશાલિ-જીવોની નિષ્પુણ્યકદશાનું પ્રગટ-પ્રદર્શન છે.

૫૬૮. "શાલિભદ્રની ઋદ્ધિ હોજો" એ પંક્તિસ્થ-શબ્દોને પ્રેમપૂર્વક લખનારા-પુણ્યાત્માઓને પણ શાલિભદ્રના વૈરાગ્યની અને વિવેકની આછી ઝાંખી જીવનના અંત સુધી સમજાતી નથી, એજ ખેદનો વિષય છે.

૫૬૯. શાલિભદ્રને કાયર કહેનાર ધન્યકુમારને પોતાની સ્ત્રીઓના હિતકર વચન સંભળાય છે, ત્યારે સંયમ માર્ગે કૂચ કરે છે. ખરેખર! જેઓનો ગૃહ મંદિરમાં પતિહિતકરણૈકબદ્ધકક્ષ-પરાયણા પતિવ્રતાઓ છે, કે જેઓ અવસરે પતિઓને સન્માર્ગે પ્રેરે છે; તેઓના ગૃહ-મંદિરો સ્વર્ગ-લોકથી પણ અધિક છે.

૫૭૦. પરોપદેશ દેવામાં કુશળ ઉપદેશકોને ધન્યકુમારના સંયમ માર્ગની કૂચ એ 'રહેણી-કહેણીના રસમય માર્ગની પ્રેરક છે' માટે તે પ્રસંગનું પરિશીલન કરો.

૫૭૧. પ્રસ્વેદ-મલ-કીચ્ચડથી મલીન થયેલાં વસ્ત્રો ઉપર શુશોભિત સુંદર રંગ અને ચિત્ત-આલ્હાદક-ચિત્રો ઓપી નીકળતાંજ નથી, તેવી રીતે શાસનમાન્ય-વ્યવહારથી વિરૂદ્ધ હીન-વ્યવહારમાં વર્તતા વિરતિવંત-જીવોના સંયમાદિ શુભ કરણીઓ પણ શોભી શકતીજ નથી; અર્થાત્ તે તે જીવોના આચારાદિ સ્વપરઘાતક, અને શાસનહિલના કરાવવાના પ્રબળ કારણરૂપ બને છે.

૫૭૨. ભક્તિ-વિનય-બહુમાન-આદર-ગુણ-સ્તવનાદિ પ્રયોગદ્વારાએ પૂજ્ય વડીલોનું જેઓ આરાધન કરે છે, તે ખરેખર વિવેકભર્યું વશીકરણ કરે છે; અને કલ્યાણકારિ કામણ કરે છે; એ વિવેકીઓએ સમજવું જરૂરીનું છે.

૫૭૩. તન-મન-ધનાદિ સ્થાવર-જંગમાદિ સઘળીયે સંપત્તિઓનું સમર્પણ કરવાના સુંદર પરિણામ વગર શાસન પ્રત્યેનો અનુરાગ છે એમ કહી શકાતું જ નથી, માટેજ શાસન-રસિકોએ અને શાસન સંચાલકોએ સાવધાન થવાની જરૂર છે.

૫૭૪ દુનિયાદારીના સ્વયંસેવકપણાને અને શાસનમાન્ય સ્વયંસેવકપણાને આભ-જમીન જેટલું અંતર છે.

૫૭૫. દુનિયાદારીના સ્વંસેવકપણામાં સ્વાર્થ ઠાંસીને ભરેલો હોય છે, જ્યારે શાસન-માન્ય-સ્વયંસેવકપણામાં નિસ્વાર્થના નિઝરણાં ઝરી રહેલાં હોય છે.

૫૭૬. શાસન-માન્ય-સ્વયંસેવકો અલ્પકાળમાં શાસન-માન્ય-માર્ગ પ્રત્યે નિર્વિઘ્ને અસ્ખલિત કૂચ કરે છે, તે નિઃશંક સત્ય છે.

૫૭૭. વિકારના વિવિધ-હેતુઓ પ્રાપ્ત થયા છતાં, જેઓનાં ચિત્ત વિકારને પ્રાપ્ત થતાં નથી તેઓજ મહાધૈર્યવંતો છે, અને વિકારો ઉત્પન્ન થયે છતે પણ વિકારોના વિનાશ માટે અપ્રમત્તપણે કટીબદ્ધ થયેલાઓ છે તે પણ ધૈર્યવંતો છે.

૫૭૮. ઈર્ષ્યાળુ-ભાઇઓના પુનઃ પુનઃ ઈર્ષ્યાકતવ્યોથી જેનું હૃદય ખિન્ન થતું નથી, પરંતુ આ ભાઇઓ મને અનુકૂળ થતાંજ નથી માટે મ્હારો કોઇ દુષ્કર્મનો ઉદય છે; એવા વિચારોને વશીભૂત થયેલ ધન્યકુમાર ખરેખર ધન્ય છે, પ્રશંસાપાત્ર છે, એ વિચારણાને હૃદયમંદિરમાં દ્રષ્ટાંત રૂપે સ્થિર કરતાં શીખો.

૫૭૯. સ્વાત્મસમર્પણ કરનાર સંસારસમુદ્રથી તરવાની તીવ્ર અભિલાષાવાળો હોવો જોઇએ, અને સ્વાત્મસમર્પણ કરનાર શિષ્યાદિને સ્વીકારનાર સદ્‌ગુરૂ તારવાની તીવ્ર અભિલાષા-વાળો; તથા પ્રાણાંતે પણ તારવાના પ્રતિકૂળ સંયોગોમાં પ્રબળ સામનો કરનાર હોવો જોઇએ, તોજ સ્વાત્મસમર્પક અને સ્વીકારનાર-ગુરૂનો સુવર્ણ સાથે સુગંધ જેવો મેળ મળ્યો છે, એમ કહેવું સ્થાનપુરસ્સરનું છે.

૫૮૦. સ્વાત્મસમર્પણ-કરનારની ક્રિયા, અને સ્વાત્માર્પણ સ્વીકારનારની ક્રિયા પરસ્પરની પળ-વારમાં થઇ જાય છે, પરંતુ બંન્નેના નિર્વાહનું કામ જીવન પર્યંત શરૂ રહે છે; એ ઉભયતઃ વિવેકપૂર્વક વિચારણીય છે.

૫૮૧. અલ્પ-ઉદ્યમને પણ અધિક-પ્રફુલ્લદાયિ દર્શાવનાર વિશ્વમાં પુણ્યજ છે, માટે પુણ્ય-પ્રાપ્તિના વિવિધ-પ્રસંગોનું પુનઃ પુનઃ સેવન કરો.

૫૮૨. સંસાર સમુદ્રની ભરતી-ઓટના ભવ્ય પ્રસંગો ભલા ભલા વિવેકિયોને, અને પ્રતિભા-સંપન્ન-પ્રજ્ઞાશાલિઓને પણ મુંઝવે છે; એજ હૃદયમાંથી સુજ્ઞાનિપણાની ગેરહાજરી સુચવે છે.

૫૮૩. વિનાશિ-પદાર્થોદ્વારાએ અવિનાશિભાવોને સમૃદ્ધશાલિ બનાવતાં શીખો, નહિંતર મનુષ્ય જીવન હારી જશો.

૫૮૪. કહેવાતા મહાપુરૂષો મહાવ્યસનમાં મુંઝાયેલા હોય છે, તો પછી વ્યસની બનેલાઓને, અને વ્યસનમાં ડૂબેલા-આશ્રિતોને તારનાર કોણ?, અર્થાત્ તારનારજ નથી.

૫૮૫. આશ્રયના અતિદૌર્બલ્યપણાથી આશ્રિતો પરભવ પામે છે, એ કલિકાલ-સર્વજ્ઞના વચનો વિવેકીયો માટે જરૂર વિચારણીય છે.

૫૮૬. કીડીઓને પાંખો આવે છે ત્યારે મરણ પામવાની આગાહી કરાય છે, તેવીજ રીતે સામાન્ય માનવીઓનેં સંપત્તિ આદિ મદના અતિરેકમાં વિપત્તિઓના વાદળો આવિર્ભાવ પામશે એની આગાહી કરાય છે.

૫૮૭. માનવીઓ ઉપર કઠોર કર્મનો ઉદય વર્તતો હોય છે, ત્યારે કહેવાતા-પ્રભાવશાલિ-પુરૂષોની બુદ્ધિમાં જરૂર બગાડ થાય છે.

૫૮૮. વિચારશાલિ-વિવેકીઓને ઉત્પન્ન થયેલો ક્રોધ પ્રશાન્તપણાને પામે છે, એજ વિશુદ્ધ-વિચારણાનો વિજય છે.

૫૮૯. ક્રોધનો ઉદય થવો એ સહેલી વાત છે, પણ ક્રોધને આધીન બનીને ક્રોધના ફળ ચાખવા જેવી પ્રવૃત્તિમાંથી બચી જવું; એજ પુણ્યવંતોની ખરી મુશ્કેલી, અને કાર્ય-કુશળતા છે.

૫૯૦. વિવેક વગરના મહાન્-સમારોહ, અને મહાન-સમારંભો મહાન્-આપત્તિમાં પલ્ટાઈ જાય છે, આ વાકયના પરમાર્થનું આસ્વાદન કરો.

૫૯૧. પરનિન્દાદિ-પાપમય-વિચારોથી પરાઙ્મુખ થઇને **હૃદ્ય-હૃદય-કમલને વિષે અરિ-હંતાદિ-નવપદનું ધ્યાન ધરો.**

૫૯૨. જે દેશમાં શ્રીવીરવિભુનું તીર્થ ઉત્પન થયું, અને જગત્ના જે દેશમાં વિસ્તાર પામ્યું **તે દેશને ગીતાર્થ-ભગવંતો વિશેષપણે તીર્થ કહે છે.**

૫૯૩. શ્રેણિક જેવો સેવક વર્તમાન શાસનમાં થયો નથી; અને થવાનો નથી; કે જેણે **શ્રીવીરવિભુના ચરણકમલની વિધિપૂર્વક ઉપાસના કરીને સમાન-સંપત્તિને અનુકુળ-એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.**

૫૯૪. "શાસનના માલિક-પ્રથમ-ગણધર-ભગવંત-શ્રીગૌતમ-સ્વામિજીનું આગમન શ્રવણ કરીને શાશનરસિક-શિરોમણિ-શ્રેણિક-મહારાજા સકલઋધ્ધિથી પરિવરેલા પરિવાર સાથે, અને પોત પોતાની ઋદ્ધિ અનુસાર તૈયાર થયેલા જનસમુદાય સાથે વગર વિલંબે આવી પહોંચે છે." આ પ્રસંગને અનેક વખત શ્રવણ કર્યા છતાં શાસન-સંચાલકોના **આગમનાદિ શ્રવણ કરીને પણ આલસ્યાદિમાં ઓત-પ્રોત-થનારાઓ ધર્મની, ધર્મિની કે ધર્મના, સાધનની વાસ્તવિક-કિંમત હજુ સુધી પણ સમજી શકયા જ નથી, એ કહેવું અત્ર પ્રાસંગિક છે.**

૫૯૫. પંચવિધ-અભિગમ-સાચવીને, ત્રણ પ્રદક્ષિણા દેઇને; અને શાસન-માલિક-શ્રીગૌતમ સ્વામિજીના ચરણ કમલોને બહુમાનપૂર્વક-નમસ્કાર કરીને ઉચિત જગોએ શાસન-રસિક-શિરોમણિ-શ્રેણિક બેસે છે, આ પ્રસંગનું પુનિત-પર્યાલોન કરનાર વિધિ-વિધાન રસિકોને દેશના ભૂમિમાં પ્રવેશાદિની વિધિપુરસ્સની પુનિત પ્રેરણા પ્રાપ્ત થાય છે.

૫૯૬. સંસારરસિક-આત્માઓના મગજમાં એક ખુમારી છે કે "પૈસાથી સંસારની સામગ્રીઓ મળે છે" આ વાતને, અને આ વાતની ખુમારીને તિલાંજલિ આપતાં શીખો, કારણકે ધનની પ્રાપ્તિ, પ્રાપ્ત થયેલા ધનનો ટકાવ, અને વૃદ્ધિ **આદિ તે ધર્મની આરાધનાથી ઉત્પન્ન થયેલા અખંડ પુણ્યથીજ થયેલ છે એ સમજતાં શીખો.**

૫૯૭. 'ધનથી બધું મળે છે'એવું કહેનારાઓને કહી દેજો કે મનુષ્યભવની પ્રાપ્તિ, આર્ય દેશમાં જન્મ, દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ, પાંચ ઇન્દ્રિયોની વાસ્તવિક શક્તિ સાથની સંપૂર્ણતાની સંપ્રાપ્તિ નિરોગિપણાની પ્રાપ્તિ, ઉત્તમ કુળમાં અને ઉત્તમ-જાતિમાં અવતરવાનો અમોઘ લાભ, દેવ-ગુરૂ-ધર્મની જોગવાઈ મળી જવી, પંચપ્રમાદ રહિત વીતરાગ વાણીનું શ્રવણ થવું; અને ધર્મારાધનમાં ઉદ્યમવંત થવું આદિ **સઘળી સામગ્રીઓ પુણ્યથીજ પ્રાપ્ત થાય છે.**

૫૯૮. મહા-કષ્ટદાયક-પંચ-પ્રમાદમાં પડેલાઓ, પડીને ઉંડા ઉતરી ગયેલાઓ, અને તેની પડખે ચઢેલા બિચારા પામરાત્માઓ પરમાત્મા પ્રણીત-ધર્મતત્ત્વની સુંદર આરાધના કરી શકતાજ નથી.

૫૯૯. મહાકષ્ટદાયક-પંચ-પ્રમાદને પૂર્ણતયા પરિવર્જન કરીને પ્રબળ-પુણ્યાત્માઓજ ધર્માનુષ્ઠાનમાં ઉદ્યમવંત થાય છે, એજ માનવજીવનની સફલતા છે.

૬૦૦. ભાવ વગરનું દાન મોક્ષસાધનાને અનુકૂળ થતું નથી, ભાવ વગરનું શિયળ યથાર્થ ફળને દઇ શકતું નથી, અને ભાવ વગરનો તપોધર્મ ભવની પરંપરાને ઘટાડી શકતોજ નથી; માટેજ ભાવપૂર્વક દાન-શિયળ-તપોધર્મની આરાધના કરો.

૬૦૧. ભાવધર્મની ઉત્પત્તિ-ટકાવ-વૃદ્ધિ કરવી હોય, અને ફલ પ્રાપ્તિ કરવી હોય તો અતિદુર્જય એવા મનને વશ કરતાં શીખો, કારણકે ભાવ-ધર્મની ઉત્પત્તિ આદિ મનોવિષયક છે.

૬૦૨. મુમ્બાપુરીના મર્કટને મુમ્બાપુરી વિભાગના પ્રાંતોના ગામે ગામમાં, અને નગરે નગરમાં ભમવું મુશ્કેલ પડેલ છે, પરંતુ મનોમર્કટને તો દુનિયાપારના દેશપરદેશમાં પરિભ્રમણ કરવામાં એક પણ વિઘ્ન નડતું નથી, માટેજ અતિ ચંચળ-મનને વશ કરવું જરૂરી છે; અને તેથીજ શાસ્ત્રકારોએ તે મનને અતિ દુર્જય જણાવેલું છે.

૬૦૩. અતિ-દુર્જય-મનને વશ કરવા શાસનમાન્ય-સાલંબન-ધ્યાનનો જરૂર આશ્રય કરો.

૬૦૪. શાસન-માન્ય-શાસ્ત્રોમાં અનેકવિધ-આલંબનો જણાવેલાં છે, છતાં તે સર્વ-આલંબનોમાં શાસનના સારભૂત-શ્રીનવપદનું આલંબન શ્રેષ્ઠતમ સ્વીકારેલું છે.

૬૦૫. સર્વજ્ઞ--ભગવંત-જિનેશ્વરોએ સાલંબન--ધ્યાનમાં શ્રીનવપદ--ધ્યાનને પ્રધાનતમપણે ઉપદેશેલું છે.

૬૦૬. નવપદનો આરાધક નવપદના પરમાર્થ--પિયુષનું આસ્વાદન કરીને નવપદપણું જ્યાં જ્યાં ભાસમાન થાય છે, ત્યાં ત્યાં દર્શન-વન્દન-પૂજન-સત્કાર-સન્માનાદિ કરવા ઉજમાળ થાય છે.

૬૦૭. નવપદનો આરાધક વ્યક્તિના રાગમાં રંગાઇને નવપદમાંના કોઇપણ પદને પ્રાપ્ત કરેલા પુણ્યાત્મા પ્રત્યે અનાદર કે અરૂચી; અકકડતા કે વક્રતા બતાવી શકતોજ નથી.

૬૦૮. અરિહંતાદિ--પંચપરમેષ્ઠિઓના-પરમેષ્ઠિપણાની પૂરી પીછાણ કરીને તે તે પરમેષ્ઠિ-ભગવંતોનું ધ્યાન ધરો, એમ શ્રી વિજયરત્નશેખસૂરીશ્વરજી પ્રરૂપાવે છે.

૬૦૯. સુવર્ણનો અર્થી કશ-તાપ-છેદપૂર્વક સુવર્ણને તપાસે છે, અને પરીક્ષા કરી-કરાવીને લે છે; પરંતુ કયા ગામનું સુવર્ણ છે ?, કોનું સુવર્ણ છે ?; ઇત્યાદિ પ્રશ્નોને અવકાશજ નથી, તેવીજ રીતે પરમેષ્ઠિપણાની પિછાણ થયા પછી વન્દન દર્શનાદિ ક્રિયાને બદલે કોણ છો ?, કયા ગામના છો ?, કોના શિષ્ય છો ?; ઇત્યાદિ પ્રશ્નોની ગુંચવણમાં પડનારાઓ ખરેખર પરમેષ્ઠિપણાની પિછાણ વગરના છે એમ કહેવું સુસંગત છે.

૬૧૦ નવે દિવસની આરાધનામાં આવતાં નવે પદોનું ધ્યાન ધરનારાઓને, અને બબ્બે હજાર જાપ કરનારાઓને ધ્યાન રાખવું જરૂરી છે કે અરિહંત-સિદ્ધાદિપદોથી એક વ્યક્તિનું આરાધન નથી, પરંતુ ત્રિકાળવર્તિ સકળ--ક્ષેત્રવર્તિ અરિહંત-સિધ્ધાદિની આરાધના કરવા કરાવવાના આ અમોઘશાશ્વત-દિવસો છે, અને આ અમોઘશાશ્વત આરાધના છે.

૬૧૧. અઢાર દોષથી મુક્ત થવાની સાથે કેવળજ્ઞાનને પ્રગટ કરનારા તીર્થંકરો વિશ્વભરને પામવા લાયક વસ્તુને પમાડવા તત્ત્વમય ઉપદેશ દે છે.

૬૧૨. મનુષ્યજન્મમાં પામવા લાયકની વસ્તુ પામ્યા છતાં, અન્ય જીવોને પમાડવા માટે પ્રબળ પ્રયત્નવન્ત થવું એજ વિનિયોગનું સેવન છે.

૬૧૩. વિનિયોગના વિશાળ-આશયને અનુસરનારો આત્માજ અન્ય જીવોને પામવા લાયકના પદાર્થોની પ્રાપ્તિ કરાવવા માટે ભગીરથ પ્રયત્નો કરે છે.

૬૧૪. નિયમા ઘનઘાતીને તોડનારા, નિયમા કેવળજ્ઞાન પ્રગટ કરનારા, અને સર્વ કર્મનો ક્ષય કરીને નિયમા મોક્ષે જનારા હોવા છતાં પણ; વિશ્વવન્દ્ય-તીર્થંકર-ભગવંતોનું તીર્થંકરપણું વિનિયોગને અનુસરીને વિશ્વભરને લાભદાયિ નિવડે છે.

૬૧૫. વિશ્વભરને પામવા લાયકની વસ્તુઓ પમાડવાની પૂર્ણ તાલાવેલી ત્રણ ત્રણ ભવથી કરેલી છે, અને તેજ માટે તીર્થંકરનામકર્મની નિકાચના કરીનેજ તીર્થંકર થયા છે.

૬૧૬. જિનેશ્વર-ભગવંતોનો અને જિનેશ્વરભગવંના શાસનનો મૌલિક-આદર્શ સિધ્ધપણાને

પ્રાપ્ત કરવામાં છે.

૬૧૭. શાસન-માન્ય-સઘળાંએ અનુષ્ઠાનોની આરાધનામાં, અને ક્રિયાકાંડોની પરિસમાપ્તિમાં આરાધકોને પ્રાપ્ત કરવા લાયક સિદ્ધપણું જ છે; એ ભૂલવા જેવું નથી.

૬૧૮. ત્રૈલોક્યનાથ-તીર્થંકર-ભગવંતોના પુનિત-ઉપદેશનું સાફલ્ય--પરિણામ સિધ્ધપદને આભારી છે.

૬૧૯. લોકોત્તર-પ્રેમના અર્થિઓનો પ્રેમ પરમાત્મપદ-પ્રાપ્તિ પ્રત્યે અવિરત કૂચ કરે છે, અને તેજ પ્રેમ સર્વસ્વના ભોગે તે પદની પ્રાપ્તિ નિયમા કરાવે છે.

૬૨૦. નિર્ગ્રંથ-પ્રવચન-પિયૂષનું આસ્વાદન કરનારાઓ પોતાના જીવનને દ્વેષથી દૂષિત કરતાંજ નથી.

૬૨૧. 'નિગ્રંથ પ્રવચન શત્રુતાને દેશવટો દેવાનું, અને મૈત્રીભાવ કેળવવાનું ફરમાવે છે' એ સુવર્ણવાકય સ્મૃતિ-પથમાં સ્થિર કરવું જરૂરીનું છે.

૬૨૨. નિગ્રન્થ-શ્રમણ-ભગવંતો વિશ્વભરની કોઈ વ્યક્તિને શત્રુ માનતાજ નથી.

૬૨૩. સંસાર-રસિક-આત્માઓ સાંસારિક-પદાર્થો પાછળ પાગલ બન્યા છતાં, અનાથ માનવાની અકકડતામાં નાથપણું પામેલા શ્રમણ ભગવંતોના સમાગમનો યથાર્થ લાભ મેળવી શકતાંજ નથી.

૬૨૪. વિશ્વભરના સઘળાંએ ત્રસ-સ્થાવર જીવ-સમુહમાં વાસ્તવિક-નાથપણું પામેલા શ્રીશ્રમણ-ભગવંતો છે.

૬૨૫. તૃષાતુર-અવસ્થામાં સરોવર-દ્રહ-નિર્ઝરણાદિનો પણ આશ્રય લેવો નહિ, અને ક્ષુધાતુર અવસ્થામાં વનસ્પતિ-ફલ-ફુલ-પર્ણાદિ ગ્રહણ કરવા નહિ; અર્થાત્ કાચું પાણી પીવુંજ નહિં, અને વનસ્પતિ ફલાદિનો-આહાર કરવોજ નહિં; એ શ્રમણ ભગવંતોના સનાથ-પણાની સુંદર-કાર્યવાહિઓના સાક્ષિ-સ્વરૂપ પ્રતિકો છે.

૬૨૬. વિષમ-કાલમાં આવી પડેલાં અને આવી પડતાં કષ્ટોને સહન કરવાની સુંદર આવડતવાળા શ્રમણ ભગવંતોજ સહનશીલ ધર્મમાં નિષ્ણાત છે. પરંતુ અહંભાવ અને શત્રુતાના સન્નિપાતમાં કૂટકલંકોનું આરોપણ કરવું એ પાપ છે, અને તત્સંબંધની સર્વ કાર્યવાહી કાયરતારૂપ છે; એ સમજતાં શીખો.

૬૨૭. જમણા હાથે આપેલું દાન ડાબો હાથ ન જાણે એટલી સાવધાની દાનેશ્વરીઓને રાખવી ઘટે છે, કારણ કે દાન બીજાને સહાયરૂપ થવા માટે છે, નહિં કે બીજાની આબરૂના કાંકરા કરવા માટે દાન અપાય છે.

૬૨૮. નામ કમાવવાની તાલાવેલીમાં પડેલાં કહેવાતાં દાનેશ્વરી-કીર્તીયાગરો દાન દેઈને, અને દાની તરીકે પ્રસિદ્ધિ પામીને બીજાની આબરૂના કાંકરા કરવા માટે બકવાદ કરે છે;

ત્યારે તેઓ દાન ધર્મના વાસ્તવિક પૂળને પામી શકતાંજ નથી.

૬૨૯. 'બીજાની આણરૂનું રક્ષણ થાય છે કે ભક્ષણ' આ વિચારાદિને પચાવ્યા વગર સહાયરૂપે દેવાતું દાન વાસ્તવિક પૂળ નિપજાવી શકતુંજ નથી.

૬૩૦. "પાપને પાપ તરીકે માનવા જેટલી તૈયારી નથી, અને માન્યા છતાં દૂર કરવાની તાલાવેલી નથી," તેવા આત્માઓનું બાહ્ય વર્તન, અને અભ્યંતર વર્તન તદ્દન નિરાળું હોય છે; અને તેથીજ તેવા આત્માઓને શાસ્ત્રોમાં માયાના મંદિર, અને મિથ્યાદ્રષ્ટિ તરીકે વર્ણવેલાં છે.

૬૩૧. કર્મક્ષય કરવા માટે મોક્ષ-માર્ગે સિધાવનાર-શ્રમણ-ભગવંતોના વ્યકિત-સ્વાતંત્ર્યની સરણામણીમાં સમાજ-સ્વાતંત્ર્ય ટકી શકતુંજ નથી, કારણકે શ્રમણ-ભગવંતનું વ્યકિત-સ્વાતંત્ર્ય એ સર્વજ્ઞ કથિત છે, અને શાસ્ત્રાધીન છે.

૬૩૨. શ્રમણ ભગવંતોનું સર્વજ્ઞ-કથિત-શાસ્ત્રાધિન-વ્યકિત-સ્વાતન્ત્ર્ય વિશ્વભરના સઘળા જીવોને આશીર્વાદ સમાન છે.

૬૩૩. પરમાત્મા સાથે પ્રેમ બાંધનારાઓએ, અને પરમાત્મા પદમાં લીન થનારાઓએ 'પરમાત્મા પૂર્ણ છે અને હું અપૂર્ણ છું' એ ભાવથી ભાવિત થયા વગર પરમાત્મ-પદની પ્રાપ્તિ થવી ઘણીજ દૂર છે.

૬૩૪. કૃતજ્ઞતાના જ્ઞાતાઓ ઇર્ષ્યાભાવે કૃતઘ્ન-શિરોમણી બને છે, ત્યારે તેઓ શાસન-માન્ય-ગુણોને અવગુણ તરીકે દેખવામાં, કહેવામાં; અને આલેખવામાં અંશભર અચકાતાં નથી.

૬૩૫. સનાથતા કે અનાથતા એ અનુક્રમે સાકર કે અફીણના પડીકાં કથી, પરંતુ સર્વજ્ઞ-વચન-શ્રવણ રસિક-આત્માઓ શ્રદ્ધા બળે સનાથતાને સહૃદયમાં સ્થિર કરી શકે છે, અને અનાથતાને અબ્જો કોષ દુર કરી શકે છે; કારણકે એ અમોઘ પૂલદાયિ ચીજ છે.

૬૩૬. ખોટા કલંકના પ્રતાપે શૂળીપર ચઢનાર-સજ્જન-શિરોમણિ-સુદર્શન-શેઠ ખોટું કલંક દેનાર અભયારાણીનું લવલેશ બુરૂં ઇચ્છતો નથી, એટલુંજ નહિં પણ ભલું ઇચ્છવાને અને ભલું કરવાને કટીબદ્ધ થાય છે; એજ મૈત્રીભાવની મહત્તા છે.

૬૩૭. કલ્યાણકાંક્ષિ-શિષ્યાદિ-વર્ગે પરમોપકારિ-સદ્‌ગુરૂવર્યાદિ પ્રત્યે સર્વસ્વ-સમર્પણ કરવાની સુંદર ભાવનાથી ભાવિત થઈને ત્રિકરણ-યોગે ત્રિવિધ પ્રવૃત્તિને પગભર બનાવવી, એજ સામર્થ્ય-યોગની સિદ્ધિનો રાજમાર્ગ છે.

૬૩૮. પોતાની અપેક્ષાએ અતિ-કઠિન અને અશકય જણાતું અનુષ્ઠાન કરવાની તીવ્ર-તાલાવેલીમાં લયલીન-બનેલા-આત્માઓએ તે તે અનુષ્ઠાનમાં આગળ વધેલા પુરૂષ-સિંહોની ખૂબ ખૂબ પ્રેમપૂર્વક પ્રશંસા કરવી, શક્તિ અનુસાર સેવા કરવી; અને અન્ન-પાન વસ્ત્ર-ઉપકરણાદિથી વિનય-વૈયાવચ્ચમાં વિવેકપૂર્વકની સેવામાં આગળ વધવું એજ

અતિકઠિન-અશક્ય-અનુષ્ઠાન-પ્રાપ્તિનો અને પ્રાપ્ત થયેલ અનુષ્ઠાનોનું અમોઘ-પૂલ પ્રાપ્ત કરવાનોએ સીધો સરળ-નિષ્કંટક રાજમાર્ગ છે.

૬૩૯. જન્મવું અને વિદાય થવું, વિકાસ થવો અને હ્રાસ થવો; તેમજ ઉન્નતિના ઉન્નત શિખરે આરોહણ કરવું, અને પતનની પામર-દશામાં દીન બનીને પટકાઇ જવું; વિગેરે પ્રસંગોનું અવલોકન કરીને વિદાય થવા પહેલાં વિશ્વનો આશીર્વાદ મેળવીને વિદાય થવું એજ વિવેકિયો માટે સર્વદા-સર્વત્ર-સર્વથા હિતકર-સદુપદેશ છે.

૬૪૦. વિવેક-ભર્યું વિશિષ્ટ-જીવન-જીવવાની અભિલાષા હોય તો વીતરાગની વાણીનું શ્રવણ-મનન-અને પરિશીલન કરવાની અનિવાર્ય જરૂર છે.

૬૪૧. જેઓ સર્વજ્ઞકથિત-શાસ્ત્રાનુસારે સ્વજીવનનો વિકાસ સાધીને, અન્ય જીવોને વિકાસના માર્ગે યોજી ગયા છે, અને યોજી રહ્યા છે; તેઓજ પ્રાતઃસ્મરણીયમાં, પરમવંદનીયમાં, પરમપૂજનીયમાં; અને પરમપ્રભાવશાલિઓમાં પ્રથમ નંબરે છે, અને તેંઓજ ભવ્યાત્માઓના પુનિત હૃદયમાં સ્થિર થાય છે.

૬૪૨. જેઓએ આપત્તિઓ કે મુશીબતો વેઠી નથી, તેઓએ પર પીડાની કિંમત ણુપ મગજમાં ધારણ કરી નથી; કારણકે દુધ-સાકરના શોખીનો ભૂખ્યા માણસની કિંમતને અને ભૂખ્યા માણસની પીડાને પિછાણી શકતાજ નથી.

૬૪૩. વિપરીત-માર્ગે જનારા ઉત્સૂત્ર-પ્રરૂપકો સુવિહિત-ગીથાર્થોની સૂત્રાનુસાર થતી પ્રવૃત્તિઓની નિન્દા કરવામાં પાવરધા હોય છે, માટે તેવાઓથી સદા સાવધ બનો.

૬૪૪. ઈર્ષ્યાના આવિર્ભાવમાં ગુણવન્તોના ગુણોની લેશભર અનુમોદના થતીજ નથી.

૬૪૫. ઈર્ષ્યાના સદ્ભાવમાં પ્રમોદભાવનાનું વિસર્જન થાય છે, અને પ્રમોદ ભાવનાના વિરહકાળમાં સમ્યક્ત્વનો સદ્ભાવ હોતોજ નથી.

૬૪૬. શાસન-માન્ય એવા અલ્પ-ગુણની અનુમોદના કરતાં શીખો, નહિંતર ઉચ્ચ-સ્થિતિએ પહોંચેલા જીવોને પણ પડતાં વિલંબ થતો નથી.

૬૪૭. ધર્મારાધન-કાળે વિનાશિ-ભાવોને મેળવવાના-તીવ્ર મનોરથોને, અને ભોગવાસનાઓને તૃપ્ત કરવાના ભગીરથ પ્રયત્નો થાય, એ ધર્મિ-આત્માઓ માટે અધઃપતનના પગથીઆં છે.

૬૪૮. લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમનો પુજારી અંતિમ સિધ્ધ-દશાનો અર્થિ હોવાથી સ્તુતિ-સ્તોત્રના પદ્યોનું ઉચ્ચારણ કરતાં અને આલેખન કરતાં પૂજ્ય-પરમાત્મા સાથેના પ્રેમને પરાકાષ્ઠાએ પહોંચાડવા સાહિત્ય-સૃષ્ટિના સિદ્ધ-દૃષ્ટાન્તોનું અવલંબન કરે છે.

૬૪૯. લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ-પ્રિયૂષનું આસ્વાદન કરનારાઓજ પૂજ્ય-પરમેષ્ઠિઓ પ્રત્યે અનન્યભાવનું અવિરત સેવન કરે છે.

૬૫૦. નિર્ગુણિ આત્માઓ ગુણને દેખી શકતાં નથી, અર્થાત્ ગુણવન્તોના ગુણોની કદર કરી

શકતાં જ નથી; તેવી રીતે ગુણવન્તો પણ બીજા ગુણવન્તોને દેખીને ઇર્ષ્યાભાવ અગર મત્સરભાવ કેળવે છે એ બેદરકારીનો વિષય છે.

૬૫૧. શાસન-માન્ય ગુણોને અનુસરીને ગુણવાન્ થવું, અને ગુણાનુરાગી થવું; અર્થાત્ ગુણાનુરાગ સાથે ગુણી થવું એજ માનવ જીવનની સફલતા છે.

૬૫૨. વિષય-વિકારના ચિન્તવનમાં ચકચૂર બનેલાઓ સંસારમાં અનેકશઃ પરિભ્રમણ કરે છે.

૬૫૩. વિષય-ભોગના સાધનની પ્રાપ્તિ કર્યા વગર વિષયની ઇચ્છા માત્રથી પણ રૂપસેનના જીવને સાત ભવો ભટકવું પડયું છે, તે પ્રસંગને યાદ કરો.

૬૫૪. કર્મોદયની પ્રબળતામાં વિવેકનું અને બુદ્ધિ-આદિનું વિસર્જન ન થાય તે માટે વીતરાગની વાણીનું બૂબ બૂબ સેવન કરો.

૬૫૫. લાંબા-પહોળા ભયંકર ભવકૂપમાં પડતા પ્રાણીઓને બચાવનારા વીતરાગના વચનોજ છે.

૬૫૬. વીતરાગની વાણીના અવલંબન વગર વિશ્વમાં કોઈનો પણ ઉદ્ધાર થયો નથી, થતો નથી; અને થશે પણ નહિં.

૬૫૭. સંસારના અલ્પ-આનંદની ખાતર દીર્ઘકાળના દુઃખોની ખરીદી કરવી એજ મહાન્ મૂર્ખાઈનો નમુનો છે.

૬૫૮. મેલાની ગાડી રૂપ શરીરમાં રહેલા આત્માને ઓળખો.

૬૫૯. આત્મા આત્માને ઓળખશે નહિં, ત્યાં સુધી આપદાઓનો વાસ્તવિક અંત આવશે નહિં.

૬૬૦. શ્રુત-સામાયકમાં પણ સંસારને ભૂલતાં શીખો, નહિંતર માનવ જીવન હારી જશો.

૬૬૧. સામાયકની બે ઘડીમાં સંસારને જે ભૂલી શકતો નથી, તેને સામાયકનું વાસ્તવિક આસ્વાદન થતું જ નથી.

૬૬૨. સર્વવિરતિમાં ધ્યાનારૂઢ થયેલા પ્રસન્નચંદ્રરાજર્ષિને સંસાર યાદ આવતાં સાતમી સુધી પહોંચવાની તૈયારી કરી તે ભૂલવા જેવું નથી.

૬૬૩. સર્વ-વિરતિમાં રહેલા શ્રમણ-ભગવંતોને પણ સંસારની વાસનાઓ કેવી રીતે સપડાવે છે, તે સમજતાં શીખો.

૬૬૪. જૈન-કૂળમાં જન્મેલાઓને વારસામાં દેવ-ગુરૂ-ધર્મની ઓળખ કરાવવી જરૂરીની છે.

૬૬૫. જૈન-કૂળમાં જન્મેલાઓ દેવ-ગુરૂ-ધર્મને રક્ષક તરીકે પિછાણે નહિં; એજ વડીલોની બેદરકારી અને ગુન્હેગારી છે.

૬૬૬. સંસારની ચારે ગતિના સઘળાંએ સ્થાનોમાં લેશભર શાંતિ નથી, માટે જ "સંસારે મહાદુઃખં" એ વાકયનું રોજ પરિશીલન કરો.

૬૬૭. સંયમના સેવન વગર, સંયમિઓના સમાગમ વગર, અને સંયમના સાધનોના અવલંબન વગર; વાસ્તવિક સુખની પ્રાપ્તિ થઈ જ નથી, થતી જ નથી, અને થશેજ પણ નહિં;

માટેજ "સંયમે મહાસુખં" એ વાકયનું વારંવાર નિદિધ્યાસન કરો.

૬૬૮. ધર્મ શ્રવણ કરવો, સમજવો, સમજાવવો જેટલો સહેલો છે, તેટલો જ અગર તેથી ક્રોડગુણો અમલ કરવામાં મુશ્કેલ છે.

૬૬૯. વગર કિંમતના પદાર્થો વર્ણ-ગંધ-રસ-સ્પર્શના અને સ્વભાવના પલટન સાથે પોતાની કિંમતમાં વધારો કરે છે, આવું નજરે નિહાળનારા-આત્માઓ પોતાની કિંમત વધારવા બેદરકાર રહે છે એજ બેદનો વિષય છે.

૬૭૦. વિશ્વભરને શ્રાપરૂપ જીવન-જીવનારો દ્રઢ-પ્રહારી સ્વભાવનાપલ્ટા સાથે ઘનઘાતી-કર્મને તોડી કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે, માટે શાસન-માન્ય-સ્વભાવને અનુસરતાં શીખો.

૬૭૧. રક્ષક કોણ ?, અને ભક્ષક કોણ ?; એ બન્નેના વાસ્તવિક-ભેદને જંગલના મૃગલાંઓ સમજી શકતાંજ નથી, તેવીજ રીતે જે માનવ-જીવન જીવનારાઓ રક્ષક-ભક્ષકના વાસ્તવિક ફરકને જીંદગીના અંત સુધી ન સમજી શકે તો સમજવું કે મૃગલાંની જેમ મનુષ્ય જીવન એળે ગુમાવાય છે.

૬૭૨. સંસારમાં રહીને ધર્મની દલાલી કરનારા પુણ્યશાલિઓને શ્રીકૃષ્ણ-મહારાજાનો રાણી-દાસી બનાવવાનો પ્રસંગ વિચારણીય છે.

૬૭૩. શુકલ-પક્ષની દ્વિતીયાનો શશી જેમ પૂર્ણ ભાવને પામે છે, તેવી રીતે સર્વસ્વ-સમર્પણ કરવાની વાસ્તવિક ક્રિયાના મર્મને સમજનાર-સત્ત્વશાલિઓ દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેના પારમાર્થિક-પ્રેમને પૂર્ણભાવમાં પરિણુમાવીને પૂર્ણ-ઈષ્ટભાવની સિદ્ધિ કરે છે.

૬૭૪. દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે સર્વસ્વ-સમર્પણની મર્યાદા સર્વદા અસ્ખલિતપણે વ્યવસ્થિત બને છે, ત્યારેજ સેવક ભાવને પામેલા સેવકો સેવ્યભાવને સ્પર્શે છે એ ભૂલવા જેવું નથી.

૬૭૫ એક તરફનું શ્રવણ કરીને ન્યાય ચુકવનારાઓ મૂર્ખ-શિરોમણિ છે.

૬૭૬. વાદી-પ્રતિવાદિને સાંભળ્યા છતાં, ઉભય પક્ષના સાક્ષિઓને તપાસ્યા છતાં, બન્ને પક્ષના પ્રસંગોનો સમન્વય કર્યા છતાં, અને આજુબાજુના અનેક પ્રસંગોનું અવલોકન કર્યા છતાં, પણ ન્યયાધીશો ન્યાય ચુકવવામાં અનેક વખત ભૂલો કરે છે, એ સત્યને સમજ્યા છતાં જેઓ નિર્ણય બાંધવામાં; અને બોલવામાં ઉતાવળ કરે છે, તેઓ પોતાની મૂર્ખાઈનું વાસ્તવિક પ્રદર્શન કરે છે, અને કરાવે છે.

૬૭૭. અધિકાર વગરની વાતો કરનારને પોતાનો અધિકાર શો છે ?, એનું જેને જ્ઞાન નથી, તેવાઓમાં વર્તમાન-ભાવિપરિણામને તપાસવાની તાકાત નથી, અને તેવાઓ સાથે વિચાર-વિનિમય કરવો તે સ્વ-પરઘાતક પ્રવૃત્તિ છે; માટે કલ્યાણકાંક્ષિ-આત્માઓએ સાવધાની પૂર્વક વર્તવું એજ સર્વદા-સર્વત્ર હિતાવહ છે.

૬૭૮. વિનયાદિ ગુણો શાસ્ત્રકથિત મર્યાદાશીલ હોય છે, ત્યારે તે ગુણો સર્વદા સ્વ-પર હિત-

કારક બને છે, પરંતુ મેલી—મુરાદોને પાર પાડવા માટે વિનયાદિ ગુણોનો બાહ્ય–આડંબર જોરદાર બને છે; ત્યારે તે સ્વ–પરહિતનો વિઘાતક બને છે; તે બીના સર્વદા સ્મૃતિ–પથમાં સ્થિર કરવા જેવી છે.

૬૭૯. વિનયાદિ ગુણમાં વિશેષતઃ વૃદ્ધિ પામેલો, અને વિનય–રત્નની પદવી–પામેલો વિનેય ઉદાયન રાજાનું કરપીણ ખૂન કરે છે, ત્યારે તેજ વિનયાદિ મર્યાદાહીન અવસ્થાને અનુસરીને સ્વ–પર હિતના વિઘાતક બને છે; એ વાત શાસ્ત્ર સુપ્રસિદ્ધ છે.

૬૮૦. ગુણવાનોના અનેકાનેક ગુણોમાંથી કોઈપણ ગુણની અનુમોદના કરવીજ નહિં, કેવળ ઈર્ષ્યાદિકના પ્રબળ પ્રભાવે અધમ–વૃત્તિથી અવગુણ શોધવાની, જાહેર કરવાની, પ્રચાર કરવાની, અને અધિક અણુસમ અવગુણોને મેરૂ સમાન બતાવીને ગુણવાનોની અપભ્રાજના કરવી; તે ખરેખર માનવ જીવનમાં પાપમય પાશવતાનો પૂરેપૂરો પ્રવેશ થયો છે, એમ સમજવું યુક્તિ યુક્ત–સુસંગત છે.

૬૮૧. સર્વસ્વ–સમર્પણ કરવાની ભાવનાવાળા–ભાવુકોએ "સર્વસ્વ–સમર્પણ" એ આલેખન પુરતું કે ઉચ્ચાર પુરતું ન રહે, તેની ખૂબ ખૂબ સાવધાની રખાય તોજ સર્વસ્વ સમર્પણદ્વારાએ ઈષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થાય.

૬૮૨. સર્વસ્વ–સમર્પણ કરનાર શિષ્યાદિકે સ્વીકારનાર સદ્‌ગુરૂવર્યાદિ પ્રત્યે અનન્યભાવે સર્વદા વર્તવા ઉદ્યમશીલ રહેવું.

૬૮૩. અવસરે ઉચ્ચારેલું વચન, અવસરે દીધેલું દાન, અને અવસરે થયેલી અલ્પવૃષ્ટિ અચિન્ત્ય ચિન્તામણિની જેમ ફલદાયિ નીવડે છે.

૬૮૪. સદ્‌ગુરૂ પ્રતિ અનન્યભાવે જીવન જીવવાની અભિલાષાવાળા શિષ્યાદિકે બાહ્યભાવે, ૧. યથાર્થ કથન કરી દેવું, ૨. અવંચકભાવે ત્રિવિધ યોગની પ્રવૃત્તિ કરવી, ૩. થયેલાં પાતકોનું પ્રકટન કરવું, અને ૪. સારભૂત સદ્‌ભાવથી શાસન–માન્ય–પ્રિય–મૈત્રીભાવે વર્તવું; એ ચારે પ્રકારે પુનીત જીવન જીવવા માટે શિષ્યાદિકે આ ઋજુવ્યવહારને=સરળ વ્યવહારને અનુસરવા કટિબદ્ધ થવું.

૬૮૫. મહાત્માઓ પ્રતિ થયેલાં અપરાધોની વિશુદ્ધિ માટે હાર્દિક અંતઃકરણપૂર્વક નમી જવું એ અમોઘ પ્રતિક્રિયા છે.

૬૮૬. ઉત્તમ–જીવો સંપત્તિકાલમાં અને આપત્તિકાલમાં એક સરખાં સ્વભાવવાળાં જણાય છે.

૬૮૭. ઉત્તમ જીવો અંગીકાર કરેલા કાર્યને સ્વાભાવિક રીતિએ જીવન પર્યંત નિભાવે છે, અને આપત્તિકાલ આવે તો મૃત્યુને સ્વીકારે છે, પરંતુ ઉન્માર્ગમાં લવલેશ કદમ ભરવાનો વિચાર સરખોએ કરતાજ નથી.

૬૮૮. પરોપકાર–પરાયણ–પુણ્યાત્માઓ પરોપકાર કરવાની પુનિત–તાલાવેલીમાં તલ્લીન બનેલા

હોય છે, અને તે પરોપકારાશ્રિત-જીવન-જીવનારાઓ તે પરોપકારને પ્રાણાંતે વિસરવાજ નહિં, તેની તાલાવેલીમાં તલ્લીન બનેલા હોય છે; આથીજ પૃથ્વીને ધારણ કરનારા આ બેજ પુણ્યાત્માઓ છે-"उवयारे जस्स मई, उवयारं जो न विस्सरइ"

૬૮૯. જેણે દુઃખ પ્રાપ્ત થયું નથી, જેણે પ્રાપ્ત થયેલા દુઃખના ડુંગરાઓમાંથી પસાર થતાં આવડતું નથી, અને જેણે બીજાના દુઃખો દેખીને વાસ્તવિક દુઃખ અનુભવાતું નથી, આવા આત્માઓ પાસે દુઃખી--આત્માએ દુઃખને કહેવું તે અરણ્ય--રૂદન જેવું છે.

૬૯૦. જેણે દુઃખ પ્રાપ્ત કર્યું છે, જેણે પ્રાપ્ત થયેલા દુઃખોને દૂર કરવા અનેકવિધ ઉપાયોથી વીર્ય ફોરવ્યું છે, અને જેણે બીજાના દુઃખો દેખીને પોતાના હૃદયને વાસ્તવિક રીતિએ દયાર્દ્ર બનાવીનેને દુઃખને અનુભવ્યું છે; તેવા આત્માઓ પાસે વિનીત-ભાવે દુઃખને કહી દેવું, એ દુઃખના ભારમાંથી મુકત થવાનો અમોઘ રાજમાર્ગ છે.

૬૯૧. કપડાંની ગાંઠ, સુતરના દોરાની ગાંઠ; રેશમના દોરાની ગાંઠ, અને તેલથી ભીંજાયેલ રેશમના દોરાની ગાંઠ છોડવી હોય તો; તે અનુક્રમે કંઇક સરળ અને કઠીન અનુભવાય, પરંતુ અંતઃકરણમાં અદ્રશ્યપણે રહેલી અનેકવિધ--આંટીગુંટીઓથી ગુંચવાયેલી ગૂઢ-ગાંઠ છોડવી એ અતિ-કઠિન-મુશ્કેલ-વિષય છે.

૬૯૨. અંતઃકરણમાં અદ્રશ્ય--ગૂઢ બનેલી ગાંઠોને છોડયા વગર માનસિક બોજો ઓછોજ થતો નથી, માટેજ સદ્‌ગુરૂવર્યોની સાન્નિધ્યમાં સદ્‌ાગમની સેવના નિરંતર કરીને ગૂઢ-ગાંઠોને છોડતાં શીખો.

૬૯૩. અંતકરણમાં અદ્રશ્ય--ગૂઢ બનેલી ગાંઠ છોડવાને બદલે તે ગાંઠ વધુ ગૂઢ, ગહન; અને ગુંચવણ ભરેલી બને છે, તેમાં વાસ્તવિક--કારણ માયાનું સામ્રાજ્ય છે.

૬૯૪. વિચાર-ધર્મનું માપ કાઢવા માટે દરેક આત્માએ આસ્તિકયાદિ-પાંચ લક્ષણોનું બારીકાઇથી અવલોકન કરવું જરૂરીનું છે.

૬૯૫. સર્વજ્ઞ-કથિત-સિદ્ધાતો પર અસ્ખલિત-અતૂટ શ્રદ્ધાના દ્રઢ રંગથી જે આત્માઓ રંગાયા નથી, તેઓ આસ્તિકય રૂપ વિચાર ધર્મની પ્રથમ-ભૂમિકાને સ્પર્શ્યાજ નથી.

૬૯૬. આસ્તિકયતાના અસ્ખલિત-આંદોલનોથી આનંદિત થયેલો આત્મા વિચાર ધર્મની દ્વિતીય ભૂમિકારૂપ અનુકંપાનું આસ્વાદન કરે છે.

૬૯૭. "ધર્મ-ધન વગરનો કહેવાતો ધનવાન્ નિર્ધન છે, અને ધર્મ-ધનવાળો નિર્ધન છતાં પણ ધનવાન્ છે" આ વિચારોના તરંગોથી તરંગિત થયેલો આત્મા ભાવ-અનુકંપાથી ભાવિત થાય છે.

૬૯૮. જેના હૃદય મંદિરમાં ભાવ અનુંપાની ભરતી જ્યારે ઓટ વગરની આવિર્ભાવ થાય છે, ત્યારે તે આત્મા નિર્વેદરૂપ નિર્મળ નીરનું પાન કરીને અનાદિની તૃષા શાન્ત કરે છે.

૬૯૯. જેના હૃદય--મંદિરમાં નિર્વેદના નિર્મળ-તરંગોની ઉર્મિઓ ઉછળતી નથી, તેના જીવનમાં સંવેગનો આવિર્ભાવ થવો એ સેંકડો કોષ દૂર છે.

૭૦૦. જિન-મંદિરમાં પ્રભુ પાસે 'भवनिव्वेओ' પાઠ બોલનાર-ભક્તને ભવનિર્વેદના ભવ્ય-ભાવ મરણના અંત સુધી સમજાતો નથી, એજ ખેદનો વિષય છે.

૭૦૧. જિનેશ્વર-ભગવંતના દર્શનથી, વન્દનથી, પૂજનથી, સત્કારથી, સન્માનથી જે ભાવ--ભક્તિ કરનારાઓ ભવ નિર્વેદના ભાવથી ભાવિત ન થાય, અને સંસાર પ્રત્યે કંટાળાવાળા ન થાય તો સમજવું કે તે પુણ્યાત્માઓને દર્શન--વન્દન--પૂજન--સત્કાર--સન્માનનાં યથાર્થ-ફળની પ્રાપ્તિ હજી સુધી થઇજ નથી.

૭૦૨. કેદખાનામાં સપડાયેલાં કેદીને છુટવાની જે તમન્ના હોય છે, તેવીજ તમન્ના બલકે તેથી પણ અધિક તમન્ના ચાર ગતિ=ચૌરાશી લાખ જીવો યોનિમાંથી છુટવાની તમન્ના હોય તો સમજવું કે નિર્વેદના નિર્મળ સુધાનું પાન કરવા ભાગ્યશાળી થયાં છીએ. અને એટલુંજ નહિં પણ ઠરીઠામ બેસવા લાયકનું એક પણ સ્થાન ચાર ગતિમાં છેજ નહિં, આ નિર્ણય નિર્વેદની નિર્મળ-ભૂમિકાના ઉંડાણમાં રહેલો છે.

૭૦૩. પોતાની પર્ષદાને પૂરવાની મુરાદથી શિષ્યાદિક પરિવાર વધારવાની બુધ્ધિ ગુરૂઓ માટે વિઘાતક છે, પરંતુ 'પોતે સમ્યકત્વાદિ ગુણના ભાજન બનીને મ્હારાં આશ્રિતો સંસાર સમુદ્રથી પાર પામો' એજ બુધ્ધિજ ઉભયતઃ હિતવર્ધક છે.

૭૦૪. પૂર્વગ્રહના પાશમાં સપડાયેલાઓ, અને સપડાઈ જાય તેવા ભૂલ-ભૂલમણીમાં ભૂલા પડેલાઓ સંવર-નિર્જરાની શુભ કાર્યવાહિઓ કરી શકતાં નથી, પરંતુ દ્રઢ પુણ્યા-નુબન્ધિ પુણ્યબંધ પણ બાંધી શકતાજ નથી.

૭૦૫. અવિશ્વાસનું અસ્ખલિત વાતાવરણ બહું થાય ત્યાં કાંકરીને બદલે મેરૂની કલ્પનાઓ ખડી થાય છે, માટે વિશ્વાસનું સ્થાન અવિશ્વાસ ન લે તે ધ્યાનમાં રાખો.

૭૦૬. પ્રતિજ્ઞાઓ લેવી એ જુદી ચીજ છે, અને પ્રતિજ્ઞાનુસાર સર્વસ્વના ભોગે પરિપૂર્ણ જીવન જીવવું એ તદ્દન જુદી ચીજ છે; એ બંન્ને ચીજ સુવિવેકશીલ આત્માઓને સમજાવવી પડતીજ નથી.

૭૦૭. વિઘ્નના વિષમ-વંટોળીઆ વગર પ્રતિજ્ઞાઓના પાલનની કિંમત સમજવી મુશ્કેલ છે, અને સાથે સાથે વિઘ્નાદિ-વિપત્તિઓના વંટોળીએ ચઢેલા પુણ્યાત્માઓને પ્રતિજ્ઞા પાળવી એ પણ અતિ મુશ્કેલ છે.

૭૦૮. આવી પડેલાં કે આવનારાં દુઃખોથી ગભરાઇ જનારાઓ પ્રતિજ્ઞાનું પાલન કરી શકતાંજ નથી, માટે ધૈર્યતા પૂર્વક આગળ વધવું એજ હિતવહ છે.

૭૦૯. "સંયોગ અને સાધનના ફેરફાર સાથે વર્તમાન-લાભની લાલચમાં પડેલાઓ પારમાર્થિક લાભથી બેનશીબ બને છે" એ બીનાને સ્મૃતિપટમાં ખૂબ ખૂબ સ્થિર કરવી જરૂરીની છે.

૭૧૦. પ્રતિજ્ઞાઓના બાહ્ય--અભ્યંતર સ્વરૂપને, અને વર્તમાન-લાભને પરિણામે થનારા લાભને જાણ્યો કે જોયો નથી, અગર જેને તે સંબંધિ દૃઢ નિશ્ચય કર્યોજ નથી; તેવાઓ ચંચળ--વૃત્તિથી પારમાર્થિક-પ્રતિજ્ઞાઓને તિલાંજલિ આપવામાં વિલંબ કરતાંજ નથી.

૭૧૧. સદ્‌ગુર્વાજ્ઞાભંગ-ભીરૂ--આત્માઓજ સમર્પણના ભાવને સમજે છે, સાચી સમજને અનુસારે તેજ ભાવે જીવન જીવે છે, ઉત્તરોત્તર-કલ્યાણની પરંપરા પામવા ભાગ્યશાળી થાય છે; અને પામવા લાયક પુનિત-સ્થાનને પામીને શાશ્વત સુખના ભાગીદાર બને છે.

૭૧૨. મહાત્માઓની પ્રશંસા કરવી, તેઓના ગુણોનું યશોગાન ગાવું, અને ત્રિવિધ યોગ દ્વારા થતી અગર થનારી અણુસમ-હિતકર-પ્રવૃત્તિઓનું કલ્યાણકારિ કીર્તન કરવું; એજ સર્વોત્તમ શ્રેષ્ઠ-સ્થાન પામવાનો અમોઘ-ઉપાય છે.

૭૧૩. હા! બેદની વાત છે કે જડનો ઉદય થયે છતે વિવેક કેવો હોય?, અર્થાત્ અજ્ઞાનિઓના ઉદયકાળમાં વિવેકની લેશભર હાજરી હોતીજ નથી. આથી કલિકાલ-સર્વજ્ઞ જણાવે છે કે—'जडानामुदये हन्त ! विवेकः कीदृशो भवेत् '॥

૭૧૪. શાસન-માન્ય દેશ-કાલ-ઉચિત-ક્રિયાને અનુસરનારાઓ બેદ પામતાજ નથી.

૭૧૫. અતિ-અત્યંત-દુઃખના ડુંગરાઓ ખડકાઈ ગયા હોય, અને લેશભર-ચિન્તા રહિતપણે આનંદ-શાન્તિ-સુખ-વર્ધક-સામગ્રી--સાધન--સંયોગો નજરે નિહાળાતાં હોય; તે બન્ને પ્રસંગોના અનુભવિઓ વધુને વધુ નિદ્રાદેવીની ઉપાસના કરતા નજરે પડે છે.

૭૧૬. વાસ્તવિક-કારણને અનુકૂળ કાર્ય જગતમાં દેખાય છે, તે નવાઈ નથી.

૭૧૭. જે કાર્યના નિર્ણયમાં પ્રત્યક્ષ પ્રમાણની પ્રાપ્તિ હોય છે, તે કાર્યમાં અન્ય-પ્રમાણની અપેક્ષા રખાતીજ નથી.

૭૧૮. પૂર્વોપાર્જિત-પુણ્યવાનોની પુણ્ય-સામગ્રી-સાધન-સંયોગોનું અને તદનુસાર આવિર્ભાવ--થતાં અનુપમ-પ્રસંગોનું વર્ણન કરવું એ પણ બુધ્ધિમાનોને મુંઝવનારો પ્રસંગ છે.

૭૧૯. પુણ્ય પલાયન થયે છતે સર્વ સંયોગો, સાધનો; અને સામગ્રીઓ વિપરીતપણાને પામે છે એ ભૂલવા જેવું નથી.

૭૨૦. વડીલોની સ્વ-પર હિતકારી ઇચ્છાઓ અગર આજ્ઞાઓ સજ્જન પુરૂષોના ઉત્સાહના વેગને વધારી મુકે છે.

૭૨૧. ભાવિકાળે થનારા કાર્યને અનુસરતી વાણીનેજ બોલનારાઓ બોલે છે, અગર બોલનારાઓથી ભાવિકાળે થનારા કાર્યને અનુસરતી-વાણી બોલવાના અવસરે આકસ્મિક

ઉછળે છે; એ ભાવિ કાર્યનું ભવ્ય પ્રદર્શન છે.

૭૨૨. સ્વ-પરહિતદાયક સ્વાર્થ-ભ્રષ્ટતા એજ મહા મૂર્ખતા છે.

૭૨૩. કાંટાઓથી વ્યાપ્ત બોરડીના વૃક્ષ પાસે રહેલી કોમળ કદળી=કેળ આનંદ પામતી નથી, તેવી રીતે દૂર્જનોની સમીપમાં સજ્જનો લવલેશ સુખ-શાન્તિ-આનંદ પામી શકતાંજ નથી.

૭૨૪. જેવા પ્રકારનો આહાર કર્યો હોય તે આહારને અનુસરતા ઓડકારોની જેમ વાચિક-પ્રયોગોદ્વારા વાણી વડે ભાવિ-ભાવનું અનુમાન કરાય છે, અને વસ્તુતઃ તે અનુમાન સત્ય સ્વરૂપે પ્રગટ થાય છે.

૭૨૫. પ્રાણાન્ત-આપત્તિમાં મુકાયેલા ધીર-શૂર-આત્માઓ નિન્દનીય-મોહમયી-પ્રવૃત્તિમાં લેશ ભર પગ પ્રવેશ કરતાંજ નથી.

૭૨૬. માનવ-જીવન સફળ કરનારને અનુકૂળતાવાળી સમગ્ર-સામગ્રીઓની અવશ્યમેવ જરૂર છે.

૭૨૭. આર્ય-દેશ, ઉત્તમ-કૂળ, ઉત્તમ-જાતિ, દીર્ઘ-આયુષ્ય, પંચેન્દ્રિયપણું, નિરોગિતા, દેવગુરૂ ધર્મની જોગવાઈ. વીતરાગની વાણીનું શ્રવણ, વિવેક; અને વિવેકપૂર્વકનો અમલ આ બધી સામગ્રીઓ પ્રબળ પુણ્યવાનોને પ્રાપ્ત થાય છે.

૭૨૮. વિવેકપૂર્વક જીવન-જીવનારા એવા પ્રત્યાખ્યાન-પ્રવૃતિ—સેવન-રસિકજનોના હૃદયમંદિરમાં ભવવિરહના ભવ્ય-તરંગો ઓટ વગરની ભરતીની જેમ ઉભરાતાં હોય, ત્યારે તેઓ સંવર-નિર્જરાનું સુંદર કાર્ય સફલપણે કર્યાજ કરે છે.

૭૨૯. ભવવિરહના ભવ્ય-ભાવોથી ભાવિત કરી દેવાની વાસ્તવિક-શક્તિઓ પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-શાસ્ત્રાવતાર-શ્રીહરિભદ્રસૂરીશ્વરજી વિરચિત-ગ્રન્થ-રત્નોમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે, તે વિચારક-વાંચકોને, અને પ્રેમપૂર્વક પરિશીલન-કરનાર-અભ્યાસકોને સમજાવવું પડે તેમ નથી.

૭૩૦. ભવવિરહના ઉપનામથી શાસન-મશહૂર થયેલા પૂ-શ્રીહરિભદ્રસૂરીશ્વરજી પ્રત્યે વાંચક-વિચારક-અભ્યાસકો ઉરનાં અભિનંદનો અસ્ખલિતપણે સમર્પણ કરે છે, અને કરશે; તેનું મુખ્ય કારણ એ છે કે તેઓશ્રીએ ભવવિરહના ઉપનામની પસંદગી કરીને તેના પરમાર્થ-પિયૂષનું હાર્દિકરીતિએ પરિપૂર્ણ આસ્વાદન કર્યું છે, અને કરાવ્યું છે.

૭૩૧. વર્તમાન-ભાવિ-હિત-વિઘાતક-વાતો શ્રવણ કરવામાં રસ ભર્યું જીવન જીવનારાઓ ઉન્માર્ગે જાય, અને દુઃખી થાય તેવાઓની ભાવદયા ચિંતવવી એજ સ્વ-પર હિત-ચિંતકો માટે લાભદાયિ-માર્ગ છે.

૭૩૨. પોતાની પહાડ જેવી ભૂલોને નહિં જોનારાઓ સ્વ-પર—હિત-ઘાતક-પ્રવૃત્તિઓ કરીને હરખાય છે, ખરેખર-એવા આત્માઓએ મોહ-મદિરાનું પાન કર્યું છે તે કહેવું યુક્તિ-યુકત છે.

૭૩૩. અસત્કલ્પનાના ઘોડા ઉપર ચઢીને સ્વારી કરનારાઓએ વિવેકને તિલાંજલિ આપી છે એ સમજતાં શીખો.

૭૩૪. જેઓ સ્વનું હિત સાધવામાં લગભગ બેનશીબ નીવડ્યા છે, અને અહિત-વર્ધક-પાપ-પ્રવૃત્તિના પૂજારી બન્યાછે, તેઓ પરનું હિત સાધશે એવી કોરી કલ્પનાઓએ કોઈનું પણ કલ્યાણ સાધ્યું હોય તેવું ઈતિહાસના પાને હજુ સુધી નોંધાયું નથી.

૭૩૫. જૈન-કૂળમાં જન્મીને જેઓ મૈત્ર્યાદિ-ભાવથી ભાવિત થયા નથી, તેઓ પામવા લાયક હજુ સુધી પામી શકયાજ નથી; કારણકે ધર્મની પ્રાપ્તિમાં; ટકાવમાં અને વૃદ્ધિમાં મૈત્ર્યાદિ-ભાવની પ્રાપ્તિ થવી એ પ્રથમ ભૂમિકા છે.

૭૩૬. માનસિક-વિચાર કરવાની શકિત પ્રાપ્ત થયા છતાં, પણ સ્વ-પરહિતકારક-ભાવ-ધર્મની પ્રાપ્તિ વગરનું મન વાંઝિયું છે એ સમજતાં શીખો.

૭૩૭. વ્યકિત-રાગના વિષમ-વાતાવરણમાં પણ શ્રીનવપદની અમોઘ-આરાધના ગુણાનુરાગિ-પણાનું અનુકૂળ વાતાવરણ ઉભું કરીને, નિર્ગુણીને પણ ગુણી બનાવવાનું શિક્ષણ આપે છે; એ ધ્યાનમાં રાખો.

૭૩૮. આરાધના કરનાર આરાધ્ય-ભગવંતોની આરાધનામાં ઓતપ્રોત થયો છે, તે માટે ત્રણ (૧ ખંતો, ૨ દંતો, અને ૩ સંતો.) પોઈંટવાળા થર્મોમિટરથી આત્માને તપાસતાં શીખો.

૭૩૯. ૫ "ખંતો, દંતો; અને સંતો" એટલે ૧ ક્રોધાદિનો ઉપશમ-ભાવ, ૨ ઈન્દ્રિયોપરના વિજય સાથે તેની (ઈન્દ્રિયોની) પાસે ધાર્યું કામ કરાવવાની આવડત, અને સ્વ-પરહિતકર-માનસિક વિચારોનું પરિશીલન કરીને, તેના પ્રબળ વેગમાં વીર્યોલ્લાસ-પૂર્વક આગળ વધવું એજ આરાધનાની અવિરત-કૂચ છે.

૭૪૦. આ ખંતાદિક-ત્રણેના વિશુદ્ધ-વાતાવરણની આરાધનાના અસ્ખલિત-આંદોલનોમાં આરાધકોની આરાધના વિજયવંતી નીવડી છે, એ ભૂલવા જેવું નથી.

૭૪૧. ૬ "વચન વિશ્વાસે, પુરૂષ વિશ્વાસ" નામના આ સિદ્ધાંતનું સેવન-કરનાર ગણધર-ભગવંત-શ્રીગૌતમસ્વામિજીની પૂર્વાવસ્થાનું પર્યાલોચન કરો.

૭૪૨. " પુરૂષ વિશ્વાસે, વચન વિશ્વાસ, " અને વચન વિશ્વાસે પુરૂષ વિશ્વાસ;" આ બે સિદ્ધાંતનો સમન્વય નહિં કરનારાઓ, અને પરમાર્થને નહિં સમજનારાઓ, પ્રાતઃ-સ્મરણીય પુણ્ય-પુરૂષોના જીવન-વૃત્તાંતોને ઘટાડવામાં અન્યાય આપવાની ઉતાવળ કરે છે; તે સમજવાની જરૂર છે.

૭૪૩. બાલ્યકાળ એ અજ્ઞાનની અવિરત-આંધી છે, અને આવી અજ્ઞાનની અવિરત-આંધીરૂપ અવસ્થામાં બાલ્યકાળનો પહેરેગીર લુંટારાઓનો સાથી બનીને આત્મિક ધન લુંટે છે, તે બાળકો સમજી શકતા નથી; અને વડીલપણાંની કાર્યવાહિ કરવામાં બેનશીબ

નીવડેલા એવા વડીલ બનીને બેઠેલાઓ પણ સમજાવી શકતા નથી, એજ ખેદની વાત છે.

૭૪૪. યુવાવસ્થાને હિન્દી ભાષામાં 'જવાની' કહેવાય છે, જવા સર્જાયેલી–'જવાની' એ શબ્દના પરમાર્થ પરથી વિવેક આવી જાય તો યુવાવસ્થા ભોગવનાર યુવાન ભાગ્યશાળી છે.

૭૪૫. અરેઅર! જવા સર્જાયેલી જવાનીમાં (યુવાનીમાં) સ્વ–પરહિત સાધી શકાય તેટલું સાધી લો, નહિં તો યુવાવસ્થાનો પહેરેગીર પોકારી રહ્યો છે કે–'હું જાઉં છું અને પછી તમે પસ્તાશો' આ અર્થસૂચક–સલાહ પર ધ્યાન આપો.

૭૪૬. યુવાવસ્થાનો પહેરેગીર લુંટારાઓનો સાથીદાર ન બને તેની સાવધાની રાખો, નહીં તો ધોળે દહાડે લુંટાઇ જશો.

૭૪૭, યુવાવસ્થાનો પહેરેગીર કિંમતી–જીવનરૂપ ઝવેરાતથી ભરપૂર–જીવનને રફે દફે કરીને લુંટી રહ્યો છે, તે યુવાનીના મદમાં મદોન્મત બનેલા યુવાનો સમજી શકતા નથી; એજ આશ્ચર્ય છે.

૭૪૮. યુવાવસ્થાનો પહેરેગીર બદલાય નહિં, ત્યાં સુધીમાં સ્વ–પરહિત સાધી લો; નહિંતર વૃદ્ધાવસ્થાના પહેરેગીરના પહેરા તળે અશકિતના અવિરત પોકારોમાં તમારૂં કિંમતી જીવન ચાલ્યું જશે, અને તમારી ધારેલી ધારણાઓ ધૂળમાં મળી જશે; એ યાદ રાખો.

૭૪૯. અઘોરી–બાવાની જેમ દ્રવ્ય–નિદ્રાધીનોને જગાડવા જેટલાં મુશ્કેલ છે, તેના કરતાં એ જ્ઞાન–દર્શન–ચારિત્ર્યની આરાધના વગરના ભાવ–નિદ્રાથી ભાવિત થયેલાઓને જગાડવા અતિ અત્યંત મુશ્કેલ છે.

૭૫૦. ભાવ–દયાને યોગ્ય–બનેલા ભવ્યાત્માઓને જગાડવા એ અતિ મુશ્કેલ, અને કઠીન કાર્ય છે; છતાં પણ જગાડનારાઓ જગત્નો આશીર્વાદ મેળવીને જીવન સફળ કરે છે, એ નિઃશંક–સત્યને સમજીને આગળ વધવું જરૂરીનું છે.

૭૫૧. બીજાઓને અસદ્ આગ્રહી કહેવા પહેલાં પોતાના આગ્રહને શાસ્ત્રમર્યાદાએ, અને પુનિત પરંપરાએ સૂક્ષ્મ–દૃષ્ટિપૂર્વક અવલોકન કરતાં શીખો, કારણકે મુશીબતે મળેલા મોંઘા માનવ–જીવનમાં માનસિક–વાચિક–કાયિક–પ્રવૃત્તિઓએ કોઈનું પણ અહિતભર્યું–અન્યાયી–વલણ ન થાય તેની સાવધાની રાખો.

૭૫૨. અવસર–સાધક–અધમઆત્માઓ નિન્દનીય–સ્વાર્થ સાધવા માટે વડીલાદિની સ્તુતિ-પ્રશંસા કરીને તેઓને સુરગિરિની ટોચે ચઢાવી દે છે, અને અવસર પામીને તેઓ તેજ વડીલોની નિંદા–હિલના કરીને તેજ સ્તુતિ--પ્રશંસાદિ--સુરગિરિવરથી પટકવાનું પાપ કાર્ય પણ કરી દે છે; તેવાઓની સ્તુતિ--પ્રશંસાની કે નિંદા--હિલનાની (બંને કાર્યની) કિંમત લગભગ પુટી કોડીની સમજાય છે; ત્યારેજ હૃદય--મંદિરમાં વિવેકની વાસ્તવિક-હાજરી છે એમ સમજવું જરૂરીનું છે.

૭૫૩. વ્રત લેવાં અને વ્રત પાળવાં એ મુશ્કેલ છે, છતાં એ બંન્નેની કાર્યવાહી સહેલી અને સરળ છે, પરંતુ કસોટીના પરીક્ષણ--કાળમાં પરિસહ--ઉપસર્ગોની સામે અડગ રહીને ટકી રહેવું એજ માનવ જીવનની સફલતા છે.

૭૫૪. મહામોહ--નિદ્રાધીન થઈને પ્રમાદરૂપ પલંગપર પોઢેલાઓને જગાડનાર વીતરાગ--કથિત સદુપદેશ છે.

૭૫૫. વિનય--ભક્તિ--સેવાદિ આદર--બહુમાનપૂર્વક કરવી એ વાસ્તવિક--કૃતજ્ઞતા સુવિનીત--શિષ્યાદિકમાં પરિણમી છે તેનું યથાર્થ દિગ્દર્શન છે

૭૫૬. શ્રમણોપાસકપણાના અનુષ્ઠાનોનો નિરંતર અભ્યાસિ--આત્મા આ ભવે કે પરભવે પણ ચારિત્રના પરિણામની પ્રાપ્તિ કરે છે.

૭૫૭. વાસ્તવિક--રીતિએ વિચારીએ તો જૈન--શાસનના સઘળાંએ સિદ્ધાન્તો, અને સઘળીએ ક્રિયાઓ એ સંસારના ઉચ્છેદન માટેજ છે.

૭૫૮. સારાં શબ્દો શ્રવણ કરવા બધાંને ગમે છે, પણ તેની વાસ્તવિક--કિંમત ચુકાવીને સર્વસ્વ--જીવન-સમર્પણ કરાય છે, ત્યારેજ સારાં વિશેષણો વગર માંગે મળી આવે છે; એ યાદ રાખો.

૭૫૯. કર્મને શત્રુ ગણ્યા વગર, અને શત્રુ સામે મોરચા માંડયા વગર; ભવ્યનું ભવ્યત્વ વિકસિત થતું જ નથી.

૭૬૦. 'ત્યાગી થવું, અને ત્યાગી છે' એની જાહેરાત કરાવવી કે થવી પણ સહેલી છે, પરંતુ શાસન--માન્ય--ત્યાગીપણું જીવનમાં ઓતપ્રોત થવું એ સહેલું નથી; પણ અતિ--અત્યંત--મુશ્કેલ છે.

૭૬૧. કેવળ--કલ્પનાના ઘોડા ઉપર દોડધામ કરનારૂં આ જૈન--શાસન નથી.

૭૬૨. સજ્જને બગાડયું છે એ ધારીને દુર્જન દુર્જનપણું કરતો નથી, કારણકે દુર્જન દુષ્ટ--વિચારોથી વાસિત થઈ સ્વ--પર નુકશાનકારક--દુર્ભેદ્ય--દિવાલોના દિવાનખાનામાં હંમેશા દીવાનો બન્યો છે, અને બને છે.

૭૬૩. સજ્જનનું બગાડવું એ દુર્જનનો સ્વભાવ છે, અને તે સ્વભાવને જન્મસિધ્ધ--હક્ક માનીને, અને પોતાનુ સર્વસ્વ બગાડીને પણ સજ્જનને નુકશાન કરવા તે હંમેશા કટીબદ્ધ બન્યો છે, અને બને છે.

૭૬૪. આંખના અસ્ખલિત વેગને અંધારૂ રોકે છે, પરંતુ આંખે અંધારાનું શું બગાડયું છે કે અનુપમ ભાવોને અવલોકન કરવામાં અંધારૂ આડે આવે છે; માટે અહીંજ અંધકાર સાથે દુર્જનની ઘટના કરવી જરૂરીની છે.

૭૬૫. હે સજ્જન! તું બગાડે અને તે પછી તે દુર્જન બગાડે તો પછી તેને દુર્જન કહેશે કોણ?, કારણકે વિના કારણે પણ દુર્જનતા કરવી એ તેને સ્વભાવ સિદ્ધજ છે.

૭૬૬. ભોગ-ભોગી, અને ભોગના સાધન-સામગ્રી સંયોગાદિ પ્રત્યે લવલેશ પણ આદર થતાં ત્યાગીઓના હૃદયમાં પણ અવિવેકની આંધી શરૂ થાય છે.

૭૬૭. જેના હૃદયમાં ત્યાગ--ત્યાગીઓ અને ત્યાગ પ્રત્યે આદર બહુમાન ઘટવા માંડે છે, અને ભોગ--ભોગી--અને ભોગના સાધન દેખીને વાત વાતમાં જેઓ તે તરપ ઢળવા માંડે છે; તેઓ સમ્યકત્વ જેવાં સર્વોત્કૃષ્ટ-ચિંતામણિ--રત્નનું પણ સંરક્ષણ કરવા બેનશીબ નીવડે છે.

૭૬૮. જેઓ સામાયકના કાળમાં, દેશાવગાશિકના કાળમાં, અને પૌષધના કાળમાં સંસાર ભૂલવાનું શિક્ષણ શીખી શકતા નથી, તેઓ દેશવિરતિપણામાં સર્વ--વિરતિના ધર્મનું અનુકરણ કરવા છતાં વર્તમાન-કાળમાં કે ભાવિ-જીવનમાં સર્વ-વિરતિ--ધર્મનું અનુક્રમે સુંદર-સુંદરતમ અનુમોદન અને આસ્વાદન કેવી રીતે કરી શકશે ?; તે વિચારણીય છે.

૭૬૯. માનવ જીવનને સફળ કરવાને બાલ્યકાળ જેવી મોસમ આ જીવને મળવાની નથી, કારણકે બાલ્યકાળ જેવા કોરા ઘડામાં ઇષ્ટ સિદ્ધિને યોગ્ય જે કાંઈ ભરવું હોય તે ભરવાથી ભાવિમાં ચિંતાને લવલેશ સ્થાન પ્રાપ્ત થતું નથી.

૭૭૦. યુવાનીમાં વિષય-વાસનાઓ સેવીને આવેલાઓને પૂર્વકાલીન વાસનાઓ ઉઠે છે, તેથી તે વાસનાઓને જડમૂળથી નાશ કરવા માટે તપશ્ચર્યાનું સેવન કરો; કારણકે તાડીના ઘડાને ભઠ્ઠી અગર નિભાડામાં મુકયા વગર પૂર્વની વાસના દૂર થતી નથી.

૭૭૧. વિરતિ ધર્મ લેવો, અને પાળવો એ જેટલો સહેલો છે, અને સરળ છે; તેના કરતાં વિરતિ--ધર્મના રંગમાં રંગાઈ જવું અતિ-દુષ્કર છે, કારણકે જ્યાં સુધી ભોગ--ભોગી અને ભોગના સાધનોની સેવનામાં ઉંડા ઉતરી ગયેલા પ્રત્યે ખૂબ ખૂબ ભાવ દયા સ્ફુરે નહિં, ત્યાંસુધી વિરતિ ધર્મનો રંગ લાગ્યો નથી એમ સમજવું એ આવશ્યક છે.

૭૭૨. અવિરતિની અવિરત-આંધીમાં અટવાયેલાઓને વિરતિધરોની અને વિરતિ-ધર્મની કિંમત લવલેશ સમજાતી નથી.

૭૭૩. વિચાર-વાણીની ઐકયતાથી ચતુર્વિધ-સંઘને એકવિધ કહીએ તો વાંધા જેવું નથી.

૭૭૪. વિચારની અને વાણીની ઐકયતા પર ચતુર્વિધ સંઘ કમ્મર કસે તો એક છત્રરૂપે જૈન-સામ્રાજ્ય વર્તમાન-કલિયુગમાં પણ દેખી શકાય.

૭૭૫. નિર્જરાના અભિલાષિઓએ સંવરના દ્વારો પ્રતિ ખૂબ ખૂબ સૂક્ષ્માવલોકન પૂર્વક આગળ વધવું જરૂરીનું છે, કારણકે નિર્જરાના વાસ્તવિક લાભ ત્યારેજ પ્રાપ્ત થાય છે.

૭૭૬. સંવર-નિર્જરાની બન્ને કરણીઓ સાથેજ ચાલુ રહે, તો જ નિર્જરાનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થાય છે.

૭૭૭. ૬૪ કલાઓએ, અને ૭૨ કલાઓએ વિશ્વનું કલ્યાણ કરવામાં જે હિસ્સો આપ્યો નથી, તે કલ્યાણ કરવામાં તે હિસ્સો વિશ્વને આપનાર એકજ ધર્મ કળા છે.

સમાપ્ત.

સંપાદકીય-પ્રકાશનો.

	નામ.	પ્રકાશન-વિ. સં.	કિંમત.	નકલ
૧	શ્રીઅક્ષયનિધિ તપોમહાત્મ્ય.	૧૯૯૩	ભેટ ×	૧૦૦૦
૨	શ્રીહેમચન્દ્ર-કૃતિ-કુસુમાવલી.	૧૯૯૮	,, ×	૧૦૦૦
૩	શ્રીજિનચન્દ્ર-સુધાસ્યંદિની.	૧૯૯૯	,, ×	૧૦૦૦
૪	શ્રીબૃહદ્-યોગવિધિ.	૨૦૦૦	,,	૧૦૦૦
૫	શ્રીજિનચન્દ્રકાન્ત-સુધાસ્યંદિની.	૨૦૦૦	,, ×	૧૦૦૦
૬	શ્રીવર્દ્ધમાન-તપોમહાત્મ્ય.	૨૦૦૧	,, ×	૧૦૦૦
૭	શ્રીપંચપ્રતિક્રમણસૂત્રાણિ-વિધિયુકત.	૨૦૦૪	રૂ. ૧-૨-૦	૧૦૦૦
૮	શ્રીસિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્.	૨૦૦૩	રૂ. ૩૦-૦-૦	૧૦૦૦
૯	શ્રીસિરિસિરિવાલ-ચરિત્તં	૨૦૦૪	રૂ. ૩-૦-૦	૫૦૦
૧૦	શ્રીતામ્રપત્રારૂઢ-સિરિસિરિવાલ ચરિત્તં	૨૦૦૪	રૂ. ૨૫૦૧-૦-૦	૧
૧૧	શ્રીપંચાશક-શાસ્ત્ર-સારાંશઃ વિભાગ ૧ લો.	૨૦૦૫	રૂ. ૩-૦-૦	૧૦૦૦
૧૨	શ્રીઆનન્દ-ચન્દ્ર-સુધાસિન્ધુઃ વિભાગ-૧-લો.	૨૦૦૬	ભેટ	૨૫૦

પ્રેસમાં.

		નકલ
૧	શ્રીપંચાશક-શાસ્ત્ર-સારાંશ વિભાગ૨ જો	૧૦૦૦
૨	શ્રીવિંશતિ-વિંશિકા-સારાંશ.	૧૦૦૦
૩	શ્રીવિંશતી-વિંશિકા-રહસ્ય.	૫૦૦
૪	શ્રીસિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્ વિભાગ-૨જો.	૧૨૦૦
૫	શ્રીસિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસન-બૃહદ્વૃત્તિ-અવચૂર્ણિ.	૫૦૦
૬	શ્રીવીતરાગસ્તોત્ર મૂળ-અવચુર્ણિ-ભાષાંતર.	૫૦૦
૭	શ્રીભગવતી સૂત્રનાં વ્યાખ્યાનો પ્રથમ શતક	૧૦૦૦
૮	,, ,, ,, આઠમું શતક.	૬૫૦
૯	શ્રીસક્ષામણક-પાક્ષિકવૃત્તિ.	૫૦૦
૧૦	શ્રીસૂત્રકૃતાંગસૂત્ર	૧૦૦૦

તા. ક:—આ સિવાય દર-મહિને સંપાદકની દેખરેખ નીચે શ્રીસિદ્ધચક્ર-માસિકનું પ્રકાશન ચાલુ છે.

× આ નિશાનવાળા ગ્રંથો સિલકમાં નથી.

પ્રાપ્તિસ્થાનઃ **શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, ચાંલ્લાગલીસુરત**
શ્રી ઋષભદેવજી છગનનીરામજીની પેઢી, ખારાકુવા; ઉજ્જૈન-માલવા.